ॐ શ્રી સંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ

શ્રી મુક્તિ લાવણ્ય

# પ્રાચીન સ્તવનાવલી



પ્રકાશક :

માસ્તર રતિલાલ બાદરચંદ શાહ

દોશીવાડાની પોળ—અમદાવાદ.

ॐ શ્રી સંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ

# શ્રી મુક્તિ લાવણ્ય-
# પ્રાચીન સ્તવનાવલી.

પરમ પૂજ્ય આચાર્યદેવેશ શ્રી જિનેન્દ્રસૂરીશ્વરજી આદિ શિષ્ય પરિવારના સદુપદેશથી (મારવાડ) મુંડારાના શ્રીયુત્ સ્વ. શેઠ પ્રેમચંદભાઈના ગં. સ્વ. ધર્મપત્ની ગટુબહેન વનેચંદ તથા તેમનાં પુત્રવધુ અ. સૌ. શાન્તાબહેનના વરસીતપ નિમિત્તે વરસીતપ કરનાર ભાઇ બહેનોને સહર્ષ ભેટ.

: પ્રકાશક :

માસ્તર રતિલાલ બાદરચંદ શાહ
દોસીવાડાની પોળ,—અમદાવાદ.

| | | |
|---|---|---|
| વીર સં. ૨૪૮૫. | કિંમત અમૂલ્ય | આવૃત્તિ ત્રીજી |

# અનુક્રમણિકા

મંગલાચરણ સ્તુતિ-૫

## —: ચૈત્યવંદનો :—


| | | |
|---|---|---|
| ૧ | શ્રી પાર્શ્વનાથ જિન ચૈત્ય૦ | ૨ |
| ૨ | શ્રી પાર્શ્વનાથ જિન ,, | ૨ |
| ૩ | શ્રી પાર્શ્વનાથ જિન ,, | ૩ |
| ૪ | શ્રી બીજ તિથિનું ,, | ૩ |
| ૫ | શ્રી પંચમી તિથિનું ,, | ૪ |
| ૬ | શ્રી અષ્ટમી તિથિનું ,, | ૫ |
| ૭ | શ્રી અગિયારસનું ,, | ૬ |
| ૮ | શ્રી રોહિણી તપનું ,, | ૭ |
| ૯–૧૦ | શ્રી દિવાળીનું ,, | ૮ |
| ૧૧–૧૨ | શ્રી સિદ્ધચક્રજીનું ,, | ૯-૧૦ |
| ૧૩ | શ્રી અરિહંતાદિકનું ,, | ૧૧ |
| ૧૪-૧૫ | શ્રી સિદ્ધચક્રજીનું ,, | ૧૨ |
| ૧૬ | શ્રી એકસો સિત્તેર જિન વર્ણનું ચૈત્ય૦ | ૧૨ |
| ૧૭ | શ્રી આદિજિન ચૈત્ય૦ | ૧૩ |
| ૧૮–૧૯ | શ્રી સિદ્ધાચલજી ,, | ૧૪ |
| ૨૦ | શ્રી પુંડરીક સ્વામી ,, | ૧૫ |
| ૨૧ | શ્રી સીમંધરસ્વામી ,, | ૧૫ |
| ૨૨ થી ૨૫. | શ્રી પર્યુષણ પર્વના ચૈત્યવંદન ચાર | ૧૬–૧૭ |
| ૨૬ | શ્રી શાંતિનાથજી ચૈ૦ | ૧૮ |
| ૨૭ થી ૨૯ | શ્રી નેમનાથનાં ચૈ૦ ત્રણ | ૧૯–૨૦ |
| ૩૦ | શ્રી વીશસ્થાનક તપનું ચૈ૦ | ૨૦ |

૩૧-૩૨ શ્રી વર્ધમાન તપનાં ચૈત્યવંદન બે ૨૧
૩૩ શ્રી ઉપદેશક ચૈત્ય૦ ૨૧

—:સ્તવનો:—

૧ શ્રી ૧૩૫ નામ ગર્ભિત પાર્શ્વનાથ જિન સ્તવન ૨૨
૨-૩ શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જિન સ્તવન બે ૨૩-૨૪
૪ શ્રી બીજ તિથિનું સ્તવન ૨૬
૫ શ્રી પંચમી તિથિનું સ્તવન ૨૮
૬ શ્રી અષ્ટમી તિથિનું સ્તવન ૩૪
૭ શ્રી મૌન એકાદશીનું સ્તવન ૩૭
૮ શ્રી રોહિણી તપ તિથિનું સ્તવન ૪૧
૯ શ્રી દિવાળી પર્વનું મહાવીર સ્વામીનું સ્તવન ૪૬
૧૦ શ્રી સિદ્ધચક્રજીનાં સ્તવન બે ૪૭ થી ૪૯
૧૧ શ્રી સિદ્ધાચલજિન સ્તવન ૫૨
૧૨ શ્રી શત્રુંજયતીર્થની માળનું સ્તવન ૫૪
૧૩ શ્રી ઋષભદેવનું પારણું ૭૩
૧૪ શ્રી સીમંધર સ્વામીનું સ્તવન ૭૪
૧૫ શ્રી પર્યુષણ પર્વનું સ્તવન (છ અટ્ઠાઇનું ઢાળ નવ) ૭૫
૧૬ શ્રી મહાવીર સ્વામીના સત્તાવીશ ભવનું સ્તવન ૮૬
૧૭ શ્રી મહવીર સ્વામીનું પંચકલ્યાણકનું (ચોઢાળિયું) ૮૮
૧૮-૧૯ શ્રી મહાવીર સ્વમીનું પારણું ૯૫
૨૦ શ્રી પાર્શ્વનાથનો થાળ ૯૮
૨૧ શ્રી શાંતિનાથ જિન સ્તવન ૧૦૦
૨૨, ૨૩ શ્રી નેમનાથનાં સ્તવન બે ૧૦૦ થી ૧૦૧
૨૪ શ્રી અખાત્રીજનું સ્તવન ૧૦૩

૨૫ શ્રી વર્ધમાન તપનું સ્તવન ૧૦૩

૨૬ શ્રી નવપદ મહિમાનું સ્તવન ૧૦૪


—:સ્તુતિ સંગ્રહ:—


| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રી પાર્શ્વનાથજિન | ૧૦૫ | ૧૬ | શ્રી સિદ્ધચક્રજીની | ૧૧૭ |
| ૨ | શ્રી પાર્શ્વનાથજિન | ૧૦૫ | ૧૭ | શ્રી સિદ્ધચક્રજીની | ૧૧૬ |
| ૩ | શ્રી બીજતિથિ | ૧૦૬ | ૧૮ | શ્રી મહાવીર સ્વામીની | ૧૧૮ |
| ૪ | શ્રી પાંચમ તિથિની | ૧૦૬ | ૧૯ | શ્રી શાન્તિનાથજિન | ૧૧૯ |
| ૫ | શ્રી જ્ઞાનપંચમીની | ૧૦૭ | ૨૦ | શ્રી સિદ્ધાચલજીની | ૧૨૯ |
| ૬ | શ્રી આઠમ તિથિ | ૧૦૮ | ૨૧ | શ્રી સિદ્ધાચલજીની | ૧૨૦ |
| ૭ | શ્રી અગિયારસતિથિની | ૧૦૮ | ૨૨ | શ્રી ચૈત્રીપુનમની | ૧૨૧ |
| ૮ | શ્રી રોહિણીની | ૧૦૯ | ૨૩ | શ્રી ગુણસ્થાનકની | ૧૨૨ |
| ૯ | શ્રી પર્યુષણ પર્વની | ૧૧૦ | ૨૪ | શ્રી નેમનાથજિન | ૧૨૩ |
| ૧૦ | શ્રી પર્યુષણ પર્વની | ૧૧૧ | ૨૫ | શ્રી સીમંધર સ્વામીની | ૧૨૪ |
| ૧૧ | શ્રી પર્યુષણ પર્વની | ૧૧૨ | ૨૬ | શ્રી રાત્રિભોજનની સ્તુતિ | ૧૨૫ |
| ૧૨ | શ્રી પર્યુષણ પર્વની | ૧૧૨ | ૨૭ | શ્રી નંદીશ્વરદ્વીપની | ૧૩૫ |
| ૧૩ | શ્રી દિવાળીની | ૧૧૩ | ૨૮ | શ્રી દશત્રિક વિગેરેની | ૧૨૬ |
| ૧૪ | શ્રી સિદ્ધચક્રજીની | ૧૧૪ | ૨૯ | શ્રી રોહિણી તપની | ૧૨૭ |
| ૧૫ | શ્રી સિદ્ધચક્રજીની | ૧૧૫ | ૩૦ | શ્રી સીમંધર સ્વામીની | ૧૨૮ |


—:પ્રાચીન સજઝાય સંગ્રહ:—


૧ શ્રી પાર્શ્વનાથસ્વામીની સજઝાય ૧૨૯

૨ શ્રી એકાદશીની સજઝાય ૧૩૦

૩ થી ૫ શ્રી સિદ્ધચક્રજીની ,, ત્રણ ૧૩૨ થી ૧૩૬

૬ શ્રી ગજ સુકુમાલની ,, ૧૩૬

૭ શ્રી સુબાહુ કુમાર ,, ૧૩૮
૮ શ્રી દ્વારિકા નગરી ,, ૧૪૧
૯ શ્રી અનાથીમુનિ ૧૪૪
૧૦ શ્રી અંજના સતી ૧૪૭
૧૧ શ્રી સુકુમાલિકા ઢાલ બે ૧૪૯
૧૨ શ્રી ગર્વની સજ્ઝાય ૧૫૨
૧૩ શ્રી મૃગાપુત્ર ૧૫૪
૧૪ શ્રી મનુષ્ય ભવ ૧૫૬
૧૫ શ્રી વૈરાગ્યની સજ્ઝાય ૧૫૭
૧૬ શ્રી રાવણની સજ્ઝાય ૧૫૮
૧૭ શ્રી દીવાની સજ્ઝાય ૧૬૦
૧૮ શ્રી બીજની સજ્ઝાય ૧૬૧
૧૯ શ્રી પાંચમની સજ્ઝાય ૧૬૩
૨૦ શ્રી આઠમની સજ્ઝાય ૧૬૪
૨૧ શ્રી રોહિણીની સજ્ઝાય ૧૬૫
૨૨ શ્રી દીવાળીની સજ્ઝાય ૧૬૬
૨૩ શ્રી નેમરાજુલની સજ્ઝાય ૧૬૯
૨૪ શ્રી શીખામણની સજ્ઝાય ૧૭૦
૨૫ શ્રી વૈરાગ્યની સજ્ઝાય ૧૭૦
૨૬ શ્રી કમલાવતીની સજ્ઝાય ૧૭૦
૨૭ શ્રી ચંદનબાળાની સજ્ઝાય ૧૭૪
૨૮ થી ૩૪ પરચુરણ સજ્ઝાય ૧૭૫ થી ૧૯૨
વીસાસ્થાનક તપ તથા ગહુલી વિગેરે ૧૯૩ થી ૨૦૮

## ગં. સ્વ. ગટુબ્હેન વનેચંદભાઈનો

# ટુંક જીવન-પરિચય

આવી પ્રાચીન સ્તવનાદિ સંગ્રહની નાની પુસ્તિકા કે જેની આવૃત્તિ બે થઈ ગઈ છે, તેવી પુસ્તિકામાં બ્હેનોના ટુંક જીવન આપવામાં આવે તેનું કારણ તેમની ધર્મ શ્રદ્ધા, સરળતા, નૈતિક સંસ્કાર અને મીલનસાર સ્વભાવ વાળી બ્હેનોનાં જીવન વાંચવાથી તેનું અનુકરણ બીજી બ્હેનો કરે તે હેતુથી આવાં સરળ હૃદયી, ધર્મપ્રેમી બ્હેનોનાં જીવન આપવાં તે અસ્થાને ન ગણાય.


ભરતખંડમાં ગુણવન્તી ગોડવાલમાં રાણકપુર તીર્થની પાસે સુપવિત્ર અને પ્રસિદ્ધ **સુંડારા** નામે જૈન નગરી જેવું નામીચું સુંદર ગામ છે. જેમાં મનને આકર્ષે તેવાં સુંદર દેદીપ્યમાન ત્રણ શીખરબંધી દહેરાસરો, એક સુંદર વિશાળ ઉપાશ્રય અને ધાર્મિક જ્ઞાન મેળવવા બે મહાન પાઠશાલાઓ છે. બીજી અનેક વસ્તી સાથે ઋદ્ધિ સમૃદ્ધિઓ સહિત જૈનોમાં ઓશવાળ, પોરવાડ, શ્રીમાળી આદિનાં લગભગ ૨૫૦ ઘર છે. તેમાં વીશાપોરવાડનાં ઘરો લગભગ ૧૨૫ જેટલાં છે. તેમાં સંસ્કારી અને ધર્મ પ્રેમી **વનેચંદભાઈનું** પણ ઘર છે. તેમનાં ધર્મપત્નીની કુક્ષીએ સંવત ૧૯૫૩માં એક બ્હેનનો જન્મ થયો. જેમનું નામ ગટુબ્હેન રાખવામાં આવ્યું. ધર્મ સંસ્કારી કુટુંબમાં જન્મ થવાથી તેમનામાં યોગ્ય ધર્મના સંસ્કાર આવ્યા. યોગ્ય વય પ્રાપ્ત થતાં વીશા પોરવાડ જ્ઞાતિમાં શ્રીયુત્ શેઠ પ્રેમચંદભાઈ સાથે લગ્ન ગ્રંથીમાં તેઓશ્રી જોડાયાં. પોતે સંસ્કારી અને સંસ્કારી કુટુંબમાં લગ્ન તેથી સોનામાં સુગંધ મળવા જેવું થયું.

સ્વર્ગસ્થ શા. પ્રેમચંદજી ભગાજી મુંડારાવાળાનાં
ધર્મપત્ની ગં. સ્વ. ગટુબ્હેન



જન્મ સં. ૧૯૫૩ ગામ મુંડારા

શા. કપુરચંદ પ્રેમચંદજી મુંડારાવાળાનાં
ધર્મપત્ની અ. સૌ. શાન્તાબ્હેન



જન્મ સં. ૧૯૮૫ ગામ વાલી

શ્વસુરપક્ષમાં મીલનસાર સ્વભાવને લઈ ગકુબ્હેન સારી રીતે પોતાનો સંસાર સુંદર બનાવી શકયાં. ધર્મ કરણી સાથે સંસારીક સુખ ભોગવતાં તેમને પુખરાજભાઈ, અચલદાસ, ચપાલાલ અને કપુરચંદ એમ અનુક્રમે ચાર પુત્રો અને ભુરી બ્હેન નામે પુત્રી એમ કુલ પાંચ સંતાન થયાં પોતે સસ્કારી હોઇ ચારે પુત્રો તથા પુત્રીને પણ સારા સંસ્કારવાળા કુટુંબમાં યોગ્ય વયે પરણાવ્યા. અને પોતામાં રહેલ ધર્મસંસ્કાર અને નીતિમય જીવન પુત્ર, પુત્રવધુઓ અને બ્હેનમાં ઉતાર્યા. આવા ધાર્મિક, મિલનસાર અને નીતિમય જીવન જીવનાર કુટુંબ આજે પણ ઉજ્વલ રીતે જીવી રહેલ છે.

**તપસ્યા**—વીસસ્થાનક તપની ઓળી ૧૬, વર્ધમાન તપની ઓળી ૧૩, વરસી તપ ચાર, ઉપધાન ત્રણ, પંદર ઉપવાસ અટ્ઠાઈ ચાર આવી રીતે બીજી નાની પણ તપસ્યાઓ ઘણી કરેલ છે.

**યાત્રાનું વિવરણ**—સમેત શિખરજી, ગિરનારજી, સિદ્ધાચલજી, તારંગાજી કેસરીયાજી, નાકોડાજી, આબુજી તથા નાની મોટી પંચતીર્થી તથા બીજા પણ કેટલાક તીર્થની યાત્રા કરેલ છે.

## અ. સૌ. શાન્તાબ્હેન ફોજમલજીનો

# ટુંક જીવન-પરિચય

મારવાડમાં વાલી ગામમાં વીશા પોરવાડ જ્ઞાતિમાં પિતા ફોજમલ અને માતા લક્ષ્મીબેનની કક્ષીએ સંવત ૧૯૮૫મા શાન્તા બ્હેનનો જન્મ થયો હતો. માતા સસ્કારી તથા ધર્મ ક્રિયા રૂચીવાળાં સરળ સ્વભાવી હોવાથી

'ઘર નર ને બનાવે' તે હેતુ મુજબ આ સંસ્કાર તેમની પુત્રીમાં આવ્યા. બાલ્યવયમાં પાંચ વર્ષની ઉંમરે વ્યવહારિક સાથે ધાર્મિક જ્ઞાન મેળવવા પાઠશાળાએ જવા લાગ્યાં. આ સંસ્કાર ઘરના જ પડેલા. તેમણે પંચ પ્રતિક્રમણ નવસ્મરણ જીવવિચાર નવ તત્ત્વ આદિ પ્રકરણોનો અભ્યાસ અર્થ સાથે કરેલો. યોગ્ય વયે તેમને મુંડારા ગામમાં વીશા પોરવાડ જ્ઞાતિમાં શાહ પ્રેમચંદભાઈના ચોથા પુત્ર કપુરચંદ ભાઈ સાથે સંવત ૧૯૯૯ માં તેમનાં લગ્ન થયાં. સંસ્કારી અને મીલનસાર સ્વભાવથી તેઓ શ્રી સ્વસુર પક્ષમાં આવતાં જ તેમના કુટુંબમાં ભળી ગયાં, અને પોતાનો સંસાર ઉજ્વલ બનાવવા લાગ્યાં, ધર્મ ક્રિયા સાથે સંસાર સુખ ભોગવતાં ત્રણ વર્ષ બાદ એક પુત્રીનો જન્મ થયો, પણ પૂર્વના કોઈ પાપોદયથી આ જીવનો જન્મ થતાં શારી-રની સુખાકારી ન રહી અને આ ફાની દુનિયાનો ત્યાગ કર્યો, પુત્રીના અવસાનથી અને શારિરીકનાં દુઃખો કર્મ ઉદયે શાન્તાબ્હેનને સહન કરવાં પડયાં. જ્યારે પુન્યોદય થતાં અને ધર્મના પ્રેમને લઇ તેમણે સં. ૨૦૧૪ માં પોતાની સાસુ સાથે વરસી તપ શરૂ કર્યો. તેમાં પરમ પૂજ્ય આચાર્ય દેવેશ જિનેન્દ્રસૂરીશ્વરજી પોતાના પરીવાર સાથે મુંડારા પધાર્યા, તેમના સદુપદેશથી તેમની સાસુ ગટુબ્હેન તથા પોતે વરસી તપ શરૂ કર્યો શાસન દેવની કૃપાથી ખૂબ જ સારી રીતે આ તપ પૂર્ણ કર્યો. તે નિમિત્ત તપસ્વીઓની યતકિંચિત યથાશક્તિ સેવા ભક્તિ માટે આ પુસ્તિકા પ્રભુ ગુણ માટે અતિ ઉપયોગી હોઈ છપાવેલ છે.

॥ ॐ श्री संखेश्वर पार्श्वनाथाय नमः ॥

# શ્રી પ્રાચીન સ્તવનાદિ સંગ્રહ

મંગલાચરણ-( પ્રભુસ્તુતિ )

ૐકાર બિન્દુ સંયુક્તં, નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ
કામદં મોક્ષદં ચૈવ, ૐકારાય નમો નમઃ ૧

અજ્ઞાન તિમિરાન્ધાનામ્, જ્ઞાનાંજન શલાકયા;
નેત્રોન્મિલિતં યેન, તસ્મૈ શ્રી ગુરવે નમઃ ॥ ૨

શ્રુત સ્કંધ નભશ્ચન્દ્ર, સંયમ શ્રી વિશેષકમ્;
ઇન્દ્ર ભૂતિ નમઃ સ્વામિ, યોગીન્દ્રં ધ્યાન સિદ્ધયે. ૩

દીક્ષા ગ્રહી પ્રથમ તીર્થ તમેજ સ્થાપ્યું,
કંઈ ભવ્યનું કઠીન દુઃખ અનંત કાપ્યું;
એવા પ્રભુ પ્રણમીએ પ્રથમે તમોને,
એવા પ્રભુ શિવસુખ આપો અમોને. ૪

## સોલ સતીનો છંદ.

બ્રાહ્મી ચંદન બાલિકા ભગવતી, રાજીમતી દ્રૌપદી,
કૌશલ્યા ચ મૃગાવતી ચ સુલસા, સીતા સુભદ્રા શીવા;
કુન્તી શીલવતી નલસ્ય દયિતા, ચુલા પ્રભા વત્યપિ,
પદ્મા વત્યપિ સુંદરી દિનમુખે, કુર્વન્તુ વો મંગલમ્. ૫

# ચૈત્યવંદનો.

## ૧ શ્રી પાર્શ્વનાથસ્વામીજિન ચૈત્યવંદન.

નમો દેવનાગેંદ્રમંદારમાલા, મરિંદછટાદ્યોતપાદારવિંદં; પરાનંદસંદર્ભલક્ષ્મીસનાથં, સ્તુવે દેવચિંતામણિપાર્શ્વનાથં. ૧. તમો રાશિ–ચિત્રાસને વાસરેસ, હત કલેશલેશ શ્રિયાંસં નવેશં, ક્રમાલિનપદ્માવતિપ્રાણનાથં. સ્તુવે૦ ૨. નવશ્રીનિવાસં નવાંભોધનિલં, નતાનાં સ્વશ્રી દાનદાનેસલિલં; ત્રિલોકસ્ય પૂજ્યં ત્રિલોકસ્ય નાથં. સ્તુવે૦ ૩. હતવ્યાધિવૈતાલભૂતાદિદોષં, કૃતાશેષ પુણ્યાવલિં પૂણ્યપોષં; મુખશ્રીપરાભુતદોષાધિનાથં, સ્તુવે૦ ૪. કલૌ ભાવિની કલ્પવૃક્ષોપમાતાં, હતવ્યાધિ નૃપસ્યાશ્વ—સેનસ્યવંશેવતંસં, જના નામનો માનસે રાજહંસં, પ્રભાવ પ્રભાવાહિડનિ સિંધુનાથં. સ્તુવે૦ ૫. જગત્પાલને સંતતિ સાવધાનં, ચિરંમેદપાટ સ્થિતં વિશ્વનાથં. સ્તુવે૦ ૬. ઇતિ નાગેંદ્ર નરામરવંદિતં, પદાંભોજપ્રવર્તિ તેજા દેવકુલપાટકચ્છ; સજયતિ ચિંતામણિ પાર્શ્વનાથં, સ્તુવે દેવ ચિંતામણી પાર્શ્વનાથં. ૭.

---

## ૨ શ્રી સંખેશ્વર પાર્શ્વનાથજિન ચૈત્યવંદન.

ૐ નમઃ પાર્શ્વનાથાય, વિશ્વ ચિંતામણી યતે;<br>
હ્રૂઁ ધરણેન્દ્ર વૈરોટયા, પદ્માદેવી યુતાયતે. ૧<br>
શાન્તિ તુષ્ટિ મહાપુષ્ટિ, ધૃતિ કીર્તિ વિધાયિ ને;<br>
ૐ હ્રૂઁ દ્વિડ્ વ્યાલ વૈતાલ, સર્વાધિ વ્યાધિ નાશિને. ૨<br>
જયા જિતાખ્યા વિજયાખ્યા, પરાજિતયાન્વિતઃ;<br>
દિશાં પાલૈ ર્ગ્રહે ર્યક્ષૈ, ર્વિદ્યાદેવી ભિરન્વિતઃ ૩

ૐ અસિઆ ઉસાય, નમસ્તત્ર ત્રૈલોકય નાથતાં;
ચતુઃષષ્ઠિ સુરેન્દ્રાસ્તે, ભાષંતે છત્ર ચામરૈઃ ૪
શ્રી શંખેશ્વર મંડન, પાર્શ્વજિન પ્રણત કલ્પ તરૂ કલ્પ;
ચૂરય દુષ્ટ વ્રાતં, પૂરય મે વાંછિતં નાથ. ૫

## ૩ શ્રી પાર્શ્વનાથસ્વામીજિન ચૈત્યવંદન.

શ્રી પાર્શ્વનાથ નમસ્તુભ્યં, વિઘ્ન વિધ્વંસ કારિણે;
નિર્મલં સ પ્રભાનંદે, પરમાનંદ દાયિને. ૧
અશ્વસેના વનીપાલ, કુલ ચૂડામણી પ્રભો;
વામાસૂનો નમસ્તુભ્યં, શ્રીમત્ પાર્શ્વ જિનેશ્વર. ૨
ક્ષિતિ મંડલ મુકુટં, ધાર્મિક નિકંટ વિશ્વ પ્રગટં ચારૂભટં,
ભવરેણું સમીરં, જલનિધિતીરં, સુરગિરિધીરં ગંભીરં. ૩
જગત્રય શરણં, દુર્ગતિ હરણં, દુર્દ્ધર ચરણં, સુખકરણં;
શ્રીપાર્શ્વજિનેન્દ્રં, નત નાગેન્દ્રં, નમત સૂરેન્દ્રં, કૃતભદ્રં. ૪
કમઠે ધરણેન્દ્રેચ, સ્વોચિતં કર્મ કુર્વતિ;
પ્રભુસ્તુલ્ય મનોવૃત્તિઃ પાર્શ્વનાથ શ્રિયેઽસ્તુવઃ ૫

## ૪ બીજ તિથીનું ચૈત્યવંદન.

ચોવીશમા જિનરાજજી, ચંપાપુરી આવે;
ચૌદ સહસ અણગારના, સ્વામી તેહ કહાવે. ૧
અઢી કોસ ઉંચો સહિ, સમવસરણ વિરચાવે;
ત્રિભુવનપતિ ગુરૂ તેહમાં, ઉપદેશ વરસાવે. ૨
જીતશત્રુ રાજા તિહાં, પ્રભુને વંદન આવે,
તે પણ સમવસરણમાં, બેસી હરખીત થાવે. ૩
ભવિક જીવ તારણ ભણી, ગૌતમ પૂછે જીનને;
બીજ તિથિ મહિમા કહો, સંશય હરો પ્રભુ અમને. ૪

તવ પ્રભુ પર્ષદા આગળે, બીજનો મહિમા ભાખે;
પંચ કલ્યાણક જિન તણા, તે સહુ સંઘની સાખે. ૫
બીજે અજિત જનમીયા, બીજે સુમતિ ચ્યવન;
બીજે વાસુપૂજ્યજી, લહ્યું કેવળનાણ. ૬
દશમા શીતળનાથજી, બીજે શિવ પામ્યા;
સાતમા ચક્રી અરજિન, જન્મ્યા ગુણ ધામ. ૭
એ પાંચે જિન સમરતાંએ, ભવિ પામે દોય ધર્મ;
સર્વવિરતિ ને દેશવિરતિ, ટાળે પાતિક મર્મ. ૮
વીર કહે દ્વિતીયા તિથિ, તે કારણ તુમે પાળો;
ચંદ્રકેતુ રાજા પરે, આતમ અજુવાળો. ૯
તે સાંભળી બહુ આદરે, પ્રાણી બીજ તિથિ સાર;
તે આરાધતાં કેઈના, થયા આતમ ઉદ્ધાર. ૧૦
ચોવિહાર ઉપવાસ કરી, બીજ આરાધો વિવેક;
નયસાગર કહે વીનજિન, દ્યો મુજને શિવ એક. ૧૧

---

## ૫ શ્રી પંચમીતિથીનું ચૈત્યવંદન.

યુગલા ધર્મ નિવારીયો, આદિમ અરિહંત;
શાંતિકરણ શ્રી શાંતિનાથ, જગ કરૂણાવંત. ૧
નેમનાથ બાવીસમા, બાળ થકી બ્રહ્મચારી;
પ્રગટ પ્રભાવી પાર્શ્વદેવ, રત્ન-ત્રય ધારી. ૨
વર્ત્તમાન શાસન ધણી એ, વર્દ્ધમાન જગદીશ;
પાંચે જીનવર પ્રણમતાં, વાધે જગમાં જગીશ. ૩
જન્મ કલ્યાણક પંચ રૂપ, સોહમપતિ આવે;
પંચ વર્ણ કળશે કરી, સુરગિરિ નવરાવે. ૪
પંચ સાખ અંગુઠડે, અમૃત સંચારે;
બાળપણે જિનરાજ કાજ, એમ ભક્તિ શું ધારે. ૫

પંચ ધાવ પાલી જતે, યૌવન વય પાવે;
પંચ વિષય વિષ વેલી તોડી, સંયમ મન ભાવે. ૬
છંડી પંચ પ્રમાદ પંચ, ઇંદ્રિય બળ મોડી;
પંચ મહાવ્રત આદરે, દેઈ ધન કોડી. ૭
પંચાચાર આરામમાં, પામ્યા પંચમ જ્ઞાન;
પંચ દેહ વર્જિત થયા, પંચ હ્રસ્વાક્ષર માન. ૮
પંચમી ગતિ ભરતાર તાર, પૂરણ પરમાનંદ;
પંચમી તપ આરાધતાં, ક્ષમાવિજય જિનચંદ. ૯

## ૬ શ્રી અષ્ટમીતિથીનું ચૈત્યવંદન.

ચૈતર વદિ આઠમ દિને, મરૂદેવી જાયો,
આઠ જાતિ દિશીકુમરીએ, આઠે દિશી ગાયો. ૧
આઠ ઇંદ્રાણી નાથશું, સુર સંગતે લઈ આવે;
સુર ગિરિ ઉપર સુરવરા, સર્વે મળી આવે. ૨
આઠ જાતિ કલશા ભરી, ચોસઠ હજાર;
દોસય ને પચાસ માનો, અભિષેક ઉદાર. ૩
એક કોડને સાઠ લાખ, ઉંચા શત કોસ;
પોળપણે અડિયાલ કોસ, કળશા જળ કોસ. ૪
ચાર વૃષભ અડ શૃંગ રંગ, આઠે જલ ધારે;
ન્હવરાવી જિનરાજને, સુરેન્દ્ર પાપ પખાળે. ૫
ક્ષુદ્રાદિક અડદોષ શોષ, કરી અડગુણ પોખે;
ટાળી આઠ પ્રમાદ આઠ, મંગળ આળેખે. ૬
કોડી આઠ ચઉ ગુણા, કંચન વરસાવે;
પ્રભુ સોંપી નિજ માતને, નંદીશ્વર જાવે. ૭
અઠ્ઠાઈ મહોત્સવ કરે એ, ઠવણા જિન ઉદ્દેશ;
અષ્ટ પ્રકારે પૂજીએ, અષ્ટમી દિન સુવિશેષ. ૮
રૂષભ અજીત સુમતિ નમી, મુનિસુવ્રત જન્મ,
અભિનંદન ને નેમિ પાસ, પામ્યા શિવ શર્મ. ૯

સંભવ દેવ સુપાસ દોય, સુર ભવથી ચવીયા;
સેના પુહવી માત દુગ, ઉદરે અવતરિયા. ૧૦
વરસ એક ઉદ્દઘોષણાએ, રૂષભ લીયે ચારિત્ર;
અષ્ટમી દિન અગીયાર એમ, કલ્યાણક સુપવિત્ર. ૧૧
દર્શન જ્ઞાન ચારિત્રના, આઠે અતિચાર;
ટાળે ગાળે પાપને, પાળે પંચાચાર. ૧૨
અણિમાદિક અડ સિદ્ધિ રિદ્ધિ, ખીણ માંહે પામી;
અષ્ટ કર્મ હણીને થયા, અડ ગુણ અભિરામી. ૧૩
અષ્ટમી દિન ઉજવળ મને એ, સમરો દશ અરિહંત;
ખીમાવિજય જિન નામથી, પ્રગટે જ્ઞાન અનંત. ૧૪

---

## ૭ શ્રી અગીયારસ તિથીનું ચૈત્યવંદન,

નેમિ જિનેશ્વર ગુણનિલો બ્રહ્મચારી શિરદાર;
સહસ પુરૂષ શું આદરી, દીક્ષા જિનવર સાર. ૧
પંચાવનમેં દીન લહ્યું, નિરૂપમ કેવળનાણ;
ભવિક જીવ પડિ બોધવા, વિચરે મહિયલ જાણ. ૨
વિહાર કરંતા આવીયા એ, બાવીશમા જિનરાય;
દ્વારિકા નયરી સમોસર્યા, સમવસરણ તિહાં થાય. ૩
બાર પર્ષદા તિહાં મળી, ભાખે જિનવર ધર્મ;
સર્વ પર્વ તિથિ સાચવો, જીમ પામો શીવ શર્મ. ૪
તવ પૂછે હરિ નેમને, દાખો દિન મુજ એક;
થોડો ધર્મ કર્યા થકી, શુભ ફળ પામું અનેક. ૫
નેમ કહે કેશવ સુણો, વરસ દિવસમાં જોય;
માગશર શુદિ એકાદશી, એ સમ અવર ન કોય. ૬
ઇણ દિન કલ્યાણક થયાં, નેવું જિનનાં સાર;
એ તિથિ આરાધતાં, સુવ્રત થયો ભવ પાર. ૭

તે માટે મોટી તિથી, આરાધો મન શુદ્ધ;
અહોરાત્રિ પોસહ કરો, મન ધરી આતમ બુદ્ધ. ૮
દોઢસો કલ્યાણક તણું, ગુણણું ગણો મન રંગ;
મૌન કરી આરાધીએ, જિમ પામો સુખ સંગ. ૯
ઉજમણું પણ કીજીએ, ચિત્ત ધરી ઉલ્લાસ;
પાઠાંને વીંટાં ઘણાં, ઇત્યાદિક કરો ખાસ. ૧૦
ઈમ એકાદશી ભાવશું, આરાધે નર રાય;
ક્ષાયિક સમકિતનો ધણી, જિન વંદી ઘેર જાય. ૧૧
એકાદશી ભવિયણ ધરો, ઉજ્વલ ગુણ જિમ થાય;
ક્ષમાવિજય જસ ધ્યાનથી, શુભ સુરપતિ ગુણ ગાય. ૧૨

## ૮ શ્રી રોહિણી તપનું ચૈત્યવંદન.

રોહિણી તપ આરાધીએ, શ્રી શ્રી વાસુપૂજ્ય,
દુઃખ દોહગ દૂરે ટળે, પૂજક હોએ પૂજ્ય. ૧
પહેલાં કીજે વાસક્ષેપ પ્રહ ઉઠીને પ્રેમે,
મધ્યાન્હે કરી ધોતીઆ, મન વચ કાયા ખેમે. ૨
અષ્ટ પ્રકારની વિરચીએ, પૂજા નૃત્ય વાજિંત્ર;
ભાવે ભાવના ભાવીએ, કીજે જન્મ પવિત્ર. ૩
ત્રિહું કાલ લઈ ધુપ દીપ, પ્રભુ આગળ કીજે;
જિનવર કેરી ભક્તિ શું, અવિચળ સુખ લીજે. ૪
જિનવર પૂજા જિન સ્તવન, જિનનો કીજે જાપ,
જિનવર પદને ધ્યાઈએ, જિમ નાવે સંતાપ. ૫
કોડ કોડ ફળ દીએ, ઉત્તર ઉત્તર ભેદ,
માન કહે ઈણ વિધ કરો, જિમ હોય ભવનો છેદ. ૬

## ૯ શ્રી દીવાળીનું ચૈત્યવંદન.

ત્રીસ વરસ કેવલી પણે, વિચર્યા મહાવીર,
પાવાપુરી પધારીયા, જિન શાસન ધીર. ૧
હસ્તીપાલ નૃપ રાય તો, રજ્જુકા સભા મઝાર,
ચરમ ચોમાસું ત્યાં રહ્યા, લેઈ અભિગ્રહ સાર. ૨
કાશી કોશલ દેશના, ઘણા રાય અઢાર,
સ્વામી સુણી સહુ આવીયા, વંદને નિરધાર. ૩
સોલ પહોર દીધી દેશના, જાણી લાભ અપાર,
દીધી ભવિ હિત કારણે, પિધી તેહીજ પાર. ૪
દેવશર્મા બોધન ભણી, ગોયમ ગયા સુજાણ,
કાર્ત્તિક અમાવાસ્યા દિને, પ્રભુ પામ્યા નિર્વાણ. ૫
ભાવ ઉદ્યોત ગયો હવે, કરો દ્રવ્ય ઉદ્યોત,
ઈમ કહી રાય સરવે વલી, કીધી દીપક જ્યોત. ૬
દીવાલી તીહાંથી થઈ, જગમાંહી પ્રસિદ્ધ,
પદ્મ કહે આરાધતાં, લહીએ અવિચલ રિદ્ધ. ૭

---

## ૧૦ શ્રી દીવાળીનું ચૈત્યવંદન.

મગધદેશ પાવાપુરી, પ્રભુ વીર પધાર્યા,
સોલ પહોર દેઈ દેશના, ભવિક જીવને તાર્યા. ૧
ભૂપ અઢાર ભાવે સુણે, અમૃત જીસી વાણી,
દેશના દીયે રયણીયે, પરણ્યા શીવ રાણી. ૨
રાય ઉઠી દીવા કરે, અજવાળાના હેતે,
અમાવાસ્યા તે કહી, વલી દીવાળી કીજે. ૩
મેરૂ થકી આવ્યા ઇંદ્ર, હાથે લેઈ દીવી,
મેરઇયા દીન સફળ કરી, લોક કહે સવી જીવી. ૪

કલ્યાણક જાણી કરી, દીવા તે કીજે,
જાપ જપો જીનરાજનો, પાતિક સવિ છીજે. ૫
બીજે દિન ગૌતમ સુણી, પામ્યા કેવલજ્ઞાન,
બાર સહસ ગુણણું ગણો, ઘર હોસે કોડ કલ્યાણ. ૬
સુર નર કિન્નર સહુ મલી, ગૌતમને આપે,
ભટ્ટારક પદ્દવી દેઈ, સહુ સાખે થાપે. ૭
જવાર ભટ્ટારક થકી, લોક કરે જુહાર,
બેન ભાઈ જમાડીયા, નંદીવર્દ્ધન સાર. ૮
ભાઈ બીજ તિહાં થકી, વીર તણો અધિકાર,
જયવિજય ગુરૂ સંપદા, મુજને દીયો મનોહાર. ૯

---

## ૧૧ શ્રી સિદ્ધચક્રજીનું ચૈત્યવંદન.

શ્રી સિદ્ધચક્ર આરાધતાં, સુખ સંપત્તિ લહીએ,
સુર તરૂ સુર મણી થકી, અધિક જ મહીમા કહીએ. ૧
અષ્ટ કર્મ હણી કરી, શિવ મંદિર રહીએ,
વિધિ શું નવપદ ધ્યાનથી, પાતિક સવિ દહીએ. ૨
સિદ્ધચક્ર જે સેવશે, એક મને નર નાર,
મન વાંછિત ફલ પામશે, તે સવિ ત્રિભુવન મઝાર. ૩
અંગ દેશ ચંપાપુરી તસ કેરો ભૂપાલ,
મયણા સાથે તપ તપે, તે કુંવર શ્રીપાલ. ૪
સિદ્ધચક્રના નવણથી, જસ નાઠા રોગ,
તત્ક્ષણ ત્યાંથી તે લહે, શિવસુખ સંયોગ. ૫
સાતસેં કોઢી હતા, હુઆ નીરોગી જેહ,
સોવન વાને જલહલે, જેહની નિરૂપમ દેહ. ૬
તેણે કારણ તમે ભવિ જનો, પ્રહ ઉઠી ભક્તે,
આસો માસ ચૈત્ર થકી, આરાધો જુગતે. ૭

સિદ્ધચક્ર ત્રણ કાલના, વંદો વલી દેવ,
પડિક્કમણું કરી ઉભય કાલ, જિનવર મુનિ સેવ. ૮
નવપદ ધ્યાન હૃદયે ધરો, પ્રતિપાલો ભવિ શીલ,
નવપદ આયંબિલ તપ તપો, જેમ હોય લીલમ લીલ. ૯
પહેલે પદ અરિહંતનું, નિત્ય કીજે ધ્યાન,
બીજે પદ વલી સિદ્ધનું, કીજે ગુણ ગ્રામ. ૧૦
આચાર જ ત્રીજે પદે, જપતાં જય જયકાર,
ચોથે પદ ઉવજ્ઝાયના, ગુણ ગાઉં ઉદાર. ૧૧
સર્વ સાધુ વંદું સહી, અઢીદ્વીપમાં જેહ,
પંચમ પદમાં તે સહી, ધરમે ધરી સસનેહ. ૧૨
છઠ્ઠે પદ દરિસન નમું, દર્શન અજુઆળું,
નાણ નમો પદ સાતમે, તેમ પાપ પખાલું. ૧૩
આઠમે પદે રૂડું જપું, ચારિત્ર સુસંગ;
નવમે પદ બહુ તપ તપો, જીમ લહો ફલ અભંગ. ૧૪
એહી નવપદ ધ્યાનથી, જપતાં નાઠે કોડ;
પંડિત ધીર વીમલ તણો, નય વંદે કર જોડ. ૧૫

---

## ૧૨ શ્રી સિદ્ધચક્રજીનું ચૈત્યવંદન.

પહેલે દિન અરિહંતનું, નિત્ય કીજે ધ્યાન;
બીજે દિન વળી સિદ્ધનું, કીજેં ગુણગાન. ૧
આચાર જ ત્રીજે પદે, જપતાં જય જયકાર;
ચોથે પદે ઉવજ્ઝાયના, ગુણ ગાવો ઉદાર. ૨
સકલ સાધુ વંદો સહી, અઢીદ્વીપમાં જેહ;
પંચમ પદ આદર કરી, જપજો ધરી સસનેહ. ૩
છઠ્ઠે પદે દર્શન નમો, દરિશણ અજુઆળો;
નમો નાણ પદ સાતમે, જિમ પાપ પખાલો. ૪

આઠમે પદ આદર કરી, ચારિત્ર સુચંગ;
નવમે પદ બહુ તપ તણા, ફળ લીજે અભંગ. ૫
એણી પરે નવપદ ભાવશુંએ, જપતાં નવ નવ કોડ;
પંડિત 'શાન્તિવિજય' તણા, શિષ્ય કહે કરજોડ. ૬

## ૧૩ શ્રી અરિહંતાદિક જિન ચૈત્યવંદન.

અરિહંત દેવા ચરણોની સેવા,
પંદર ભેદે સિદ્ધિ પદ મેવા;
આયરિય ઉવજ્ઝાય સર્વ સાધુનાં નામ,
એ પંચ યોગે કરૂં પ્રણામ. ૧
બાર દેવલોકે નવ ગ્રૈવેયકે,
પાંચ અનુત્તર. પાતાલ લોકે,
તિર્ચ્છાલોકમાંહે જે જિન નામ,
એ પંચ યોગે કરૂં પ્રણામ. ૨
અતીત અનાગતને વર્ત્તમાન,
સંપ્રતિકાલે વીસ વિહરમાન;
ઉત્કૃષ્ટકાળે એકસો સિત્તેર નામ,
એ પંચ યોગે કરૂં પ્રણામ. ૩
શાશ્વત ભુવન જે જિનના કહીએ,
શાશ્વતિ પ્રતિમા શું નામ લઈએ;
શાશ્વતા અશાશ્વતા જે અભિરામ,
એ પંચ યોગે કરૂં પ્રણામ. ૪
દીઠા ન દીઠા શ્રવણે ન સુણી,
ભેટયા ન ભેટયા ભાવે જે ભણીયા,
'જ્ઞાનવિમલ' કહે પ્રભુ સમરથ દેવા,
ભવ ભવ હોજો તુમ નાથ સેવા. ૫

## ૧૪ શ્રી સિદ્ધચક્રજીનું ચૈત્યવંદન,

શ્રી સિદ્ધચક્ર આરાધિએ, આસો ચૈતર માસ,
નવ દિન નવ આયંબિલ કરી, કીજે ઓળી ખાસ. ૧
કેસર ચંદન ઘસી ઘણાં, કસ્તુરી બરાસ,
જુગતે જિનવર પૂજિએ, જિમ મયણા શ્રીપાળ. ૨
પૂજા અષ્ટ પ્રકારની, દેવવંદન ત્રણ કાળ;
મંત્ર જપો ત્રણકાળ ને, ગુણણું તેરહ હજાર. ૩
કષ્ટ ટળ્યું ઉંબર તણું, જપતાં નવપદ ધ્યાન;
શ્રી શ્રીપાળ નરેન્દ્ર થયા, વાધ્યો બમણો વાન. ૪
સાતસો કોઢી સુખ લહ્યા એ, પામ્યા જિન આવાસ,
પુણ્યે મુક્તિ વધુ વર્યા, પામ્યા લીલ વિલાસ. ૫

---

## ૧૫ શ્રી સિદ્ધચક્રજીનું ચૈત્યવંદન,

શ્રી સિદ્ધચક્ર મહા મંત્રરાજ, પૂજા પર સિદ્ધ,
જાસ નમનથી સંપજે, સંપૂરણ રિદ્ધ. ૧
અરહંતાદિક નવપદ, નિત્યે નવ નિધ દાતા,
એ સંસાર અસાર સાર, હોયે પાર વિખ્યાતા. ૨
અમલાચલ પદ સંપજે એ, પૂરે મનના કોડ,
'મોહન' કહે વિધિયુક્ત કરે, જીમ હોએ ભવનો છોડ. ૩

---

## ૧૬ શ્રી એકસો સિત્તેર જીન વર્ણનું ચૈત્યવંદન.

સોલ જીનેશ્વર શ્યામળા, રાતા ત્રીસ વખાણું;
નીલા મરકત મણિ સમ, અડત્રીશે ગુણખાણું. ૧
પીળા કંચન વરણ જીસ્યા, છત્રીસે જીનચંદ,
શંખ વરણ સોહે ઘણું, પચાસ સુખકંદ. ૨

સિત્તેરશો સરવાળે મળી, ભરતૈરાવત વિદેહ,
અજીતનાથ વારે હતા, હું પ્રણમું ધરી નેહ. ૩
ધ્યાન ધરંતા પ્રભુ તણું, સવિ પાપ પણાશે.
નામ જપંતાં જીનરાજનું, દુઃખ દોહગ નાશે. ૪
પ્રભુ પૂજાથી પામીએ એ, સકલ મંગલ વિસ્તાર;
રૂપકીર્તિ ગુરૂ ધ્યાનથી, માણેક ભવ નિસ્તાર. ૫

## ૧૭ શ્રી આદિનાથજિનનું ચૈત્યવંદન.

ધુર સમરૂં શ્રી આદિદેવ, વિમલાચલ સોહીએ,
સુરતિ મુર્તિ અતિ સફળ, ભવિયણનાં મન મોહીએ. ૧
સુંદર રૂપ સોહામણો, જોતાં તૃપ્તિ ન હોય,
ગુણ અનંત જિનવર તણા, કહી નવ શકે કોય. ૨
વીતરાગ દર્શન વિના, ભવસાયરમાં રૂલીયો,
કુગુરૂ કુદેવે ભોળવ્યો, ગાઢો જલ ભરીયો. ૩
પૂરવ પૂણ્ય પસાઉલે, વીતરાગ મેં આજ,
દર્શન દીઠો તાહરો, તરણ તારણ જહાજ. ૪
સુરઘટને સુરવેલડી, આંગણે મુજ આઈ,
કલ્પવૃક્ષ ફળીયો વળી, નવનિધિ મેં પાઈ. ૫
તુજ નામે સંકટ ટલે, નાસે વિષમ વિકાર,
તુજ નામે સુખ સંપદા, તુજ નામે જયકાર. ૬
આજ સફળ દિન માહરોએ, સફળ થઈ મુજ જાત્ર;
પ્રથમ તીર્થંકર ભેટીઆ, નિર્મલ કીધાં ગાત્ર. ૭
સુર નર કિન્નર કિન્નરી, વિદ્યાધરની કોડ,
મુક્તિ પહોંત્યા કેવલી, વંદું બે કર જોડ. ૮
શત્રુંજયગિરિ મંડણોએ, મરૂદેવા માત મલ્હાર;
સિદ્ધિવિજય સેવક કહે, તુમ તરીઆ મુજ તાર. ૯

## ૧૮ શ્રી સિદ્ધાચલજીનું ચૈત્યવંદન.

કલ્પવૃક્ષની છાંયડી, નાનડીયો રમતો;
સોવન હીંડોલે હિંચતો, માતાને મન ગમતો. ૧
સો દેવી બાલક થયા, રૂષભજી ક્રીડે;
વહાલા લાગો છો પ્રભુ, હૈડા શું ભીડે. ૨
જીનપતિ યૌવન પામીયા, ભાવે શું ભગવાન,
ઇંદ્રે ઘાલ્યો માંડવો, વિવાહનો સામાન. ૩
ચોરી બાંધી ચીહું દીશી, સુર ગોરી ગાવે,
સુનંદા સુમંગલા, પ્રભુજીને પરણાવે. ૪
ભરતે બિંબ ભરાવીયા, થાપ્યા શત્રુંજય ગિરી રાય,
શ્રી વિજયપ્રભસુરિ મહિમા ઘણો, ઉદયરત્ન ગુણ ગાય. ૫

---

## ૧૯ શ્રી સિદ્ધાચલજીનું ચૈત્યવંદન.

સિદ્ધાચલ શિખરે ચઢી, ધ્યાન ધરો જગદીશ,
મન વચ કાય એકગ્રશું, નામ જપો એકવીશ. ૧
શત્રુંજયગિરિ વંદીએ, બાહુબલી શિવ ઠામ;
મરૂદેવાને પુંડરિકગીરિ, રૈવતગિરિ વિસરામ. ૨
વિમલાચલ સિદ્ધરાજજી, નામ ભગીરથ સાર;
સિદ્ધક્ષેત્રને સહસ્ત્ર કમલ, મુક્તિ નિલય જયકાર. ૩
વિમલાચલ શતકૂટગિરિ, ઢંકને કોડી નીવાસ;
કદંબગિરિ લોહિત નમું, તાલધ્વજ પુણ્યરાસ. ૪
મહાબલ દૃઢ શક્તિ સહી, એ એકવીશે નામ;
સાતે શુદ્ધિ સમાચરી, નિત્ય કીજે પ્રણામ. ૫
દગ્ધ શૂન્યને અવિધિ દોષ, અતિ પરિણતિ જેહ,
ચાર દોષ છંડી ભજો, ભક્તિ ભાવ ગુણ ગેહ. ૬

માનવ ભવ પામી કરીએ, સદ્ગુરૂ તીરથ જોગ,
શ્રી શુભવીરને શાસને, શિવર મણી સંયોગ. ૭

---

## ૨૦ શ્રી પુંડરીક સ્વામીનું ચૈત્યવંદન.

આદિશ્વર જીનરાયનો, ગણધર ગુણવંત,
પ્રગટનામ પુંડરીક જાસ, મહીમાએ મહંત. ૧
પંચ કોટી મુનિશું, અણસણ તિહાં કીધ,
શુકલધ્યાન ધ્યાતાં અમૂલ, કેવલ તિહાં લીધ. ૨
ચૈત્રી પૂનમને દિન, પામ્યા પદ મહાનંદ,
તે દિનથી પુંડરિક ગીરિ, નામ દાન સુખકંદ, ૩

---

## ૨૧ શ્રી સીમંધર સ્વામીનું ચૈત્યવંદન.

સીમંધર જિન વિચરતા, સોહે વિજય મોઝાર;
સમવસરણ રચે દેવતા, બેસે પર્ષદા બાર. ૧
નવતત્ત્વની દીયે દેશના, સાંભળી સુરનર કોડ;
ષટ દ્રવ્યાદિક વર્ણવે, લે સમકિત કરજોડ. ૨
ઇહાં થકી જિન વેગળા, સહસ તેત્રીશ શત એક,
સત્તાવન જોજન વળી, સત્તર કળા સુવિશેષ. ૩
દ્રવ્ય થકી જિન વેગળા, ભાવથી હૃદય મોઝાર;
ત્રિહું કાળે વંદન કરૂં, શ્વાસમાંહે સોવાર. ૪
શ્રી સીમંધર જિનવરૂએ, પૂરે વાંછિત કોડ;
કાંતિવિજય ગુરૂ પ્રણમતાં ભક્તિ બે કરજોડ. ૫

---

## ૨૨ શ્રી પર્યુષણપર્વનું ચૈત્યવંદન.

પર્વ પર્યુષણ ગુણ નીલો, નવકલ્પિ વિહાર;
ચાર માસાન્તર થીર રહે, એહી જ અર્થ ઉદાર. ૧
આષાઢ શુદિ ચઉદસ થકી, સંવત્સરી પચાસ;
મુનિવર દિન સિત્તેરમે, પડિક્કમતાં ચઉમાસ. ૨
શ્રાવક પણ સમતા ધરી, કરે ગુરૂનાં બહુમાન;
કલ્પસૂત્ર સુવિહિત મુખે, સાંભળે થઈ એક તાન, ૩
જિનવર ચૈત્ય જુહારીયે, ગુરૂભક્તિ વિશાલ;
પ્રાયે અષ્ટ ભવાંતરે, વરીયે શિવ વરમાળ. ૪
દર્પણથી નિજ રૂપનો, જુવે સુદૃષ્ટિ રૂપ,
દર્પણ અનુભવ અર્પણે, જ્ઞાન રમણ મુનિ ભૂપ. ૫
આત્મ સ્વરૂપ વિલોકતાં એ, પ્રગટયો મિત્ર સ્વભાવ;
રાય ઉદાચી ખામણાં, પર્વ પર્યુષણ દાવ. ૬
નવ વખાણ પૂજી સુણો, શુક્લ ચતુર્થી સીમા;
પંચમી દિન વાંચે સુણો, હોય વિરોધી નિમા. ૭
એ નહિ પર્વ પંચમી, સર્વ સમાણી ચોથે;
ભવભીરૂ મુનિ માનસે, ભાખ્યું અરિહાનાથે. ૮
શ્રુતકેવલી વયણા સુણી, લહી માનવ અવતાર;
શ્રીશુભવીરને શાસને, હોવે જય જયકાર. ૯

---

## ૨૩ શ્રી પર્યુષણપર્વનું ચૈત્યવંદન.

વડા કલ્પ પૂરવ દિને, ઘેર કલ્પને લાવો;
રાત્રી જાગરણ પ્રમુખ કરી, શાસન સોહાવો. ૧
હય ગય રથ શણગારી કુંવર, લાવો ગુરૂ પાસે;
વડા કલ્પ દિને સાંભળો, વીર ચરિત્ર ઉલ્લાસે. ૨

છઠ્ઠ અઠ્ઠમ તપ કીજીએ એ, ધરીયે શુભ પરિણામ;
સ્વામી વત્સલ પ્રભાવના, પૂજા અભિરામ. ૩
જિન ઉત્તમ ગૌતમ પ્રત્યે એ, કહેજો એકવીસ વાર,
ગુરૂ મુખ પદ્મે ભાવશું, સુણતાં પામે ભવપાર. ૪

## ૨૪ શ્રી પર્યુષણપર્વનું ચૈત્યવંદન.

ઉર્દ્ધલોક દશમા થકી, કુંડ પરે મંડાણ;
રૂષભ યોનિ ચોવિસમો, વર્દ્ધમાન જિન ભાણ. ૧
ઉત્તરા ફાલ્ગુની ચંદ્રમા, માનવ ગણ સુખ કંદ;
કન્યા રાશિ છદ્મસ્થમાં, બાર વરસ વહી જાય. ૨
શાલ વિશાલ તરૂ તલે એ, કેવલનિધિ પ્રગટાય;
વિર બિરૂદ ધરવા ભણી, એકાકી શિવ જાય. ૩

## ૨૫ શ્રી પર્યુષણપર્વનું ચત્યવંદન.

નવ ચૌમાસી તપ કર્યા, ત્રણ માસી દોય;
દોય દોય અઢી માસી તેમ, દોઢ માસી હોય. ૧
બહોંતેર પાસક્ષમણ કર્યા, માસક્ષમણ કર્યા બાર;
ખટ બે માસી તપ આદર્યો, બાર અઠ્ઠમ તપ સાર. ૨
ખટ માસી એક તપ કર્યો, પંચ દીન ઉણ ખટમાસ;
બસો ઓગણત્રીસ છઠ્ઠ ભલા, દીક્ષા દિન એક ખાસ. ૩
ભદ્ર પ્રતિમા દોય ભલી, મહાભદ્ર દિન ચાર;
દશ સર્વતોભદ્રના, લાગઠ નિરધાર. ૪
વિણ પાણી તપ આદર્યો, પારણાદિક જાસ;
દ્રવ્યાહારે પારણ કર્યા, ત્રણસો ઓગણપચાસ. ૫

છદ્મસ્થ એણી પરે રહ્યા એ, સહ્યા પરીસહ ઘોર;
શુકલધ્યાન અનલે કરી, બાળ્યાં કર્મ કઠોર. ૬
શુકલધ્યાન અંતે રહ્યા એ, પામ્યા કેવલનાણ;
પદ્મવિજય કહે પ્રણમતાં, લહીયે નિત્ય કલ્યાણ. ૭

## ૨૬ શ્રી શાન્તિનાથજિન ચૈત્યવંદન.

નાના વિચિત્રં ભવદુઃખ રાશિ,
નાના પ્રકારે બહુ મોહ કાસી;
પાપાણિ દોષાણિ હરંતિ દેવા,
જે જન્મ શરણં ત્વમ્ શાન્તિનાથં. ૧
સંસાર મધ્યે મિથ્યાત્વ ચિન્તા,
મિથ્યાત્વ મધ્યે કર્માનિ બંધે;
તે બંધ છેદન્તિ દેવાધિદેવા, જે જન્મ શરણં ત્વમ્૦ ૨
કામશ્ચ ક્રોધં માયાભિલોભં,
ચતુઃ કષાયં ઇહ જીવ બંધં;
તે બંધ છેદન્તિ દેવાધિદેવા, જે જન્મ શરણં ત્વમ્૦ ૩
જાતસ્ય મરણં ભૂતસ્ય વચનં,
વૈ જન્મ શાંતિ બહુ જીવ દુઃખં;
તે દુઃખ છેદન્તિ દેવાધિદેવા, જે જન્મ શરણં ત્વમ્૦ ૪
ચારિત્ર હિનો નર જન્મ મધ્યે,
સમ્યગ્ રત્નં પરિ પાલયંતિ;
તે જીવ સિધન્તિ દેવાધિદેવા, જે જન્મ શરણં ત્વમ્૦ ૫
મૃદુ વાકય હિનો કઠિનસ્ય ચિત્તે,
પર જીવ નિંદે માનસાવ વંધે;

તે બંધ છેદન્તિ દેવાધ દેવા;
જે જન્મ શરણં ત્વમ્ શાન્તિનાથં. ૬
પરદ્રવ્ય ચોરી પરદાર સેવા,
હિંસાનિ કાંક્ષાનિ અનિવૃત્ત બંધ;
તે બંધ છેદન્તિ દેવાધિદેવા, જે જન્મ શરણં ત્વમ્૦ ૭
પુત્રાણિ મિત્રાણિ કલત્રાણિ બંધ,
બહુ બંધ મધ્યે ઇહ જીવ બદ્ધ;
તે બંધ છેદન્તિ દેવાધિદેવા,
જે જન્મ શરણં ત્વમ્ શાન્તિનાથં,
જપતિ પઠતિ નિત્યં, શાન્તિનાથાદિ શુદ્ધં;
સ્તવન મદનરાયા પાપતાપાપહારં; શિવસુખ નિધીપોત:
સર્વ સત્ત્વાનુકંપં, કૃત મુનિ ગુણભદ્રં, ભદ્રકાયેષુ નિત્યં. ૯

---

## ૨૭ શ્રી નેમનાથસ્વામી જિન ચૈત્યવંદન.

રાજુલ વર શ્રી નેમનાથ, શામળીયો સારો;
શંખ લંછન દશ ધનુષ દેહ, મનમોહન ગારો. ૧
સમુદ્રવિજયરાય કુલ તિલો, શીવાદેવી સુતપ્યારો;
સહસ્ર વર્ષનું આઉખું, પાળી સુખકારો. ૨
ગીરનારે મુક્તિ ગયા એ, સૌરીપૂરે અવતાર;
રૂપવિજય કહે વાલહો, જગજીવન આધાર. ૩

---

## ૨૮ શ્રી નેમનાથસ્વામીજિન ચૈત્યવંદન.

ૐ નમો વિશ્વનાથાય, જન્મતો બ્રહ્મચારીણે;
કર્મવલ્લી વનચ્છેદ, નમયેડરિષ્ટ નેમયે. ૧

યદુવંશ સમુદ્રેન્દુ:, કર્મ કક્ષ હુતાશન:
અરિષ્ટ નેમિ ર્ભગવાન્, ભૂયાદ્વોઽરિષ્ટ નાશન: ૨
અનંત પરમાનંદ, પુર્ણધામ વ્યવસ્થિત:
ભવંતં ભવતા સાક્ષી, પશ્યતીહાં જિનોખિલ. ૩
સ્તુવંત સ્તાવકં બિમ્બં, મન્યથા કંથમીદ્દશં;
પ્રમોદ્યતિ શયશ્ચિત્તે, જાય તે ભુવનાતિગ. ૪

## ૨૯ શ્રી નેમનાથ જિન ચૈત્યવંદન.

નેમનાથ બાવીશમા, અપરાજીતથી આય;
સૌરીપુરમાં અવતર્યા, કન્યા રાશિ સુહાય. ૧
યોનિ વાઘ વિવેકીને, રાક્ષસ ગણ અદ્દભુત;
રિખ ચિત્રા ચોપન દિન, મૌનવંતા મનપુત. ૨
વેતસ હેઠે કેવલીએ, પંચસયાં છત્રીસ;
વાચં યમશું શિવવર્યા, વીર તમે નિશદિશ.

## ૩૦ શ્રી વીસસ્થાનક તપના કાઉસ્સગગનું ચૈત્યવંદન.

ચોવીસ પન્નર પીસ્તાલીસનો, છત્રીશનો કરીએ;
દસ પચવીસ સત્તાવીસનો, કાઉસ્સગ્ગ મન ધરીએ. ૧
પંચ સડસઠિ દસ વલી, સિત્તેર નવ પણવિસ;
બાર અડવીસ લોગસ્સ તણો, કાઉસ્સગ્ગ ધરો ગુણીસ. ૨
વીસ સત્તર ને ઈગવન્ન, દ્વાદશ ને પંચ;
ઈણીપરે કાઉસ્સગ્ગ જો કરે, તો જાએ ભવ સંચ. ૩
ઇણીપરે કાઉસ્સગ્ગ મન ધરો, નવકારવાળી વીસ;
વીસ સ્થાનક ઇમ જાણીએ, સંક્ષેપથી જગીશ. ૪
ભાવ ધરી મનમાં ઘણોએ, જો એક પદ આરાધે;
જિન ઉત્તમ પદ પદ્મને, નમી નીજ કારજ સાધે, ૫

## ૩૧ શ્રી વર્ધમાનતપનું ચૈત્યવંદન.

એ કર જોડી પ્રણમીયે, વર્ધમાન તપ ધર્મ;
ત્રિકરણ શુદ્ધે પાળતાં, ટાલે નિકાચીત કર્મ. ૧
વર્ધમાન તપ સેવીને, કેઇ પામ્યા ભવપાર;
અંતગડ સૂત્રે વર્ણવ્યા, વંદું વારંવાર. ૨
અંતરાય પંચક ટલે એ, બાંધે જિનવર ગોત્ર;
નમો નમો તપરત્નને, પ્રગટે આતમ જ્યોત. ૩

## ૩૨ શ્રી વર્ધમાન તપનું ચૈત્યવંદન.

વર્ધમાન જિનપતિ નમી, વર્ધમાન તપ નામ; ઓળી આયંબિલની કરૂં, વર્ધમાન પરિણામ. ॥ ૧ ॥ એકાદિ આયત શત, ઓળી સંખ્યા થાય; કર્મ નિકાચિત તોડવા, વજ્ર સમાન ગણાય. ॥ ૨ ॥ ચૌદ વરસ ત્રણ માસની, સંખ્યા દિનની વીશ; યથાવિધિ આરાધતાં ધર્મરત્ન પદ ઇશ. ॥ ૩ ॥

## ૩૩ શ્રી ઉપદેશકનું ચૈત્યવંદન.

ક્રોધે કાંઇ ન નીપજે, સમકિત તે લુંટાય;
સમતા રસથી ઝીલીએ, તો વૈરી કોઇ ન થાય. ૧
વહાલા શું વઢીએ નાહ, છટકી ન દીજે ગાળ;
થોડે થોડે છંડીએ, જિમ છંડે સરોવર પાળ. ૨
અરિહંત સરખી ગોઠડી, ધર્મ સરીખો સનેહ;
રત્ન સરિખાં બેસણાં, ચંપક વર્ણી દેહ. ૩
ચંપકે પ્રભુજી ન પૂજીયા, ન દીધું મુનિને દાન;
તપ કરી કાયા ન શોષવી, કીમ પામશો નિર્વાણ. ૪
આઠમ પાખી ન ઓળખી, એમ કરે શું થાય;
ઉન્મત્ત સરખી માંકડી, ભોય ખણંતી જાય. ૫
આંગણે મોતી વેરીયા, વેલે નિંટાળી વેલ;
હીરવિજય ગુરૂ હીરલો, મારૂં હૈડું રંગની રેલ. ૬

# સ્તવન સંગ્રહ

## ૧. શ્રી ૧૩૫ નામગર્ભીત પાર્શ્વનાથજિન સ્તવન.

॥ ઢાલ એકવીસાની ॥

પ્રભુ પ્રણમુંરે સુખદાયક શંખેશ્વરો, ગોડિ મંડણોરે પાલવિહાર પંચાસરો; કરસ્યોરીરે ભાભો તિમ અજાહરો, જીરાઉલોરે ફલવર્ધિને અમીઝરો ॥ત્રુટકા॥ મુકુટેસરો કાલકુંડ શામલ અંતરીક ને થંભણો, નવખંડ મહુયરી પાર્શ્વ શેત્રુંજો, કુક્કુડેશ્વર બંભણો, નાગદ્રહો નવપલ્લવો, તિમ અવંતી ચિંતામણી, નારિંગપુર કરહેડ દાદો, પાર્શ્વજીન ત્રિભુવન ધણી. ૧ નમું મગશીરે ગાડરીયો, રાધનપુરે પોસીણારે, નવલખ્ખો દીવ બંદરે; મોરવાડેરે ચોરવાડિ, ઈડરગઢે બહેલજોરે, બરડો તિમ જુનાગઢે ॥ત્રુટકા॥ તેમ ગઢ પાવાપુર વિલોડ ખેરાલુ કાલાંવડે, ધોલકે ગંધારિ ગાજે, થંભ તીરથ કોરડે, નાડુલ ને નાડોલાઈ નયરે, આબુ ચૌમુખ ચિત્ત હરો, દિગવાટી પાંડવઘાટ, સોહાવે સહસ્રફણો સાવનગિરો ॥૨॥ ભલે ભાવેરે ભટેવો જોજાપુરે, કાપરડોરે સાદડીયે સાંડેશ્વરો, વરકાણોરે ઉજ્જેણી વાણારસી, ભિન્નમાલો રે બેડાહશી ॥ત્રુટકા॥ તિમ વશી કુંભલમેર, કુંતીનયરે જોધપુરે જયો, નાગોરી ઝંઝુવાડી સુરત, મેડતે જીનવર ઠયો, વડનગરે આરાસણ સોહાવે, નવેનગરે ઉદયાગિરે, કાચેલી મગલોર ચંપાપુરે તિમ રાણકપુરે. ॥૩॥ ધંધાણીરે પીપાડે રાજગૃહી, ચિત્તોડેરે જેસલમેર માંહી સહી, નીકોડારે સિદ્ધપુરે વિજાપુરે, બિલાડેરે કપ્પડવાડિ પોરબંદરે ॥ત્રુટકા॥ મનહરે માણીકસ્વામી, વાડી ભીડભંજન અતિ ભલો, સુલતાન દેવક પટ્ટણે, તિમનાદિયે પ્રભુ નિરમલો, સીરોડીયે સમ્મેતશિખરે, શીરોહી ગોપાચલે,

ધંધુકે ગામે દોલ્લનયરે, રાવણો મહિમંડલે ॥૪॥ મહિશાણેરે ઘૃતકલ્લોલ વડાલિઓ, તિમ કેટકોરે તિવરી લોઢ ભડલિયો, તિમ મેડતેરે બાહડમેર જુહારિયે જુહારે બીકાનેર જુહારીયે ॥ત્રુટક॥ જુહારિયે પ્રભુ રાનસેણે, માંડલ અચલેપુરે, અહિચ્છતિ ગામે ભલે ઠામે, તિમવલિ તાપસપુરે, વટપદ્ર મંડણ નાગપુરવરે, સમીઆણ બોબીપુરે, જાખેલ કુંકમ રોલે, સંખલપુરે તિમ ફતેપુરે. ॥૫॥ ચારૂપેરે મહેમદાવાદી, હમીરપુરે સાંગાનેરરે, મલપુરે થુરાપુરે જગવલ્લભરે, સુખસાગર ચિત્ત ધારિયે, જોટિંગારે ભીલડીઆ સંભારિયે ॥ત્રુટક॥ પાંત્રીશ અધિકા નામ એકશત. (૧૩૫) નિત્ય પ્રત્યે સમરે સદા, સુગતિ સુખ સંયોગ સઘલા, પામિયે બહુ સંપદા, પાર્શ્વ પ્રભુના નામ ધ્યાવે, શુદ્ધ સમકિત તે લહે, કવિરાજ શ્રી ધીરવિમલ શિષ્ય, નયવિમલ કવિ એમ કહે. ॥૬॥

---

## ૨ શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ જિન સ્તવન.

જીનપતિ અવિનાશી કાશી ધણીરે,
મનની આશા પુરણ હાર હો, જીનપતિ ચિંતામણી રે,
જીનપતિ અશ્વસેન કુલ ચંદલોરે,
વાલો મારો વામા માત મલ્હાર હો. જીનપતિ૦ ૧
જીનપતિ ત્રણ ભુવન શીર સહેરોરે,
સેવે ચોસઠ સુરપતિ પાય હો. જીનપતિ૦
જીનપતિ નાચે નવ નવા છંદ શુંરે,
સુર વધુ મધુર સ્વરે ગુણ ગાય હો. જીનપતિ૦ ૨
જીનપતિ તુજ રૂપે રતિ પતિ જીસારે,
અંગથી બાજુ થયો અવલંબ, જીનપતિ૦

જીનપતિ તુજ ઉપમા જગકો નહિરે,
તું છે ગુણરાશીનો સંગ. જીનપતિ૦ ૩
જીનપતિ નાગપતિ કર્યા નાગજોરે,
કરૂણા કરી દીયો નવકાર હો. જીનપતિ૦
જીનપતિ સોલ સહસ અણગારથીરે,
સાહુણી અડત્રીસ સહસ વિસ્તાર હો. જીનપતિ૦ ૪
જીનપતિ ધરણેન્દ્ર પદ્માવતીરે,
સેવે પાર્શ્વ યક્ષ વળી પાય હો, જીનપતિ૦
જીનપતિ જાદવની નાઠી જરારે,
તો હવે અમને કરો સુપસાય હો. જીનપતિ૦ ૫
જીનપતિ પાસ આશા મુજ પુરવેરે,
સાચો શંખેશ્વર મહારાજ હો. જીનપતિ૦
જીનપતિ શ્રી ગુરૂ પદ્મવિજય તણોરે,
માગે 'રૂપવિજય' શીવરાજ હો. જીનપતિ૦ ૬

## ૩ શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જિન સ્તવન.

શ્રી ચિંતામણી પાર્શ્વજી રે, વાત સૂણો એક મોરી રે;
માહરા મનના મનોરથ પૂરજો.
હું તો ભક્તિ ન છોડું તોરી રે. શ્રી૦ ૧
માહરી ખિજમતમાં ખામી નહીં રે,
તાહરે ખોટ ન કાંઈ ખજાને રે;
હવે દેવાની શી ઢીલ છે, કહેવું તે કહીયે છાને રે. શ્રી૦ ૨
તેં ઉરણ સવિ પૃથિવી કરીરે, ધન વરસી વરસી દાને રે;
માહરી વેળા શું એહવા દીઓ, વાંછિત વાળો વાનરે. શ્રી૦ ૩
હું તો કેડ ન છોડું તાહરી રે,
આપ્યા વિણ શિવસુખ સ્વામી રે,
મુરખ તે ઓછે માનશે, ચીંતામણી કરયલ પામી રે. શ્રી૦ ૪

મત કહસ્યો તુજ કર્મે નથી રે,
કર્મે છે તો તું પામ્યો રે;
મુજ સરીખા કીધા મોટકા,
કહો તેણે કાંઈ તુજ થામ્યો રે. શ્રી૦ ૫

કાલ સ્વભાવ ભવિતવ્યતા રે,
તે સઘળા તારા દાસો રે;
મુખ્ય હેતુ તું મોક્ષનો એ,
એ મુજને સબલ વિશ્વાસો રે. શ્રી૦ ૬

અમે ભક્તે મુક્તિને ખેંચશું રે,
જિમ લોહને ચમક પાષાણો રે;
તુમે હેજે હસીને દેખશો,
કહેશો સેવક છે સંપરાણો રે. શ્રી૦ ૭

ભક્તિ આરાધ્યા ફળ દીએ છે,
ચિંતામણી પણ પાષાણો રે;
વળી અધિકું કંઈ કહાવસો,
એ ભદ્રક ભક્તિ તે જાણો રે. શ્રી૦ ૮

બાળક તે જિમ તિમ બોલતો રે,
કરે લાડ તાતને આગે રે;
તે તેહશું વાંછિત પૂરવે,
બની આવે સઘળું રાગે રે. શ્રી૦ ૯

માહરે બનનારૂં તે બન્યું જ છે રે,
હું તો લોકને વાત શિખાવું રે;
વાચક જશ કહે સાહિબા,
એ ગીતે એ ગુણ ગાવું રે. શ્રી૦ ૧૦

# ૪ શ્રી બીજ તિથિનું સ્તવન.

॥ દુહા ॥

સરસ વચન રસ વરસતી, સરસતી કળા ભંડાર;
બીજ તણો મહિમા કહું, જિમ કહ્યો શાસ્ત્ર મોઝાર. ૧
જંબુદ્વીપના ભરતમાં, રાજગૃહી ઉદ્યાન;
વીર જિણંદ સમોસર્યા, વાંદવા આવ્યા રાજન. ૨
શ્રેણિક નામે ભુપતિ, બેઠા બેસણ ઠાય;
પૂછે શ્રી જિનરાયને, દ્યો ઉપદેશ મહારાય. ૩
ત્રિગડે બેઠા ત્રિભુવનપતિ, દેશના દિયે જિનરાય;
કમળે સુકોમળ પાંખડી, એમ જિન હૃદય સોહાય. ૪
શશિ પ્રગટે જિમ તે દિને, ધન્ય તે દન સુવિહાણ;
એક મને આરાધતાં, પામે પદ નિર્વાણ. ૫

ઢાળ ૧ લી

કલ્યાણક જિનના કહું, સુણ પ્રાણીજીરે;
અભિનંદન અરિહંત, એ ભગવંત, ભવિ પ્રાણીજીરે;
માઘ શુદી બીજને દિને, સુણ પ્રાણીજીરે,
પામ્યા શિવસુખ સાર, હરખ અપાર, ભવિ પ્રાણીજીરે. ૧
વાસુપૂજ્ય જિન બારમા, સુણ પ્રાણીજીરે,
એહજ તિથે થયું નાણ, સફળ વિહાણ, ભવિ પ્રાણીજીરે.
અષ્ટ કર્મ ચૂરણ કરી, સુણ પ્રાણીજીરે,
અવગાહન એકવાર, મુક્તિ મોઝાર, ભવિ પ્રાણીજીરે. ૨
અરનાથ જિનજી નમું, સુણ પ્રાણીજીરે,
અષ્ટાદશમા અરિહંત, એ ભગવંત ભવિ પ્રાણીજીરે.
ઉજ્વળ તિથિ ફાગણ ભલી, સુણ પ્રાણીજીરે,
વરીયા શિવવધુ સાર, સુંદર નાર ભવિ પ્રાણીજીરે. ૩

દશમા શીતળ જિનેશ્વરૂ, સુણ પ્રાણીજીરે,
પરમ પદની એ વેલ, ગુણની ગેલ, ભવિ પ્રાણીજીરે.
વૈશાખ વદિ બીજને દિને, સુણ પ્રાણીજીરે,
મૂકયો સરવે એ સાથ, સુર નર નાથ, ભવિ પ્રાણીજીરે. ૪
શ્રાવણ શુદની બીજ ભલી, સુણ પ્રાણીજીરે,
સુમતિનાથ જિનદેવ, સારે સેવ, ભવિ પ્રાણીજીરે,
એણિ તિથિએ જિનજી તણા, ભવિ પ્રાણીજીરે.
કલ્યાણક પંચસાર, ભવનો પાર ભવિ પ્રાણીજીરે. ૫

---

ઢાળ ૨ જી.

જગપતિ જિન ચોવીસમોરે લાલ,
એ ભાખ્યો અધિકારરે, ભવિક જન;
શ્રેણિક આદે સહુ મળ્યારે, શક્તિતણે અનુસારરે,
ભવિકજન, ભાવ ધરીને સાંભળોરે,
આરાધો ધરી ખંતરે, ભવિકજન! ભાવ ધરી૦ ૧
દોય વરસ દોય માસનીરે લાલ, આરાધો ધરી હેતરે,
ભવિકજન૦
ઉજમણું વિધિશું કરોરે લાલ, બીજ તે મુક્તિ સંકેતરે.
ભવિકજન, ભાવ૦ ૨
માર્ગ મિથ્યા દૂરે તજોરે લાલ, આરાધો ગુણ થોક રે;
ભવિકજન૦
વીરની વાણી સાંભળીરે લાલ, ઉછરંગ થયા બહુ લોક રે,
ભવિકજન, ભાવ૦ ૩
એણિ બીજે કેઈ તર્યા રે લાલ, વળી તરશે કેઈ દાસ રે;
ભવિકજન૦

શશિ નિધિ અનુમાનથીરે લાલ, સઈલા નાગધર એષરે,
ભવિકજન, ભાવ૦ ૪
અષાડ શુદિ દશમી દિનેરે લાલ, એ ગાયો સ્તવન રસાળરે;
ભવિકજન૦
નવલવિજય સુપસાયથી રે લાલ, ચતુરને મંગળ માલરે,
ભવિકજન, ભાવ૦ ૫

કળશ

ઈમ વીર જિનવર, સયલ સુખકર, ગાયો અતિ ઉલટ ભરે,
અષાડ ઉજવળ દશમી દિવસે, સંવત અઢાર અઠ્ઠોત્તરે;
બીજ મહિમા એમ વર્ણવ્યો, રહી સિદ્ધપુર ચોમાસએ;
જેહ ભવિક ભાવે ભણે ગુણે, તસ ઘરે લીલવિલાસ એ. ૧

---

## શ્રી પંચમીતિથિનું સ્તવન.

### ઢાળ ૧ લી

(દેશી—રસીઆલી)

પ્રણમી પાર્શ્વ જિનેશ્વર પ્રેમશું, આણી ઉલટ અંગ;
ચતુર નર !
પંચમી તપ મહિમા મહિયલ ઘણો, કહેશું સુણજો રે રંગ.
ચતુર નર, ભાવ ભલે પંચમી તપ કીજીએ, ૧

ઇમ ઉપદેશે હો નેમી જીનેશ્વરૂ, પંચમી કરજો રે તેમ;ચતુર૦
ગુણમંજરી વરદત્ત તણી પરે, આરાધે ફળ જેમ, ચ૦ ભા૦ ૨

જંબૂદ્વીપે ભરત મનોહરૂ, નયરી પદમપુર ખાસ. ચતુર નર;
રાજા અજિતસેનાભિધ તિહાં કણે, રાણી યશોમતી તાસ,
ચતુર નર, ભાવ૦ ૩

વરદત્ત નામે હો કુંવર તેહનો, કોઢે વ્યાપી રે દેહ; ચ૦
નાણ વિરાધન કર્મ જે બાંધીયું, ઉદયે આવ્યું રે તેહ;
ચતુર નર, ભાવ૦ ૪

તેણે નયરે સિંહદાસ ગૃહીવસે, કપૂરતિલકા તસ નારી; ચ૦
તસ બેટી ગુણમંજરી રોગિણી, વચને મુંગી રે ખાસ,
ચતુર નર, ભાવ૦ ૫

ચઉનાણી વિજયસેનસૂરીશ્વરૂ, આવ્યા તિણ પુર જામ; ચ૦
રાજા શેઠ પ્રમુખ વંદન ગયા, સાંભળી દેશના તામ.
ચતુર નર, ભાવ૦ ૬

પૂછે તિહાં સિંહદાસ ગુરૂ પ્રત્યે, ઉપજ્યા પુત્રીને રોગ; ચ૦
થઈ મુંગી વળી પરણે કો નહીં, એ શા કર્મના ભોગ.
ચતુર નર, ભાવ૦ ૭

ગુરૂ કહે પૂરવ ભવ તમે સાંભળો, ખેટક નયરે વસંત; ચ૦
શ્રી જિનદેવ તિહાં વ્યવહારીઓ, સુંદરી ગૃહિણીનો કંત.
ચતુર નર; ભાવ૦ ૮

બેટા પાંચ થયા હવે તેહને, પુત્રી અતિ ભલી ચાર; ચ૦
ભણવા મૂકયા પાંચે પુત્રને, પણ તે ચપળ અપાર.
ચતુર નર; ભાવ૦ ૯

---

ઢાળ ૨ જી. (સીરોહીનો ચેલો હોકે–એ દેસી)

તે સુત પાંચ હોકે, પઢણ કરે નહિ,
રમતાં રમતાં હો કે, દિન જાયે વહી;
શીખવે પંડિત હો કે, છાત્રને સીખ કરી;
આવી માતાને હો કે, કહે સુત રૂદન કરી. ૧

માત અધ્યારૂ હો કે, અમને મારે ઘણું,
કામ અમારે હો કે, નહીં ભણવા તણું;
શંખણી માતા હો કે, સુતને શીખ દીયે,
ભણવા મત જાજો હો કે, શું કંઠ શોષ કીયે. ૨

તેડવા તુમને હો કે, અધ્યારૂ આવે,
તો તસ હણજો હો કે, પુનરપિ જિમ નાવે;
શીખવી સુતને હો કે, સુંદરીએ તિહાં,
પાટી પોથી હો કે, અગ્નિમાં નાંખી દીયા. ૩

તે વાત સુણીને હો કે, જિનદેવ બોલે ઈસ્યું,
ફીટ રે સુંદરી હો કે, કામ કર્યું કીસ્યું;
મૂરખ રાખ્યા હો કે, એ સર્વ પુત્ર તુમે,
નારી બોલી હો કે, નવિ જાણું અમે. ૪

મૂરખ મોટા હો કે, પુત્ર થયા જ્યારે;
ન દીયે કન્યા હો કે, કોઇ તેહને ત્યારે;
કંત કહે સુણ હો કે, એ કરણી તુમચી,
વયણ ન માન્યાં હો કે, તેં પહેલાં અમચાં. ૫

એમ વાત સુણીને હો કે, સુંદરી, ક્રોધે ચડી,
પ્રીતમ સાથે હો કે, પ્રેમદા અતિહિ વઢી;
કંતે મારી હો કે, તિહાંથી કાળ કરી,
એ તુમ બેટી હો કે, થઇ ગુણમંજરી. ૬

પૂર્વ ભવે એણે હો કે, જ્ઞાન વિરાધીયું,
પુસ્તક બાળી હો કે, જે કર્મ બાંધીયું;
ઉદયે આવ્યું હો કે, દેહે રોગ થયો,
વચને મુંગી હો કે, એ ફળ તાસ લહ્યો. ૭

ઢાળ ૩ જી. (દેશી–લલનાની.)

નિજ પૂરવ ભવ સાંભળી, ગુણમંજરીએ તાંહિ–લલના;
જાતિ સ્મરણ પામીયું, ગુરૂને કહે ઉત્સાહ, લલના;
ભવિકા જ્ઞાન અભ્યાસીએ. ૧
જ્ઞાન ભલો ગુરૂજી તણો, ગુણમંજરી કહે એમ, લલના,
શેઠ પૂછે ગુરૂને તિહાં, રોગ જાવે હવે કેમ, લલના. ભવિ૦ ૨
ગુરૂ કહે હવે વિધિ સાંભળો, જે કહ્યો શાસ્ત્ર મોઝાર, લલના;
કાર્ત્તિક શુદિ દિન પંચમી, પુસ્તક આગળ સાર, લ૦ ભ૦ ૩
દીવો પંચ દીવેટ તણો, કીજીએ સ્વસ્તિક સાર, લલના;
નમો નાણસ્સ ગુણણું ગણો, ચોવિહાર ઉપવાસ, લ૦ ભ૦ ૪
પડિક્કમણાં દોય કીજીએ, દેવવંદન ત્રણ કાળ; લલના;
પાંચ વરસ પાંચ માસની, કીજીએ પંચમી સાર, લ૦ ભ૦ ૫
તપ ઉજમણું પારણે, કીજીએ વિધિનો પ્રપંચ, લલના;
પુસ્તક આગળ મૂકયાં, સઘળાં વાનાં પાંચ, લલના. ભ૦ ૬
પુસ્તક ઠવણી પુંજણી, નવકારવાળી પ્રત, લલના;
લેખણ ખડીયા ડાભડા, પાટી કવળી જુક્ત, લલના. ભવિ૦ ૭
ધાન્ય ફળાદિક ઢોઇએ, કીજીએ જ્ઞાનની ભક્તિ, લલના;
ઉજમણું એમ કીજીએ, ભાવથી જેવી શક્તિ, લલના. ભ૦ ૮
ગુરૂ વાણી એમ સાંભળી, પંચમી કીધી તેહ, લલના;
ગુણમંજરી મુંગી ટળી, નિરોગી થઇ દેહ, લલના. ભ૦ ૯

---

ઢાળ ૪ થી (યાદવરાય જઈ રહ્યો–એ દેશી)

રાજા પૂછે સાધુનેરે, વરદત્ત કુમરને અંગ;
કોઢ રોગ એ કીમ થયોરે, મુજ ભાખો ભગવંત.
સદ્ગુરૂજી ધન્ય તમારૂં જ્ઞાન. ૧

ગુરૂ કહે જંબુદ્વિપમાં રે, ભરતે શ્રીપુર ગામ;
વસુનામા વ્યવહારીઓરે, દોય પુત્ર તસ નામ. સદ્દ૦ ૨
વસુસાર ને વસુદેવજીરે, દીક્ષા લીએ ગુરૂ પાસ.
લઘુ બંધવ વસુદેવનેરે, પદવી દીએ ગુરૂ તાસ. સદ્દ૦ ૩
પંચ સહસ અણગારનેરે, આચારજ વસુદેવ;
શાસ્ત્ર ભણાવે ખંતશું રે, નહીં આળસ નિત્ય મેવ. સદ્દ૦ ૪
એક દિન સૂરિ સંથારીયારે, પૂછે પદ એક સાધ;
અર્થ કહીઆ તેહને વળીરે, આવ્યો બીજો સાધ. સદ્દ૦ ૫
એમ બહુ મુનિ પદ પૂછવારે, એક આવે એક જાય;
આચારજની ઉંઘમાંરે, થાય અતિ અંતરાય. સદ્દ૦ ૬
સૂરિ મને એમ ચિંતવેરે, કયાં મુજ લાગ્યું પાપ;
શાસ્ત્ર મેં એ અભ્યાસીયારે, તો એટલો સંતાપ. સદ્દ૦ ૭
પદ ન કહું હવે કેહનેરે, સઘળા મૂકું વિસારી;
જ્ઞાન ઉપર એમ આણીઓરે, ત્રિકરણ ક્રોધ અપાર. સદ્દ૦ ૮
બાર દિવસ એ ન બોલીઆરે, અક્ષર ન કહ્યો એક;
અશુભ ધ્યાને તે મરીરે, એ સુત તુજ અવિવેક. સદ્દ૦ ૯

---

ઢાળ ૫ મી (મુખને મરકલડે એ–દેશી)

વાણી સુણી વરદત્તેજી, જાતિસ્મરણ લહ્યું,
નિજ પૂર્વ ભવ દીઠોજી, જેમ ગુરૂએ કહ્યું,
વરદત્ત કહે તવ ગુરૂનેજી, રોગ એ કેમ જાવે,
સુંદર કાયા હોવેજી, વિદ્યા કેમ આવે. ૧
ભાખે ગુરૂજી ભલી ભાતજી, પંચમી તપ કરો,
જ્ઞાન આરાધો રંગેજી, ઉજમણું કરો;
વરદત્તે તે વિધ કીધીજી, રોગ દૂરે ગયો,
ભુક્ત ભોગી રાજ્ય પાળીજી, અંતે સિદ્ધ થયો. ૨

ગુણમંજરી પરણાવીજી, શાહ જિનચંદ્રને,
સુખ ભોગવી પછી લીધુંજી, ચારિત્ર સુમતિને;
ગુણમંજરી વરદત્તેજી, ચારિત્ર પાળીને,
વિજય વિમાને પહોંચ્યાજી, પાપ પ્રજાળીને. ૩

ભોગવી સુર સુખ તિહાંથીજી, ચવિયા દોય સુરા,
પામ્યા જંબુ વિદેહેજી, માનવ અવતારા;
ભોગવી રાજ્ય ઉદારાજી, ચારિત્ર લીયે સારા,
હુવા કેવળજ્ઞાનીજી, પામ્યા ભવ પારા. ૪

ઢાળ ૬ ઠી. ( ગીરીથી નદીયાં ન તરેરે લોલ. )

જગદીશ્વર નેમીશ્વરૂ રે લોલ, એ ભાખ્યો સંબંધ રે
સોભાગી લાલ.
બારે પર્ષદા આગળે રે લોલ, એ સઘળો પરબંધરે,
સોભાગી લાલ, નેમીશ્વર જિન જયકરૂં રે લાલ—એ આંકણી. ૧

પંચમી તપ કરવા ભણી રે લોલ, ઉત્સુક થયા બહુ લોક રે,
સોભાગી :લાલ;
મહાપુરૂષની દેશના રે લાલ, તે કીમ હોવે ફોક રે,
સોભાગી લાલ૦ ૨

કાર્ત્તિક શુદિ જે પંચમી રે લોલ, સૌભાગ્ય પંચમી નામ રે,
સોભાગી લાલ૦;
સૌભાગ્ય લહીએ એહથી રે લોલ, ફળે મનવાંછિત કામરે,
સોભાગી લાલ૦ ૩

સમુદ્રવિજય કુળસેહરો રે લોલ, બ્રહ્મચારી શિરદાર રે,
સોભાગી લાલ૦
મોહનગારી માનિની રે લોલ, રૂડી રાજુલનારી રે,
સોભાગી લાલ૦ ૪

તે નવિ પરણી પદ્મિણીરે લોલ, પણ રાખ્યો જેણે રંગ રે,
સોભાગી લાલ૦
મુક્તિ મહેલમાં બેહુ મળ્યારે લોલ, અવિચળ જોડ,
અભંગ રે, સોભાગી લાલ૦ ૫
તેણે એ માહાત્મ્ય ભાખીયું રે લોલ, પાંચમનું પરગટરે,
સોભાગી લાલ૦
જે સાંભળતાં ભાવશું રે લોલ, શ્રીસંઘને ગહગટ રે,
સોભાગી લાલ૦ ૬

કળશ.

એમ સયળ સુખકર સયળ દુઃખહર, ગાયો નેમિ જિણેસરો;
તપગચ્છ રાજા વડ દિવાજા, વિજયાનંદ સૂરીશ્વરો;
તસ ચરણ પદ્મ પરાગ મધુકર, કોવિંદ કુંવરવિજય ગણી,
તસ શિષ્ય પંચમી સ્તવન ભાખી, ગુણવિજય રંગે મુનિ. ૭

---

## ૬ શ્રી અષ્ટમી તીથિનું સ્તવન.

—॥ દુહો ॥

પંચ તીર્થ પ્રણમું સદા, સમરી શારદ માય;
અષ્ટમી સ્તવન હરખે રચું, સુગુરૂ ચરણ પસાય. ૨

ઢાળ ૧ લી.

હાંરે લાલ જંબુદ્વીપના ભરતમાં, મગધદેશ મહંતરે લાલા;
રાજગૃહી નયરી મનોહરૂ, શ્રેણિક બહુ બળવંત રે લાલા;
અષ્ટમી તિથિ મનોહરૂ. ૧
હાંરે લાલા ચેલણારાણી સુંદરૂ, શીયલવંતી શિરદાર રે–લાલા;
શ્રેણિક શુદ્ધ બુદ્ધ છાજતા,
નામે અભયકુમાર રે લાલા. અષ્ટમી૦ ૨

હાં રે લાલા વર્ગણા આઠે મીટે એહથી,
અષ્ટ સાધે સુખ નિધાનરે લાલા;
અષ્ટ મદભંજન વજ્ર છે,
પ્રગટે સમકિત નિધાન રે લાલા. અષ્ટમી૦ ૩
હાં રે લાલા અષ્ટ ભય નાસે એહથી,
અષ્ટબુદ્ધિ તણો ભંડાર રે લાલા;
અષ્ટ પ્રવચન માતા સંપજે,
ચારિત્ર તણે આગાર રે લાલા. અષ્ટમી૦ ૪
હાં રે લાલા અષ્ટમી આરાધન થકી,
અષ્ટ કર્મ કરે ચકચુર રે લાલા;
નવ નિધિ પ્રગટે તસ ઘરે,
સંપૂર્ણ સુખ ભરપૂર રે લાલા. અષ્ટમી૦ ૫
હાં રે લાલા અડ દૃષ્ટિ ઉપજે એહથી,
શિવ સાધે ગુણ અનુપ રે લાલા;
સિદ્ધના આઠ ગુણ સંપજે,
શિવ કમળા રૂપ સ્વરૂપ રે લાલા. અષ્ટમી૦ ૬

---

ઢાળ ૨ જી.

જીહો રાજગૃહી રળિયામણી, જિહો વિચરે વીર જિણંદ,
જીહો સમવસરણ ઇંદ્રે રચ્યું, જીહો સુર અસુરનો વૃંદ;
જગત સહુ વંદો વીર જિણંદ. ૧
જીહો દેવ રચિત સિંહાસને, જીહો બેઠા શ્રી વર્દ્ધમાન;
જીહો અષ્ટ પ્રાતિહારજ શોભતા,
જીહો ભામંડળ અસમાન. જગત૦ ૨
જીહો અનંત ગુણે જિનરાજજી, જીહો પર ઉપકારી પ્રધાન,
જીહો કરૂણાસિંધુ મનોહરૂ, જીહો ત્રિલોકે જિન ભાણ. જ૦ ૩

જીહો ચોત્રીશ અતિશય વિરાજતા, જીહો વાણી ગુણ પાંત્રીશ;
જીહો બારે પર્ષદા ભાવશું, જીહો ભક્ત નમાવે શીષ. જ૦ ૪
જીહો મધુર ધ્વનિ દીએ દેશના, જીહો જિમરે આષાઢોરે મેહ;
જીહો અષ્ટમી મહિમા વર્ણવે, જીહો જગબંધુ કહે તેહ.
જગત સહુ૦ ૫

ઢાળ ૩ જી.

(રૂડી ને રળિયામણી રે, વહાલા તારી દેશના રે,
તે તો મ્હારા મંદિરીએ સંભળાય. એ દેશી.)

રૂડી ને રઢિયાળી રે પ્રભુ તારી દેશના રે, તે તો એક
યોજન લગે સંભળાય;
ત્રીગડે વિરાજે જિન દીએ દેશના રે,
શ્રેણિક વંદે પ્રભુના પાય;
અષ્ટમી મહિમા કહો કૃપા કરીરે, પુછે ગોયમ અણગાર;
અષ્ટમી આરાધન ફળ સિદ્ધિનું રે. ૧
વીર કહે તપથી મહિમા એહનો રે, ઋષભ જન્મ કલ્યાણ;
ઋષભ ચારિત્ર હોયે નિર્મળું રે,
અજિતનું જન્મ કલ્યાણ. અષ્ટમી૦ ૨
સંભવ ચ્યવન ત્રીજા જિનેશ્વરૂ રે, અભિનંદન નિર્વાણ;
સુમતિ જન્મ સુપાર્શ્વ ચ્યવન છે રે,
સુવિધિ નમિ જન્મ કલ્યાણ. અષ્ટમી૦ ૩
મુનિસુવ્રત જન્મ અતિ ગુણનિધિ રે, નેમિ શિવપદ લહ્યું સાર;
પાર્શ્વનાથ નિર્વાણ મનોહરૂ રે,
એ તિથિ પરમ આધાર. અષ્ટમી૦ ૪
ઉત્તમ ગણધરૂ મહિમા સાંભળી રે, અષ્ટમી તિથિ પ્રમાણ;
મંગળ આઠ તણી ગુણમાલિકા રે,
તસ ઘર શિવ કમળા પ્રધાન. અષ્ટમી૦ ૫

ઢાળ ૪ થી.

કાઉસ્સગ્ગની નિર્યુક્તિએ, ભાખે મહાનિશીથ સૂત્રે રે;
ઋષભ વંશ દઢ વીરજી આરાધી, શિવસુખ પામે પવિત્રે રે.
શ્રી જિનરાજ જગત ઉપકારી. ૧
એ તિથિ મહિમા વીર પ્રકાશે, ભવિક જીવને ભાસે રે;
શાસન તારૂં અવિચળ રાજે, દિન દિન દોલત વાસે રે. શ્રી૦૨
ત્રિશલાનંદન દોષ નિકંદન, કર્મ શત્રુને જીત્યા રે;
તીર્થંકર મહંત મનોહર, દોષ અઢાર નિર્વર્ત્યા રે. શ્રી૦ ૩
મન મધુકર વર પદ કજ લીનો, હરખી નિરખી પ્રભુ ધ્યાઉં રે;
શિવકમલા સુખ દીઓ પ્રભુજી, કરૂણાનંદ પદ પાઉં રે. શ્રી૦ ૪
વૃક્ષ અશોક સુર કુસુમની વૃષ્ટિ, ચામર છત્ર બિરાજે રે;
આસન ભામંડળ જિન દિપે, દુંદુભી અંબર ગાજે રે. શ્રી૦ ૫
ખંભાત બંદર અતિ મનોહર, જિન પ્રાસાદ ઘણા સોહેરે;
બિંબ સંખ્યાનો પારજ ન લહું,
દરિસણ કરી મન મોહે રે. શ્રી૦ ૬
સંવત અઢાર ઓગણચાલીશ વરસે, આશ્વીન માસ ઉદારે રે;
શુક્લપક્ષ પંચમી ગુરૂવારે, સ્તવન રચ્યું છે ત્યારે રે. શ્રી૦ ૭
પંડિત દેવસૌભાગ્ય બુદ્ધિ લાવણ્ય, રત્નસૌભાગ્ય તેણે નામરે;
બુદ્ધિ લાવણ્ય લીઓ સુખ સંપૂરણ,
શ્રી સંઘને કોડ કલ્યાણ રે. શ્રી૦ ૮

---

## ૭ શ્રી મૌન એકાદશીનું સ્તવન.

ઢાળ ૧ લી

પ્રણમી પુછે વીરને રે, શ્રી ગોયમ ગણરાય,
મૃગશિર સુદી એકાદશી રે, તપથી શું ફલ થાય રે;
જિનવર ઉપદિશે, તિહાં સાંભલે સહુ સમુદાયરે-જિન૦ ૧

વીર કહે ગોયમ સુણો રે, હરિ આગલ કહ્યો નેમ,
તેમ તુમ આગલ હું કહું રે,
સાંભલો મન ધરી પ્રેમરે. જિન૦ ૨

દ્વારિકા નયરી સમોસર્યા રે. એક દિન નેમિ જીણંદ,
કૃષ્ણ આવ્યા તિહાં વાંદવા રે,
પુછે પ્રશ્ન નરિંદ રે. જિન૦ ૩

વર્ષ દિવસના દિન મિલીરે, તિનસો સાઠ કહંત;
તેહમાં દિન કુણ એહવો રે,
તપથી બહુ ફલ હુંત રે. જિન૦ ૪

મૃગશિર સુદી એકાદશીરે, વર્ણવી શ્રી જગનાથ,
દોઢસો કલ્યાણક થયાં રે, જીનનાં એકણ સાથ રે. જિન૦ ૫

શ્રી અરજિન દીક્ષા ગ્રહી રે, નમિ ને કેવલ નાણ,
જન્મ દિક્ષા કેવલ રહ્યા રે,
શ્રી મલ્લિ જગભાણ રે. જિન૦ ૬

વર્ત્તમાન ચોવિશિનારે, ભરતે પંચ કલ્યાણ,
એ પંચ ભરતે થઈ રે,
પંચાધિક કંઈ વીર જાણ રે. જિન૦ ૭

પાંચે ઐરવ્રતે મિલીરે, કલ્યાણક પંચ પંચ,
દશ ક્ષેત્ર સહુએ મિલીરે,
પચાસ કલ્યાણક સંચરે. જિન૦ ૮

અતીત અનાગત કાળનારે, વર્ત્તમાનના વલી જેહ,
દોઢસો કલ્યાણક કહ્યા રે, ઉત્તમ ઇણ દિન એહરે. જિન૦ ૯

જે એકાદશી તપ કરે રે, વિધિ પૂર્વક ગુણ ગેહ,
દોઢસો ઉપવાસો તણો રે,
ફલ લહે ભવિયણ તેહરે. જિન૦ ૧૦

ઢાળ ૨ જી.

હવે એકાદશી તપ તણો માધવજી, વિધિ કહું નિર્મલ,
બુદ્ધિ હો ગુણ રાગી નરેશ્વર સાંભલો જાદવજી;
દેવ જુહારો દેહરે મા૦ ગુરૂવંદો ભાવ વિશુદ્ધિ હો. ગુ૦ ૧
અહોરત્ત પોસહ કરી માધવજી,
ગુરૂ મુખ્ય કરો પચ્ચખાણ હો. ગુ૦
દેવ વંદો ત્રણ ટંકના મા૦
સાંભલો સદ્દગુરૂ વાણી હો. ગુ૦ ૨
દોઢસો કલ્યાણક તણે મા૦ ગુણનો ગુનો એક મને હો. ગુ૦
ભણણ ગુણણ કિરીયા વિના મા૦
નવિ બોલે અન્ય વચન હો. ગુ૦ ૩
મૌન ગ્રહો નિશી દિવસનો મા૦
રાખો શુભ પરિણામ હો. ગુ૦
મૌન એકાદશી તે ભણી, મા૦
નિરૂપમ એવું નામ હો. ગુ૦ ૪
પ્રથમ દિને એકાસણું, મા૦ પારણે એહિજ રીત હો ગુ૦
બાર વર્ષ તપ ઇમ કરે, મા૦
શુદ્ધ ધર્મ શું પ્રીત હો. ગુ૦ ૫
અંગ અગિયારે તે ભણે મા૦ પડિમા તપ ઈગ્યાર હો. ગુ૦
પ્રતિમાસ ઉપવાસનો મા૦
તપ કરે નિરૂપમ વાર હો. ગુ૦ ૬
સુવ્રતશેઠ તણી પરે મા૦ મન રાખે સ્થિરતા જોગ હો. ગુ૦
તો એકાદશી દશમે ભવે મા૦
લહે શિવવધુ સંયોગ હો ગુ૦ ૭

---

## ઢાળ ૩ જી.

હવે ઉજમણું તપ તણું, એકાદશી દિનસાર લલના,
દિન ઈગ્યાર દેહરે, સ્નાન પૂજા અધિકાર લલના,
ભગવંત ભાખે હરિ ભણી. ૧

ઢોળું ઢોવિયે દેહરે, ધાન્ય ઈગ્યાર પ્રકાર લલના;
શ્રીફલ ફોફલ સુખડી,
નવી નવી ભાત ઇગ્યાર, લલના; ભ૦ ૨

કેસર સુખડ ધોતીયાં, કાંચન કલશ શૃંગાર, લલના;
ધૂપ ધાણાને વાટકી,
અંગલુહણા ઘનસાર, લલના, ભ૦ ૩

અંગ ઈગ્યારે લખાવિયે, પુંઠાને રૂમાલ લલના;
ઝીબી દોરા દાબડી,
લેખણ કાંબી નિહાલ લલના; ભ૦ ૪

ઝીલમલ ચન્દ્રુઆ ભલા, ઠવણી સ્થાપના કાજ લલના;
પાટી જપમાલા ભલી,
વાસના વટુઆ સાજ, લલના; ભ૦ ૫

વીંજણાને વલી પુંજણા, કવલી કોથલી તામ લલના;
રેશમ પાટી રૂયડી, મુહપત્તી જય ા કામ, લલના; ભ૦ ૬

જ્ઞાનના ઉપગરણ ભલા, ઈગ્યાર ઈગ્યાર માન, લલના;
સાધર્મિક ઈગ્યારને,
પોષીજે પકવાન, લલના; ભ૦ ૭

તે સાં ળી હરિ હરખીયા, આદરે વ્રત પચ્ચક્ખાણ; લલના;
તિથી એકાદશી તપ કરે,
બાર વર્ષ ગુણ ખાણ, લલના; ભ૦ ૮

તીર્થંકર પદ તિણુ થકી, ગોત્ર નિકાચિત કીધ લલના;
અમમ નામે જિન બારમા,
હોસ્યે તપ ફલ સિધ લલના; ભ૦ ૯
ઇણુ વિધિ શ્રીવરે કહ્યો, એ અધિકાર અશેષ લલના;
તેહ ભણી તપ તુમે આદરો,
લેસો સુખ સુવિશેષ લલના; ભ૦ ૧૦

## ૮ શ્રી રોહિણી તપ વિધિનું સ્તવન.

દુહા

સુખકર સંખેશ્વર નમો, શુભ ગુરૂનો આધાર,
રોહિણી તપ મહિમા વિધિ. કહિશું ભવિ ઉપગાર, ૧
ભક્ત પાન કુત્સિત દિએ, મુનિને જાણ અજાણ,
નરક તીયંચમાં જીવ તે, પામે બહુ દુઃખ ખાણ. ૨
તે પણ રોહિણી તપ થકી, પામી સુખ સંસાર,
મોક્ષે ગયા તેહના કહું, સુંદર એ અધિકાર. ૩

ઢાળ પહેલી (શીતલજિન સહેજાનંદી—એ દેશી)

મઘવા નગરી કરી ઝંપા, અરિ વર્ગ થકી નહિ કંપા.
આભરતે પુરી છે ચંપા, રામ સીતા સરોવર પંપા,
પનોતા પ્રેમથી તપ કીજે, ગુરૂ પાસે તપ ઉચરીએ,
એ આંકણી. ૧
વાસુપૂજ્યના પુત્ર કહાય, મઘવા નામે તિહાં રાય,
તસ લક્ષ્મીવતી છે રાણી, આઠ પુત્ર ઉપર એક જાણી. પ૦ ૨
રોહિણી નામે થઇ બેટી, નૃપ વલ્લભસું થઈ મોટી,
યૌવન વયમાં જબ આવે, તબ વરની ચિંતા થાવે. પ૦ ૩

સ્વયંવર મંડપ મંડાવે, દૂરથી રાજપુત્ર મિલાવે,
રોહિણી શણગાર કરાવી, જાણું ચંદ્ર પ્રિયા ઈહાં આવી. ૫૦ ૪
નાગપુર વિતશોક ભૂપાલ, તસ પુત્ર અશોક કુમાર,
વરમાલા કંઠે ઠાવે, નૃપ રોહિણીને પરણાવે ૫૦ ૫
પરિકરશું સાસરે જાવે, અશોકને રાજ્યે ઠાવે,
પ્રિયા પુણ્યે વધી બહુ ઋદ્ધિ, વિતશોકે દીક્ષા લીધી. ૫૦ ૬
સુખ વિલસે પંચમકાર, આઠ પુત્ર સુતા થઇ ચાર,
રહી દંપતિ સાતમે મોલે, લઘુ પુત્ર રમાડે ખોલે. ૫૦ ૭
લોકપાલાભિધાનને બાલ, રહી ગોખે જુએ જન ચાલ,
તસ સન્મુખ રોતિ નારી, ગયો પુત્ર મરણ સંભાળી. ૫૦ ૮
શિર છાતી કુટે મન કેતી, માય રોતી જલ જલી દેતી,
માથાના કેસ તે રોલે, જોઇ રોહિણી કંતને બોલે. ૫૦ ૯
આજ મેં નવું નાટક દીઠું, જોતાં બહુ લાગે મીઠું,
નાચ શીખી કીહાંથી નારી,
સુણી રોશે ભર્યો નૃપ ભારી. ૫૦ ૧૦
કહે નાચ શીખો ઇણિ વેલા, લેઇ પુત્ર બાહિર દીએ ઝોલા,
કરથી વિછોડયો તે બાલ, નૃપ હાહા કરે તત્કાલ. ૫૦ ૧૧
પુરદેવ વચેથી લેતા, ભુંય સિંહાસન કરી દેતા,
રાણી હસતી હસતી જુએ હેઠું, રાજાએ એ કૌતુક દીઠું. ૫૦ ૧૨
લોક સઘળા વિસ્મય પામે, વાસુપૂજ્ય શિષ્ય વન ઠામે,
આવ્યા રૂપ સોવન કુંભ નામ, શુભવીર કરે પરણામ. ૫૦ ૧૩

---

ઢાળ ૨ જી (ચોપાઇની દેશી)

ચઉનાણી નૃપ પ્રણમી પાય, નિજ રાણીને પ્રશ્ન કરાય,
આ ભવદુખ નવિ જાણ્યા એહ, એ ઉપર મુજ અધિકો નેહ. ૧
મુનિ કહે ઇણ નગરે ધનવંતો, ધનમિત્ર શેઠજી હતો,
દુર્ગંધા તસ બેટી થઈ, કુબ્જા કુરૂપા દુર્ભગા ભઇ. ૨

યોવન વય ધન દેતા સહી, દુર્ભગપણે કોઈ પરણે નહીં.
નૃપ હણતાં કૌતવ શિષ્યેણ, રાખી પરણાવી સા તેણ. ૩
નાઠો તે દુર્ગંધા લહી, દાન દિયંતાં સા ઘરે રહી,
જ્ઞાનીને પરભવ પૂછતી, મુનિ કહે રૈવતગિરિ તટ હતી. ૪
પૃથ્વીપાલ નૃપ સિદ્ધિમતિ, નારી નૃપ વનમાં ક્રિડતી,
રાય કહે દેખી ગુણવંતા, તપસી મુનિ ગોચરીએ જતા. ૫
દાન દીયાં ઘર પાછાં વલી, તબ ક્રીડા રસે રીસ બલી,
મૂર્ખ પણે કરી બલતે હૈયે, કડવો તુંબડ મુનિને દીએ. ૬
પારણું કરતાં પ્રાણ જ ગયા, સુરલોકે મુનિ દેવજ થયા,
અશુભ કર્મ બાંધ્યું તે નારી, જાણી નૃપ કાઢે પુર બારે. ૭
કુષ્ટ રોગ દિન સાતે મરી, ગઇ છઠ્ઠી નરકે દુઃખ ભરી,
તિર્યચ ભવે અંતરતા લહી, મરીને સાતમી નરકમાં ગઇ. ૮
નાગણ કરભી ને કુતરી, ઉંદર ગિરોલી જલો શુકરી,
કાકી ચંડાલણ ભવ લહી, નવકાર મંત્ર તિહાં સદ્દહિ. ૯
મરીને શેઠના પુત્રી ભઇ, શેષ કર્મ દુર્ગંધા થઇ,
સાંભળી જાતિ સ્મરણ લહી, શ્રી શુભવીર વચન સદ્દહી. ૧૦

---

ઢાળ ૩ જી.

(ગજરા મારૂજી ચાલ્યા ચાકરી રે–એ દેશી)

દુર્ગંધા કહે સાધુને રે, દુઃખ ભોગવિયાં અતિરેક;
કરૂણા કરીને દાખીએરે, જિમ જાએ પાપ અનેક રે ૧
જિમ મુનિ કહે રોહિણી તપ કરો રે, સાત વરસ ઉપર સાત માસ,
રોહિણી નક્ષત્રને દિને રે, ગુરૂ મુખ કરીએ ઉપવાસરે ગુરૂ૦ ૨
તપથી અશોક નૃપની પ્રિયારે, થઇ ભોગની ભોગ વિલાસ,
વાસુપૂજ્ય જિન તીર્થેરે, તમો પામશો મોક્ષ નિવાસરે. તમો૦ ૩
ઉજમણે પુરે તપેરે, વાસુપૂજ્યની પડિમા ભરાય.
ચૈત્ય અશોક તરૂ તલે રે,
અશોક રોહિણી ચિત્તરાય રે. અશોક૦ ૪

સાહમિવત્સલ પધરાવીને રે, ગુરૂ વસ્ત્ર સિદ્ધાંત લખાય,
કુમાર સુગંધ તણી પરેરે, દુષ્કર્મ સકલ ક્ષય જાય રે. દુષ્ક૦ ૫
સાધુ કહે સિંહપુરમાં રે, સિંહસેન નરેસર સાર,
કનકપ્રભા રાણી તણોરે, દુર્ગંધી અનિષ્ટ કુમાર રે. દુર્ગં૦ ૬
પદ્મપ્રભુને પુછતાં રે, જિન જલ્પે પૂર્વ ભવ તાસ,
બાર યોજન નાગપુરથી રે,
એક શિલા નિલગિરિ પાસ રે. એક૦ ૭
તે ઉપર મુનિ ધ્યાનથીરે, ન લહે આહેડી શિકાર,
ગોચરી ગત સિલા તલે રે,
કોપ્યો ઘરે અગ્નિ અપાર રે. કોપ્યો૦ ૮
શિલા તપી રહ્યા ઉપરેરે, મુનિ આહાર કરે કાઉસ્સગ્ગ,
ક્ષપકશ્રેણી થયે કેવલી રે, તતક્ષણ પામ્યા અપવર્ગ રે. તત૦ ૯
આહેડી કુષ્ટી થઇ રે, ગયો સાતમી નરક મઝાર,
મચ્છ મઘા અહીં પાંચમી,
સિંહ ચોથી ચિત્ર અવતાર. સિંહ૦ ૧૦
ત્રીજી બિલાડો બીજીએરે, ઘૂક પ્રથમ નરક દુઃખ જાલ,
દુઃખના ભવ ભમી તે થયો રે,
એક શેઠ ઘરે પશુપાલ રે. એક૦ ૧૧
ધર્મ લહી દવમાં બલ્યો રે, નિંદ્રાએ હૃદય નવકાર,
શ્રી શુભવીરના ધ્યાનથીરે, તુજ પુત્ર પણે અવતાર. તુજ૦ ૧૨

ઢાળ ૪ થી (મારા આંબાના વડલા હેઠ—એ દેશી)

નિસુણી દુર્ગંધ કુમાર, જાતિ સ્મરણ પામતો રે,
પદ્મપ્રભુ ચરણે શીષ, નામી ઉપાય તે પૂછતો રે,
પ્રભુ વયણે ઉજમણે યુક્ત, રોહિણીનો તપ સેવિયો રે;
દુર્ગંધપણું ગયું દુર, નામે સુગંધી કુમાર થયો રે,
રોહિણી તપ મહિમા સાર,
સાંભલતાં નવ વિસરે રે. એ આંકણી૦ ૧

રહી વાત અધુરી એહ, સાંભળશો રોહિણીને ભવેરે,
ઈમ સુણી દુર્ગંધા નારી, રોહિણી તપ કરે ઓછવે રે;
સુગંધિ લહિ સુખ ભોગ, સ્વર્ગે દેવી સોહામણી રે,
તુજ કાંતા મઘવા હુઆં, ચવિ ચંપાએ થઇ રોહિણીરે. રો૦ ૨

તપ પુણ્ય તણે પ્રભાવ, જન્મથી દુઃખ ન દેખીઓરે,
અતિ સ્નેહ કીધો અમ સાથ, રાય અશોકે વલી પુરીયું રે,
ગુરૂ બોલે સુગંધિ રાય, દેવ થઈ પુષ્કલાવતી રે;
વિજયે થઇ ચક્રિ તેહ, સંયમધર હુઆ અચ્યુતપતિરે. રો૦ ૩

ચવિને થયા તમે અશોક, એક તપે પ્રેમ બન્યો ઘણોરે,
સાત પુત્રની સુણજો વાત, મથુરામાં એક માંહણોરે;
અગ્નિશર્મા સુત સાત, પાટલિપુર જઈ ભીક્ષા ભમેરે,
મુનિ પાસે લેઈ વૈરાગ, વિચર્યા સાતે રહી સંજમેરે. રો૦ ૪

સૌધર્મે હુઆ સુર સાત, તે સુત સાતે રોહિણી તણા રે,
વૈતાઢયે ભિલ્લ ચુલ ખેટ, સમકિત શુદ્ધ સોહામણો રે,
ગુરૂદેવની ભક્તિ પસાય, ધુર સ્વર્ગે થઈ દેવતા રે,
લઘુ સુત આઠમો લોકપાલ, રોહિણીનો તે સુર સેવતા રે. રો૦ ૫

વલી ખેટ સુતા છે ચાર, રમવાને વનમાં ગઇ રે,
તીહાં દીઠા એક અણગાર, ભાખે ધર્મ વેલા થઈ રે;
પૂછ્યાથી કહે મુનિ ભાસ, આઠ પહોર તુમ આયુ છે રે,
આજ પંચમીનો ઉપવાસ, કરશો તો ફલદાયી છે રે. રો૦ ૬

ધુજંતી કરી પચક્ખાણ, ગેહ અગાસે જઈ સોવતિ રે,
પડી વિજળીયે વલી તેહ, ધુર સુરલોકે દેવી થતી રે;
ચવી થઇ તુમ પુત્રી ચાર, એક દિન પંચમી તો કરીરે,
ઈમ સાંભલી સહુ પરિવાર,
વાત પૂર્વ ભવની સાંભળી રે. રો૦ ૭

ગુરૂ વંદી ગયા નિજ ગેહ, રોહિણી તપ કરતાં સહુ રે;
મોટી શક્તિ બહુમાન, ઉજમણાં વસ્તુ બહુ રે;
ઈમ ધર્મ કરી પરિવાર, સાથે મોક્ષપુરી વરી રે,
શુભવીરના શાસનમાંહિ,
સુખ ફલ પામો તપ આદરી રે. રો૦ ૮

કળશ

ઈમ ત્રિજગ નાયક મુક્તિદાયક, વીર જિનવર ભાખીયો,
તપ રોહિણીનો ફલ વિધાને, વિધિ વિશેષે દાખીયો;
શ્રી ક્ષમાવિજય જસવિજય પાટે, શુભવિજય સુમતિ ધરો,
તસ ચરણ સેવક કહે પંડિત, વીરવિજય જય જય કરો.

---

## ૯. દિવાલીપર્વનું મહાવીર સ્વામીનું સ્તવન.

હસ્તીપાલ રાજાની સભામાંરે, છેલ્લુ ચોમાસું રે વીર;
બેંતાલીસમું તે કર્યું રે, પ્રણમું સાહસ ધીરરે.
વીર પ્રભુ સિદ્ધ થયા૦ ૧

દેવશર્માને પ્રતિ બોધવા રે, એમ જાય ગૌતમ સ્યામ,
ઉત્તરાધ્યયન પ્રરૂપતાંરે, મોક્ષે ગયા ભગવાનરે. વીર૦ ૨

સવારથ મુહૂર્ત આવે થકેરે, છઠ્ઠ ચોવિહારો રે કીધ.
અઢાર દેશના રાજા ભેગા થયા રે,
સઘલે પોસહ લીધરે, વીર૦ ૩

પ્રભાતે ગૌતમ હવેરે, પાછા વલી આવે તામ;
દેવ સઘલા શોકાતુર કરેરે,
એમ કહે ગૌતમ સામરે, વીર૦ ૪

રાજાને પ્રજા સહુ રે, સબ શોકાતુર જાણ;
દેવ દેવીઓ શોકાતુર કરેરે,
શું કારણ છે આમરે: વીર૦ ૫
તવ તે વળતું એમ કહેરે, સુણો સ્વામી ગૌતમસ્વામ;
આજની પાછલી રાતમાંરે,
વિર પ્રભુ થયા નિરવાણ. વીર૦ ૬
પ્રભુ હત તણી પરે રે, ગૌતમ મૂર્છારે ખાય,
સાવધાન વાયુ ભોગે કરીરે,
પછે વિલાપ કરે મોહ અપારરે. વીર૦ ૭
ત્રણ લોકનો સુરજ આથમ્યોરે, એમ કહે ગૌતમ શ્યામ;
મિથ્યાત્વરૂપી અંધકારજીરે,
થાસે ગામો ગામરે, વીર૦ ૮
રાક્ષસ સરિખા દુકાલ પડજીરે, પડશે ગામોરે ગામ,
પાંચમા આરામાં માણસ દુઃખીયા થશેજીરે,
તમે ગયા મોક્ષ મોઝારરે, વીર૦ ૯
ચંદ્ર વિના આકાશમાંજીરે, દયા વિના ધર્મ ન હોય;
સુરજ વિના જંબુદ્વીપમાંજીરે,
એમ તુમ વિના અપ્રમાણરે. વીર૦ ૧૦
પાખંડી કુગરૂ તણુંજીરે, કુણ હઠાવશે જોર;
જ્ઞાનવિમલસૂરી ઈમ કહેજીરે, દીયો ઉપદેશ ભરપુરરે.
વીર૦ ૧૧

---

## ૧૦ શ્રી સિદ્ધચક્રજીનું સ્તવન.

વીર જીનેશ્વર સાહેબ મોરા—એ દેશી

સકલ કુશલ કમલાનું મંદિર, સુંદર મહીમારે જાસ;
નવપદમાં નવનિધિના દાતા, સિદ્ધ અનેકમાં વાસ રે,
ભવિકા સિદ્ધચક્ર સુખકારી, તુમે આરાધો નરનારી રે ભ૦ ૧

પ્રથમ પદે અરિહંત આરાધો, સ્ફટીક રત્ન સમવાન,
પદ્મ એક મણિની પરે રાતા, બીજે સિદ્ધનું ધ્યાન રે. ભ૦ ૨
ત્રીજે આચારજ અનુસરીએ, કંચન કાંતિ અનુપ;
પદ ચોથે ઉવજ્ઝાયને પ્રણમો, ઈંદ્રિ નિયલ સર વાન રે. ભ૦ ૩
સર્વ સાધુ પદ પાંચમે પ્રણમો, શ્યામ વરણ સુખકાર;
છઠ્ઠે દરિસણ જ્ઞાન સાતમે, આઠમે ચારિત્ર સાર રે. ભ૦ ૪
તપનું આરાધન પદ નવમે, ચારએ ઉજ્વલ વરણા;
ઈહ લોગ ઉત્તમે એહીજ મંગળ, કરવા એહનું શરણ રે. ભ૦ ૫
આસો ચૈત્રી અઠ્ઠાઈ માંહી, નવ આયંબિલ નવ ઓળી;
સિદ્ધચક્રજીની પૂજા કરતાં, દુઃખ સવિ નાખો ઢોળી રે. ભ૦ ૬
સિદ્ધચક્ર પૂજાથી સઘળી, સંપદા નીજ ઘેર આવે;
દુષ્ટ કુષ્ટ પ્રમુખ જે રોગો, તે પણ દુરે જાવે રે. ભ૦ ૭
પૃથ્વી નિરુપમ નયરી ઉજ્જેણ, હોય પુત્રી તસ સારી;
સુરસુંદરી મિથ્યાત્વિને પેખી, મયણા જિન મત ધારી રે. ભ૦ ૮
સુરસુંદરી કહે સવિ સુખ અમને, છે નિજ તાત પસાય;
મયણા કહે એ ફોગટ કુમત, સુખ દુઃખ કર્મ પસાય રે. ભ૦ ૯
તવ વચને નૃપ કોપ્યો એહ, આવ્યો ઉંબર ઈણ સમે;
સાતસેં કોઢિનો તે અધિપતિ, તેણે માગી કન્યાય રે, ભ૦ ૧૦
નૃપ કહે મયણા તુમ કર્મે, આણ્યો એ વર રસાલ;
તવ મયણા મન ધીરજ ધરીને, કંઠે ઠાવે વરમાલ રે. ભ૦ ૧૧
શુભવેલા પરણી દોય પહોંચ્યા, શ્રીજિનવર પ્રાસાદ;
ઋષભદેવ પૂજા ગુરુ પાસે, આવ્યા ધરી ઉલ્લાસ રે. ભ૦ ૧૨
પ્રણમી મયણા કહે ગુરુને, હવે ભાખો કોઈ ઉપાય;
જેહથી તુમ શ્રાવકની કાયા, સર્વ નિરોગી થાય રે. ભ૦ ૧૩
ગુરુ કહે અમને મંત્ર જંત્રાદિક, કહેવા નહિ આચાર;
યોગ્ય પણું જાણી અમે કહેશું, કરવાને ઉપગાર રે. ભ૦ ૧૪

નવ દીન નવ આયંબિલ તપ કરીને, સિદ્ધચક્ર નિત્ય પૂજા;
ન્હવણ તણું જલ છાંટો અંગે, રોગ સકલ તીહાં ધ્રુજે રે ભ૦ ૧૫
ગુરૂ વચને આયંબિલ તપ કરીને, સિદ્ધચક્ર આરાધ્યો;
ઉંબર કોઢ ગયો તસ દૂરે, રુપ અનુપમ વાધ્યો; રે. ભ૦ ૧૬
શ્રી શ્રીપાલ નરેંદ્ર થયો જે, પરણ્યો બહુ કન્યાય;
પ્રજાપાલ પણ થયો શ્રાવક, શ્રી જિનધર્મ પસાય રે ભ૦ ૧૭
અનુક્રમે ચંપા રાજ્ય લેઇને, પાલે અખંડિત આણ;
જગમાંહે જસવાદ થયો બહુ, નિત્ય નિત્ય રંગ મંડાણ રે. ભ૦૧૮
મહામંત્ર પરમેષ્ટી તણો એ, ભવદુ:ખ નાસે સવિલંત;
સકલ સિદ્ધિ વશ કરવાને, એહ અનોપમ યંત્ર રે. ભ૦ ૧૯
એહનો મહિમા કેવલી જાણે, કિમ છદ્મસ્થ પ્રકાશે;
તે માટે પણ સકલ ધર્મથી, સારો ભાસે જિન ધર્મ રે. ભ૦ ૨૦
તે માટે ભવિયણ તુમે ભાવો, સિદ્ધચક્રની કરો સેવા;
આભવ પરભવ બહુ સુખ સંપદા, જિમ લહિયે શિવ મેવા. ભ૦૨૧
સુરત બંદર રહી ચોમાસું, સ્તવન રચ્યું એ વારી;
સત્તરસેં બાસઠ વરસે, સંઘ સકલ હિતકારી રે. ભ૦ ૨૨
સિદ્ધચક્રનો મહિમા સુણતાં, હોવે સુખ વિસ્તાર;
શ્રી વિજયસેનસૂરિશ્વર વિનવે, દાનવિજય જયકાર રે. ભ૦ ૨૩

---

## ૧૧ શ્રી સિદ્ધચક્રજીનું સ્તવન.

ઢાળ પહેલી: (જીહો કુંવર બેઠા ગોખડે—એ દેશી)

જીહો પ્રણમું દિન પ્રત્યે જિનપતિ—લાલા,
શિવ સુખકારી અશેષ, જીહો આસોઇ ચૈત્રી ભણી—લાલ;
અઠ્ઠાઈ વિશેષ, ભવિક જન—જિનવર જગ જયકાર;
જીહો જીહાં નવપદ આધાર, ભવિક જન—એ આંકણી. ૧

જીહો તેહ દિવસ આરાધવા-લાલા, નંદિશ્વર સુર જાય;
જીહો જીવાભિગમ માંહે કહ્યું-લાલા,
કરે અડ દિન મહિમાય, ભવિક જન૦ ૨
જીહો નવપદ કેરા યંત્રની-લાલા, પૂજા કીજે રે જાપ;
જીહો રોગ શોક સવિ આપદા લાલા,
નાસ પાપના વ્યાપ. ભવિક જન૦ ૩
જીહો અરિહંત સિદ્ધ આચારજ-લાલા,
ઉવજ્ઝાય સાધુ એ પંચ;
જીહો દંસણ નાણ ચારિત્ર તવો-લાલા,
એ ચઉગુણનો પ્રપંચ. ભવિક જન૦ ૪
જીહો એ નવપદ આરાધતાં-લાલા, ચંપાવતિ વિખ્યાત;
જીહો નૃપ શ્રીપાળ સુખીઓ થયો-લાલા,
તે સુણજો અવદાત. ભવિક જન૦ ૫

---

ઢાળ બીજી: (કોઈ લો પર્વત ધૂંધલો રે-એ દેશી.)

માલવ ધુર ઉજ્જેણીએ રે લો, રાજ્ય કરે પ્રજાપાલ રે-સુગુણી નર, સુરસુંદરી મયણાસુંદરી રે લો, બે પુત્રી તસ લાલ રે-સુગુણી નર, શ્રી સિદ્ધચક્ર આરાધીએ રે લો, જેમ હોય સુખની માલ રે-સુગુણી નર. શ્રી સિદ્ધચક્ર૦ ૧. એ આંકણી. પહેલી મિથ્યાશ્રુત ભણી રે લો, બીજી જિન સિદ્ધાંત રે-સુગુણી નર, બુદ્ધિ પરિક્ષા અવસરે રે લો, પૂછી સમસ્યા તુરંત રે-સુગુણી નર, શ્રી સિદ્ધચક્ર૦ ૨. તુઠો નૃપ વર આપવા રે લો, પહેલી કરે તે પ્રમાણ રે-સુગુણી નર; બીજી કર્મ પ્રમાણથી રે લો, કોપ્યો તે તવ નૃપભાણ રે; સુગુણી નર, શ્રી સિદ્ધચક્ર૦ ૩. કુષ્ટી વર પરણાવીયો રે લો, મયણા વરે ધરી નેહ રે-સુગુણી નર; રાણા હજીય વિચારીએ રે લો, સુંદરી વિણસે તુજ દેહ રે-

સુગુણી નર; શ્રી સિદ્ધચક્ર૦ ૪. સિદ્ધચક્ર પ્રભાવથી રે લો, નિરોગી થયો જેહ રે–સુગુણી નર; પુણ્ય પસાયે કમલા લહી રે લો, વાધ્યો ઘણો સસનેહ રે–સુગુણી નર, શ્રી સિદ્ધચક્ર૦ ૫. માઉલે વાત તે જવ લહી રે લો, વાંદવા આવ્યો ગુરૂ પાસ રે–સુગુણી નર; નિજ ઘર તેડી આવિયો રે લો, આપે નિજ આવાસ રે–સુગુણી નર, શ્રી સિદ્ધચક્ર૦ ૬. શ્રીપાલ કહે કામિનિ સુણો રે લો, હું જાઉં પરદેશ રે–સુગુણી નર; માલ મત્તા બહુ લાવશું રે લો, પુરસું તુમ તણી ખાંત રે; સુગુણી નર, શ્રી સિદ્ધચક્ર૦ ૭. અવધિ કરી એક વરસની રે લો, ચાલ્યો નૃપ પરદેશ રે–સુગુણી નર; શેઠ ધવલ સાથે ચાલ્યો રે લો, જલ પંથે સુવિશેષરે, સુગુણી નર; શ્રી સિદ્ધચક્ર૦ ૮

ઢાળ ત્રીજી : (ઈડર આંબા આંબલી રે–એ દેશી)

પરણી બબ્બરપતિ સુતા રે, ધવલ મુકાવ્યો જ્યાંહ;
જિનવર બાર ઉઘાડતાં રે, કનકકેતુ બીજી ત્યાંહ,
ચતુર નર, સુણો શ્રીપાલ ચરિત્ર, એ આંકણી૦ ૧
પરણી વસ્તુપાલની રે, સમુદ્ર તટે આવંત;
મકરકેતુ નૃપની સુતા રે, વીણા વાદે રીઝંત. ચતુર નર૦ ૨
પાંચમી ત્રૈલોક્ય સુંદરી રે, પરણી કુબ્જા રૂપ;
છઠ્ઠી સમસ્યા પૂરતી રે, પંચ સખીશું અનૂપ. ચતુર નર૦ ૩
રાધાવેધી સાતમી રે, આઠમી વિષ ઉતાર;
પરણી આવ્યો નિજ ઘરે રે, સાથે બહુ પરિવાર. ચતુર નર૦ ૪
પ્રજાપાલે સાંભળી રે, પરદલ કેરી વાત;
ખંધે કુહાડી લેઈ કરી રે, 'મયણા' હુઇ વિખ્યાત. ચતુર નર૦ ૫
ચંપા રાજ્ય લેઈ કરી રે, ભોગવી કામિત ભોગ;
ધર્મ આરાધી અવતર્યો રે, પહોત્યો નવમે સુરલોગ. ચતુર નર૦ ૬

ઢાળ ચોથી : (કંત તમાકુ પરીહરો—એ દેશી)

એમ મહિમા સિદ્ધચક્રનો, સુણી આરાધે સુવિવેક, મોરે લાલ; શ્રી સિદ્ધચક્ર આરાધીએ. ૧. એ આંકણી. અડદલ કમલની થાપના, મધ્યે અરિહંત ઉદાર-મોરે લાલ, ચિહું દિશે સિદ્ધાદિક ચઉ, વિદિશે ચઉ ગુણધાર-મોરે લાલ. શ્રી સિદ્ધચક્ર૦ ૨. બે પડિક્કમણાં જંત્રની, પૂજા દેવવંદન ત્રિકાલ-મોરે લાલ; નવમે દિન ચુવિશેષથી, પંચામૃત કીજે પખાલ-મોરે લાલ. શ્રી સિદ્ધચક્ર૦ ૩ ભૂમિ શયન બ્રહ્મવિદ્યા ધારણા, રૂંધી રાખો ત્રણ જોગ-મોરે લાલ; ગુરૂ વૈયાવચ્ચ કીજીએ, ધરો સદ્દહણા ભોગ-મોરે લાલ. શ્રી સિદ્ધચક્ર૦ ૪ ગુરૂ પડિલાભી પારીએ, સાહમ્મિવચ્છલ પણ હોય-મોરે લાલ; ઉજમણાં પણ નવ નવાં, ફળ ધાન્ય રયણાદિક ઢોય-મોરે લાલ. શ્રી સિદ્ધચક્ર૦ ૫ ઇહભવ સવિ સુખ સંપદા, પરભવે સવિ સુખ થાય-મોરે લાલ, પંડિત શાન્તિવિજય તણો, કહે "માનવિજય" ઉવજ્ઝાય-મોરે લાલ. શ્રી સિદ્ધચક્ર૦ ૬

---

## ૧૨ શ્રી સિદ્ધાચલજીનું સ્તવન

વિવેકી વિમલાચલ વસિયે, તપ જપ કરી કાયા કસીયે,
ખોટી માયાથી ખસીયે; વિવેકી વિમલાચલ વસિયે.
વસી ઉનમારગથી ખસીયે. વિ૦ ૧

માયા મોહનીયે મોહ્યો, કોણ રાખે રણમાં રોયો,
આ નરભવ એળે ખોયો. વિ૦ ૨

બાળ લીલાયે હુલરાવ્યો યૌવન યુવતિયે ગાયો,
ઘડપણમાં પણ તૃપ્તિ નવિ પાયો. વિ૦ ૩

રમણી ગીત વિષયે રાચ્યો, મોહની મદિરાયે માચ્યો,
નવ નવ વેષ કરી નાચ્યો. વિ૦ ૪
આગમવાણી સમી આસી, ભવ જલધિમાંહિ વાસી,
રોહિત મત્સ્ય સમો થાસી. વિ૦ ૫
મોહની જાલને સંહારે, આપ કુટુંબ સકલ તારે,
વરણવીયે તે સંસારે. વિ૦ ૬
સંસારે કુડી માયા, પંથ શિરે પંથી આયા,
મૃગ તૃષ્ણા જલને ધાયા. વિ૦ ૭
ભવ દવ તાપ લહી આયા, પાંડવ પરિકર મુનિરાયા,
શીતલ સિદ્ધાચલ છાયા. વિ૦ ૮
ગુરૂ ઉપદેશ સુણી ભાવે, સંઘ દેશો દેશથી આવે,
ગિરીવર દેખી ગુણ ગાવે. વિ૦ ૯
સંવત અઢાર ચોરાસીયે, માઘ ઉજ્જવલ એકાદશીયે,
વાંદ્યા પ્રભુજી વિમલ વસીયે. વિ૦ ૧૦
જાત્રા નવાણું કરીયે, ભવ ભવ પાતિકડાં હરિયે,
તીર્થ વિના કહો કેમ તરીયે. વિ૦ ૧૧
હંસ મયુરા ઇણ ઠામે; ચકવા શુક પિક પરિણામે,
દર્શને દેવગતિ પામે, વિ૦ ૧૨
શેત્રુંજી નદીયે ન્હાઈ, કષ્ટે સુર સાનિધ્ય દાઈ,
પણસય ચાપ ગુહા ઠાઈ. વિ૦ ૧૩
રયણમય પડિમા જે પૂજે, તેહનાં પાતિકડાં ધ્રુજે,
તે નર સિઝે ભવ ત્રીજે. વિ૦ ૧૪
સાસય ગિરી રાયણ પગલાં, ચૌમુખ આદે ચૈત્ય ભલાં,
શ્રી શુભવીર નમે તે સઘલાં. વિ૦ ૧૫

---

અમૃત વિજયજી કૃત–

## ૧૩. શ્રી શત્રુંજય તીર્થમાલા

ઢાળ ૧ ગરબાની, તુમ શાને રોકો છો રાનમાં. એ દેશી.

વીમલાચલ વાલા વારૂ રે,
ભલે ભવિઅણ ભેટો ભાવમાં;
તુમ્હે સેવો એ તીરથ તારૂ રે,
જીમ ન પડો ભવના દાવમાં; ભલે૦ ૧
જગ સઘળા તિરથનો નાયક,
તુમે સેવો શોવસુખ દાયક રે. ભલે૦ ૨
એ ગિરીરાજને નયણે નીહાલી,
તુમે સેવો અવધિ દોષ ટાળી રે. ભલે૦ ૩
મુક્તાસાધન ફુલે વધાવી,
નમી પુંજી ભાવના ભાવો રે. ભલે૦ ૪
કાંકરે કાંકરે સીદ્ધ અનંતા;
સંભારો પાજે ચઢતા રે. ભલે૦ ૫
આદિ અજીત શાંતિ ગૌતમ કેરાં,
પહેલાં પગલાં પુજો ભલેરાં રે. ભલે૦ ૬
આગે ધોળી પરબ ટુંકે ચડીએ,
તિહાં ભરત ચક્રપદ નમીએ રે. ભલે૦ ૭
નીલી પરબ અંતરાલે આવે,
હાંરે નેમી વરદત્ત પગલાં સોહાવે રે. ભલે૦ ૮
આદિ થુંભ નમી કુંડકુમારા,
હીંગલાજ હડે ચઢો પ્યારા રે. ભલે૦ ૯
તિહાં કલીકુંડ નમી શ્રીપાસ,
હાંરે ચઢો માન મોડી ઉલ્લાસ રે. ભલે૦૧૦

ગુણવંતગીરીના ગુણ ગાઈ,
　　છાલાકુંડ વિસામો ભાઈ રે. ભલે૦ ૧૧
તિહાંથી મકાગાલી પંથે ધસીએ,
　　પ્રભુગઢ દેખીને ઉલ્લસીએ રે. ભલે૦ ૧૨
નમીએ નારદ અઇમુત્તાની મુરતી,
　　વળી દ્રાવીડ વારીખીલ્લ સુરતી રે. ભલે૦ ૧૩
તીરથભુમી દેખી સુખ જાગે,
　　નીરખો હેમકુંડની આગે રે. ભલે૦ ૧૪
રામ ભરત શુક સેલગ સ્વામી,
　　થાવચ્ચા નમું શીરનામી રે. ભલે૦ ૧૫
ભુખણકુંડ વાડી જોઈ વંદો.
　　સુકોમલ મુનીપદ સુખકંદો રે. ભલે૦ ૧૬
આગળ હનુમાન વીર કહાવે,
　　હાં રે તીહાંથી બે વાટે જવાએ રે. ભલે૦ ૧૭
ડાબી દીશા રામપોળ હુરંજી,
　　સામી દીસે નદી શેત્રુંજી રે ભલે૦ ૧૮
જાતાં જમણી દીસે વંદો ભાળી,
　　મુની જાલી મયાલી ઊવયાલી રે. ભલે૦ ૧૯
તીહાંથી ડાબી દીશી સામા સોહાવે,
　　નમો દેવકી ખટસુત ભાવે રે. ભલે૦ ૨૦
ઇમ શુદ્ધ ભાવ થકી ઉત્કર્ષે,
　　રામપોળમાં પેશી એ હરખે રે. ભલે૦ ૨૧
કુંતાસરે પાળે નવઘણ ભાળો,
　　જેહ કીધી શાહ શૃંગાલો રે. ભલે૦ ૨૨
ધાઈ સોપાન ચઢી અતી હરખો,
　　જઈ વાઘણપોળે નીરખો રે. ભલે૦ ૨૩

થીરતા એ શુભ જોગ જગાવો,
કહે અમૃત ભાવના ભાવો રે. ભલે૦ ૨૪

---

ઢાળ બીજી. (સીતા હરખીજી હરખીજી—એ ટેક.)

નીરખીજી નીરખીજી, હુંતો હરખું રે નીરખીજી,
હરખીજી હરખીજી, હુંતો પ્રણમું રે નીરખીજી. ૧

અતી હરખે સંચરતાં જોતાં, જીનઘર ઓળા આળેજી;
જીવ જગાવી શીષ નમાવી, આવી હાથી પોળે. હુંતો૦ ૧
આગલી પુંડરીકપોળે ચઢતાં, પ્રણમું બેકર જોડીજી;
તીરથપતીનું ભુવન નીહાળી, કરમ મંજીરમેં તોડીજી. હુંતો૦૨
મુળ ગભારે જાતાં માનું, સુકૃત સઘળાં તોડીજી;
તતક્ષીણ દુષ્કૃત દુરે પળાયાં, નાખી કુગતી ઊખેડી હુંતો૦ ૩
દીઠા લાડક મરૂદેવીનો, બેઠા તીરથ થાપીજી;
પુરવ નવાણું વાર આવ્યાથી, જગમાં કીરતી વ્યાપી. હુંતો૦ ૪
શ્રી આદિશ્વર વીધીશું વંદી, બીજા સર્વ જુહારૂંજી;
નમી વીનમી કાઉસ્સગીઆ પાસે,
જોઈ જોઈ આતમ તારૂં. હુંતો૦ ૫
સાહમા ગજવર ખંધે બેઠાં, ભરતચક્રીની માડીજી;
તીમ સુનંદા સુમંગળા પાસે, પ્રણમું તે ધન લાડી. હુંતો૦ ૬
મુળ ગભારામાં જીનમુદ્રા, એકે ઉણા પચાસજી;
રંગમંડપમાં પડીમા એંશી, વંદી ભાવ ઉલ્લાસે. હુંતો૦ ૭
ચૈત્ય ઉપર ચૌમુખ થાપ્યો છે, ફીરતી પ્રતિમા વંદુજી;
વળી ગૌતમ ગણધરની ઠવણા, શો તારીફ વખાણું. હુંતો૦ ૮
દહેરા બાહીર ફીરતી દેરી, ચૌપન રૂડી દીસેજી;
તેહમાં પ્રતિમા અકસોત્રાણું, દેખી હીયડું હીસે. હુંતો૦ ૯

નીલુડી રાયણ તરૂવર હેઠલ, પીલુડા પ્રભુજીના પાયજી;
પુજી પ્રણમી ભાવના ભાવી,
ઊલ્લટ અંગ ન માય. હુંતો૦ ૧૦
તસ પદ હેઠળ નાગમોરની, મુરત બેહુ સોહાવેજી;
તસ સુર પદવી સિદ્ધાચળના, મહાત્મ્યમાંહી કહાવે. હુંતો૦૧૧
સાહમા પુંડરીક સ્વામી બીરાજે, પ્રતિમા છવીસ સંગેજી;
તેહમાં બોધની એક જીન પ્રતિમા,
ટાળી નમીએ રંગે. હુંતો૦ ૧૨
તીહાંથી બાહિર ઉત્તર દીસે, પ્રતિમા તેર દેદારૂજી;
એક રૂપાની અવર ધાતુની, પંચ તીરથ છે વારૂ. હુંતો૦ ૧૩
ઉત્તર સન્મુખ ગણધર પગલાં, ચઉદસયાં બાવનનાંજી,
તેહમાં શાંતિજિણંદ જુહારૂ, પુગ્યા કોડ તે મનના. હુંતો૦૧૪
દક્ષીણ પાસે સહસ્રકુટને, દેખી પાપ પળાયાજી,
એક સહસ ચોવીસ જીનેશ્વર, સંખ્યા એ કહેવાય. હુંતો૦ ૧૫
દસ ક્ષેત્રે મળી ત્રીસ ચોવીસી, વળી વિહરમાન વીદેહેજી,
એકસો સાઠ ઉત્કૃષ્ટે કાળે, સંપ્રતિ વીસ સનેહી. હુંતો૦ ૧૬
ચોવીસ જિનનાં પંચ કલ્યાણક, એકસો વીસ સંભાળીજી;
શાશ્વતા ચાર પ્રભુ સરવાળે, સહસ્રકુટ નીરધારી. હુંતો૦ ૧૭
ગોમુખ યક્ષ ચકકેસરી દેવી, તીરથની રખવાળીજી;
તે પ્રભુના પદ પંકજને સેવે, કહે અમૃત નિહાળી;
હુંતો પ્રણમું રે નીરખીજી. ૧૮

---

ઢાળ ત્રીજી—મુનિસુવ્રતજીન અરજ અમારી–એ દેશી

એક દીશાથી જિનવર સંખ્યા, જિનવરની સંભળાવું રે;
આતમથી ઓળખાણ કરીને, તે અહી ઠાણ બતાવું રે;
ત્રીભુવન તારણ તીરથ વંદો. ૧

રાયણથી દક્ષિણ પાસે, દહેરી એક ભલેરી રે,
તેહમાં ચૌમુખ દોય જુહારૂ, ટાળું ભવની ફેરી રે. ત્રીભુ૦ ૨
ચૌમુખ સર્વ મળીને છુટા, વીસ સંખ્યાએ જાણું રે;
છુટી પ્રતિમા આઠ જુહારી, કરીએ જનમ પ્રમાણ રે. ત્રીભુ૦ ૩

સંઘવી મોતીચંદ પટણીનું, સુંદર જીનઘર સોહેરે;
તીહાં પ્રતિમા ઓગણીસ જુહારી,
હીયડું હરખીત હોયે રે. ત્રીભુ૦ ૪

શ્રી સમેતશીખરની રચના, કીધી છે ભલી ભ્રાન્તે રે;
વીસ જીનેશ્વર પગલાં વંદું, બાવીસ જિન સંગાથે રે. ત્રીભુ૦૫
કુશલબાઈના ચૌમુખ માંહી, સીત્તેર જિન સોહાવે રે;
અંચળગચ્છના દેહરામાંહી,
બત્રીસ જિનજી દિખાવે રે. ત્રીભુ૦ ૬

સામુલાના મંડપમાંહિ, છેંતાલીસ જિણંદા રે;
ચોવીસવટ્ટો એક તીહાં છે, પ્રણમું પરમાણંદા રે. ત્રીભુ૦ ૭
અષ્ટાપદ મંદીરમાં જઇને, અવધી દોષ તજિસ રે;
ચાર આઠ દસ દોય નમિએ,
બીજા જિન ચાળીસ રે. ત્રીભુ૦ ૮

શેઠજી સુરચંદની દહેરીમાં, નવ ા જન પડિમા છાજે રે;
ધીયાકુંવરજીની દહેરીમાં, પ્રતિમા ત્રણ બિરાજે રે. ત્રીભુ૦ ૯
વસ્તુપાળના દેહરામાંહિ, થાપ્યા શ્રીરૂષભ જીણંદા રે;
કાઉસ્સગીઆ બે એકત્રીસ જીનવર,
સંઘવી તારાચંદ રે. ત્રીભુ૦ ૧૦

મેરૂશીખરની રચના મધ્યે, પ્રતિમા બાર ભલેરી રે;
ભાણા લીંબડીઆની દહેરીમાં,
પ્રતિમ જુઓ હેરી રે; ત્રીભુ૦ ૧૧

સંઘવી તારાચંદ કેવળ પાસે, દેહરી છે અનેરી રે,
તેહમાં દસ જીન પ્રતિમા નીરખી,
થીર પરિણતિ થઈ મેરી રે. ત્રીભુ૦ ૧૨

પાંચ ભાઇઓના દેહરા માંહી, પ્રતિમા પાંચ છે મોટી રે;
બીજી તેત્રીસ જીન પડીમા છે,
એહ વાત નહીં ખોટી રે. ત્રીભુ૦ ૧૩

અમદાવાદીનું દેહરૂં કહીયે, તેહમાં પ્રતિમા તેર રે;
પછવાડે દેહરીમાંહિ, પ્રણમું આઠ સવેરી રે. ત્રીભુ૦ ૧૪

શેઠ જગન્નાથજીએ કરાવ્યું, જીન મંદીર ભલે ભાવે રે;
તેહમાં નવ જીન પડિમા વંદી,
કવી અમૃત ગુણ ભાવે રે. ત્રીભુ૦ ૧૫

---

ઢાળ ૪. (તુમે પાળાં પીતાંબર પહેર્યાંજી મુખને મરકલડે–એ દેશી.)

રાયણથી ઉત્તર પાસેજી, તીરથના રસીઆ;
જીનવર જીનઘર ઉલ્લાસેજી, મુજ હઇડે વસીઆ. એ આંકણી.
સહુ ભાખ્યો જોઈ શીરનામીજી, તી૦
મુજ મનના અંતર જામીજી. મુજ૦ ૧

જીનમુદ્રાએ રૂષભ જીણંદાજી, તી૦
તીમ ભરત બાહુબલી વંદાજી; મુજ૦
નમી વીનમી કાઉસ્સગ સીમાજી; તી૦
બ્રાહ્મી સુંદરી એક દેહરીમાંજી. મુજ૦ ૨

પક્ષ કીસન શુકલ બ્રહ્મચારીજી, તી૦
શેઠ વીજયને વીજયા નારીજી; મુજ૦
એહવા કો ન હુવા અવતારીજી, તી૦
જાઉં તેહની હું બલીહારીજી. મુજ૦ ૩

ગચ્છ અંચલ ચૈત્ય કહાવેજી, તી૦
વીસ પડિમા વંદું ભાવેજી; મુજ૦
તસ મંડપ થંભા માંહીજી, તી૦
તેર પડિમા થાપી ઉછાંહીજી. મુજ૦ ૪
વાછરડા મંગલ ખંભાતીજી, તી૦
તસ ચૈત્યમાં ત્રીણ્ય સોહાતીજી;
ચઉદ પડિમા વંદું ત્યાંહીજી, મુજ૦ ૫
ભુખણદાસના દેહરા માંહીજી, તી૦
તેર પડિમા થાપી ઉછાંહીજી, મુજ૦
વાછરડા મંગળ ખંભાતીજી, તી૦
તસ ચૈત્યમાં ત્રિણ્ય સોહાતીજી. મુજ૦ ૬
સાકરબાઇની દહેરી વંદોજી, તી૦
સાત પ્રતિમા નીરખી આણંદોજી મુજ૦
તીહાંથી વળી આગલ ચાલોજી, તી૦
માતા વીસોતનું દહેરૂં ભાળોજી. મુજ૦ ૭
પીણતે વસ્તુપાળે કરાવ્યુંજી, તી૦
આઠ પ્રતિમાએ સોહાવ્યુંજી; મુજ૦
તે ઉપર ચૌમુખ રાજેજી. તી૦
ચ્યાર સાશ્વત જીન વીરાજેજી મુજ૦ ૮
ઉગમણી બે છે દહેરીજી, તી૦
જીન પડિમા ઈગ્યાર ભલેરીજી, મુજ૦
શા. હેમચંદની દક્ષણાતીજી; તી૦
દહેરીમાં જોડી સોહાતીજી. મુજ૦ ૯
શા. રાંમજી ગંધારીએ કીધોજી, તી૦
પ્રાસાદ ઉત્તમ પ્રસિદ્ધોજી; મુજ૦
તીહાં ચૌમુખ દેખી આણંદુંજી, તી૦
સાત પ્રતીમા સાથે વંદુજી. મુજ૦ ૧૦

ખટ દેહરી છે તસ સંગેજી, તી૦
જીન નમીએ બેંતાલીશ રંગેજી; મુજ૦
તીહાં ચોવીસ જીનની માડીજી, તી૦
જીન સંગે લેઈને કહાડીજી. મુજ૦ ૧૧
મુલકોરની ભમતી માંહીજી, તી૦
ફરતી છે ચાર દીશાએજી; મુજ૦
પાંચસેંહે સડસઠ સુખ કંદાજી, તી૦
ફીરતા જીન સઘળે વંદાજી. મુજ૦ ૧૨
મુળકોટનાં ચૈત્ય નીહાળેજી, તી૦
એકસો પાંચઠ સરવાળેજી; મુજ૦
તીહાં પ્રભુ સગવીસ સેહે વંદોજી, તી૦
કહે અમૃત ચીર નંદોજી. મુજ૦ ૧૩

---

ઢાળ ૫ મી—વાતો કરો વેગળા રહી વીસરામીરે—એ દેશી.

હવે હાથીપોળની બાહીરે વીસરામી રે,
બે ગોખે છે જીનરાજ, નમું શીરનામી રે,
તેહથી દક્ષીણ શ્રેણીએ, વી૦
કહું જીન ઘર જીનનો સાજ. નમું૦ ૧
કુમર નરીંદે કરાવીઓ, વી૦
ધન ખરચી સાર લીહાર; નમું૦
નમું બાવન શીખરે વંદીઓ, વી૦
તીહુંત્તર જીન પરીવાર. નમું૦ ૨
વળી ધનરાજને દેહરે. વી૦
પ્રતિમા વંદુ સાત; નમું૦
દેહરે વર્ધમાન શેઠને, વી૦
પ્રતિમા સાત વીખ્યાત. નમું૦ ૩

સારવજી રાધનપુરી, વી૦
તેહનું જીન ઘર જોય; નમું૦
તીહાં પન્નર જીન દીપતા, વી૦
પ્રણમી પાતીક ધોય, નમું૦ ૪
તેહની પાસે વિરાજતા; વી૦
મંદીરમાં જીન ચાર, નમું૦
હાથી આગળ જોઈએ; વી૦
અદ્દભુત રચના સાર. નમું૦ ૫
જગત શેઠજીએ કીઓ, વી૦
ત્રણ સીખરો પ્રાસાદ; નમું૦
તીહાં પન્નર જીન પેખતાં; વી૦
મુજ પરિણુતી હુઈ આલ્હાદ. નમું૦ ૬
પાસે ભુવન જીનરાજનું, વી૦
તીહાં ખટ પ્રતિમા ધાર; નમું૦
મૂર્છા ઉતારી કીયું, વી૦
તે હીરબાઇએ સાર. નમું૦ ૭
કુંવરજી લાધા તણું, વી૦
દીપે દેવર ખાસ, નમું૦
તેત્રીસ જીનશું થાપીઆ. વી૦
સહસ્રફણા શ્રી પાસ. નમું૦ ૮
વીમળ વસહી એ ચૈત્ય છે, વી૦
જુઓ ભુલી વાણીમાં ચાર; નમું૦
વળી ભમતીએ ચૌમુખ બે મળી, વી૦
તીહાં એકાશી જીન ધાર. નમું૦ ૯
નેમીસર ચોરી તીહાં, વી૦
એકસો સીત્તેર દેવ; નમું૦

મુલ નાયક શું વંદીએ; વી૦
વળી લોકનાલ તતખેવ. નમું૦ ૧૦
વીમળ વસહી પાસેઅ છે, વી૦
દેહરી દોય વીસાળ; નમું૦
પ્રતિમા આઠ જુહારીએ, વી૦
આતમ કરી ઉજમાળ. નમું૦ ૧૧
પુન્ય પાપનું પારખું, વી૦
કરવાને ગુણવંતા; નમું૦
મોક્ષ બારી નામેઅ છે, વી૦
તીહાં પેસી નીકળસો સંત; નમું૦ ૧૨
તીરથન ી ચોકી કરે, વી૦
વળી સંઘ તણી રખવાળ; નમું૦
કરમાસાપે થાપીયાં, વી૦
સહુ વીઘન હરે વીસરાળ. નમું૦ ૧૩
સઘળે અંગે શોભતાં, વી૦
ભુષણ ઝાકઝમાળ; નમું૦
ચારણા ચોળી પહેરણે, વી૦
સોહે ઘાટડી લાલ ગુલાલ; નમું૦ ૧૪
ચતુરભુજા ચક્રેશ્વરી, વી૦
તેહના પ્રણમિ પાય; નમું૦
સંઘ સકળ ઓળગ કરે, વી૦
બુદ્ધ અમૃત ભર ગુણ ગાય. નમું૦ ૧૫

---

ઢાળ ૬ ઠી (ભવિ તુમે વંદો રે શંખેશ્વર જિનરાય—એ દેશી.)

ભવિ તુમે સેવો રે એ જીનવર ઉપગારી,
કો નહીં એવો રે, તિરથમાં અધિકારી. એ આંકણી.

હાથીપોળથી ઉત્તર શ્રેણી, જિનઘર જિનજી, છાજે,
સમવસરણ સુંદર છે તેહમાં; પ્રતિમા ચાર વિરાજે. ભવિ૦ ૧
સમવસરણ પછવાડે દેહરી, આઠે અનોપમ સોહે;
વિસ જીનેશ્વર તેહમાં બેઠા, ભવિયણનાં મન મોહે. ભવિ૦ ૨
રતનસીંગ ભંડારી જેણે, કીધું દેવળ ખાસ;
તિહાં જીન ચાર સંગાથે થાપ્યાં,
વિજય ચિંતામણી પાસ. ભવિ૦ ૩
તેહની પાસે ચાર છે દેહરી, તિહાં જીન પડિમાવિસ;
પ્રેમજી વેલજી સાહને દેહરે, પ્રણમું પાંચ જગીસ. ભવિ૦ ૪
નથમલ આણંદજીએ કિધું, જીન મંદિર સુવિસાલ;
તિહાં જઈ પાંચ જનેશ્વર ભેટે, મેરે ભવ જંજાળ. ભવિ૦ ૫
વધુસા પરણિને દેહરે, અષ્ટાદસ જીનરાય;
પાસે દેહરિ ચિનાઇ બીંબની, દેશ બંગાળા કહીયા. ભવિ૦૬
અતી અદ્‌ભુત જિન મંદિર રૂડું, લાધા વહોરા કેરૂં;
તિહાં સત્તર જીન પડિમા વંદે; તેહનું ભાગ્ય ભલેરૂં. ભવિ૦૭
સા, મીઠાચંદ લાધા જાણું, પાટણ શહેરના વાસી;
જિનમંદિર સુંદર કરી પડિમા, પાંચ ઠવી છે ખાસી. ભવિ૦ ૮
ગુણાત જયમલજીને દેહરે, ચૌમુખ જઇને જુહારૂં;
પ્રતિમા દોય દિગંબર દેહરે,
ભુવને નિરખી ભાખ્યું સારૂં. ભવિ૦ ૯
રિખભ મોદિએ પ્રાસાદ કરાવ્યો, તિહાં દસ પડીમા વંદો;
રાજસી સાહના દેહરામાંહી, ભેટ્યા સાત જીણંદો. ભવિ૦ ૧૦
તિરથ સંઘ તણા રખવાલો, યક્ષ કપરદિ કહિએ;
બીજી માત ચક્કેસરિ વંદી,
સુખ સંપત્તિ સહુ લહીએ. ભવિ૦ ૧૧

નહાના મહોટા ભુવન મળીને, બેંતાલીસ અવધારો;
સંખ્યાએ જિનજીની પડિમા, પાંચસેં સોળ જુહારો. ભ૦૧૨
ઇણિ પરે સઘળાં ચૈત્ય મળીને, નાહી સુરજ કુંડ;
જયણાએ સુચિ અંગ કરીને, પહેરો વસ્ત્ર અખંડ. ભ૦ ૧૩
વિધિ પૂર્વક સામગ્રી મેલી, બહુ ઉપચાર સંઘાતે;
નાભીનંદન પુજી સહુ પૂજે, જીન ગુણ અમૃત ગાવે. ભ૦ ૧૪

---

ઢાળ ૭ મી ( ભરત નૃપ ભાવશું એ—એ દેશી.)

બીજી ટુંક જુહારીએ એ, પાવડીએ ચઢી જોય;
નમો ગીરીરાજને એ. એ આંકણી૦
પહેલાં તે અદબદ દેખીએ,
મુજ મન અચરીજ હોય નમો૦ ૧
તીહાંથી આગળ ચાલતાં એ,
દેહરી એક નીહાળ, નમો૦
તેમ ઠામે જઈ વંદીએ એ,
જીનજી દોય નીહાળ. નમો૦ ૨
સંઘવી પ્રેમચંદે કર્યો એ,
જીન મંદિર સુખકાર, નમો૦
સર્વતો ભદ્ર પ્રાસાદમાં એ,
બીમ્બ નવાણું સાર. નમો૦ ૩
હેમચંદ લવજીએ કર્યો એ,
દેહરો તીહાં શુભ ભાવ; નમો૦
બીમ્બ પચવીસ તીહાં વંદીએ એ,
ભવોદધી તારણ નાવ. નમો૦ ૪

આગળ પાંડવ વંદીએ એ,
પાંચ રહ્યા કાઉસ્સગ્ગ; નમો૦
કુંતા માતા દ્રૌપદીએ,
ગુણમણીનાં તે વગ્ગ. નમો૦ ૫
ખરતરવસહીની બારીએ એ,
પહેલું શાન્તી ભુવન્ન; નમો૦
સિત્તેર જીનને વંદીએ એ,
ચોવીસવટ્ટા ત્રણ્ય. નમો૦ ૬
પાસે પાસ જીનેશ્વરૂએ,
બેઠા ભુવન્ન મઝાર; નમો૦
ચોવીસવટ્ટો એક તેહમાંએ,
સાધુ મુદ્રા દોય ધાર. નમો૦ ૭
તેહમાં નંદીશ્વર સ્થાપનાએ,
બાવન જીન પરીવાર; નમો૦
અવધી આાતશના ટાળીને એ,
બીમ્બ ઓગણ્યાશી જુહાર. નમો૦ ૮
એક જીન ઘરમાં સ્થાપીઆએ,
શ્રીસીમંધર જીનરાય; નમો૦
પ્રતિમા ચારશું વંદીએએ,
પરીણતી શુદ્ધ ઠરાય. નમો૦ ૯
ત્રણ જીનરાયશું ભુવનમાંએ,
બેઠા શ્રી અજીત જીણંદ; નમો૦
પાસે માત ચક્રેસરીએ,
અષ્ટ ભુજા અમંદ. નમો૦ ૧૦
જુદા ચૌમુખ તેહનીએ,
પ્રતિમા વંદો બાર; નમો૦

રાયણ તળે ચઉ પાદુકાએ,
　　તીહાં એક પડીમા સાર. નમો૦ ૧૧
ગણધર પાદુકા વંદીએએ,
　　ચઉદસયાં બાવન પરીવાર, નમો૦
પાસે દેહરી દીપતી એ,
　　કીધી ધન તે જન્મ. નમો૦ ૧૨
શા. હેમચંદ શીખર તણાએ,
　　ભુવનમાં ત્રણ જીનરાજ; નમો૦
પ્રણમીએ પાસ જીનેશ્વરૂએ,
　　એક દેહરે શીરતાજ. નમો૦ ૧૩
આંમલી સામાં છે દેહરાંએ,
　　શ્રી શાન્તિનાથનાં દોય; નમો૦
એકમાં સાહી બત્રીસ નમુંએ,
　　બીજે પચાસ તું જોય. નમો૦ ૧૪
મૂળ કોટ માંહી દક્ષિણ દીસેએ,
　　દેહરી ત્રણ્ય છે જોડ; નમો૦
તીહાં બટ પ્રતિમા વંદીએ એ,
　　કહે અમૃત મદ મોડ. નમો૦ ૧૫

---

## ઢાળ ૮ મી.

(એ તો ગહેલો છે ગીરધારીજી, એહનું શું કહીએ—એ દેશી.)

ઉત્તર પુરવ વીચલે ભાગે, દેહરી ત્રણ્ય સોહાવે રે;
હરખીને તે સ્થાનીક ફરસી, વરસી સમતા ભાવે;
　　એહને સેવોને, હાંરે તુમે સેવો સહુ નરનાર એ;
એતો મેવો એણ સંસાર એ,
　　એતો ભવ જલ તારણહાર એ. એ આંકણી. ૧

તેહમાંથી વચ્ચા સુત સેલગ, સુરી પ્રમુખ સુખદાઈ રે;
ઈણ ગિરી સીદ્ધાં તેહનાં પગલાં, વંદુ સહસ અઢાઈ. એ૦ ૨
પાસે વીહાર ઉત્તંગ વીરાજે, રંગ મંડપ દીસી ચાર રે;
શેઠ સવા સોમજીએ કરાવ્યો, ખરચી વીત ઉદાર. એ૦ ૩
અનંત ચતુષ્ટય ગુણ નીપજ્યાથી, સરીખા ચારે રૂપરે;
પરમેશ્વર શુભ સમે સ્થાપ્યા, ચાર દીશાએ અનુપ. એ૦ ૪
તે મુળ નાયક રૂષભ જીનેશ્વર, બીજા જીન ત્રેંતાળ રે;
શુદ્ધ નિમીત્ત કારણ લહીએ એહવા,
હું પ્રણમું ત્રણ્ય કાળ. એ૦ ૫
ઉપર ચૌમુખ છવીસ જીનશું, દેખી દુરીત નીકંદુ રે;
ચોવીસવટ્ટો એક મળીને, ચોપન પ્રતિમા વંદું રે. એ૦ ૬
સાહમા પુંડરીક સ્વામી બેઠા, પુંડરીક વરણા રાજે રે;
એ તસ પર વંદી બહાર દેહરી,
તેહમાં શુભ વીરાજે રે. એ૦ ૭
રૂષભ પ્રભુને પુત્ર નવાણું, આઠ ભરત સુત સંગે રે;
એકસો આઠ સમય એક સિદ્ધા, પ્રણમું તસ પદ રંગે. એ૦ ૮
ફરતી ભમતી માંહી પ્રતિમા, એકશોને છત્રીસ રે;
તેહમાં ચોવીસવટ્ટા સાથે, એકસો સાઠજ મીસ. એ૦ ૯
પોળ બાહિર મરૂદેવી ટુંકે, ચૌમુખ એક પ્રસિદ્ધો રે,
ધનવેલ બાઇએ નીજ ધન ખરચી,
નર ભવ સફળો કીધો. એ૦ ૧૦
પશ્ચિમને મુખ સામા સોહે, દેવળમાં મનોહારી રે;
ગજવર ખંધે બેઠા આઈ, તીરથનાં અધિકારી. એ૦ ૧૧
સંપ્રતી રાયે ભુવન કરાવ્યું, ઉત્તર સન્મુખ સોહે રે;
તેહમાં અચીરાનંદન નિરખી,
કહે અમૃત મન મોહે; એહને સેવો રે. ૧૨

ઢાળ ૯ ( આઠ કુવા નવ પાવડી–એ દેશી.)

હવે પછી પાવસહીમાં વાલા,
તુમે ચાલો ચેતન લાલા રાજ;
આજ સફળ દીન એ રૂડો–એ આંકણી,
જીન મંદિર જીન મુરત ભેટો;
ભવભવનાં પાતોક મેટો રાજ. આજ૦ ૧
તીહાં પાંચ ગભારે જઈ અટકળીયા,
માનુ પાંચ પ્રેમથી મળીયા રાજ; આજ૦
રાયણ તણાં પગલાં સુખદાઈ,
તીહાં રૂષભ પ્રભુને ગાઈ રાજ. આજ૦ ૨
નેમી જીનેશ્વર સીસ પ્રવીણ,
મુની નંદીષેણ નવીન રાજ; આજ૦
શ્રી શત્રુંજય ભેટણ આવ્યા;
તીહાં અજીત શાંતિ ગુણ ગાયા રાજ. આજ૦ ૩
તેહતવન મહીમાથી જોડે,
બીહું જીનવર વંદ્યા કોડે રાજ, આજ૦
તેહ મંદીર બે જોડે નીરખી,
મેં ભેટયા બેહુ જીન હરખી રાજ. આજ૦ ૪
નયરડબોહી તણો જે વાસી,
મનુ પારેખ ધર્મ અભ્યાસી રાજ; આજ૦
તીણે જીન મંદીર કીધું સારૂ,
તીહાં ત્રણ્ય પ્રતિમા ને જુહારૂ રાજ. આજ૦ ૫
એક ભુવનમાં ત્રણ્ય જીન રાજે,
બીજામાં નેમ બીરાજે રાજ; આજ૦
દેવળ એક દેખી દુરીત નીકંદુ,
તીહાં પાર્શ્વ પ્રભુને વંદુ રાજ. આજ૦ ૬

બાવન દેહરી પાછળ ફરતી,
જીન મંદિર શોભા કરતી રાજ; આજ૦
તેહમાં અજીત જિનેશ્વર રાયા,
મેં પ્રણમીને ગુણ ગાયા રાજ. આજ૦ ૭
બાજુ નાનાં મોટાં ભુવન નિહાળી,
સગતિસ ગણ્યા સંભાળી રાજ. આજ૦
સંખ્યા એ જીન પ્રતિમા જાણી,
એ પાંચસેં નેવ્યાસી ગણીએ રાજ. આજ૦ ૮
એ તીરથ માળા શું વીચારી,
તુમે જાત્રા કરો હીતકારી રાજ; આજ૦
દર્શન પૂજા સફળી થાએ,
શુભ અમૃત ભાવે ગાએ રાજ. આજ૦ ૯

---

## ઢાળ ૧૦ મી

(આજ મુંને સંભવ જીનશું પ્રીત અવીહડ લાગી રે એ દેશી )

તુમે સિદ્ધગિરીનાં બેહું ટુંક જોઈ જુહારો રે,
તુમે ભુલ્યા અનાદીની મુંકય એ ભવ આરો રે;
તુમે ધરમી જીવ સંઘાત, પરિણતી રંગે રે,
તુમે કરજ્યો જાત્રા સનાથ સવીહીત સંગે રે. ૧
તુમે વાવરજ્યો એક વાર, સચીત સહુ ટાળો રે,
કરી પડિકમણાં દોય વાર, પાપ પખાળો રે;
તુમે ધરજ્યો શીલ શણગાર, ભુમી સંથારો રે,
અળુઆણે પાય સંચાર, છહરી પાળો રે. ૨
ઈમ સુણી આગમ રીત, હીયડે ધરજ્યો રે,
કરી સદ્દહણા પરતીત, તીરથ કરજ્યો રે;
આ દુષમ કાળે જોય, વીઘન ઘણેરાં રે,
કીધું તે સીધું સોય, શું છે સવેરા રે. ૩

એ હિતશીક્ષા જાણ, સુગુણા હરખો રે,
વળી તીરથનાં અહિઠાણ, આગે નીરખો રે,
દેવકીના ખટનંદ, નમી અનુસરીએ રે,
આતમ શકતે અમંદ, પ્રદક્ષિણા ફરીએ રે. ૪
પહેલી ઉલખાલોળ, ભરી તે જળશું રે,
જાણે કેસરનાં ઝબકોળ, નમણના રસશું રે;
પૂજે ઈંદ્રિ અમુલ રયણ પડીમાને રે,
તે જળ આંખ્ય કપોળ, ઠવો શીર ઠામે રે. ૫
આગળ દેહરી દાય સમીપે જાઉં રે,
તીહાં પ્રતિમા પગલાં દોય, નમી ગુણ ગાઉં રે;
વળી ચીલ્લણ તલાવડી દેખી, મનમાં ધારૂં રે,
તીહાં સીદ્ધશિલ્લા સંક્ષેપ, ગુણી સંભારૂં રે. ૬
ભાડવે ભવીયણ વૃંદ, આપણ જાશ્યું રે,
જે સ્થાનક અજીત જીણંદ, રહ્યા ચોમાસું રે;
સાંબ મુની પરજુન્ન, થયા અવિનાશી રે;
તે ધન્ય કૃતારથ પુન્ય, થુણે ગુણ રાશી રે. ૭
હું તો સીદ્ધવડ પગલાં સાધ, નમું હીત કાજે રે,
ઈહાં શીવસુખ કીધું હાથ, બહુ મુનીરાજે રે;
ઈમ ચઢતાં ચારે પાજ, ચઉગતી વારે રે,
એ તીરથ જગત જહાજ, ભવ જલ તારે રે. ૮
જે જગ તીરથ સંત, તે સહુ કરીએ રે,
પણ એ ગિરિ ભેટે અનંત, ગુણ ફળ વરીએ રે;
પુંડરીકાદિકનાં નામ, એકવીસ લીજે રે,
જીમ મન વાંછીત કામ, સઘળાં સીજે રે. ૯
કરીએ પંચ સ્નાત્ર રાયણ આદે રે,
તીમ રૂડી રથયાત્રા, પ્રભુ પ્રસાદે રે;

વળી નવાણુંવાર, પ્રદક્ષિણા ફરીએ રે,
સ્વસ્તીક દીપક સાર, તે જે કરીએ રે. ૧૦
પુજા વિવિધ પ્રકાર, નૃત્ય બનાવો રે,
ઈમ સફળ કરી અવતાર, ગુણી ગુણ ગાવો રે;
નીજ અનુસારે શક્તિ, તીરથ સંગે રે,
તુમે સાધુ સ્વામીભક્તિ, કરજ્યો રંગે રે. ૧૧
પાલીતાણા ધન્ય ધન્ય, ધન્ય તે પ્રાણી રે,
જીહાં તીરથ વાસી જન્ન, પુન્ય કમાણી રે;
પ્રહ ઉગમતે સુર, રીખભજી ભેટો રે,
કરી દસ ત્રીક આણાપુર, પાપ સમેટો રે. ૧૨
જીહાં લલીતા સરપાળ, નમી પ્રભુ પગલાં રે,
ડુંગર ભણી ઉજમાળ, ભરીએ ડગલાં રે;
વચમાં ભુખણ વાવ, જોઇ તે ચાલો રે,
તમે ગુણ ગણતાં શુભ ભાવ, સાથે માલો રે. ૧૩
તુમે ધુપ ઘટી કરમાંહી, ઝુલા દેતા રે,
વડની છાયા માંહી, તાળી લેતા રે;
આવી તલેટી ઠાણ, તનુ સુચી કરીએ રે,
પુરવ રીત પ્રમાણ, પછી પરવરીએ રે. ૧૪
ઈણી પરે તીરથમાળા, ભાવે ભણશે રે,
જેણે દીઠું નયણ નીહાળ, વીશેખે સુણશે રે;
લહેશે મંગળમાળ, કંઠે જે ધરશે રે,
વળી સુખ સંપત સુવિશાળ, મહોદય વરશે રે. ૧૫
તપગચ્છ ગયણ દીણંદ, રૂપે છાજે રે,
શ્રી વીજયદેવસુરીંદ, અધીક દીવાજે રે;
રત્નવિજય તસ શ શ, પંડીત રાયા ,
ગુરૂરાજ વીવેક જગીશ, તાસ પસાયા રે. ૧૬

કીધો એહ અભ્યાસ અઢાર ચાળીસે રે,
ઊજવળ ફાલ્ગુણ માસ, તેરસ દીવસે રે;
શ્રી વીમળાચળ ચીત્ત ધરી, ગુણ ગાયા રે,
કહે અમૃત ભવિયણ નીત, નમો ગીરી રાયા રે. ૧૭

કળશ.

ઈમ તીરથમાળા, ગુણહ વિશાળા,
વીમળ ગીરીવર રાજની; કહે સ્વપર હેતે,
પુણ્ય સંકેતે, એહ જીનઘર સાજની,
તપગચ્છ ગયણ દિણંદ ગણધર, વીજય જીણંદ સુરીશ્વરો;
રચી તાસ રાજે, પુન્ય સાજે અમૃત રંગ સુહંકરો. ૧૮

---

## ૧૪ શ્રી રૂષભદેવજિનનું પારણું.

આહે જસ ઘરે જાવે જી વહોરવા,
હોય આનંદ અંગ ન માય;
ઋષભ ઘેર આવે છે. ૧
આહે મણિ રે માણેક મોતી ભર્યાં,
કોઈ રત્ન ભરી ભરી થાળ. ઋષભ૦ ૨
આહે કોઈ રે ઘોડા કોઈ પાલખી,
કોઈ આપે હાથી કેરાં દાન. ઋષભ૦ ૩
આહે કોઈજ પુત્રી વલ્લભા,
કોઈ આપે કન્યા કેરાં દાન. ઋષભ૦ ૪
આહે કોઈ નવિ આપે સુઝતો,
કોઈ વહોરાવે નહીં આહાર. ઋષભ૦ ૫
આહે તેણે સમે સ્વપ્નજ પેખીઆ,
આહે દશ ભવ કેરો સનેહ. ઋષભ૦ ૬

આહે ઈક્ષુરે રસ વહોરાવીઓ,
તીહાં ઋષભને ઉપજી છે લબ્ધિ. ઋષભ૦ ૭
આહે ત્યારે ઉભા કીધું પારણું,
એક વરસે મળીયેલો આહાર. ઋષભ૦ ૮
આહે પંચ દિવ્ય રે પ્રગટ થયાં;
તિહાં અહો દાન મહો દાન ગવાય. ઋષભ૦ ૯
આહે ત્યાં કને વૃષ્ટિ સુવર્ણ તણી,
થઈ સાડાબાર કોડ. ઋષભ૦ ૧૦
આહે મેરૂશિખરરે ખશી ગયા,
શ્રેયાંસે દીધા છે થંભ; ઋષભ૦ ૧૧
આહે ત્યારે જાતિ સ્મરણ પામતાં,
તીહાં ફરી નાવે સંસાર. ઋષભ૦ ૧૨
આહે હીરવિજય ગુરૂ હીરલો,
તિહાં માણેકવિજય ગુણ ગાય. ઋષભ૦ ૧૩

---

## ૧૫ શ્રી સીમંધરસ્વામીજીન સ્તવન.

ચિતડું સંદેશો મોકલે મારા વહાલાજી રે,
મનડા સાથે રે નેહ જઈને કહેજો મારા સ્વામીજી રે;
સીમંધર નીત્ય હું જપું મારા વહાલાજી રે,
જીમ બપૈયાને મેહ જઈને કહેજો મારા સ્વામીજી રે. ૧
દૂર દેશાંતર જઈ વસ્યા મારા વહાલાજી રે,
માયા લગાડીને એહ જઇને કહેજો મારા સ્વામીજી રે;
પાંખડીજો મારે હુવે મારા વહાલાજી રે,
ઉડી આવું તત ખેવ જઇને કહેજો મારા સ્વામીજીરે. ૨

પ્રીત તે અલગી હુઈ ગઈ, મારા વહાલાજી રે,
હવે કેમ છોડી તે જાય જઇને કહેજો મારા સ્વામીજી રે;
ઉત્તમ જીનશું પ્રીતડી, મારા વહાલાજી રે,
કદીયે ન ઓછી રે થાય, જઈને કહેજો મારા સ્વામીજી રે. ૩
નિસ્નેહિ તુમ સારિખા, મારા વહાલાજી રે,
મેં તો કોઈ ન દીઠ, જઈને કહેજો મારા સ્વામીજીરે;
હૈયડામાં ચાહો નહિ, મારા વહાલાજી રે,
મોઢે બોલે તે મીઠ, જઇને કહેજો મારા સ્વામીજીરે. ૪
આશા તો તુમ ઉપરે, મારા વહાલાજી રે,
મેરૂ સમાન મેં કીધ, જઇને કહેજો મારા વહાલાજી રે;
ક્ષીણ એક જો કૃપા કરો, મારા વહાલાજી રે,
તો સહુ થાવે રે સિદ્ધ, જઈને કહેજો મારા સ્વામીજીરે. ૫
જે અક્ષય સુખ શાશ્વતા, મારા વહાલાજી રે.
તે સહુ ચાહે રે લોક, જઇને કહેજો મારા સ્વામીજીરે;
નહિ આપો માગું છતાં, મારા વહાલાજી રે,
જાણ પણું સવિ ફોક, જઈને કહેજો મારા સ્વામીજીરે. ૬
ઘણું શું કહીએ જાણને, મારા વહાલાજી રે.
દે જો સ્વામીની સેવ, જઈને કહેજો મારા સ્વામીજીરે;
કવિ તે રૂપ પસાયથી, મારા વહાલાજી રે.
રૂદ્ધિ કહે નિત્ય મેવ, જઇને કહેજો મારા સ્વામીજીરે. ૭

---

## ૧૬. છ અટ્ટાઇનું સ્તવન (ઢાળ નવ)

### દોહા

શ્રી સ્યાદ્વાદ શુદ્ધોદધિ, વૃદ્ધિ હેતુ જિનચંદ;
પરમ પંચ પરમેષ્ઠિમાં, તાસુ ચરણ સુખકંદ.

ત્રિગુણ ગોચર નામ જે, સુબુદ્ધ ઈશાન નામે જેહ;
થયા લોકોત્તર તત્ત્વથી, તે સર્વે જિન ગેહ. ૨
પંચ વર્ણ અરિહંત શું, પંચ કલ્યાણક ધ્યેય;
ષડ અઠ્ઠાઈ સ્તવના રચું, પ્રણમી અનંત ગુણ ગેહ. ૩

ઢાળ પહેલી (કપૂર હોયે અતિ ઉજલો રે–એ દેશી.)

ચૈત્ર માસ સુદિ પક્ષમાં રે, પ્રથમ અઠ્ઠાઈ સંજોગ;
જિહાં સિદ્ધચક્રની સેવના રે, અધ્યાતમ ઉપયોગ રે,
ભવિકા પર્વ અઠ્ઠાઇ આરાધ; મનવાંછિત સુખસાધ રે. ભ૦૧
પંચ પરમેષ્ઠિ ત્રિકાલના રે, ઉત્તમ ચઉ ગુણકંત;
શાશ્વતપદ સિદ્ધચક્રને રે, વંદતાં પુણ્ય મહંત રે. ભવિકા૦ ૨
લોચન કર્ણયુગલ મુખે રે, નાસિકા અગ્ર નીલાડ,
તાલુ શિર નાભિ હૃદે રે, ભ્રૂ મુહ મધ્યે ધ્યાન પાઠ રે. ભ૦૩
આલંબન સ્થાનક કહ્યા રે, જ્ઞાનીએ દેહ મોઝાર;
તેહમાં વિગત વિષય પરે રે, ચિત્તમાં એક આધાર રે. ભ૦૪
અષ્ટ કમલ દલ કર્ણિકા રે, નવપદ થાપો ભાવ;
બાહિર યંત્ર રચી કરી રે, ધારો અનંત અનુભાવ રે. ભવિ૦૫
આસો સુદિ સાતમ થકી રે, બીજી અઠ્ઠાઈ મંડાણ;
બસેં ત્રેતાલીસ ગુણે કરી રે, અસિઆઉસાદિક ધ્યાન રે. ભ૦૬
ઉત્તરાધ્યયન ટીકા કહે રે, એ દોય શાશ્વતી યાત્ર;
કરતાં દેવ નંદીશ્વરે રે, નર નિજ ઠામ સુપાત્ર રે. ભવિકા૦૭

ઢાળ બીજી: (સિદ્ધચક્ર પદ વંદો–એ દેશી.)

અષાઢ ચોમાસાની અઠ્ઠાઇ, જિહાં અભિગ્રહ અધિકાઇ;
કૃષ્ણ કુમારપાળ પરે પાળો, જીવદયા ચિત્ત લાઇ રે;

પ્રાણી અઠ્ઠાઈ મહોત્સવ કરીએ,
સચિત્ત આરંભ પરિહરિએ. પ્રાણી૦ ૧
દિસિ ગમન તજો વર્ષા સમયે, ભક્ષ્યા ભક્ષ્ય વિવેક;
અછતી વસ્તુ પણ વિરતિએ બહુ ફલ,
વંકચુલ સુવિવેક રે. પ્રાણી૦ ૨
જે જે દેહે ગ્રહીને મૂકયા, જેહથી તે હિંસા થાય;
પાપ આકર્ષણ અવ્રતિ જોગે, તે જીવે કર્મ બંધાય રે. પ્રા૦૩
સાયક દેહતા જીવ જે ગતિમાં, વસીયા તસ હોય કર્મ;
રાજા રંકને કિરીયા સરીખી, ભગવતી અંગનો મર્મ રે.પ્રા૦૪
ચોમાસી આવશ્યક કાઉસગ્ગના, પંચ સત માને ઉસાસા;
છઠ તપની આલોયણ કરતાં, વિરતીધર્મ ઉજાસા રે. પ્રા૦૫

---

ઢાળ ત્રીજી. (જિન રયણીજી, દશ દિસિ નિર્મલતા ધરો—એ દેશી.)

કાર્તિક સુદિમાંજી, ધર્મ વાસર અડધારીએ,
તીમ વલી ફાલ્ગુણેજી, પર્વ અઠ્ઠાઇ સંભારીએ;
ત્રણ અઠ્ઠાઈજી, ચઉમાસી ત્રણ કારણે,
ભવિ જીવનાજી, પાતિક સર્વ નિવારએ. ૧
નિવારણી પાતક તણી એ જાણી, અવાધજ્ઞાને સુરવરા;
નિકાય ચારના ઇંદ્રિ હર્ષિત, વંદે નિજ નિજ અનુચરા;
અઠ્ઠાઈ મહોત્સવ કરણ સમયે, શાશ્વતા એ દેખીએ;
સવી સજજ થાયે દેવ દેવી, ઘંટ નાદ વિસેસીએ. ૨
વલી સુરપતિજી, ઉદ્‌ઘોષણા સુરલોકમાં;
નીપજાવેજી, પરિકર સહિત અશોકમાં;
દ્વીપ આઠમેજી, નંદીશ્વર સુર આવીયા;
શાશ્વતી પડિમાજી, પ્રણમી વધાવે ભાવીયા. ૩

ભાવિયા પ્રણમી વધાવે પ્રભુને, હર્ષ બહુલે નાચતા;
બત્તીસ વિધના કરીયા નાટિક, કોડી સુરપતિ નાચતા,
હાથ જોડી માન મોડી, અંગ ભાવ દેખાવતી;
અપ્સરા રંભા અતિ અચંભા, અરિહંત ગુણ આલાવતી. ૪
ત્રણ અઠ્ઠાઈમાંજી, ષટ્ કલ્યાણક જિન તણા;
તથા આલયજી, બાવન જિનનાં બિંબ ઘણાં,
તસ સ્તવનાજી, અદ્ભુત અર્થ વખાણતાં,
ઠામે પહોંચેજી, પછી જિન નામ સંભારતાં. ૫
સંભારતાં પ્રભુનું નામ નિશદિન, પર્વ અઠ્ઠાઈ મન ધરે;
સમકિત નિર્મળ કરણ કારણ, શુભ અભ્યાસે અનુસરે;
નર નારી સમકિત વંત ભાવે, એહ પર્વ આરાધશે;
વિઘ્ન નિવારે તેહના સવિ, સૌભાગ્ય લક્ષ્મી વાધશે. ૬

---

ઢાળ ચોથી (આદિ જિણંદ મયા કરો—એ દેશી.)

પર્વ પર્યુષણમાં સદા, અમારી પડહો વજડાવે રે,
સંઘ ભક્તિ દ્રવ્ય ભાવથી, સ્વામીવત્સલ સુમંડાવે રે;
મહોદય પર્વ મહિમાનિધિ. ૧
સ્વામીવત્સલ એકણુ પાસે, એકત્ર ધર્મ સમુદાય રે;
બુદ્ધિ તુલાએ તોલીએ, તુલ્ય લાભ ફલ થાય રે. મહો૦ ૨
ઉદાયી ચરમ રાજરૂષિ, તેમ કરો ખામણા સત્ય રે;
મિચ્છામિ દુક્કડં દેઇને, ફરી સેવે પાપવત્ત રે. મહો૦ ૩
તે કહ્યા માયા મૃષાવાદી, આવશ્યક નિર્યુક્તિમાંહિ રે;
ચૈત્ય પરિપાટી કહી, પૂજા ત્રિકાલ ઉચ્છાહી રે. મહો૦ ૪
છેલ્લી ચારે અઠ્ઠાઇએ, મહાટો મહોત્સવ રચે દેવા રે;
જીવાભિગમે એમ ઉચ્ચરે, પ્રભુ શાસનના એ મેવા રે.
મહોદય પવ મહિમા નિધિ. ૫

---

ઢાળ ૫ મી : (અરણિક મુનિવર ચાલ્યા ગોચરી—એ દેશી.)

અઠ્ઠમના તપ વાર્ષિક પર્વમાં, શલ્ય રહિત અવિરોધ રે;
કારક સાધક પ્રભુના ધર્મનો, ઈચ્છા રોધે હોય શુદ્ધ રે;
તપને સેવા રે કંતા વિરતીના. ૧
છુટે સો વર્ષે રે કર્મ અકામથી, નારકી તે તો સકામે રે,
પાપ રહિત હોય નવકારસી થકી,
સહસ તે પોરિસી ઠામે રે. તપ૦ ૨
વાધંતો વધતો તપ કરવા થકી, દશ ગુણો લાભ ઉદાર રે;
દશ લાખ કોડી વર્ષનું આઉખું,
દુરિત મીટે નિરધાર રે. તપ૦ ૩
પચાસ વર્ષ સુધી તપ્યાં લખમણા, માયા તપ નવિ શુદ્ધ રે,
અસંખ્ય ભવ ભમ્યા એક કુવચનથી,
પદ્મનાભ વારે સિદ્ધ રે. તપ૦ ૪
આહાર નિરિહંતા રે, સમ્યક તપ કહ્યો,
જુઓ અભ્યંતર તત્ત્વ રે;
ભવોદધિ સેતુ રે અઠ્ઠમ તપ ગણિ, નાગકેતુ ફળ પત્ત રે. ત૦૫

---

ઢાળ છઠ્ઠી : (સ્વામી સીમંધરા વિનતિ—એ દેશી.)

વાર્ષિક પડિક્કમણા વિષે, એક હજાર શુભ આઠ રે,
શ્વાસ ઉશ્વાસ કાઉસ્સગ્ગ તણા, આદરી ત્યજો કર્મ આઠ રે,
પ્રભુ તુમ શાસન અતિ ભલું. ૧
દુગ લખ ચઉ સય અડ કહ્યા, પલ્ય પણયાલીસ હજાર રે,
નવ ભાગે પલ્યના ચઉ ગ્રહ્યા,
શ્વાસમાં સુર આયુ સાર રે. પ્રભુ૦ ૨
ઓગણીસ લાખ ને તેંસઠી, સહસ બસેં સડસઠી રે,
પલ્યોપમ દેવનું આઉખું, નવકાર કાઉસ્સગ્ગ ભાઠ રે. પ્ર૦ ૩

એકસઠ લાખને પણતીસા, સહુસ બસેં દશ જાણ રે;
એટલા પલ્યનું સુર આઉખું,
લોગસ્સ કાઉસ્સગ્ગ માન રે. પ્રભુ૦ ૪
ધેનુ ઘણ રૂપે રે જીવના, અચલ છે આઠ પ્રદેશ રે;
પરે સર્વ નિર્મલ કરે, પર્વ અઠ્ઠાઈ ઉપદેશ રે. પ્રભુ૦ ૫

---

ઢાળ સાતમી (લીલાવંત કુંવર ભલો—એ દેશી.)

સોહમ કહે જંબુ પ્રત્યે, જ્ઞાનાદિ ધર્મ અનંત રે વિનીત,
અર્થ પ્રકાશ્યો વીરજી, તેમ મેં રચિઓ સીદ્ધાંત રે;
પ્રભુ આગમ ભલો વિશ્વમાં. ૧
ષડ લાખ ત્રણસો તેત્રીસ, ઐગુણસાઠ હજાર રે;
પીસ્તાલીસ આગમ તણી, સંખ્યા જગ આધાર રે. પ્ર૦ ૨
આથમ્યે જિન કેવલ રવિ, સુત દીપકથી વ્યવહાર રે;
ઉભય પ્રકાશક સૂત્રનો, સંપ્રતિ બહુ ઉપગાર રે. પ્રભુ૦ ૩
પુણ્યક્ષેત્રમાં સિદ્ધગિરિ, મંત્રમાંહિ નવકાર રે,
શુકલધ્યાન છે ધ્યાનમાં, કલ્પસૂત્ર તેમ સાર રે. પ્રભુ૦ ૪
વીર વર્ણન છે જેહમાં, શ્રી પર્વ તપ તસુ સેવ રે;
છઠ તપે કલ્પસૂત્ર સુણે મુદા, ઉચિત વિધિ તત ખેવ રે. પ્ર૦ ૫

---

ઢાળ આઠમી: (તપશું રંગ લાગ્યો—એ દેશી.)

નેવું સહસ સંપ્રતિ નૃપે રે, ઉધર્યા જૈન પ્રાસાદ;
છત્રીસ સહસ નવા કર્યા રે, નિજ આયુ દિનવાદ રે,
મનમેં મોદે રે, પૂજો પૂજો રે,
મહોદય પર્વ મહોત્સવ મોટે રે. ૧

અસંખ્ય ભરતના પાટવી રે, અઠ્ઠાઈ ધર્મના કામિ રે;
સિદ્ધગિરિએ શિવપુરી વર્યા રે,
અજરામર શુભ ઠામ રે. મનમેં૦ ૨
યુગપ્રધાન પુરવ ધણી રે, વયરસ્વામી ગુણધાર રે;
નિજ પિતા મિત્ર પાસે જઈ રે, યાચ્યાં ફુલ તૈયાર રે. મ૦૩
વીસ લાખ ફુલ લેઈને રે, આવ્યા ગિરિ હિમવંત રે;
શ્રી દેવી હાથે લીયા રે, મહા કમલ ગુણવંત રે. મનમેં૦ ૪
પછી જિનરાગીને સોંપીયા રે, સુભિક્ષનયરી મોઝાર રે;
સુગત મત ઉચ્છેદિને રે, શાસન શોભા અપાર રે. મનમેં૦૫

---

ઢાળ નવમી (ભરત નૃપ ભાવશું—એ દેશી.)

પ્રાતિહાર્ય અડ પામીયે રે, સિદ્ધ પ્રભુના ગુણ આઠ;
હર્ષ ધરી સેવીયે એ, જ્ઞાન દર્શન ચારિત્રનાં એ;
આઠ આચારના પાઠ. હર્ષ ૦
સેવો સેવો પર્વ મહંત. હર્ષ૦ ૧
પવયણ માતા સિદ્ધિનું એ, બુદ્ધિ ગુણા અડ દૃષ્ટ; હર્ષ૦
ગણી સંપદ અડ સંપદા એ, આઠમી ગતિ દીએ પુષ્ટ, હ૦ ૨
આઠ કર્મ અડ દોષને એ, અડ મદ પરમાદ; હર્ષ૦
પરિહરિ આઠ આઠ કારણ ભજીએ, આઠ પ્રભાવક વાદ. હ૦૩
ગુર્જર દિલ્લી દેશમાં એ, અકબરશાહ સુલતાન, હર્ષ૦
હીરજી ગુરૂના વયણથી એ, અમારી પડહ વજાવ. હર્ષ૦ ૪
સેનસૂરિ તપગચ્છમણિ એ, તિલક આણંદ મુણિંદ. હર્ષ૦
રાજ્યમાન રિદ્ધિ લહે એ, સૌભાગ્ય લક્ષ્મી સૂરિંદ. હ૦ ૫
સેવો સેવો પર્વ મહંત, પૂજો જિનપદ અરવિંદ; હર્ષ૦
પુણ્ય પર્વ સુખકંદ, હર્ષ૦ પ્રગટે પરમાનંદ, હર્ષ૦
કહે એમ લક્ષ્મીસૂરિંદ. હર્ષ૦ ૬

કળશ

એમ પાર્શ્વ પ્રભુનો પસાય પામી, નામે અઠ્ઠાઈના ગુણ કહ્યા;
ભવિ જીવ સાધો નિત્ય આરાધો, આત્મ ધર્મે ઉમહ્યા. ૧
સંવત જિન અતિશય વસુ સમી (૧૮૩૪) ચૈત્રી પુનમે ધ્યાઈયા;
સૌભાગ્યસૂરિ શિષ્ય લક્ષ્મીસૂરિ બહુ, સંઘ મંગલ પાઈયા. ૨

## ૧૭. શ્રીમહાવીર સ્વામીના સત્તાવીશ ભવનું પંચઢાલિયું.

દોહા

શ્રી શુભવિજય સુગુરૂ નમી, નમી પદ્માવતી માય,
ભવ સત્તાવીશ વર્ણવું, સુણતાં સમકિત થાય. ૧
સમકિત પામે જીવ ને, ભવ ગણતીએ ગણાય;
જો વળી સંસારે ભમે, તો પણ મુગતે જાય. ૨
વીર જિનેશ્વર સાહિબો, ભમિયો કાળ અનંત;
પણ સમકિત પામ્યા પછી, અંતે થયા અરિહંત. ૩

ઢાળ પહેલી (કપૂર હોયે અતિ ઉજલો રે—એ દેશી)

પહેલે ભવે એક ગામનો રે, રાય નામે નયસાર;
કાષ્ટ લેવા અટવી ગયો રે, ભોજન વેળા થાય રે.
પ્રાણી ધરિયે સમકિત રંગ,
જિમ પામિયે સુખ અભંગ રે. પ્રાણી૦ ૧
મન ચિંતે મહિમા નીલો રે, આવે તપસી કોય;
દાન દેઈ ભોજન કરૂં રે, તો વાંછિત ફળ હોય રે પ્રાણી૦ ૨
મારગ દેખી મુનિવરા રે, વંદે દેઇ ઉપયોગ;
પૂછે કિમ ભટકો ઈહાં રે, મુનિ કહે સાથ વિજોગ રે. પ્રા૦ ૩

હરખ ભરે તેડી ગયો રે, પડિલાભ્યા મુનિરાજ;
ભોજન કરી કહે ચાલીએ રે,
સાથ ભેળા કરૂં આજ રે. પ્રાણી૦ ૪
પગવટીયે ભેળા કર્યા રે, કહે મુનિ દ્રવ્ય એ માર્ગ;
સંસારે ભૂલા ભમો રે, ભાવ મારગ અપવર્ગ રે. પ્રાણી૦ ૫
દેવ ગુરૂ ઓળખાવીયા રે, દીધો વિધિ નવકાર;
પાશ્ચમ મહાવિદેહમાં રે, પામ્યો સમકિત સાર રે. પ્રાણી૦ ૬
શુભ ધ્યાને મરી સુર હુઓ રે, પહેલા સર્ગ મઝાર;
પલ્યોપમ આયુ ચવી રે, ભરત ઘરે અવતાર રે. પ્રાણી૦ ૭
નામે મરીચી પૌત્રને રે, સંયમ લીએ પ્રભુ પાસ;
દુષ્કર ચરણ લહી થયો રે, ત્રિદંડીક શુભ વાસ રે. પ્રાણી૦ ૮

---

ઢાળ બીજી (વિવાહલાની દેશી.)

નવો વેષ રચે તેણી વેળા, વિચરે આદિશ્વર ભેળા,
જળ થોડે સ્નાન વિશેષે, પગ પાવડી ભગવે વેષે. ૧
ધરે ત્રિદંડ લાકડી મ્હોટી, શિર મુંડણ ને ધરે ચોટી;
વળી છત્ર વિલેપન અંગે, શુલથી વ્રત ધરતો રંગે. ૨
સોનાની જનોઈ રાખે, સહુને મુનિ મારગ ભાખે;
સમોસરણે પૂછે નરેશ, કોઈ આગે હોશે જિનેશ. ૩
જિન જંપે ભરતને તામ, તુજ પુત્ર મરીચી નામ;
વીર નામે થશે જિન છેલ્લા, આ ભરતે વાસુદેવ પહેલા. ૪
ચક્રવર્તી વિદેહે થાસે, સુણી ભરત આવ્યા ઉલ્લાસે;
મરીચીને પ્રદક્ષિણા દેતા, નમી વંદીને એમ કહેતા. ૫
તમે પુન્યાઈવંત ગવાસો, હરિ ચક્રિ ચરમ જિન થાશો;
નવિ વંદું ત્રિદંડિક વેષ, નમું ભક્તિયે વીર જિનેશ. ૬

એમ સ્તવના કરી ઘર જાવે, મરીચી મન હર્ષ ન માવે;
મ્હારે ત્રણ પદવીની છાપ, દાદા જિન ચક્રી બાપ. ૭
અમે વાસુદેવ ધુર થઈશું, કુળ ઉત્તમ મ્હારૂં કહીશું;
નાચે કુળ મદશું ભરાણો, નીચ ગોત્ર તિહાં બંધાણો. ૮
એક દિન તનુ રોગે વ્યાપે, કોઈ સાધુ પાણી ન આપે;
ત્યારે વંછે ચેલો એક, તવ મળિયો કપિલ અવિવેક. ૯
દેશના સુણી દીક્ષા વાસે, કહે મરીચી લીયો પ્રભુ પાસે;
રાજપુત્ર કહે તુમ પાસે, લેશું અમે દીક્ષા ઉલ્લાસે. ૧૦
તુમ દર્શને ધર્મનો વ્હેમ, સુણી ચિંતે મરીચી એમ;
મુજ યોગ્ય મળ્યો એ ચેલો, મૂળ કડવે કડવો વેલો. ૧૧
મરીચી કહે ધર્મ ઉભયમાં, લીએ દીક્ષા જોબન વયમાં;
એણે વચને વધ્યો સંસાર, એ ત્રીજો કહ્યો અવતાર. ૧૨
લાખ ચોરાશી પૂરવ આય, પાળી પંચમે સ્વર્ગે સધાય;
દશ સાગર જીવિત ત્યાંહી, શુભ વીર સદા સુખમાંહી. ૧૩

---

ઢાળ ત્રીજી (ચોપાઈની દેશી.)

પાંચમે ભવ કોલ્લાગ સન્નિવેશ, કૌશિક નામે બ્રાહ્મણ વેષ;
એંશી લાખ પૂરવ અનુસરી, ત્રિદંડીયાને વેષે મરી. ૧
કાળ બહુ ભમીયો સંસાર, થુણાપુરી છઠ્ઠો અવતાર;
બહોંતેર લાખ પૂરવને આય, વિપ્ર ત્રિદંડી વેષ ધરાય. ૨
સૌધર્મે મધ્ય સ્થિતિએ થયો, આઠમે ચૈત્ય સન્નિવેશે ગયો;
અગ્નિદ્યોત દ્વિજ ત્રિદંડીયો, પૂર્વ આયુ લખ સાઠે મૂઓ. ૩
મધ્યસ્થિતિએ સુર સ્વર્ગ ઈશાન, દશમે મંદિરપુર દ્વિજ ઠાણ;
લાખ છપ્પન પૂરવાપૂરી, અગ્નિભૂતિ ત્રિદંડિક મરી. ૪
ત્રીજે સરગે મધ્યાયુ ધરી, બારમે ભવ શ્વેતાંબીપુરી;
પુરવ લાખ ચુમ્માલીશ આય, ભારદ્વિજ ત્રિદંડિક થાય. ૫

તેરમે ચોથે સ્વર્ગે રમી, કાળ ઘણો સંસારે ભમી;
ચઉદમે ભવ રાજગૃહી જાય, ચોત્રીસ લાખ પૂરવને આય. ૬
થાવર વિપ્ર ત્રિદંડી થયો, પાંચમે સ્વર્ગે મરીને ગયો;
સોળમે ભવ ક્રોડ વરસ સમાય, રાજકુમાર વિશ્વભૂતિ થાય.૭
સંભૂતિમુનિ પાસે અણગાર, દુક્કર તપ કરી વરસ હજાર;
માસખમણ પારણું ધરી દયા, મથુરામાં ગોચરીએ ગયા. ૮
ગાયે હણ્યા મુનિ પડીયા વસા, વિશાખનંદી પિતરિયા હસ્યા;
ગૌશૃંગે મુનિ ગર્વે કરી, ગયણ ઉછાળી ધરતી ધરી. ૯
તપ બળથી હોજ્યો બળ ધણી, કરી નિયાણું મુનિ અણસણી;
સત્તરમે મહા શુક્રે સુરા, શ્રી શુભવીર સત્તર સાગરા. ૧૦

---

ઢાળ ચોથી (નદી યમુના તીર ઉડે દોય પંખીયાં—એ દેશી.)

અઢારમે ભવે સાત સુપન સુચિત સતી,
પોતનપુરીએ પ્રજાપતિ રાણી મૃગાવતી;
તસ સુત નામે ત્રિપૃષ્ઠ વાસુદેવ નીપન્યા,
પાપ ઘણું કરી સાતમી નરકે ઉપન્યા. ૧
વીશમે ભવ થઈ સિંહ ચોથી નરકે ગયા,
તિહાંથી ચવી સંસારે ભવ બહુલા થયા;
બાવીશમે નરભવ લહી પુણ્ય દશા વર્યા,
ત્રેવીશમે રાજ્યધાની મુકામે સંચર્યા. ૨
રાય ધનંજય ધારણી રાણીયે જનમિયા;
લાખ ચોરાશી પૂરવ આયુ જીવિયા;
પ્રિયમિત્ર નામે ચક્રવર્તી દીક્ષા લહી;
કોડી વરસ ચારિત્ર દશા પાળી સહી. ૩
મહાશુક્રે થઈ દેવ ઇણે ભરતે ચવી,
છત્રિકા નગરીયે જિનશત્રુ રાજવી;

ભદ્રામાય લખ પચવીશ વરસ સ્થિતિ ધરી,
નંદન નામે પુત્રે દીક્ષા આચરી. ૪
અગિયાર લાખ ને એંશી હજાર છસ્સેં વળી,
ઉપર પીસ્તાલીશ અધિક પણ દિન રૂળી;
વીશસ્થાનક માસખમણે જાવજ્જીવ સાધતા,
તીર્થંકર નામકર્મ તિહાં નિકાચતા. ૫
લાખ વરસ દીક્ષા પર્યાય તે પાળતા,
છવીશમે ભવ પ્રાણત કલ્પે દેવતા;
સાગર વીસનું જીવિત સુખભર ભોગવે,
શ્રીશુભવીર જિનેશ્વર ભવ સુણજો હવે. ૬

---

ઢાલ પાંચમી : (ગજરામારૂજી ચાલ્યા ચાકરી રે–એ દેશી.)

નયર માહણકુંડમાં વસે રે, મહાઋદ્ધિ રૂષભદત્ત નામ;
દેવાનંદા દ્વિજ શ્રાવિકા રે, પેટ લીધો પ્રભુ વિસરામ રે.
પેટ લીધો પ્રભુ વિસરામ. ૧

બ્યાશી દીવસને અંતરે રે, સુર હરિણગમેષી આય;
સિદ્ધારથ રાજા ઘરે રે, ત્રિશલા કુખે છટકાય રે. ત્રિ૦ ૨

નવ માસાંતરે જનમીયા રે, દેવ દેવીયે ઓચ્છવ કીધ;
પરણી યશોદા યૌવને રે, નામે મહાવીર પ્રસિદ્ધ રે. ના૦ ૩

સંસારલીલા ભોગવી રે, ત્રીશ વર્ષે દીક્ષા લીધ;
બાર વરસે હુઆ કેવળી રે,
શિવ વહુનું તીલક શિર દીધ રે. શિ૦ ૪

સંઘ ચતુર્વિધ થાપીયો રે, દેવાનંદા રૂષભદત્ત પ્યાર;
સંયમ દેઈ શિવ મોકલ્યા રે,
ભગવતી સુત્રે અધિકાર રે. ભ૦ ૫

ચોત્રીશ અતિશય શોભતા રે, સાથે ચઉદ સહસ અણગાર;
છત્રીશ સહસ તે સાધવી રે,
બીજો દેવ દેવી પરિવાર રે. બીજો૦ ૬

ત્રીશ વરસ પ્રભુ કેવળી રે, ગામ નગર તે પાવન કીધ;
બ્હોંતેર વરસનું આઉખું રે,
દીવાળીયે શિવપદ લીધ રે. દીવા૦ ૭

અગુરૂ લઘુ અવગાહને રે, કીયો સાદી અનંત નિવાસ;
મોહરાય મલ્લ મૂળશું રે,
તન મન સુખનો હોય નાશ રે. તન૦ ૮

તુમ સુખ એક પ્રદેશનું રે, નવિ આવે લોકાકાશ;
તો અમને સુખીયા કરો રે,
અમે ધરીયે તુમારી આશ રે. અમે૦ ૯

અક્ષય ખજાનો નાથનો રે, મેં દીઠો ગુરૂ ઉપદેશ;
લાલચ લાગી સાહિબા રે,
નવિ ભજીયે કુમતિનો લેશ રે. નવિ૦ ૧૦

મ્હોટાનો જે આશરો રે, તેથી પામીયે લીલ વિલાસ;
દ્રવ્ય ભાવ શત્રુ હણી રે,
શુભવીર સદા સુખવાસ રે. શુભ૦ ૧૧

કળશ

ઓગણીશ એકે (૧૯૦૧) વરસ છેકે, પૂર્ણિમા શ્રાવણ વરો;
મેં થુણ્યો લાયક વિશ્વનાયક, વર્દ્ધમાન જિનેશ્વરો,
સંવેગ રંગ તરંગ ઝીલે, જસવિજય સમતા ધરો;
શુભવિજય પંડિત ચરણ સેવક, વીરવિજય જય જયકરો. ૧

# ૧૮. શ્રી મહાવીરસ્વામીનું પંચ કલ્યાણનું (સ્તવન) ચોઢાલિયું.

### દોહો

પ્રેમે પ્રણમું સરસ્વતી, માગું અવિચળ વાણ,
વીર તણા ગુણ ગાઈશું, પંચ કલ્યાણક જાણ;
ગુણ ગાતાં જિનજી તણા, લહીએ ભવનો પાર,
સુખ સમાધિ હોય જીવને, સુણજો સહુ નરનાર. ૧

---

### ઢાળ-પહેલી

જંબુદ્વિપના ભરતમાં જો, રૂડું માહણકુંડ છે ગામ જો,
ઋષભદત્ત માહણ તિહાં વસેજો. તસ નારી દેવાનંદા નામજો.૧
ચરિત્ર સુણે જીનજી તણાં જો, જેમ સમકિત નિર્મળ થાય જો;
અષ્ટ મહાસિદ્ધિ સંપજે જો, વળી પાતક દૂર પલાય જો. ચ૦૨
ઉજવળ છઠ અષાઢના જો, યોગે ઉત્તરાફાલ્ગુની સાર જો,
પુષ્પોત્તર સુવિમાનથી જો, ચવિ કુખે લીયો અવતાર જો. ચ૦૩
દેવાનંદા તિણ રયણિયે જો, સુતાં સુપન લહ્યાં દશ ચાર જો,
ફળ પૂછે નિજ કંતને જો, કહે ઋષભદત્ત મન ધાર જો. ચ૦૪
ભોગ અરથ સુખ પામશું જો, તમે લહેશો પુત્ર રતન જો.
દેવાનંદા તે સાંભળી જો, કીધું મનમાં તહત્તિ વચન જો. ચ૦૫
સંસારીક સુખ ભોગવેજો, સુણો અચરીજ હુઓ તેણી વાર જો,
સુધર્મ ઇંદ્ર તિહાં કણે જો, જોઈ અવધિતણે અનુસાર જો. ચ૦૬
ચરમ જીણેસર ઉપન્યા જો, દેખી હરખ્યો ઇંદ્ર મહારાજ જો,
સાતઆઠ પગ સમો જઈ જો, એમ વંદન કરે શુભ સાજ જો. ચ૦
શક્રસ્તવ વિધિશું કરી જો, ફરી બેઠો સિંહાસન જામ જો;
મન વિમાસણમાં પડયું જો, ચિત્ત ચિંતવે સુરપતિ તામજો. ચ૦૭

જીન ચક્રિ હરિ રામજી જો, આંત પ્રીત માહણ કુખે જોય જો,
આવ્યા નહિ નહિ આવશે જો,
એ તો ઉગ્ર ભોગ રાજકુળ હોય જો. ચ૦ ૯
અંતિમ જિણેસર આવીયા જો, એ તો માહણકુળમાં જેણ જો,
એ તો અચ્છેરાભુત થયું છે જો,
થયું હુંડાસર્પિણી તેણ જો. ચ૦ ૧૦
કાળ અનંત જાતે થકે જો, એહવાં દશ અચ્છેરાં થાય જો,
ઈણ અવસર્પિણીમાં થયાં જો, તે કહીએ જે ચિત્ત લાયજો.ચ૦
ગર્ભ હરણ ઉપસર્ગનો જો, મૂળ રૂપે આવ્યા રવિચંદ જો,
નિષ્ફળ દેશના જે થઈ જો, ગયો સૌધર્મે ચમરેન્દ્ર જો. ચ૦ ૧૨
એ શ્રી વીરની વારમાં જો, કૃષ્ણ અમરકંકા ગયા જાણજો,
નેમનાથને વારે સહી જો, સ્ત્રી તીર્થમલ્લી ગુણખાણ જો. ચ૦
એકસો આઠ સિધ્યા રૂષભને જો, વારે સુવિધને અસંયતિ જો.
શીતળનાથ વારે થયું જો, કુળ હરિવંશની ઉત્પત્તિ જો. ચ૦ ૧૪
એમ વિચાર કરે ઇંદ્રલો જો, પ્રભુ નીચ કુળે અવતાર જો,
તેહનું કારણ શું એ છે જો,ઈમ ચિંતવે હૃદય મોઝાર જો. ચ૦૧૫

---

## ઢાળ–બીજી

ભવ મ્હોટા કહીએ પ્રભુના સત્તાવીશ જો,
મરિચિ ત્રિદંડી તે માંહે ત્રીજે ભવે રે જો;
તિહાં ભરત ચક્રીસર વંદે આવી જોય જો,
કુળનો મદ કરી નીચ ગોત્ર બાંધ્યું તે હવે રે જો. ૧
એ તો માહણ આરે જનવર દેવ જો,
અતિ અણજુગતું એહ થયું થાશે નહીં રે જો;
જે જિનવર ચક્રી આવે નીચકુળમાંય જો,
છે આચાર ધરૂં ઉત્તમ કુળે સહી રે જો. ૨

એમ ચિંતવી તેડયો હરિણ ગમેષિ દેવ જો,
કહે માહણકુંડ જઇને એ કારજ કરો રે જો;
છે દેવાનંદાની કુખે ચરમ જીણંદ જો,
હર્ષ ધરીને પ્રભુને તિહાંથી સંહરો રે જો. ૩
નયર ક્ષત્રિયકુંડ રાય સિદ્ધારથ ગેહજો,
ત્રિશલારાણી તેહની છે રૂપે ભલી રે જો;
તસ કુખે જઈ સંક્રમાવો પ્રભુને આજ જો,
ત્રિશલાનો જે ગર્ભ છે તે માહણકુળે રે જો. ૪
જેમ ઇંદ્રે કહ્યું તેમ કીધું તત્ક્ષણ તેણે જો,
બ્યાસી રાતને આંતરે પ્રભુને સંહર્યા રે જો;
માહણી સુપનાં જાણે ત્રિશલા હરીને લીધ જો,
ત્રિશલા દેખી ચૌદ સુપન મનમાં ધર્યાં રે જો. ૫
ગજ વૃષભને સિંહ લક્ષ્મી ફુલની માળ જો,
ચાંદો સુરજ ધ્વજકુંભ પદ્મ સરોવરૂ રે જો;
સાગર દેવ વિમાનને રત્નની રાશી જો,
ચૌદમે સુપને દેખી અગ્નિ મનોહરૂ રે જો. ૬
શુભ સહણાં દેખી હરખી ત્રિશલા નાર જો,
પ્રભાતે ઉઠીને પિયુ આગળ કહે રે જો;
તે સાંભળી દિલમાં રાય સિદ્ધારથ નેહ જો,
સુપન પાઠકને તેડી પુછે ફળ લહે રે જો. ૭
તુમ હોશ્યે રાજ અરથને સુત સુખ ભોગ જો,
સુણી ત્રિશલાદેવી સુખે ગર્ભ પોષણ કરે રે જો;
તવ માતા હેતે પ્રભુજી રહ્યા સંલીન જો,
તે જાણીને ત્રિશલા દુઃખ દીલમાં ધરે રે જો. ૮
મેં કીધાં પાપજ ઘોર ભવોભવ જેહ જો,
દૈવ અટારી દોષી દેખી નવિ શકે રે જો;

મુજ ગર્ભ હર્યો જે કિમ પામું હવે તેહ જો,
રાંક તણે ઘેર રત્ન ચિંતામણી કિમ ટકે રે જો. ૯
પ્રભુજી એ જાણી તત્ક્ષણ દુઃખની વાત જો,
મોહ વિટંબન જાલીમ જગમાં જે લહું રે જો;
જુઓ દીઠા વિણ પણ એવડો જાગે મોહ જો,
નજરે બાંધ્યા પ્રેમનું કારણ શું કહું રે જો. ૧૦
પ્રભુ ગર્ભ થકી હવે અભિગ્રહ લીધો એહ જો,
માતપિતા જીવતાં સંયમ લેશું નહીં રે જો;
એમ કરૂણા આણી તુરત હલાવ્યું અંગ જો,
માતાને મન ઉપન્યો હર્ષ ઘણો સહી રે જો. ૧૧
અહો ભાગ્ય અમારૂં જાગ્યું સહિયર આજ જો,
એમ સુખભર રહેતાં પૂર્ણ હુવા નવ માસ જો;
તે ઉપર વળી સાડી સાત રયણી થઈ રે જો. ૧૨
તવ ચૈત્ર તણી સુદિ તેરસ ઉત્તરા જોગ જો,
જન્મ્યા શ્રી જિન વીર હુઇ વધામણી રે જો;
સહુ ધરણી વિકસી જગમાં થયો પ્રકાશ જો,
સુર નરપતિ ઘર વૃષ્ટિ કરે સોવન તણી રે જો. ૧૩

---

ઢાળ ત્રીજી.

જનમ સમય શ્રી વીરનો જાણી, આવી છપ્પન કુમારી રે,
જગજીવન જિનજી, જનમ મહોત્સવ કરી ગીતજ ગાયે,
પ્રભુજીને જાઉં બલિહારી રે. જ૦ ૧
તતક્ષણ ઇંદ્ર સિંહાસન હાલ્યું, ઘોષ ઘંટા વજડાવી રે; જ૦
મળિયા કોડિ સુરાસુર દેવા, મેરૂપર્વતે આવી રે. જ૦ ૨
ઇંદ્ર પંચ રૂપે પ્રભુજીને, સુરગિરિ ઉપર લાવે રે, જ૦
યત્ન કરી હિયડામાં રાખે, પ્રભુને શીશ નમાવે રે. જ૦ ૩

એક કોડી સાઠ લાખ કળશા, નિર્મળ નીરે ભરીયા રે, જ૦
ન્હાનો બાળક એ કિમ સહસે, ઇંદ્રે સંશય ધરીયારે જ૦ ૪
અતુલબળી જિન અવધે જોઈ, મેરૂ અંગુઠે ચાંપ્યો રે, જ૦
પૃથ્વી હાલ કલ્લોલ થઈ તવ, ધરણીધર તિહાં કંપ્યો રે.જ૦૫
જિનનું બળ દેખીને સુરપતિ, ભક્તિ કરીને ખમાવે રે. જ૦
ચાર વૃષભનાં રૂપ ધરીને, જિનવરને ન્હવરાવે રે. જ૦ ૬
અમૃત અંગુઠે થાપીને, માતા પાસે મેલે રે, જ૦
દેવ સહુ નંદીશ્વર જાએ, આવતાં પાતક ઠેલે રે. જ૦ ૭
હવે પ્રભાતે સિદ્ધારથ રાજા, અતિ ઘણા ઓચ્છવ મંડાવે રે,જ૦
ચકલે ચકલે નાચ કરાવે, જગતનાં દાણ છંડાવે રે. જ૦ ૮
બારમે દિવસે સજ્જન સંતોષી, નામ દીધું વર્દ્ધમાન રે,જ૦
અનુક્રમે વધતાં આઠ વરસના, હુઆ શ્રી ભગવાન રે. જ૦ ૯
એક દિન પ્રભુજી રમવા ચાલ્યા, તેવ તેવડાની સંઘાતે રે,જ૦
ઇંદ્ર મુખે પરશંસા નિસુણી, આવ્યો સુર મિથ્યાત્વી રે. જ૦૧૦
પન્નગ રૂપે ઝાડે વળગ્યો, પ્રભુજીએ નાંખ્યો ઝાલી રે, જ૦
તાડ સમાન વળી રૂપ કીધું, મુઠીએ નાખ્યો ઉછાળી રે.જ૦૧૧
ચરણે નમીને ખમાવે તે સુર, નામ ધરે મહાવીર રે, જ૦
જેહવા તુમને ઇંદ્રે વખાણ્યા તેહવા છો પ્રભુ ધીર રે. જ૦૧૨
માતપિતા નીશાળે ભણવા, મૂકે બાળક જાણી રે, જ૦
ઇંદ્રિ આવી તિહાં પ્રશ્ન જ પૂછે, પ્રભુ કહે અર્થ વખાણીરે જ૦૧૩
યોવન વય જાણી પ્રભુ પરણ્યા, નારી યશોદા નામે રે, જ૦
અઠ્ઠાવીશ વર્ષે પ્રભુના, માતપિતા સ્વર્ગ પામે રે. જ૦ ૧૪
ભાઈ તણો અતિ આગ્રહ જાણી, દોય વરસ ઘરવાસી રે,જ૦
તેહવે લોકાંતિક સુર બોલે, પ્રભુ કહો ધર્મ પ્રકાશી રે.જ૦૧૫

## ઢાળ ચોથી

પ્રભુ આપી વરસીદાન, ભલું રવિ ઉગતે જિનવરજી;
એક કોડી આઠ લાખ સોનૈયા, દિન પ્રત્યે જિનવરજી.
માગશર વદી દશમી, ઉત્તરાયોગે મન ધરી જિનવરજી,
ભાઈની અનુમતિ, માગીને દીક્ષા વરી. જિનવરજી. ૧
તેહ દિવસ થકી પ્રભુ, ચઉનાણી થયા જિનવરજી,
સાધિક એક વરસ તે ચિવર ધારી, પ્રભુ રહ્યા જિનવરજી.
પછે દીધું બંભણને બે વાર, ખંડો ખંડ કરી જિનવરજી,
પ્રભુ વિહાર કરે એકાકી, અભિગ્રહ ચિત્તધરી. જિનવરજી ૨
સાડાબાર વરસમાં ઘોર પરિસહ જે સહ્યા જિનવરજી;
શુલ પાણીને સંગમદેવ ગોશાળાના કહ્યા જિનવરજી,
ચંડકોશીન ગોવાળે ખીર રાંધી પગ ઉપરે જિનવરજી,
કાને ખીલા બોસ્યા તે કૂટે સહુ પ્રભુ ઉદ્ધરે. જિનવરજી. ૩
લેઈ અડદના બાકુળા ચંદનબાળા તારિયાં જિનવરજી;
પ્રભુ પર ઉપગારી સુખ દુઃખ સમ ધારીયાં જિનવરજી.
છ માસી બે ને નવ ચોમાસી કહિએ રે જિનવરજી,
અઢીમાસ ત્રિમાસ દોઢ માસ એ બે બે લહિએ રે.જિનવરજી. ૪
ષટ કીધાં બે બે માસ પ્રભુ સોહામણા જિનવરજી;
બાર માસને પખ બહોંતેર તે રળિયામણા જિનવરજી.
છઠ બસેં ઓગણત્રીશ બાર અઠમ વખાણીએ જિનવરજી,
સાડાબાર વર્ષ તપ કીધાં, વિણ પાણીયે જિનવરજી. ૫
પારણાં ત્રણસેં ઓગણપચાસ તે જાણીએ જિનવરજી;
તવ કર્મ ખપાવી ધ્યાન શુકલમન ધ્યાવતા જિનવરજી.
વૈશાખ શુદિ દશમી ઉત્તરા જોગે, સોહાવતા જિનવરજી. ૬
શાળીવૃક્ષ તળે પ્રભુ પામ્યા કેવળનાણરે જિનવરજી;
લોકાલોક તણા પ્રકાશી થયા પ્રભુ જાણરે જિનવરજી.

ઈંદ્રભુતિ પ્રમુખ પ્રતિબોધી ગણધર કીધરે જિનવરજી,
સંઘ સ્થાપના કરીને ધર્મની દેશના દીધરે જિનવરજી. ૭
ચૌદ સહસ અણગાર પ્રભુને શોભતા જિનવરજી;
વળી સાધ્વી સહસ છત્રીસ કહી નિર્લોભતા જિનવરજી.
ઓગણસાઠ સહસ એક લાખને શ્રાવક સંપદા જિનવરજી,
ત્રણ લાખને સહસ અઢાર તે શ્રાવિકા સમુદાય જિનવરજી. ૮
ચૌદ પૂર્વધારી ત્રણસેં સંખ્યા જાણીયે જિનવરજી;
તેરસં ઓહીનાણી સાતસેં કેવલી વખાણીયે જિનવરજી,
લબ્ધિધારી સાતસેં વિપુલમતી વળી પાંચસે જિનવરજી,
વળી ચારસેં વાંદી તે પ્રભુજી પાસે વસે જિનવરજી. ૯
શિષ્ય સાતસં ને વળી ચૌદસેં સાધવી સિદ્ધ થયાં જિનવરજી;
એ પ્રભુજીનો પરિવાર કહેતાં મન ગહ ગહ્યાં જિનવરજી,
પ્રભુજી એ ત્રીશ વરસ ઘરવાસે ભોગવ્યાં જિનવરજી.
છદ્મસ્થપણામાં બાર વરસ તે જોગવ્યાં જિનવરજી. ૧૦
ત્રીશ વરસ કેવળ બેંતાલીશ વરસ સંયમપણું જિનવરજી;
સંપૂર્ણ બહોંતેર વરસ આયુ શ્રી વીરતણું જિનવરજી.
દિવાળી દિવસે સ્વાતિ નક્ષત્રે સોહંકરૂં જિનવરજી;
મધ્યરાત્રે મુગતિ પહોત્યા પ્રભુજી મનોહરૂં જિનવરજી. ૧૧
એ પંચ કલ્યાણક ચોવીસમા જિનવર તણો જિનવરજી;
તે ભણતાં ગણતાં હરખ હોય મનમાં ઘણો જિનસરજી.
જિનશાસન નાયક ત્રિસલાસુત ચિત્ત રંજણો જિનવરજી,
ભવિયણ ને શિવ સુખકારી,ભવ ભય ભંજણો જિનવરજી.૧૨

કળશ

જય વીર જિનવર સંગ સુખકર, થુણ્યો અતિ ઉત્સુક ધરી;
સંવત સત્તર એકાશીયે, સુરત ચોમાસું કરી,

શ્રી સહજ સુંદર તણો સેવક, ભક્તિ શું એણી પરે,
પ્રભુજી શું પૂર્ણ પ્રેમ પામ્યો, નિત્ય લાભ વાંછિત લહે. ૧

---

## ૧૯ શ્રી મહાવીર સ્વામીનું પારણું (હાલરીયું)

છાનો મોરા છમ, છાનો મોરા વીર,
પછે તમારી દોરી તાણું, મહાવીર કુંવર ઝુલે પારણાયે;
હીરના છે દોર ઘુમે છે મોર, કોયલડી સુર નારી. મહા૦ ૧
ઈંદ્રાણી આવે, હાલણ હુલણ લાવે,
વીરને હેતે કરી હુલરાવે. મહા૦ ૨
સુંદર બેની આવે, આભૂષણ લાવે,
ખાજાં રૂડાં લાવે, મોતીચુર ભાવે,
વીરને હેતે કરીને જમાડે. મહા૦ ૩
વીર મ્હોટા થાસે, નિશાળે ભણવા જાશે,
એમ ત્રિશલા માતા હરખાશે. મહા૦ ૪
નંદીવર્દ્ધન આવે, રાણી રૂડી લાવે,
વીરને હેતે કરી પરણાવે. મહા૦ ૫
વીર મ્હોટા થાશે, જગમાં ગવાશે,
એમ કાન્તિવિજય ગુણ ગાશે. મહા૦ ૬

---

## ૨૦ શ્રી મહાવીર સ્વામીનું પારણું (હાલરીયું)

માતા ત્રિશલા ઝુલાવે પુત્ર પારણે,
ગાવે હાલો હાલો હાલરૂવાનાં ગીત;
સોના રૂપાને વળી રત્ને જડિયું પારણું,
રેશમ દોરી ઘુઘરી વાગે છુમ છુમ રીત;
હાલો હાલો હાલો, હાલો મારા નંદને. ૧

જિનજી પાસ પ્રભુજી વરસ અઢીસેં અંતરે,
    હોશે ચોવાસમો તીર્થંકર જિન પરિમાણ;
કેશીસ્વામી મુખથી એવી વાણી સાંભળી,
    સાચી સાચી હુઈ તે મારે અમૃત વાણ. હા૦ ૨
ચૌદ સ્વપ્ને હોવે ચક્રી કે જિનરાજ,
    વીત્યા બારે ચક્રી નહિં હવે ચક્રી રાજ;
જિનજી પાસ પ્રભુના શ્રી કેશી ગણધાર,
    તેને વચને જાણ્યા ચોવીશમા જિનરાજ. હા૦ ૩
મારી કુખે આવ્યા તારણ તરણ જહાજ,
    મારી કુખે આવ્યા ત્રણ્ય ભુવનના શિરતાજ;
મારી કુખે આવ્યા સંઘ તીરથની લાજ,
    હું તો પુણ્ય પનોતી ઇંદ્રાણી થઈ આજ. હા૦ ૪
મુજને દોહલો ઉપન્યો જે બેસું ગજ અંબાડીયે,
    સિંહાસન પર બેસું ચામર છત્ર ધરાય;
સહુ લક્ષણ મુજને નંદન તાહરા તેજનાં,
    તે દિન સંભારૂં ને આનંદ અંગ ન માય. હા૦ ૫
કરતલ પગતલ લક્ષણ એક હજારને આઠ છે,
    તેહથી નિશ્ચય જાણ્યા જિનવર શ્રી જગદીશ;
નંદન જમણી જંઘે લંછન સિંહ બિરાજતો,
    મેં પહેલે સુપને દીઠો વિશવાવીશ. હા૦ ૬
નંદન નવલા બંધવ નંદીવર્દ્ધનના તમે,
    નંદન ભોજાઈઓના દિયર છો સુકુમાલ;
હસશે રમશે ભોજાઈઓ કહી દીયર મારા લાડકા,
    હસશે રમશે ને વળી, ચુંટી ખણશે ગાલ;
હસશે રમશે ને વળી ઠુંસા દેશે ગાલ. હા૦ ૭
નંદન નવલા ચેડા રાજાના ભાણેજ જો,
    નંદન નવલા પાંચસેં મામીના ભાણેજ છો;

નંદન મામલીયાના ભાણેજા સુકુમાલ,
 હસશે હાથ ઉછાળી કહીને નહાના ભાણેજા;
 આંખો આંજી ને વળી ટબકું કરશે ગાલ. હા૦ ૮
નંદન મામા મામી લાવશે ટોપી આંગલાં,
 રતને જડીયાં ઝાલર મોતી કસબી કોર;
નીલાં પીલાં ને વળી રાતાં સરવે જાતિનાં,
 પહેરાવશે મામી મહારા નંદ કિશોર. હા૦ ૯
નંદન મામા મામી સુખલડી સહુ લાગશે,
 નંદન ગજવે ભરશે લાડુ મોતી ચુર;
નંદન મુખડાં જોઈને લેશે મામી ભામણા,
 નંદન મામી કહેશે જીવો સુખ ભરપુર. હા૦ ૧૦
નંદન નવલા ચેડા મામાની સાતે સતી,
 મારી ભત્રીજી ને બેન તમારી નંદ;
તે પણ ગુંજે ભરવા લાખણસાઇ લાવશે,
 તુમને જોઈ જોઈ હોશે અધિકો પરમાનંદ; હા૦ ૧૧
રમવા કાજે લાવશે લાખ ટકાનો ઘુઘરો,
 વળી સુડા મેનાં પોપટ ને ગજરાજ;
સારસ હંસ કોયલ તીતરને વળી મોરજી,
 મામી લાવશે રમવા નંદ તમારે કાજ. હા૦ ૧૨
છપ્પન કુમરી અમરી જળ કળશે નવરાવીયા,
 નંદન તમને અમને કેલી ઘરની માંહે;
ફુલની વૃષ્ટિ કીધી યોજન એકને મંડલે,
 બહુ ચિરંજીવા આશીષ દીધી તુમને ત્યાંહે. હા૦૧૩
તમને મેરૂગિરિ પર સુરપતિયે નવરાવિયા,
 નિરખી નિરખી હરખી સુકૃત લાભ કમાય;
મુખડા ઉપર વારૂ કોટિ કોટિ ચંદ્રમા,
 વળી તન પર વારૂ ગ્રહ ગણનો સમુદાય. હા૦ ૧૪

નંદન નવલા ભણવા નીશાળે પણ મૂકશું,
ગજ પર અંબાડી બેસાડી મ્હોટે સાજ;
પસલી ભરશું શ્રીફલ ફોફલ નાગરવેલશું,
સુખલડી લેશું નિશાળીયાને કાજ. હાo ૧૫
નંદન નવલા મ્હોટા થાશો ને પરણાવશું,
વહુ વર સરખી જોડી લાવશું રાજકુમાર;
સરખા સરખી વેવાઈ વેવાણોને પધરાવશું,
વર વહુ પોંખી લેશું જોઈ જોઇને દેદાર. હાo ૧૬
પીયર સાસર મ્હારા બેહુ પક્ષ નંદન ઉજલા,
મારી કુખે આવ્યા તાત પનોતા નંદ,
મ્હારે આંગણે વુઠયા અમૃત દૂધે મેહુલા,
મ્હારે આંગણ ફલિયા સુર તરૂ સુખના કંદ. હાo ૧૭
ઇણિ પરે ગાયું માતા ત્રિશલા સુતનું પારણું,
જે કોઈ ગાશે લેશે પુત્ર તણા સામ્રાજ્ય;
બીલીમોરા નગરે વરણવ્યું વીરનું હાલરૂં,
જય જય મંગલ હોજો દીપવિજય કવિરાજ. હાo ૧૮

---

## ૨૧ શ્રી પાર્શ્વનાથ જિન (થાળ) સ્તવન.

માતા વામાદે બોલાવે જમવા પાસને, જમવા વેળા થઇ છે,
રમવાને શિદ જાવ, ચાલો તાત તુમારા બહુ થાયે ઉતાવલા,
વહેલા હાલોને ભોજનીયાં ટાઢાં થાય. માતા૦ ૧
માતાનું વચન સુણીને જમવાને બહુ પ્રમશું,
બુદ્ધિ બાજોઠ ઢાળી, બેઠા થઈ હોંશિયાર;
વિનય થાળ અજુઆલી, લાલન આગળ મૂકીયો,
વિવેક વાટકીયો શોભાવે, થાળ મોઝાર. માતા૦ ૨

સમકિત શેલડીના, છોલીને ગઠા મૂકીયા,
દાનના દાડમ દાણા, ફોલી આપ્યા ખાસ;
સમતા સિતાફલનો, રસ પીજયો બહુ રાજીયા,
જુક્તિ જામફળ પ્યારા, આરોગોને પાસ. માતા૦ ૩
મારા નાનડીયાને, ચોખા ચિત્તનાં ચૂરમાં,
સુમતી સાકર ઉપર, ભાવશું ભેળું ઘૃત,
ભક્તિ ભજીયાં પિરસ્યાં, પાસકુમારને પ્રેમશું.
અનુભવ અથાણા, ચાખો ને રાખો સરત. માતા૦ ૪
પ્રભુને ગુણ ગુંજા મેં જ્ઞાન ગુંદવડા પીરસ્યા;
પ્રેમના પેંડા જમજયો, માન વધારણ કાજ;
જાણપણાની જલેબી, જમતાં ભાગે ભુખડી,
દયા દૂધપાક અમીરસ, આરોગોને આજ. માતા૦ ૫
સંતોષ શીરાને વળી, પુન્યની પુરી પીરસી,
સંવેગ શાક ભલાં છે, દાતાર ઢીલી દાળ;
મોટાઇ માલપુવાને, પ્રભાવનાના પુડલા,
વિચાર વડી વઘારી, જમજો મારા લાલ. માતા૦ ૬
રૂચી રાયતાં રૂડાં, પવિત્ર પાપડ પીરસ્યાં.
ચતુરાઈ ચોખા, ઓસાવી આણ્યા ભરપુર;
ઉપર ઇંદ્રિય દમન દૂધ, તપ તાપે તાતું કરી,
પ્રીતે પીરસ્યું, જમજો જગજીવન સહ નૂર. માતા૦ ૭
પ્રીતિ પાણી પીધાં, પ્રભાવતીના હાથથી,
તત્ત્વ તંબોલ લીધાં, શિયલ સોપારી સાથ;
અક્કલ એલાયચી આપીને, માતા મુખ વદે,
ત્રિભુવન ત્હારી તરજો, જગજીવન જગનાથ. માતા૦ ૮
પ્રભુના થાલ તણા જે, ગુણ ગાવે ને સાંભળે,
ભેદ ભેદાન્તર સમજે, જ્ઞાની તેહ કહેવાય;

ગુરૂ ગુમાનવિજયનો, શિષ્ય કહે શીરનામીને,
સદા સૌભાગ્ય વિજય, ગાવે ગીત થાય સદાય. માતા૦ ૯

---

## ૨૨ શ્રી શાન્તિનાથજીનું સ્તવન.

સુંદર શાંતિ જીણંદની, છબી છાજે છે,
પ્રભુ ગંગાજલ ગંભીર, કીર્તિ ગાજે છે.
ગજપુર નયર સોહામણું, ઘણું દીપે છે,
વિશ્વસેન નરિંદનો નંદ, કંદર્પ ઝીપે છે. ૧
અચિરા માતા ઉરે જાયો મન રંજે છે,
મૃગ લંછન કંચનવાન, ભાવઠ ભંજે છે. ૨
પ્રભુ લાખ વરસ ચોથે ભાગે વ્રત લીધું છે,
પ્રભુ પામ્યા કેવળજ્ઞાન, કારજ સીધ્યું છે. ૩
ધનુષ ચાલીશનું ઈશનું, તનુ સોહે છે,
પ્રભુ દેશના ધુનિ વરસંત, ભવિ પડિ બોહે છે. ૪
ભક્તિ વત્સલ પ્રભુતા ભણી, જન તારે છે,
બુડંતા ભવ જલ માંહિ, પાર ઉતારે છે. ૫
શ્રી સુમતિવિજય ગુરૂ નામથી, દુઃખ નાસે છે,
કહે રામવિજય જીન ધ્યાન, નવ નિધિ પાસે છે. ૬

---

## ૨૩ શ્રી નેમનાથ પ્રભુનું સ્તવન.

પ્રભુ નેમ ગયા ગિરનાર, છોડી સંસારને,
તજ્યા માત પિતા પરિવાર, કે જાણી અસારને;
પ્રભુ તું છે પ્રાણ આધાર, જગતના લોકને,
મારા જીવનના આધાર, ટાળો મુજ શોકને. ૧

પ્રભુ છોડી રાજુલ નાર, તોરણથી પાછા વળ્યા,
કરી પશુઓને ઉપગાર, પોતે ગિરિવર ચઢયા,
હવે લોકાંતિક જે દેવ, આવે આદર કરી,
વરસાવો વરસીદાન, પ્રભુ કૃપા કરી. ૨
ત્રણસેં ક્રોડ અઠયાસી ક્રોડ, લાખ એંશી વળી;
દિયે સોનૈયાનું દાન, પ્રભુજી અતુલ બળી;
હવે દિક્ષા લેવા કાજ, પ્રભુજી સંચરે,
સહસાવન કરે નિવાસ રૈવતગિરિ ઉપરે. ૩
પ્રભુ સિદ્ધને કરી પ્રણામ, સામાયિક ઉચ્ચરે,
કરવા ઘાતી કર્મને દૂર, ભયંકર તપ કરે;
દિન ચોપન સુધી એમ, પ્રભુજીએ તપ કર્યાં,
દિન પંચાવન મેં જ્ઞાન, કેવલ રિદ્ધિ વર્યાં. ૪
પ્રભુ તારી રાજુલ નાર, પોતાની જાણીને,
પછી વરિયા શ્રી જિનરાજ, મોક્ષ પટરાણીને;
પ્રભુ વિજય મુક્તિ મહારાજ, હૃદયમાં સ્થાપજો,
તુમ ચરણ કમળની સેવ, નિરંતર આપજો.

---

## ૨૪ શ્રી નેમનાથ જિનનું સ્તવન.

દ્વારાપુરીનો નેમ રાજીઓ,
તજી છે જેણે રાજુલ જેવી નાર રે;
ગીરનારી નેમ સંયમ લીધો છે બાળાવેશમાં. ૧
મંડપ રચ્યો છે મધ્ય ચોકમાં,
જોવા મળીયું છે દ્વારાપુરીનું લોક રે. ગીરનારી નેમ૦ ૨
ભાભીએ મેણાં મારીયાં,
પરણે વાલો શ્રી કૃષ્ણનો વીર રે. ગીરનારી નેમ૦ ૩

ગોખે બેસીને રાજુલ જોઈ રહ્યાં,
ક્યારે આવે જાદવ કુળનો દીપ રે. ગીરનારી નેમ૦૪

નેમજી તે તોરણ આવીયા,
સુણી કાંઈ પશુનો પોકાર રે. ગીરનારી નેમ૦૫

સાસુએ નેમજીને પોંખીયા.
વ્હાલો મારો તોરણ ચઢવા જાય રે. ગીરનારી નેમ૦૬

નેમજીએ શાળાને બોલાવીયા,
શાને કરે છે પશુડાં પોકાર રે. ગીરનારી નેમ૦૭

રાતે રાજુલ બેન પરણશે,
સવારે દેશું ગોરવના ભોજન રે. ગીરનારી નેમ૦૮

નેમજીએ રથ પાછો વાળીયો,
જઈ ચઢયા ગઢ ગીરનાર રે. ગીરનારી નેમ૦૯

રાજુલ બેની રૂવે ધ્રૂસકે,
રૂવે રૂવે કાંઈ સૌરીપુરીનાં લોક રે. ગીરનારી નેમ૦૧૦

વીરાએ બેનીને સમજાવીયાં,
અવર જોશું નેમ સરીખો ભરથાર રે. ગીરનારી નેમ૦૧૧

પીયુ તે નેમ એક ધારીયા,
અવર દેખું ભાઇને બીજા બાપ રે, ગીરનારી નેમ૦૧૨

જમણી આંખે શ્રાવણ સરવરે,
ડાબી આંખે ભાદરવો ભરપુર રે. ગીરનારી નેમ૦૧૩

ચીર ભિંજાયાં રાજુલ નારનાં,
વાગે છે કાંઈ કંટક અપાર રે. ગીરનારી નેમ૦૧૪

હીરવિજય ગુરૂ હીરલો,
લબ્ધિવિજય કહે કરજોડ રે. ગીરનારી નેમ૦૧૫

જૈન તીર્થંકર બાવીસમા,
સખીયો કહે ન મળે એની જોડ રે. ગીરનારી નેમ૦૧૬

## ૨૫ શ્રી અખાત્રીજનું સ્તવન.

શ્રી રિખવ વરસાપવાસી, પુરવની પ્રીત પ્રકાશી;
શ્રેયાંસ બોલે શાબાશી, બાબાજી વિનતિ અવધારો રે.
મારે મંદિરીયે પાઉ ધારો, બાબાજી૦ ૧
શેરડી રસ સુઝતો વ્હોરો, નાથજી ન કરવો ન્હોરો;
દરિસણ ફળ આપો દોરો. બાબાજી૦ ૨
પ્રભુ એ તવ માંડી પસલી, આહાર લેવાની ગતિ અસલી;
પ્રગટી નવ દુર્ગતિ વસલી. બાબાજી૦ ૩
અજુઆલી ત્રીજ વૈશાખી, પંચ દિવ્ય થતા સુર સાખી;
એ તો દાન તણી ગતિ દાખી. બાબાજી૦ ૪
યુગાદિ પર્વ જાણો, અખાત્રીજ નામે વખાણો;
સહુ કોઇ કરે ગલમાણો. બાબાજી૦ ૫
સહસ વરસ કેવળ પાયો, એક લાખ પુરવ અર આયો;
પછી પરમ મહોદય પાયો. બાબાજી૦ ૬
એમ ઉદય વંદે ઉવજ્ઝાયા, પુજોજી રિખવના પાયા;
જેણે આદિ ધર્મ ઉપાયા. બાબાજી૦ ૭

## ૨૬ શ્રી વર્દ્ધમાન તપનું સ્તવન.

(જિમ જિમ એ ગિરિ ભેટીએ રે—એ દેશી.)

જિમ જિમ એ તપ કીજીએ રે, તિમ ભવ પરિપાક સલુણા;
નિકટ ભવિ જીવ જાણવો રે, ઈમ ગીતારથ સાખ. સ૦ જિ૦ ૧
આયંબિલ તપ વિધિ સાંભલો રે, વર્ધમાન ગુણ ખાણ. સ૦
પાપ મલ ક્ષય કારણે રે, કતલ ફલ ઉપમાન. સ૦ જિ૦ ૨

શુભ મુહૂર્ત્ત શુભ યોગમાં રે; સદ્‌ગુરૂ નંદિયોગ. સ૦
આયંબિલ તપ પદ ઉચ્ચરી રે, આરાધો અનુયોગ. સ૦જિ૦ ૩
ગુરૂ મુખ આયંબિલ ઉચ્ચરી રે, પૂજા પ્રતિમા સાર, સ૦
નવપદની પૂજા ભણી રે, માગો પદ અણહાર. સ૦ જિ૦ ૪
ખટ રસ ભોજન ત્યાગવારે, ભૂમિ સંથારા પ્રાય, સ૦
બ્રહ્મચર્યાદિ પાલવારે, આરંભ જયણા થાય. સ૦ જિ૦ ૫
તપ પદની આરાધનારે, કાઉસ્સગ્ગ લોગસ્સ બાર, સ૦
ખમાસમણ બાર આપવારે, ગુણણું હોય હજાર, સ૦જિ૦ ૬
અથવા સિદ્ધ પદ આશ્રયીરે, કાઉસ્સગ્ગ લોગસ્સ આઠ, સ૦
ખમાસમણ આઠ જાણવારે, નમો સિદ્ધાણં પાઠ. સ૦જિ૦ ૭
બીજે દિન ઉપવાસમાં રે, પૌષધાદિ વ્રત યુક્ત, સ૦
પડિક્કમણાદિ ક્રિયા કરીરે, ભાવના પરિમલ યુક્ત. સ૦જિ૦ ૮
ઈમ આરાધો ભાવથીરે, વિધિ પૂર્વક ધરી પ્રેમ. સ૦
ભાવો ધ્યાવો ભવિજનારે, ધર્મ રત્ન પદ એમ સ૦ જિ૦ ૯

---

## ૨૭ નવપદ મહીમા સ્તવન.

ચૌદ પૂર્વનો સાર, મંત્ર માંહિ નવકાર;
જપતાં જય જયકાર, ઓ સહીયરો હૃદય ધરો નવકાર. ૧
અડસઠ અક્ષરે ઘડીઓ, ચૌદ રત્ન સુજડીઓ;
શ્રાવકને ચિત્ત ચિત્ત ચડીયો. ઓ સહીયરો૦ ૨
અક્ષર પંચ રતન, જીવ દયા સુ જતન;
જે પાલે તેને ધન્ય. ઓ સહીયરો૦ ૩
નવપદ નવસરો હાર, નવપદ જગમાં સાર;
નવપદ હોહીલો આધાર. ઓ સહીયરો૦ ૪
જે નરનારી ભણશે, તે સુખ સંપદ લહેશે;
સેવકને સુખ થાશે. ઓ સહીયરો૦ ૫
હીરવિજયની વાણી, સુણતાં અમૃત સમાણી;
મોક્ષ તણી નિસરણી. ઓ સહીયરો૦ ૬

# સ્તુતિ-સંગ્રહ

## ૧ શ્રી પાર્શ્વનાથ જિન સ્તુતિ.

શ્રી સર્વજ્ઞ જ્યોતિ રૂપં, વિશ્વાધીશં દેવેન્દ્રં;
કમ્પાકારં લીલાગારં, સાધ્વાચારં શ્રીતારમ્.
જ્ઞાનોદારં વિદ્યાસારં, કીર્તિસ્ફારં શ્રોકારં;
ગીર્વાણૈ વંન્દ્યં સાનન્દં, ભક્ત્યા વંદે શ્રીપાર્શ્વમ્. ૧

જાગ્ર દ્વીપે જમ્બુદ્વીપે, સ્વર્ણે શૈલે શ્રીશૃંગે,
ચગ-ચચ્ચક્કે જ્યોતિષ્ચક્કે, તુકાંત્યાઢયે વૈતાઢયે.
શ્રેયસ્કારે વક્ષસ્કારે, દેવા ાસે સીલ-ાસે,
યે વર્તન્તતે સાર્વાડધિશા, સ્તે સૌખ્યંવો દેવાસુઃ ૨

સમ્યગ જ્ઞાનં શુદ્ધ ધ્યાનં, શ્રુત્વા ધ્યાનં સન્માનં,
ત્રૈલોક્ય શ્રી રાપ રમ્યં, વિદ્વદ્ ગમ્યં પ્રાગમ્યં.
અર્હદ્વક્ત્રામ્ભોજોદ્ ભૂતં, શાશ્વત્ પૂતં સગીતં,
લક્ષ્મી કાન્તં વર્ણો પેતં. વન્દે વ્યક્તં સિદ્ધાન્તમ્. ૩

ભવ્યાનાં ભક્તાનાં, કલ્યાણં કુર્વણા નિભ્રાણા,
શીર્ષે શૌણ્ડીરં કોટીરં, તારં હારં વક્ષો જે;
વિખ્યાતા ભોગીન્દ્રો, પેતા સાલકારા પ્રલ્હાદ,
યચ્છન્તી સા પદ્માદેવી, સદ્બુદ્ધિં વૃદ્ધિં વૈદુષ્યમ્. ૪

---

## ૨ શ્રી પાર્શ્વનાથ જિન સ્તુતિ.

શ.મદમોત્તમ વસ્તુ મહાપણું, સકલ કેવલ નિર્મલ સદ્ગુણમઃ
નગર જેસલમેર વિભૂષણ, ભજત પાર્શ્વ જીનં ગત દુષણમ. ૧
સુર નરેશ્વર નમ્ર પદાંબુજમ, સ્મરમહીરૂહભં ગમતંગજમ;
સકલ તિર્થંકરા સુખ કારકા, ઈહ જયન્તુ જગજજન તારકા.૨

શ્રેયતિ યઃસુકૃતી જિનશાસનમ્, વિપુલ મંગલ કેલી વિભાસનમ.
પ્રબલ પુન્ય રમોદય ધારિકા ફલતિ તસ્ય મનોરથ માલીકા. ૩
વિકટ સંકટ કોટિ વિનાશનમ્, જિનમતા શ્રિત સૌખ્ય વિકાસનમ્.
સુર નરેશ્વર કિન્નર સેવિતા, જયતુ સા જિનશાસન દેવતા. ૪

## ૩ શ્રી બીજ તિથિની સ્તુતિ.

પૂરવ દિશી ઉત્તર દિશી વચમાં, ઈશાન ખુણે અભિરામજી.
તિહાં પુખલવઈ નયરી પુંડરગીરિ, નયરી ઉત્તમ ઠામજી;
શ્રી સીમંધર જીન સંપ્રતિ કેવલી, વિચરંતા જગ જયકારીજી,
બીજ તણે દિન ચંદ્રને વિનવું, વંદણા કહેજો મારીજી. ૧
જંબુદ્વીપમાં ચાર જિનેશ્વર, ધાતકીખંડમાં આઠજી;
પુષ્કરાર્દ્ધમાં આઠ મનોહર, એહવા સિદ્ધાંત પાઠજી,
પાંચ મહાવિદેહે થઈને, વિહરમાન જીન વિશજી;
જે આરાધે બીજ તપ સાધે, જસ મન હોય જગીશજી. ૨
સમવસરણમાં બેસીને વખાણ, સુણે ઇંદ્ર ઈંદ્રાણીજી,
સીમંધર જીન પ્રમુખની વાણી, મુજ મન શ્રવણ સોહાણીજી,
જે નર નારી સમકિત ધારી, એ વાણી ચિત્ત ધરશેજી,
બીજ તણો મહીમા સાંભળતાં, કેવલ કમળા વરશેજી. ૩
વિહરમાન જિન સેવા કારી, શાસન દેવી સારીજી,
સકલ સંઘની આનંદકારી, વાંછિત ફલ દાતારીજી;
બીજ તણો તપ જે નર કરશે, તેની તું રખવાલીજી,
વીરવિજય કહે સરસ્વતી માતા, દ્યો મુજ વાણી રસાળીજી. ૪

## ૪ શ્રી પાંચમ તીથિની સ્તુતિ.

ઉત્તર દિશિ અનુત્તરથી ચવિયા, સૌરિપુર અવતરીયાજી,
સમુદ્રવિજય નૃપ પરણી ધરણી, ઉદરે ગુણગણ ભરીયાજી;

શુચિ સીત પંચમી પંચમીરૂપ ધરી, પ્રમુદિત શચીપતિ આવેજી,
પંચવર્ણ કળશે કનકાચલ, શિખરે પ્રભુ ન્હવરાવેજી. ૧
પંચ કલ્યાણક ચોવીશ જિનના, દશ ક્ષેત્રે સય વારજી;
અવિરતિ બાર તજીને આદરે, પંચ મહાવ્રત ભારજી;
પંચાચાર શોભિત વિચરે, પંચાનન ઉપમાનજી,
પંચ પ્રમાદ મતંગજ ભેદી, પામ્યા પંચમ જ્ઞાનજી. ૨
સૂત્ર નિર્યુક્તિ ટીકા ચૂર્ણિ, ભાષ્ય પંચાંગી પ્રમાણજી,
સાંપ્રત ષટ લખ ગુણ ચાલીશ સહસ, ત્રણસય ષષ્ટિ માનજી;
તસ અનુસારે ગીતારથ કૃત, વૃત્યાદિક વિસ્તારજી,
પંચ પ્રકારે સજ્ઝાય કરે મુનિ, પાળે પણ વ્યવહારજી. ૩
દેશવિરતિ પંચમ ગુણ ઠાણ, પંચ પ્રકારે તરીયાજી,
માનવ ગતિ ચૌદશ ગુણઠાણા, પંશદશ ભુમિને વરીયાજી;
પચીશ ભેદે સુરવર ભાખ્યા, સાચા સમકિત ધારીજી,
શક્તિ અનુસારે સઘળા કરજો, જિન શાસન રખવાળીજી. ૪

## ૫ શ્રી જ્ઞાનપંચમીની સ્તુતિ

શ્રીનેમિ: પંચ-રુપ-ત્રિદશપતિ-કૃત,-પ્રાજ્ય-જન્માભિષેક—
શ્ચંચત્ પંચાક્ષમત્ત-દ્વિરદ-મદ-ભિદા, પંદ-વક્ત્રોપમાન:;
નિર્મુક્તઃ પંચ-દેહ્યા: પરમ-સુખ-મય: પ્રાસ્ત-કર્મ-પ્રપંચ:;
કલ્યાણં પંચમીસત્તપસિ વિતનુતાં, પંચમ-જ્ઞાનવાન વ: (૧)
સંપ્રીણન્ સચ્ચકોરાન્ શિવ-તિલક-સમ: કૌશિકાનંદ-મૂર્ત્તિ:,
પુણ્યાબ્ધિ: પ્રાતિ-દાયિ સિતરૂચિરિવ ય:, રવીય-ગોભિસ્તમાંસિ;
સાન્દ્રાણી ધ્વંસમાન: સકલ-કુવલયોલ્લાસમુચ્ચૈશ્ચકાર,
જ્ઞાનંપુષ્પાજ્જિનૌઘ: સતપસિભવિનાં, પંચમી વાસરસ્ય, (૨)
પીત્વા નાનાભિધાર્થા-મૃતરસમસમં, યાન્તિ યાસ્યન્તિ જગ્મુ-
જીવા યસ્માદનેકે, વિધિવદમરતાં, પ્રાજ્ય-નિર્વાણપુર્યામ;

ચાત્વા દેવાધિદેવા-ગમદશમશુધા-કુંડમાનંદહેતુ-
સ્સત્પંચમ્યાસ્તપસ્યુ-ધુતવિશદધિયાં, ભાવિનામસ્તુ નિત્યમ્ ૩)
સ્વર્ણાલંકારવલ્ગાન્ મણિ-કિરણ-ગણ, ધ્વસ્ત નિત્યાંધકારા,
હુંકારારાવદૂરી-કૃતસુકૃત જન-વ્રાત-વિઘ્ન-પ્રચારા;
દેવીશ્રી અંબિકાખ્યા, જિનવરચરણા,-મ્ભોજ ભૃંગી-સમાના:
પંચમ્યહ્નસ્તપ્રોડર્થં, વિતરતુ કુશલં, ધીમતાં સાવધાના. (૪)

---

## ૬. સંસાર દાવા (આઠમની પાદ પૂર્તિ)ની સ્તુતિ

નમેન્દ્ર મૌલ પ્રપતત્પરાગ, પુંજ સ્ફુરત્કર્બુરિત ક્રમાબ્જમ,
વીર ભજે નિર્જિત મોહવીરં, સંસારદા ા નલ દાહ નીરમ.૧
પુષ્પૌઘપદ્મદલ સૌરભ ગુણ્ઠિતાનિ, સ્વર્ગમિષુ જૈઃ સુરકૃતૈઃ
પરિમણ્ડિતાનિ;વન્દેઽર્હતાં વર પદાનિ નતાન્યજેન,ભાવાવનામ
સુર દાનવ માનવેન ૨ નાના રત્નૈઃ શુભગમતુલં પ્રૌઢસાર્દશ્ય
પાઠે, વિજ્ઞજ્ઞાતે બહુનય ભરૈઃ સત્તર હૈ; રૂપતમ્ યુક્ત્યા જૈનં
સમય મુદધિંકીર્તયામ્યસ્મિ કામં, બોધા ગાધં સુપદ પદવી
નીર પૂરા ભિરામમ. ૬ શ્રીમદ્ વીરક્રમામ્ભોરૂહ રસિકમના
રાજહંસીવ રમ્યા, સિદ્ધા સિદ્ધ વિરૂદ્ધા વિશદ ગુણ લશદ્
ભક્તિ હત્પદ્મરૂદ્ધા, યા ધત્તે સ્વીય કણ્ઠે ધનસુર ભિરસાં
પુષ્પ માલાં વિશાલા, મામૂલાલોલ ધૂલી બહુલ પરિમલા
લીઢલોલાલિમાલા. ૪

---

## ૭ શ્રી એકાદશી તિથની સ્તુતિ

નિરૂપમ નેમિ જીનેશ્વર ભાખે, એકાદશી અભિરામજી,
એક મને કરી જેહ આરાધે, તે પામે શીવ ઠામજી;

તેહની સુણી માધવ પૂછે, મન ધરી અતિ આનંદાજી,
એકાદશીનો એહવો મહિમા, સાંભળી કહો જીણંદાજી. ૧
એકશત અધિક પચાસ પ્રમાણ, કલ્યાણક સવિ જીનનાજી,
તેહ ભલા તે દિન આરાધો, પાપ છંડો સવિ મનાજી;
પોસહ કરીએ મૌન આદરીયે, પરિહરીએ અભિમાનજી,
તે દિન માયા મમતા તજીએ, ભજીએ શ્રીભગવાનજી. ૨
પરભાતે પડિક્કમણું કરીને, પોસહ પણ તિહાં પારીજી,
દેવ જુહારૂં ગુરૂને વાંદું, દેશના નીસુણું વાણીજી;
સામી જમાડું કર્મ ખપાવું, ઉજમણું ઘરે માંડુંજી,
અશનાદિક ગુરૂને વહોરાવી, પારણું કરૂં પછી વારૂંજી. ૩
બાવીસમા જીન એણીપરે બોલે, સુણ તું કૃષ્ણ નરિંદાજી,
એમ એકાદશી જેહ આરાધે, તે પામે સુખ વૃંદાજી;
દેવી અંબા પુણ્ય પસાયે, નેમીશ્વર હિતકારીજી,
પંડિત હરખવિજય તસ શિષ્ય, માનવિજય જયકારીજી. ૪

---

## ૮ શ્રી રોહિણીની સ્તુતિ.

જયકારી જિનવર, વાસુપૂજ્ય અરિહંત,
રોહિણી તપને ફળ, ભાખે શ્રી ભગવંત;
નર નારી ભાવે, આરાધે તપ એહ,
સુખ સંપત્તિ લીલા, લક્ષ્મી પામે તેહ. ૧
રૂષભાદિક જીનવર, રોહિણી તપ સુવિચાર,
નિજ મુખે પ્રકાશે, બેઠી પર્ષદા-બાર;
રોહિણી દિન કીજે, રોહિણીનો ઉપવાસ,
મન વાંછિત લીલા, સુંદર ભોગ વિલાસ. ૨
આગમમાંહિ એહનો, બોલ્યા લાભ અનંત,
વિધિશું પરમારથ, સાધે શુદ્ધ અનંત;

વળી દિન દિન વાધે, અંગ અધિકો નૂર,
દુઃખ દોહગ તેહના, નાશી જાયે દૂર. ૩
મહિમા જગ મહોટો રોહિણી તપનો જાણ,
સૌભાગ્ય તે સદા, પામે ચતુર સુજાણ;
તેણે ઘેર ઘેર ઓચ્છવ, નિત્ય નવલા શણગાર,
જિનશાસન દેવી, લબ્ધિ રૂચી જયકાર. ૪

---

## ૯ શ્રી પર્યુષણ પર્વની સ્તુતિ.

પુણ્યવંત પોશાલે આવે, પર્વ પજુસણ આવ્યા વધાવે;
ધર્મના પંથ ચલાવે, ઘાંચીની ઘાણી છોડાવે,
જીવ બંધનની જાળ તોડાવે, બંધીવાન ખોલાવે;
આઠ દિવસ લગે અમર પળાવે સ્વામીવચ્છલ મેરૂ ભરાવે,
જિનશાસન દીપાવે, પોસહ પડિક્કમણું ચિત્ત ધારે,
ક્રોધ કષાય અંતરથી વારે, વીરજીની પૂજા રચાવે. ૧
પુસ્તક લેઈ રાત્રિ જગો કીજે, ગાજંતે વાજંતે ગુરૂ હસ્તે દીજે,
ગહુંલી સુવાસણ કીજે, કલ્પસુત્ર પ્રારંભે વખાણું,
વીર જન્મ દિન સહુકો જાણું, નિશાળ ગરણા ટાણું;
ખાંડ પડા પેંડા પતાસા, ખાંડના ખડીયા ને નાળિયેર ખાસા;
પ્રભાવના ઉલ્લાસા; વીરતણો પહેલો અધિકાર,
પાસ નેમિસર અંતર સાર, આદિ ચરિત્ર ચિત્ત ધાર. ૨
જંબૂપાટે ત્રિભુવન ગુણ ભરીયા, શ્રીસંયમ ભવ જેણે ઉદ્ધરીયા,
યજ્ઞ થકી ઓસરીયા, કોશ્યા ઘેર ચોમાસું કીધું,
અખંડ શીયલનું દાનજ દીધું, સ્થૂલિભદ્ર નામ પ્રસિધ્યું;
પારણે ગાયાં હાલરડાં, સાંભળતાં સૂત્ર પાઠવીયા,

વયરસ્વામી શુભ વરીયા એમ સ્થવિરાવલી ભાખીયે જેહ,
સોહમ સ્વામી ચિંતામણી તેહ, કલ્પમાં સુણજો એહ. ૩
ઝલકસ મશરૂને પાઠાં રૂમાલ, પૂજીએ પોથ ને જ્ઞાન વિશાલ,
ઠવણી સહેજ સંભાલ, વલી પૂજા કીજે ગુરૂ અંગ,
સંવત્સરી દિન મનને રંગ, બારસો સુણી એક અંગ;
સાસુ જમાઇના અડીયાને દડીયા, સમાચારી માંહે સાંભળીયા,
ખામણે પાપજ ટળીયા; શ્રી ભાવ લબ્ધિસૂરી કહે એ કરણી,
શ્રીપદ મહેલ ચઢણ નીસરણી, સિદ્ધાયિકા દુઃખ હરણી. ૪

## ૧૦ શ્રી પર્યુષણ પર્વની સ્તુતિ.

ભો ભો ભવ્યજના: સદા યદિ શિવે વાંછા તદા પર્વણાઃ
શ્રીમત્પર્યુષણાભિધસ્ય કુરૂત સ્વારાધનં સાદરં;
દ્રવ્યાર્ચાં સુમચંદનૈ: સ્તુતિભરૈ: કૃત્વા ચ ભાવાર્ચનાં,
માનુષ્યં સફલં વિધત્ત સુમહૈરર્હન્મતોલ્લાસકૈ:. ૧
કૃત્વા માસ્તિથિદિગ્ભવાબ્ધિ વસુદિગયુગ્મોપવાસાન્ શુભાન્,
રમ્યાર્ચાં ચ વિધત્ત ભો ભવહરાં તીર્થંકરાણાં નવામ;
પષ્ઠં કૃત્ય જિનાંતિમસ્ય ચરિતં કર્ણૈશ્ચ પીત્વા સદા,
શ્રીવીરસ્ય જિનોત્સવે કુરૂત સૂલુલુધ્વનીન્ ભો જના: ૨
જીવાનામવનં વિધત્ત સુધિય: કૃત્વાષ્ટમં નાગવત્,
ભાવ્યા નિર્મલ ભાવના ભવિજનૈ: કૈવલ્યલક્ષ્મીકૃતે;
કલ્યાણાનિ જિનેશ્વરસ્ય ગણભોભૂતાં સ પાર્શ્વ પ્રભુ,—
નેમાદ્યંતરકાણિ તં શ્રૃણુત સન્નાંભેયવૃત્તં તથા. ૩
સાધ્વાચારમખંડિતં પિમત સન્મૌલં ચ સૂત્રં શ્રવૈ:,
ચૈત્યાનાં પરિપાટી કાંચન તનુસ્વાલોચનાં વાર્ષિકાં;
જંતુન્ક્ષામ્યત વત્સલં કુરુત ભો સાધર્મિકાણાં મુદા,
વિઘ્નૌઘં ચતુરસ્ય વા હરતુ સા, સંઘસ્ય સિદ્ધાયિકા. ૪

## ૨૧ શ્રી પર્યુષણ પર્વની સ્તુતિ.

સત્તરભેદી જિનપૂજા રચીને, સ્નાત્ર મહોત્સવ કીજેજી;
ઢોલ દદામા ભેરી નફેરી, ઝલરીનાદ સુણીજેજી;
વીરજિન આગળ ભાવના ભાવી, માનવભવ ફળ લીજેજી.
પર્વ પજુસણ પૂરવ પુણ્યે, આવ્યાં એમ જાણીજેજી. ૧
માસ પાસ વળી દશમ દુવાલસ, ચત્તારી અટ્ઠ કીજેજી;
ઉપર વળી દશ દોય કરીને, જિન ચોવીસે પૂજીજેજી;
વડાકલ્પનો છઠ્ઠ કરીને, વીર ચરિત્ર સુણીજેજી;
પડવેને દિન જન્મ મહોત્સવ, ધવલ મંગળ વરતીજેજી. ૨
આઠ દિવસ લગે અંમર પળાવી, અટ્ઠમનો તપ કીજેજી;
નાગકેતુની પેરે કેવળ લહીએ, જો શુભ ભાવે રહીએજી,
તેલાધર દિન ત્રણ કલ્યાણક, ગણધર વાદ વદીજેજી;
પાસ નેમિસર અંતર ત્રીજે, રૂષભ ચરિત્ર સુણીજેજી. ૩
બારસે સૂત્ર ને સમાચારી, સંવત્સરી પડિક્કમીએજી;
ચૈત્યપ્રવાડી વિધિસ્યું કીજે, સકળ જંતુને ખામીજેજી;
પારણાને દિન સ્વામિવત્સલ, કીજે અધિક વડાઈજી;
માનવિજય કહે સકળ મનોરથ, પૂરે દેવી સિદ્ધાઈજી. ૪

---

## ૨૨ શ્રી પર્યુષણ પર્વની સ્તુતિ.

વરસ દિવસમાં અષાડ ચોમાસું, તેહમાં વળી ભાદરવો માસ,
આઠ દિવસ અતિ ખાસ; પર્વ પજુસણ કરો ઉલ્લાસ,
અટ્ઠાઈ ધરનો કરવો ઉપવાસ, પોસહ લીજે ગુરૂ પાસ;
વડાકલ્પનો છઠ્ઠ કરીજે, તેહ તણો વખાણ સુણીજે,
ચૌદ સુપન વાંચીજે; પડવેને દિન જન્મ વંચાય,
ઓચ્છવ મહોચ્છવ મંગળ ગવાય, વીર જિણેશ્વર રાય. ૧

બીજે દિને દીક્ષા અધિકાર, સાંજ સમય નિરવાણ વિચાર,
વીર તણો પરિવાર; ત્રીજ દિને શ્રી પાર્શ્વ વિખ્યાત,
વળી નેમીશ્વરનો અવદાત, વળો નવ ભવની વાત;
ચોવીશે જિન અંતર ત્રેવીશ, આદિ જિનેશ્વર શ્રી જગદીશ,
તાસ વખાણ સુણીશ; ધવલ મંગલ ગીત ગહુંલી કરીએ,
વળી પ્રભાવના નિત્ય અનુસરીએ, અઠ્ઠમ તપ જપ વરીએ. ૨
આઠ દિવસ લગે અમર પળાવો, તેહ તણો પડહો વજડાવો;
ધ્યાન ધરમ મન ભાવો, સંવત્સરી દિન સાર કહેવાય,
સઘ ચતુર્વિધ ભેળો થાય, બારસેં સૂત્ર સુણાય;
થિરાવલી ને સમાચારી, પટાવલી પ્રમાદ નિવારી,
સાંભળજો નરનારી; આગમ સૂત્રને પ્રણમીશ,
કલ્પસૂત્ર શું પ્રેમ ધરીશ, શાસ્ત્ર સર્વે સુણીશ. ૩
સત્તરભેદી જિનપૂજા રચાવો, નાટક કેરા ખેલ મચાવો,
વિધિશું સ્નાત્ર ભણાવો; આડંબર શું દેહરે જઈએ,
સંવત્સરી પડિક્કમણું કરીએ, સંઘ સર્વને ખમીએ;
પારણે સાહમિવત્સલ કીજે, યથાશક્તિએ દાન જ દીજે,
પુણ્યભંડાર ભરીજે; શ્રી વિજયક્ષેમસૂરિ ગણધાર,
જસવન્તસાગર ગુરૂ ઉદાર, જિણંદસાગર જયકાર. ૪

---

## ૧૩ શ્રી દિવાળીની સ્તુતિ.

જયજયકાર જીન દીપક જીનવર, શાશન નાયક વીરજી,
કલ્યાણકારી કલ્યાણવરણી, સુરત શાશ્વત ધીરજી;
નિજ લબ્ધે અષ્ટાપદ ઝારી, ગૌતમ પીરસે ખીરજી,
પંનરસેં તાપસ જમાડી, આપ્યા કેવલ ચીરજી. ૧
દીવાળી દીન સાર સુધારસ, સુણો ભવિક તુમે પ્રાણીજી,
પડવે ને દીન ગૌતમ ગણધર, લાધ્યું કેવલ નાણજી;

ઉત્સાર્પણિ અવસર્પિણિ આરે, પહેલા છેલ્લા જીન જાણોજી,
અતીત અનાગત ને વર્તમાન, જીન દિવાળી કલ્યાણજી. ૨

દિવાળી દીન સ્વાતિ નક્ષત્ર, પામ્યા પદ નિર્વાણજી,
મહાવીરસ્વામી પારંગતાય, ગૌતમ સર્વજ્ઞાય ભણજોજી;
સોળ પહોરનો પોસહ કરીને, છઠ તપ લાખ ગણીજેજી,
નવકારવાલી વીસ વીસ ગણીયે, પંચ વરસ પ્રમાણજી. ૩

આરંભ સમારંભ પાપ નિવારણ, મન મંદિર અજુઆળોજી,
રાગ દ્વેષ મદ મચ્છર ડરીને, તેહ માંહી તરીજેજી,
સંવેગાદિક સુખલડી ખાજો, જ્ઞાન દીવા અજવાળોજી;
માતંગ જક્ષ સિદ્ધાઈ કહે છે, માણેક ભાવ દીવાળીજી. ૪

---

## ૧૪ શ્રી સિદ્ધચક્રજીની સ્તુતિ.

વીર જિનેશ્વર અતિ અલવેસર,
ગૌતમ ગુણના દરીયાજી;
એક દિન આણા વીરની લઈને,
રાજગ્રહી સંચરીઆ જી;
શ્રેણિક રાજા વંદન આવ્યા,
ઉલટ મનમાં આણી જી;
પર્ષદા આગળ બાર બિરાજે,
હવે સુણો ભવિ પ્રાણી જી. ૧

માનવ ભવ તુમે પુણ્યે પામ્યા,
શ્રી સિદ્ધચક્ર આરાધો જી;
અરિહંત સિદ્ધ સૂરી ઉવજ્ઝાયા,
સાધુ દેખી ગુણ વાધો જી;

દરિશણ નાણ ચારિત્ર તપ કીજે,
નવપદ ધ્યાન ધરીજે જી;
ધુર આસોથી કરતાં આયંબિલ,
સુખ સંપદા પામીજે જી. ૨
શ્રેણિક રાય ગૌતમને પૂછે,
સ્વામી એ તપ કેણે કીધો જી?
નવ આયંબિલ તપ વિધિશું કરતાં,
વાંછિત સુખ કેણે લીધો જી?
મધુર ધ્વનિ બોલ્યા શ્રી ગૌતમ,
સાંભળો શ્રેણિકરાય વયણા જી;
રોગ ગયો ને સંપદા પામ્યા,
શ્રી શ્રીપાળ ને મયણા જી. ૩
રુમઝુમ કરતી પાયે નેઉર,
દીસે દેવી રૂપાળી જી;
નામ ચકકેસરીને સિદ્ધાઈ,
આદિ જિન વીર રખવાળી જી;
વિઘન કોડ હરે સહુ સંઘનાં,
જે સેવે એના પાય જી;
ભાણવિજય કવિ સેવક 'નય' કહે;
સાનિધ્ય કરજો માય જી. ૪

---

## ૧૫ શ્રી સિદ્ધચક્રજીની સ્તુતિ

શ્રી સિદ્ધચક્ર સેવો સુવિચાર, આણી હૈડે હર્ષ અપાર,
જેમ લહો સુખ શ્રીકાર; મન શુદ્ધે ઓળી તપ કીજે,
અહોનિશ નવપદ ધ્યાન ધરીજે, જીનવર પૂજા કીજે;
પડિક્કમણાં દોય ટંકના કીજે, આઠે થુઇએ દેવ વાંદીજે;

ભુમિ સંથારો કીજે, મૃષા તણો કીજે પરિહાર.
ગે શીલ ધરીજે સાર, દીજે દાન અપાર. ૧
રિહંત સિદ્ધ આચાર્ય નમીજે, વાચક સર્વ સાધુ વંદીજે,
દસણ નાણ સુણીજે; ચારિત્ર તપનું ધ્યાન ધરીજે,
અહોનિશ નવપદ ગુણણું ગણીજે, નવ આયંબિલ પણ કીજે;
નિશ્ચલ રાખી મન અહનીશ, જપીયે પદ એક એક ઈશ,
નવકારવાળી વીશ; છેલ્લે આયંબિલ મોટો તપ કીજે,
સત્તર ભેદી જીન પૂજા રચીજે, માનવભવ લાહો લીજે. ૨
સાતસેં કુષ્ટીયોના રોગ, નાઠા યંત્ર નમણ સંયોગ,
દુર હુવા કર્મના ભોગ; કુષ્ટ અઢાર દૂરે જાય,
દુઃખ દોહગ દુરે પલાય, મનવાંછિત સુખ થાય;
નિર્ધનીયાને દે બહુ ધન, અપુત્રિયાને દે પુત્ર રતન,
જે સેવે શુદ્ધ મન; નવકાર સમો નહિ કોઈ મંત્ર,
સિદ્ધચક્ર સમો નહીં કોય યંત્ર, સેવો ભવિ હરખંત. ૩
જેમ સેવ્યા મયણા શ્રીપાલ, ઉંબર રોગ ગયો સુખ રસાલ,
પામ્યા મંગલ માળ; શ્રીપાલ તણી પરે જે આરાધે,
દિન દિન દોલત ઘર વાધે, અંતે શીવસુખ સાધે;
વિમલેશ્વર યક્ષ સેવા સારે, આપદા કષ્ટને દુર નિવારે,
દોલત લક્ષ્મી વધારે; મેઘવિજય કવિરાયનો શિષ્ય,
આણી હેડે ભાવ જગીશ, વિનય વંદે નિશ દિશ.

---

## ૧૬ શ્રી સિદ્ધચક્રજીની સ્તુતિ.

જિનશાસન વાંછિત, પૂરણ દેવ રસાલ,
ભાવે ભવિ ભણીએ, સિદ્ધચક્ર ગુણમાળ;
ત્રિહું કાલે એહની, પૂજા કરે ઉજમાલ,
તે અજર અમર પદ, સુખ પામે સુવિશાળ. ૧

અરિહંત સિદ્ધ વંદો, આચારજ ઉવજ્ઝાય,
મુનિ દરિસણ નાણ, ચરણ તપ એ સમુદાય;
એ નવપદ સમુદિત, સિદ્ધચક્ર સુખદાય,
એ ધ્યાને ભવિનાં, ભવ કોટિ દુઃખ જાય, ૨
આસો ચૈતરમાં, સુદિ આયંબિલ સાર,
પૂનમ લગે કીજે, નવ આયમ્બિલ નિરધાર;
દોય સહસ ગુણણું, પદ સમ સાડાચાર,
એકાશી આયંબિલ તપ, આગમને અનુસાર. ૩
સિદ્ધચક્ર પય સેવક, શ્રી વિમલેશ્વર દેવ,
શ્રીપાલ તણી પરે, સુખ પૂરે સ્વયમેવ,
દુઃખ દોહગ નાવે, જે કરે એહની સેવ,
શ્રી સુમતિ સુગુરૂના, 'રામ' કહે નિત્ય મેવ. ૪

## ૧૭ શ્રી સિદ્ધચક્રજીની સ્તુતિ.

પ્રહ ઉઠી વંદુ. સિદ્ધચક્ર સદાય,
જપીએ નવપદનો, જાપ સદા સુખદાય;
વિધિપૂર્વક એ તપ, જે કરે થઈ ઉજમાલ,
તે સવિ સુખ પામે, જીમ મયણા શ્રીપાલ. ૧
માલવપતિ પુત્રી, મયણા અતિ ગુણવંત,
તસ કર્મ સંયોગે, કુષ્ટિ મળિયો કંત;
ગુરૂ વયણે તેણે, આરાધ્યું તપ એહ,
સુખ સંપદ વરિયા, તરિયા ભવજલ તેહ. ૨
આયબિલ ને ઉપવાસ, છઠ્ઠ વળી અઠ્ઠમ,
દશ અઠ્ઠાઈ પન્નર, માસ છમાસી વિસમ;
ઈત્યાદિક તપ બહુ, સહુ માંહિ શિરદાર,
જે ભવિયણ કરશે, તે તરશે સંસાર. ૩

તપ સાનિધ્ય કરશે, શ્રી વિમલેશ્વર યક્ષ,
સહુ સંઘના સંકટ, ચુરે થઈ પ્રત્યક્ષ;
પુંડરીક ગણધાર, કનકવિજય બુધ શીશ,
બુધ 'દર્શનવિજય' કહે, પહોંચે સકલ જગીશ. ૪

---

## ૧૮ શ્રી મહાવીરજીન સ્તુતિ.

વાણિ શ્રી વિર જીણેસર કેરી, સાંભળતાં સુપકારીજી,
ઠાલી રે વાવ્ય જે ઠણકારે કરતી, નિર ભરે નરનારીજી;
નીચી ગાગર તે ઉપર પાણીયારી, નિત્ય ભરે નિર સવારીજી.
તલે કુંભ તે ચાક ઉપર ફરતો, વીર વચન ઉપગારીજી. ૧
કિડી એ એક કુંજર જાયો, બહુ બલિયો કહેવરાયોજી,
મેંગર ભાગલ મુખ નવી નિકલાયે,
ખીણ માંહી ખાલથી જાયોજી;
કુંજરનું જોર કાંઈ ન થાયે, સસલો જો સામો ધાયેજી,
ઉંદર આવે મનિ નાસી જાયે, પ્રણમુ ચોવીશ જીન પાયેજી. ૨
મૃગલે પાસલો મોટો માંડયો, પારધી પડીયો પીલાયેજી,
સસરો સુતો વહુ હિંડોલવા જાયે, હાલરૂવા ગાયેજી;
કેઇબાને કરી વરસણ થાયે, નેહુથી નીર ભીંજાયજી,
ભર ભોગીથી કમલ નીપાયે, જગ જલ વાસ વીર રાયજી.૩
એહવે અર્થે ધરો નર નારી, ધર્મની વ્રત ધારીજી,
સિદ્ધાઈ દેવી જીનપદ સેવી, સંઘને સાનિધ્ય કારીજી;
વડ ગચ્છ નાયક વિજયજીનેન્દ્રસૂરિ, સાધુમાં શીરદારજી,
થોય સુણી મદન મોય નાણી, ઉંડા તે અર્થ વિચારીજી. ૪

---

## ૧૯ શ્રી શાન્તિનાથજીની સ્તુતિ

ફળવિધિ મંગળ શાન્તિ તણી, તુજ વંદન મુજ ખાંત ઘણી,
જબ દીઠે તબ મોરી ચિત્ત ઠરી,
પ્રભુ દુર્ગતિ માહરી દુર હરો. ૧
રીખવાદિક જીનવર ચિત્ત ઠરી, મેં લબ્ધિ માંહી લીલ કરી,
આજ સખીરે મુજ રંગરળી, જેમ દુધ માંહી સાકર ભળી.૨
ભગવંત ભાખે તહત્તિ કરી, આણંદ ચાલ્યો પુન્ય ભણી,
આગામી આરાધો નર નારી, આગળ પામો સુખભારી. ૩
રૂમઝુમ કરતી રંગરળી, નિર્વાણી દેવી તુજજ ખરી,
સહુ સંઘના વિઘ્ન હરેવી, દેવી વિજયની આશ ન ફળેરી. ૪

---

## ૨૦ શ્રી સિદ્ધાચલજીની સ્તુતિ.

સકલ મંગલ લીલા મુનિ ધ્યાન, પરભવ ધૃતનું દીધું દાન;
ભવિજન એહ પ્રધાન, મરૂદેવાએ જન્મજ દીધો,
ઇંદ્ર શેલડી રસ આગળ કીધો, વંશ ઇક્ષ્વાગતે સીધો,
સુનંદા સુમંગલા રાણી, પુરવ પ્રીત ભલી પટરાણી;
પરણાવે ઇંદ્ર ઇંદ્રાણી, સુખ વિલસે રસ અમીરસ ગુંજે,
પૂર્વ નવાણું વાર શેત્રુંજે, પ્રભુ જઈ પગલે પૂજે. ૧
આદિ નહીં અંતર કોઇ એહનો,
કિમ વર્ણવી જે સખી ગુણ એનો,
મ્હોટો મહિમા તેનો, અનંત તીર્થંકર ઇણગિરે આવે;
વિહરમાન વ્યાખ્યાન સુણાવે, દિલભરી દિલ સમજાવે,
સકલ તીર્થનું એહીજ ઠામ, સર્વ ધમનું એહીજ ધ્યાન,
એ મુજ આતમરાંમ, રે રે મુરખ મનશું મુંજે,
પુજીયે દેવ ઘણા શેત્રુંજે, જ્ઞાનની સુખડી ગુંજે. ૨

સોવન ડુંગર ટુંક રૂપાની, અનુપમ ટુંક માણેક સોનાની,
દિસે દેરાં દધાની, એક ટુંકે મુનિ અણસણ કરતા,
એક ટુંકે મુનિવ્રત તપ કરતાં, એક ટુંકે ઉતરતા;
સુરજકુંડ જલધિપ લગાવો, મહિપાલનો કોટ ગમાવો,
તેને તે સમુદ્ર નીપાવો; સવાલાખ શત્રુંજય મહાતમ,
પાપ ન રહે તિહાં રતિ માત્ર સુણતાં પવિત્ર થાય આતમ.૩
રમણિક ભોંયરૂં ગઢ રઢિયાલો, નવખંડ કુમર તીર્થ નિહાલો,
ભવિજન પાપ પખાલો; ચોખાખાણને વાઘણપોળ,
ચંદન તલાવડી ઓલખા જોર, કંચન ભર્યા રે અંધોલ,
મોક્ષબારીનો જગ જસ મ્હોટો, સિદ્ધશિલા ઉપર જઈ લોટો,
સમકિત સુખડી બોટો; સોવન ગભારે સોના જાળી,
જીનજીની મુર્તિ રસાલી, ચક્કેશ્વરિ રખવાલી.

---

## ૨૧ શ્રી સિદ્ધાચલજીની સ્તુતિ.

શ્રી શત્રુંજય આદિ જિન આવ્યા, પૂર્વ નવાણું વારજી,
અનંત લાભ તિહાં જીનવર જાણી, સમોસર્યા નિરધારજી;
વિમલગિરિવર મહિમા મ્હોટો, સિદ્ધાચલ એ ઠામજી,
કાંકરે કાંકરે અનંતા સિધ્યા, એકસોને આઠ ગિરિનામજી. ૧
પુંડરિક પર્વત પહોળો કહીયે, એંશી યોજનનું માનજી,
વીસ કોડીશું પાંડવ સિધ્યા, ત્રણ કોડી શ્રી રામજી;
શ્યામ પ્રદ્યુમ્ન સાડીઆઠ કોડી સિધ્ધા,
દશ કોડી વારીખીલ જાણુંજી,
પાંચ કોડીશું પુંડરિક ગણધર, સકલ જીનની વાણીજી. ૨
સકલ તીરથનો રાજા એ વળી, વિમલાચલગિરિ કહીએજી,
સાત છઠ દોય અઠ્ઠમ કરીને, અવિચલ પદવી લહિએજી;

છહરી પાળીને યાત્રા કરીએ, કેવળ કમલા વરીએ જી,
શ્રુત સિદ્ધાંતનો રાજા કહિયે, તીરથ હૃદયમાં ધરીએ જી. ૩
સિદ્ધક્ષેત્ર શેત્રુંજો કહીયે, શ્રી આદિશ્વર રાયજી,
ગૌમુખને ચક્રેશ્વરી દેવી, સેવે પ્રભુના પાયજી;
શાસ્‍ન દેવી સમકિત ધારી, સ્નાત્ર કરે સંભાળી જી,
રંગવિજય ગુરૂ એણી પેરે બોલે,
મેરૂવિજય જય જયકારીજી. ૪

---

## ૨૨ શ્રી ચૈત્ર પુનમની સ્તુતિ

શ્રી વિમલાચલ સુંદર જાણું, ઋષભ આવ્યા જીહાં,
પૂરવ નવાણું, તીર્થ ભોમીકા પીછાણું;
તે તો શાશ્વત પ્રાયે ગિરિંદ, પૂર્વ સંચીત પ્રાયે નિકંદ,
ટાળો ભવ ભય ફંદ, પૂર્વ દિશામાં અતિ ઉદાર,
બેઠા શોહે નાભી મલ્હાર, સન્મુખ પુંડરીક સાર,
ચૈત્રી પુનમદીન જે અજવાળી,
ભવિ આરાધો મિથ્યાત્વ ટાળી, જીમ લહો શિવવધુ નારી. ૧
આબુ અષ્ટાપદ ને ગીરનાર, સમેતશિખરને વળી વૈભાર,
પુંડરીક ચૈત્ર જુહાર, શ્રીજીન અજીત તારંગે વરીજે,
શ્રી વરકાણો બંભણવાડે, તોડે કર્મની જોડે,
નારંગો સંખેશ્વર પાસ, શ્રીગોડીજી પુરે આસ,
પોસીના જીન સુવિશાલ, ચૈત્રી પુનમ દિન સુંદર જાણી,
એ સવિ પૂજો ભવ્ય પ્રાણી, જીમ થાવો કેવળનાણી. ૨
ભરત આગળ શ્રી ઋષભજી બોલે,
નહીં કોઇ ચૈત્રી પુનમ દિન તોલે,
એમ જિન વચન જ બોલે, ચૈત્રી પુનમ દિન એ ગિરિ અંત,

છઠ કરી જાત્રા સાત કરંત, ત્રીજે ભવે મોક્ષ લહંત,
ચૈત્રી પુનમ દિન એ ગિરિ સિદ્ધ, પંચ કોડ કેવળીથી સિદ્ધ,
પુંડરિક શિવપદ લીધ, જેમ જાણીને ભવિ આરાધો,
ચૈત્રી પુનમ દિન શુભ ચિત્ત સાધો, મુક્તિનાં ખાતાં બાંધો. ૩

પુંડરિકગિરિની શાસનદેવી, મરૂદેવીનંદન ચરણ પુજેવી,
ચક્કેશ્વરી તું દેવી, ચઉવિહ સંઘને મંગળ કરજો,
તુજ સેવક પર લક્ષ્મીજ વરજો, સયલ વિઘન સંહરજો;
અપ્રતિચક્ર તું મારી માત, તું જાણે મારા ચિત્તની ઘાત,
પુરજે મનની વાત; પંડિત અમર કેસર સુપસાય,
ચૈત્રી પુનમદિન મહિમા લહાય, લબ્ધિવિજય ગુણ ગાય. ૪

---

## ૨૩ શ્રી ગુણસ્થાનકની સ્તુતિ.

પહેલું મિથ્યાત્વ સાસ્વાદન, બીજું મિશ્ર ત્રીજું ગુણઠાણુંજી,
અવિરતિ ચોથું પાંચમું દેશવિરતિ, છઠ્ઠું પ્રમત વખાણુંજી;
સાતમું અપ્રમત્ત પ્રમાદ પરહરીએ,
આઠમું અપૂર્વકરણ કરીએ જી;
એ ઉપદેશે ભુજ મંડણ જિન,
ઋષભ નમિ સુખ લહીએ જી. ૧

નવમું નિર્વૃત્તિ ગુણઠાણું, તીમ દશમું સુક્ષ્મસંપરાયજી;
અગિયારમું ઉપશમ મોહ ખપાવી,
બારમું ક્ષીણ મોહ કહીયેજી;
તેરમું સંયોગી કેવળ પામી, ચૌદમું અયોગી ઉદાર જી;
એને કરી જીન કર્મ ખપાવી, સૌ જિન સુખકારીજી. ૨

કાળ અનાદિ છે આવલી,
અંતર્મુહૂર્ત સાગર તેત્રીસ જાણું જી,
પાંચમું છઠ્ઠું સાતમુ તેરમું, પૂર્વ કોડી દેશ ઉણું જી,
આઠમાંથી પાંચ છે અંતર્મુહૂર્ત, પંચ અક્ષર ભણીજે જી;
સુત્ર સિદ્ધાંતે એ અધિકાર છે,
શ્રમણ ધરી એમ સુણીએ જી. ૩

આઠમાંથી બે શ્રેણી કરે જીવ, ઉપશમ ક્ષાયક તે જાણોજી;
ક્ષપક શ્રેણીથી સિદ્ધ લહે તિમ, ઉપશમ પાઠની વાણીજી;
ઋષભ ચરણ સેવી વરદેવી, ચક્કેશ્વરી સુખદાઈજી;
વિવેક વિજય ગુરૂ ચરણ સેવક તીમ, મેઘવિજય વરદાઈજી. ૪

---

## ૨૪ શ્રી નેમનાથજિન સ્તુતિ.

યાદવકુળ શ્રીનંદ સમો એ, નેમિશ્વર એ દેવ તો,
કૃષ્ણ આદેશે ચાલીયા એ, વરવા રાજુલ નારતો;
અનુક્રમે તહાં આવીયા એ, ઉગ્રસેન દરબાર તો,
ઈંદ્ર ઈંદ્રાણી નાચતા એ, નાટક થાય તેણા વાર તો. ૧

તોરણ પાસે આવીયા એ, પશુઓના પોકારતો,
સાંભળીને મુખ મચકોડીયું એ, રાજુલ મન ઉચાટ તો;
આદિનાથ આદિ તિર્થંકર એ, પરણ્યા છે દોય નાર તો,
તેણે કારણ તુમે ક્યાં ડરો એ, પરણો રાજુલ નાર તો. ૨

તોરણથી રથ ફેરીયાએ, જઇ ચઢયા ગઢ ગિરનાર તો,
નેમિશ્વર કાઉસ્સગ્ગ રહ્યા એ, પામ્યા કેવળજ્ઞાન તો;
સોળ પહોર દેઇ દેશનાએ, આપી અખંડાધાર તો,
ભવિક જીવને બુઝવ્યા એ, બીજી રાજુલ નાર તો. ૩

અથિર જાણી સંયમ લીયો એ, અંબા જય જયકારતો,
શ્યામ વરણના નેમજીએ, શંખ લંછન શ્રીકારતો;
પાયે ઝાંઝર ઘમ ઘમે એ, નાચે નેમ દરબાર તો,
કવિ નમિ કહે રાયને એ, પરણો શિવસુંદરી નાર તો. ૪

## ૨૫ શ્રી સીમંધરસ્વામીની સ્તુતિ.

વંદે પુવ્વવિદેહ ભુમિ મહિમા,-લંકારહારોપમં,
દેવં ભત્તિ પુરસ્સરં જિણવરં, સીમંધરં સામિયં;
પાયા જસ્સ જિણેસરસ્સ ભવભી,-સંદેહ સંતાસણા,
પોયાભાભવસાયરંમિ નિવિડં, તાણં જિણાણં સયા. ૧

તિયાણ ગયવટ્ટમાણ અહિા, સવ્વેવિ સુકખાવહા,
પાણીણં ભવિયાણ સંતુ સમયં, તિત્થંકરા તે ચિરં;
જેસિં મેરૂગિરિંમિ વાસવગણા, દેવંગયા સંગયા,
ભત્તી યે પકુણંતિ જમ્મણમહં, સોવન્નકુંભાઈ-હિં. ૨

નિસ્સીમામલનાણકાણણ ઘણો, સમ્મોહનિન્નાસણો,
જો તસ્સેસ પયત્થસત્થક ણે, આઇચ્ચ કપ્પો કુડો;
સિદ્ધંતં ભવિયા સરંતહિઅડા, તં વાર સંગોગયં,
નાણા ભેય નયાવલીહિ કલિયં, સવ્વન્નુણા ભાસિયં. ૩

જે તિત્થંકર પાય પંકજ વણા, સેવ્વિકરો લંબયા,
ભવ્વાણં જિણ ભત્તયાણ અચિયં, સાહિજ્જ કજ્જે રયા;
સમ્મદિટ્ઠી સુરાવ-ાભરણમા,-દિપ્પંત દેહિપહા,
તે સંઘસ્સ હવંતુ વિગ્ઘહરણે, કલ્લાણ સંપાયણા. ૪

## ૨૬ શ્રી રાત્રિભોજનની સ્તુતિ.

શાસન નાયક વીરજીએ, પામી પરમ આધાર તો;
રાત્રિ ભોજન મત કરો એ, જાણી પાપ અપાર તો,
ઘુઅડ કાગ ને નાગના એ, તે પામે અવતાર તો;
નિયમ નોકારસી નિત્ય કરોએ, સાંજે કરો ચોવિહાર તો. ૧
વાસી બોળો ને રીંગણા એ, કંદમૂળ તું ટાળ તો,
ખાતાં ખોટ ઘણી કહીએ, તે માટે મન વાળ તો;
કાચા દૂધ ને છાશમાં એ, કઠોળ જમવું નિવારતો,
રૂષભાદિક જિન પૂજતાં એ, રાગ ધરે શિવનાર તો. ૨
હોળી બળેવ ને નોરતાં એ, પીંપળે પાણી મ રેડતો,
શીલ સાતમના વાસી વડાએ, ખાતાં મોટી ખોડ તો;
સાંભળી સમકિત દ્રઢ કરો એ, મિથ્યાત્વ પર્વ નિવાર તો,
સામાયિક પડિક્કમણું નિત્ય કરો એ,
જિનવાણી જગ સારતો. ૩
ઋતુવંતી અડકે નહીં એ, નવિ કરે ઘરનાં કામ તો,
તેનાં વાંછિત પૂરશે એ, દેવી સિદ્ધાયિકા નામ તો;
હિત ઉપદેશે હર્ષ ધરી એ, કોઇ ન કરશો રીશ તો,
કીર્તિ કમલા પામશો એ, જીવ કહે તસ શિષ્ય તો. ૪

---

## ૨૭ શ્રી નંદીશ્વર દ્વીપની સ્તુતિ.

નંદીશ્વર વર દ્વીપ સંભારૂં,
બાવન ચૌમુખ જિનવર જુહારૂં;
એકે એકે એકસો ચોવીશ,
બિંબ ચોસઠ સય અડતાળીશ. ૧

દધિમુખ ચાર રતિકર આઠ,
એક અંજનગિરિ તેર પાઠ;
ચઉ દિશીના એ બાવન જુહારૂં,
ચાર નામ શાશ્વતા સંભારૂં. ૨
સાત દ્વીપ તિહાં સાગર સાત,
આઠમો દ્વીપ નંદીશ્વર વાત;
એ કેવળીએ ભાખ્યું સાર,
આગમ સાંભળો જય જયકાર. ૩
પહેલો સુધર્મા બીજો ઇશાન,
આઠ આઠ મહિષીનાં સ્થાન;
સોળ પ્રાસાદ તિહાં વાંદી જે,
શાસન દેવી સાનિધ્ય કીજે. ૪

---

## ૨૮ શ્રી દશત્રિક વિગેરેની સ્તુતિ.

ત્રણ નિસિહી ત્રણ પ્રદક્ષિણા, ત્રણ પ્રણામ કરીજેજી,
ત્રણ પ્રકારી પૂજા કરીને, અવસ્થા ત્રણ ભાવીજેજી;
ત્રણ દિશી વજી જિન જુઓ, ભૂમિકા ત્રણ પુંજીજેજી,
આલંબન મુદ્રા ત્રણ પ્રણિધાન, ચૈત્યવંદન ત્રણ કીજેજી. ૧
પહેલે ભાવજિન દ્રવ્યજિન બીજે, ત્રીજે એક ચૈત્ય ધારોજી;
ચોથે નામજિન પાંચમે સર્વ, લોકા ચૈત્ય જુહારોજી;
વિહરમાન છઠ્ઠે જિન વંદો, સાતમે નાણ નિહાળોજી;
સિદ્ધ મહાવીર જિન ઉજ્જિજંત અષ્ટાપદ,
શાસન સુર સંભાળોજી. ૨
શક્રસ્તવમાં દોય અધિકાર, અરિહંત ચેઇયાણં ત્રીજેજી;
ચોવિસત્થામાં દોય પ્રકાર, શ્રુતસ્તવ દોય લીજેજી;

સિદ્ધ સ્તવમાં પાંચ પ્રકાર, એ બારે અધિકારોજી;
નિર્યુક્તિએ ક્રિયા જાણો, ભાષ્યમાંહિ વિસ્તારોજી. ૩

તંબોલ પાન ભોજન વાહન, મેહુણ એક ચિત્ત ધારોજી;
થુંક સળેખમ વડી લઘુ નીતિ, જુગટે રમવું વારોજી,
એ દશે આશાતના મોટી, વર્જો જિનવર દ્વારોજી;
ક્ષમાવિજય જિન એણી પરે જંપે,
શાસન સુર સંભાળોજી. ૪

---

## ૨૯ શ્રી રોહિણી તપની સ્તુતિ.

નક્ષત્ર રોહિણી જે દિન આવે,
અહોરત પૌષધ કરી શુભ ભાવે,
ચઉવિહાર મન લાવે, વાસુપૂજ્યની ભક્તિ કીજે,
ગુણણું પણ તસ નામ જપીજે, વરસ સત્તાવીશ લીજે;
થોડી શકતે વરસ તે સાત, જાવ જીવ અથવા વિખ્યાત,
તપ કરી કરો કર્મઘાત, નિજ શક્તિ ઉજમણું આવે,
વાસુપૂજ્યનું બિંબ ભરાવે, લાલ મણિમય ઠાવે. ૧

ઈમ અતીત અને વર્ત્તમાન,
અનાગત વંદો જિન બહુ માન,
કીજે તસ ગુણ ગાન; તપકારકની ભક્તિ આદરિયે,
સાધર્મિક વળી સંઘની કરિયે, ધર્મ કરી ભવ તરીયે;
રોગ શોગ રોહિણી તપ જાય,
સંકટ ટલે તસુ જસ બહુ થાય,
તસ સુર નર ગુણ ગાય; નીરાશંસપણે તપ એહ,
શંકા રહિતપણે કરો તેહ, નવનિધિ હોય જિણ ગેહ. ૨

ઉપધાન થાનક જિનકલ્પાણ, સિદ્ધચક્ર શત્રુંજય જાણ,
પંચમી તપ મન આણ, પડિમા તપ રોહિણી સુખકાર;
કનકાવલી રત્નાવલી સાર, મુક્તાવલી મનોહાર;
આઠમ ચઉદશ ને વર્ધમાન, ઈત્યાદિક તપમાંહે પ્રધાન,
રોહિણી તપ બહુમાન; ઈણીપરે ભાખે જિનવર વાણી,
દેશના મીઠી અમિય સમાણી, સૂત્રે તેહ ગુંથાણી. ૩

ચંડા જક્ષણી યક્ષકુમાર, વાસુપૂજ્ય શાસન સુખકાર,
વિઘ્ન મિટાવન હાર; રોહિણી તપ કરતાં જન જેહ,
ઈહ ભવ પરભવ સુખ લહે તેહ, અનુક્રમે ભવનો છેહ;
આચરી પંડિત ઉપકારી, સત્ય વચન ભાખે સુખકારી,
કપૂરવિજય વ્રતધારી, ખિમાવિજય શિષ્ય જિન ગુરુ રાય,
તસ શિષ્ય મુજ ગુરૂ ઉત્તમ થાય, પદ્મવિજય ગુણ ગાય. ૪

## ૩૦ શ્રી સીમંધર સ્વામીની સ્તુતિ

સીમંધર સ્વામી મોરારે, હું તો ધ્યાન ધરૂં છું તોરારે;
રાણી રૂક્ષ્મણીના ભરતારરે, મન વાંછિત્ત ફલ દાતારરે. ૧

વીસ વિહરમાન જિન નામેરે, વીસને કરૂં પ્રણામરે;
જેનું દર્શન આનંદકારીરે, તેને પાય નમે નર નારીરે. ૨

ગણધરને ત્રિપદી દીધીરે, સિદ્ધાંતની રચના કીધીરે;
એનો અર્થ અનુપમ લહીએરે, સુગુરૂને વચને રહીએરે. ૩

દેવી ચક્કેશ્વરી સાનિધ્યકારીરે, તેણે પાય નમે નર નારીરે;
એ તો થોય રચી છે સારીરે,
એવા કનક સોભાગી જયકારી રે. ૪

# સજ્ઝાય-સંગ્રહ

## ૧. શ્રી પાર્શ્વનાથસ્વામીની સજ્ઝાય.

કાશીદેશ વણારસી સુખકારી રે,
અશ્વસેન રાજન્ પ્રભુ ઉપકારી રે;
પટરાણી વામાસતી સુરૂપે રંભા સમાન. પ્ર૦ ૧
ચૌદ સુપન સુચિત ભલાં, સુ૦ જન્મ્યા પાસ કુમાર પ્ર૦
પોષ વદી દશમી દિને, સુ૦ સુર ઓચ્છવ સાર, પ્ર ૨
દેહમાન નવ હાથનું, સુ૦ નીલ વરણ મનોહાર, પ્ર૦
અનુક્રમે જોબન પામીયા, સુ૦ પરણી પ્રભાવતી નાર. પ્ર૦ ૩
કમઠ તણો મદ ગાલીયો, સુ૦ કાઢયો જલતો નાગ, પ્ર૦
નવકાર સુણાવી તે કિયો, સુ૦ ધરણ રાય મહા ભાગ. પ્ર૦ ૪
પોષ વદિ એકાદશી, સુ૦ વ્રત લેઈ વિચરે સ્વામ, પ્ર૦
વડ તલે કાઉસ્સગ્ગ રહ્યા, સુ૦ મેઘમાલી સુર તામ. પ્ર૦ ૫
કરે ઉપસર્ગ જલ વૃષ્ટિનો, સુ૦ આવ્યું નાશિકા નીર, પ્ર૦
ચુકયા નહિ પ્રભુ ધ્યાનથી, સુ૦ સમરથ સાહસ ધીર. પ્ર૦ ૬
ચૈત્ર વદી ચોથને દિને, સુ૦ પામ્યા કેવલનાણ, પ્ર૦
ચઉવિહ સંઘ સ્થાપી કરી, સુ૦ આવ્યા સમેતગિરિ ઠાણ. પ્ર૦૭
પાલી આયુ સો વર્ષનું, સુ૦ પહોંત્યા મુક્તિ મહંત, પ્ર૦
શ્રાવણ શુદિ અષ્ટમી દિને, સુ૦ કીધો કર્મનો અંત. પ્ર૦ ૮
પાસ વીરને આંતરૂં, સુ૦ વર્ષ અઢીસેં જાણ, પ્ર૦
કહે માણેક જિનદાસને, સુ૦ કીજે કોટિ કલ્યાણ. પ્ર૦ ૯

---

## ૨. શ્રી એકાદશીની સજ્ઝાય.

ગોયમ પૂછે વીરને સુણો ગોયમજી, મૌન એકાદશી કોણે કરી;
કોણે પાળી કોણે આદરી,
સુણો સ્વામીજી, એહ અપૂર્વ દિન સહી. ૧

વીર કહે સુણો ગોયમા, ગુણ ગેહાજી;
નેમ પ્રકાસી એકાદશી, મૌન એકાદશી નિર્મળી,
સુણો ગોયમજી ગોવિંદ કરે મલારસી. ૨

દ્વારામતી નયરી ભલી, સુણો૦ નવ યોજન આરામ વસી,
છપ્પન્ન કોડ જાદવ વસે, સુણો૦
કૃષ્ણ બિરાજે તેણી નયરી. ૩

વિચરંતા વિચરંતા નેમજી, સુણો૦
આવી રહ્યા ઉજ્વલ શીખરી;
મધુર ધ્વનિ દીયે દેશના, સુણો૦ ભવિયણને ઉપકાર કરી. ૪

ભવ અટવી ભીષણ ઘણી, સુણો૦ તે તરવા પંચ પર્વી કહી;
બીજે બે વિધ ધર્મ સાચવો, સુણો૦
દેશવિરતિ સર્વવિરતિ સહી. ૫

પંચમી જ્ઞાન આરાધીએ, સુણો૦ પંચ વરસ પંચ માસ વળી;
અષ્ટમી દિન અષ્ટ કર્મને સુણો૦
પરભવ આયુનો બંધ કરે. ૬

ત્રીજે ભાગે નવમે ભાગે, સુણો૦ સત્તાવીશમે ભાગે સહી,
અથવા અંતર્મુહૂર્ત્ત સમે, સુણો૦ શ્વાસોશ્વાસમાં બંધ કરે. ૭

માયા કપટ જે કેળવે, સુણો૦ નરક તિર્યંચનું આયુ ધરે;
રાગ તણે વશ મોહીઓ, સુણો૦ વિકળ થયો પરવશ પણે. ૮

કરણી અકરણી નવિ ગણે, સુણો૦
મોહ તિમિર અંધકાર પણે;
મોહે મદ ધાઢો ફરે, સુણો૦ દે ઘુમણી ઘણું જોર પણે. ૯

ઘાયલ જીમ રહે ઘુમતો, સુણો૦ કહ્યું ન માને નેહ પણે;
જીવ રૂળે સંસારમાં, સુણો૦ મોહ કર્મની સહી લાણી. ૧૦

અલ્પ સુખ સરસવ જેતું, સુણો૦ તેતું મેરૂ સમાન ગણે;
લોભે લંપટ વાહીઓ, સુણો૦ નવિ ગણે તે અંધ પણે. ૧૧

જ્ઞાની વિના કહો કુણ લહે સુણો૦ શું જાણે છદ્મસ્થ પણે;
અષ્ટમી એકાદશી ચતુર્દશી, સુણો૦
સામાયિક પોસહ કરે. ૧૨

ધર્મને દીવસે કર્મનો, સુણો૦ આરંભ કરે જે નર નારી;
નિશ્ચે સદ્દગતિ નવિ લહે, સુણો૦
અશુભ કર્મના છે ફળ ભારી. ૧૩

પંચ ભરત પંચ ઐરવતે સુણો૦ મહાવિદેહે તે પંચ ભણે;
કર્મભૂમિ સઘળી થઇ, સુણો૦ કલ્યાણક પંચ સય ગણે. ૧૪

શ્રી વિશાળ **સોમસૂરી** પ્રભુ, સુણો૦
તપગચ્છકો શિરદાર ગુણી;
તસ ગુરૂ ચરણ કમળ નમી, સુણો૦
સુવ્રતશેઠ સજ્ઝાય ભણી. ૧૫

---

## ૩. શ્રી સિદ્ધચક્રજીની સજઝાય.

સરસ્વતી માતા મયા કરો, આપો વચન વિલાસો રે,
મયણાસુંદરી સતી ગાઈ શું, આણી હૈડે ભાવો રે. ૧
નવપદ મહીમા સાંભળો, મનમાં ધરી ઉલ્લાસો રે,
મયણાસુંદરી શ્રીપાલને, ફળીયો ધર્મ ઉદારો રે. નવ૦ ૨
માલવદેશ માંહી વલી, ઉજેણી નયરી જામો રે,
રાજ્ય કરે તીહાં રાજીયો, પુહવીપાલ નરીંદો રે. નવ૦ ૩
રાય તણી મન મોહની, ધરણી અનોપમ હોય રે,
તાસ કુખે સુતા અવતરી,
સુરસુંદરી મયણાની જોડ રે. નવ૦ ૪
સુરસુંદરી પંડિત કને, શાસ્ત્ર ભણી મિથ્યાત્વ રે,
મયણાસુંદરી સિદ્ધાંતનો, અર્થ લીયો સુવિચારો રે. નવ૦ ૫
રાય કહે પુત્રી પ્રત્યે, હું તૂંઠ્યો તુજ જેહો રે,
વાંછિત વર માગો તદા, આપું અનોપમ જેહો રે. નવ૦ ૬
સુરસુંદરી એ વર માગીયો, પરણાવી શુભ ઠામો રે,
મયણાસુંદરી વયણાં કહે, કર્મ કરે તે હોય રે. નવ૦ ૭
કર્મે તુમારે આવીયો, વરો વરો બેટી એહો રે,
તાત આદેશે કર ગ્રહ્યો, વરીયો કુષ્ટી તેહો રે. નવ૦ ૮
આયંબીલનો તપ આદરી, કોઢ અઢારનો ટાલ્યો રે,
સદ્‌ગુરૂ આજ્ઞા શીર ધરી, હુઓ રાય શ્રીપાળો રે. નવ૦ ૯
તપ પ્રાસાદે સુખ સંપદા, પ્રત્યક્ષ સ્વર્ગે પહોત્યો રે,
ઉપસર્ગ સવિ દૂરે ટલ્યા, પામ્યો સુખ અનંતો રે. નવ૦ ૧૦

દેશ દેશાંતર ભમી કરી, આવ્યો તે વરસાંતો રે,
નવ રાણી પામ્યા ભલી, રાજ્ય પામ્યો મનરંગો રે. નવ૦ ૧૧
તપગચ્છ દિનકર ઉગીયો, શ્રી વિજયસેન સૂરીંદો રે.
તાસ શિષ્ય **વિમલ** એમ વિનવે,
સતીયોને નામે આણંદોરે. નવ૦ ૧૨

---

## ૪. શ્રી સિદ્ધચક્રજીની સજ્ઝાય.

શ્રી મુનિચંદ્ર મુનિશ્વર વંદીએ,
ગુણવંતા ગણધાર સુજ્ઞાની,
દેશના સરસ સુધારસ વરસતા,
જિમ પુષ્કળ જળાધાર. સુજ્ઞાની. શ્રી૦ ૧
અતિશય જ્ઞાની પર ઉપકારીયા,
સંયમ શુદ્ધ આચાર, સુજ્ઞાની.
શ્રી શ્રીપાળ ભણી જાપ આપીઓ,
કરી સિદ્ધચક્ર ઉદ્ધાર સુજ્ઞાની, શ્રી૦ ૨
આયંબિલ તપ વિધિ શીખી આરાધીયો,
પડિક્કમણાં દોય વાર સુજ્ઞાની,
અરિહંતાદિક પદ એક એકનું,
ગુણણું દોય હજાર સુજ્ઞાની. શ્રી૦ ૩
પડિલેહણ દોય ટંકની આદરે,
જીન પૂજા ત્રણ કાળ સુજ્ઞાની,
બ્રહ્મચારી વળી ભોંય સંથારે,
વચન ન આળ પંપાળ સુજ્ઞાની. શ્રી૦ ૪

મન એકાગ્ર કરી આયંબિલ કરે.
આસો ચૈતર માસ સુજ્ઞાની,
શુદિ સાતમથી નવ દિન કીજીએ,
પૂનમે ઓચ્છવ ખાસ સુજ્ઞાની. શ્રી૦ ૫
એમ નવ ઓળી એકાશી આયંબિલે,
પૂરી પૂરણ હર્ષ સુજ્ઞાની,
ઉજમણું પણ ઉદ્યમથી કરે,
સાડા ચારે રે વર્ષ સુજ્ઞાની. શ્રી૦ ૬
એ આરાધનથી સુખ સંપદા,
જગમાં કીર્ત્તિ રે થાય સુજ્ઞાની,
રોગ ઉપદ્રવ નાસે એહથી,
આપદા દૂરે પલાય સુજ્ઞાની. શ્રી૦ ૭
સંપદા વાધે અતિ સોહામણી,
આણા હોય અખંડ સુજ્ઞાની,
મંત્ર જંત્ર તંત્ર કરી સોહતો,
મહિમા જાસ પ્રચંડ સુજ્ઞાની. શ્રી૦ ૮
ચક્કેશ્વરી જેહની સેવા કરે,
વિમલેશ્વર વળી દેવ સુજ્ઞાની,
મન અભિલાષ પૂરે સવિ તેહના,
જે કરે નવપદ સેવ સુજ્ઞાની. શ્રી૦ ૯
શ્રીપાળે તેણી પરે આરાધીઓ,
દૂર ગયો તસ રોગ સુજ્ઞાની,
રાજ ઋદ્ધિ દિન દિન પ્રત્યે વાધતો,

મનવાંછિત લહ્યા ભોગ સુજ્ઞાની. શ્રી૦ ૧૦
અનુક્રમે નવમે ભવ સિદ્ધિ વર્યા,
સિદ્ધચક્ર સુપસાય સુજ્ઞાની,
એણી પરે જે નિત્ય નિત્ય આરાધશે,
તસ જશ વાદ ગવાય સુજ્ઞાની. શ્રી૦ ૧૧

સંસારીક સુખ વિલસી અનુક્રમે,
કરીએ કર્મનો અંત સુજ્ઞાની,
ઘાતી અઘાતી ક્ષય કરી ભોગવે;
શાશ્વત સુખ અનંત સુજ્ઞાની. શ્રી૦ ૧૨

એમ ઉત્તમ ગુરૂ વયણુ સુણી કરી,
પાવન હુઆ બહુ જીવ સુજ્ઞાની,
પદ્મવિજય કહે એ સુરતરૂ સમો,
આપે સુખ સદૈવ સુજ્ઞાની. શ્રી૦ ૧૩

---

## ૫. શ્રી સિદ્ધચક્રજીની સજ્ઝાય.

ગુરૂ નમતાં ગુણુ ઉપજે, બોલે આગમ વાણુ,
શ્રી શ્રીપાલને મયણા, સદાયે ગુણુ ખાણુ;
શ્રી મુનિચંદ્ર મુનીસર, બોલે અવસર જાણુ. ૧

આયંબિલનો તપ વરણુવ્યો, નવપદ નવે રે નિધાન,
કષ્ટ ટળે આશા ફળે, વાધે વસુધા વાન. શ્રી૦ ૨

રોગ જાએ રોગી તણા, જાયે શોક સંતાપ,
વ્હાલા વૃંદ ભેગા મળે, પુન્ય વધે ઘટે પાપ. શ્રી૦ ૩

આસો શુદિ સાતમ થકી, તપ માંડયો તનું હેત,
પૂરો તપ પૂનમ લગે, કામિની કંત સમેત. શ્રી૦ ૪
ચૈતર શુદિ સાતમ થકી, નવ આયંબિલ નિરમાય,
ઈમ એકાદશી આયંબિલે, એ તપ પુરો થાય. શ્રી૦ ૫
રાજ્ય નીકંટક પાલતાં, નવ શત વરસ વીલીન,
દેશવિરતિ પણું આદરી, દીપાવ્યો જગ જન. શ્રી૦ ૬
ગજ રથ સહુસ તે નવ ભલા, નવ લાખ તેજી તુખાર,
નવકોડી પાયદલ ભલું, નવ નંદન નવ નાર. શ્રી૦ ૭
તપ જપ ક્રિયા ઉજવી, લાધ્યું નવમું સ્વર્ગ,
સુર નરના સુખ ભોગવી, નવમે ભવ અપવર્ગ. શ્રી૦ ૮
હંસવિજય કવિરાયનો, જીમ જલ ઉપર નાવ,
આપ તર્યા પર ને તારવે, મોહન સહજ સ્વભાવ. શ્રી૦ ૯

---

## ૬. શ્રી ગજસુકુમાલની સજઝાય.

સોના કેરા કાંગરા રૂપા કેરો ગઢ રે,
કૃષ્ણજીની દ્વારિકામાં જોયાની રઢ રે;
ચિરંજીવો કુંવર તમે ગજસુકુમાલ રે,
પૂરા પૂન્યે પામીયા રે. ૧

નેમિ જિણંદ આવ્યા, વંદન આવ્યા ભાઈ રે;
ગજ સુકુમાલ વીર સાથે બોલાઈ રે. ચિરંજીવો૦ ૨
વાણી સુણી વૈરાગ્ય ઉપન્યો, મન મોહ્યું એમાં રે;
શ્રી જૈન ધર્મ વિના સાર છે શેમાં રે. ચિરંજીવો૦ ૩

ઘેર આવી એમ કહે, રજા દિયો માતા રે;
સંયમ સુખે લહું જેથી, પામું સુખ શાતા રે. ચિં૦ ૪
મૂર્છા ની મારી કુંવર, સુણી તારી વાણી રે;
કુંવર કુંવર કેતાં નથી, માતા આંખે પાણી રે. ચિં૦ ૫
હૈયાનો હાર વીરા, તજ્યો નવિ જાય રે;
દેવનો દીધેલો તુજ વિના, સુખ નવિ થાય રે. ચિં૦ ૬
સોના સરીખા વાળ તારા, કંચન વરણી કાયા રે;
એવી કાયા એક દિન, થાશે ધુળ ધાણી રે. ચિં૦ ૭
સંયમ ખાંડા ધાર, તેમાં નથી જરા સુખ રે;
બાવીશ પરિસહ, જીતવા દુક્કર રે. ચિં૦ ૮
દુઃખથી ભરેલો દેખું, સંસાર અટારો રે;
કાયાની માયા જાણી, પાણીનો પરપોટો રે. ચિં૦ ૯
જાદવ કૃષ્ણ કહે, રાજ્ય વીરા કરો રે;
હજારો હજાર ઉભા સેવક, છત્ર તુમને ધરે રે. ચિં૦ ૧૦
સોનાની થેલી કાઢો, ભંડારી બોલાવો રે;
ઓઘા પાતરા વીરા લાવો, દીક્ષા દિયો ભાઈ રે, ચિં૦ ૧૧
રાજ્ય પાટ વીરા હવે, સુખે તમે કરો રે;
દીક્ષા આપો મને ને, છત્ર તુમે ધરો રે. ચિં૦ ૧૨
આજ્ઞા આપી ઓચ્છવ કરે, દીક્ષા દિયે આપે રે;
દેવકી કહે વીરા, સંયમ ચિત્તે સ્થાપો રે. ચિં૦ ૧૩
મુજને તજીને વીરા, અવર માતા મત કીજે રે;
કર્મ ખપાવી ઈહ ભવ, વેલી મુક્તિ લીજે રે. ચિં૦ ૧૪
કુંવર અંતે ઉર મેલી, સાધુ વેષ લીધો રે;

ગુરૂ આજ્ઞા લેઈને, શ્મશાને કાઉસ્સગ્ગ કીધો રે ચિં૦ ૧૫
જંગલમાં જમાઈ જોઈને, સોમિલ સસરો કોપ્યો રે.
ખેરના અંગારા લેઈને, મસ્તકે ઠવ્યા રે. ચિં૦ ૧૬
મોક્ષ પાઘ બંધાવી, સસરાને દોષ નવિ દીધો રે;
વેદના અનંત સહી, સમતા રસ પીધો રે. ચિં૦ ૧૭
ધન્ય જન્મ થયો તુમે, ગજ સુકુમાલ રે;
કર્મ ખપાવી તુમે, હઈડે ધરી હામ રે. ચિં૦ ૧૮
**વિનય** વિજય કહે, એવા મુનિને ધન્ય રે;
કર્મનું બીજ બાળી, જીતી લીધું મન્ન રે. ચિં૦ ૧૯

## ૭. શ્રી સુબાહુકુમારની સજ્ઝાય.

હવે સુબાહુકુમાર એમ વિનવે, અમે લેઈશું સંયમભાર
માડી મોરીરે,
મા મેં વીર પ્રભુની વાણી સાંભળી;
તેથી મેં જાણ્યો અથીર સંસાર માડી મોરીરે.
હવે હું નહીં રાચું આ સંસારમાં. ૧
અરે જાયા, તુજ વિના સુનાં મંદિર માળીયાં,
તુજ વિના સુનોરે સંસાર; જાયા મોરારે,
કાંઈ માણેક–મોતી–મુદ્રિકા, કાંઈ ઋદ્ધિ તણો નહિ પાર;
જાયા મોરારે, તુજ વિના ઘડી એક ન નિસરે. ૨
અરે માડી તન ધન જોબન કારમું, કારમો કુટુંબ પરિવાર;
માડી મોરીરે, કારમા સગપણમાં કોણ રહે,
એતો જાણ્યો અથિર સંસાર. માડી મોરીરે૦ ૩

અરે જાયા સંયમ પંથ ઘણો આકરો, જાયા વ્રત છે ખાંડાની ધાર;
જાયા મોરારે, બાવીશ પરિષહ જીતવા, જાયા રહેવું છે વનવાસ,
જાયા મોરારે, તુજ વિના ઘડી એક ન નિસરે ૪
અરે માજી, વનમાં રહે છે મૃગલાં;
તેની કોણ કરેરે સંભાળ, માડી મોરીરે.
વન મૃગલાં પેરે ચાલશું, અમે એકલડા નીરધાર.
માડી મોરીરે, હવે હું નહિ રાચું આ સંસારમાં. ૫
હાં રે માજી નરક નિગોદમાં હું ભમ્યો,
ભમ્યો અનંતી-અનંતી વાર;
માડી મોરીરે, છેદન-ભેદન મેં ત્યાં સહ્યાં,
તે કહેતાં નાવે પાર, માડી મોરીરે
હવે હું નહિ રાચું આ સંસારમાં. ૬
અરે જાયા તુજને પરણાવી, પાંચસેં નારીઓ,
રૂપે અપ્સરા સમાન, જાયા મોરારે,
ઉંચા તે કુલમાં ઉપની, રહેવા પાંચસેં પાંચસેં મહેલ,
જાયા મોરારે. તુજ૦ ૭
હાંરે માડી ઘરમાં જો એક નીકલે નાગણી,
સુખે નિદ્રા ન આવે લગાર, માડી મોરીરે,
પાંચસેં નાગણીઓમાં કેમ રહું,
મારૂં મન આકુલ વ્યાકુલ થાય માડી મોરીરે. હવે૦ ૮
હાંરે જાયા આટલા દિવસ હુંતો જાણુતી,
રમાડીશ વહુરોનાં બાલ, જાયા મોરારે,
દિવસ અટારો હવે આવીયો,
તું તો લે છે સંયમભાર, જાયા મોરારે. તુજ૦

હાંરે માજી મુસાફર આવ્યો કોઈ પરૂણલો,
ફરી ભેગો થાય ન થાય, માડી મોરીરે,
એમ મનુષ્ય ભવ પામવો દોહીલો,
ધર્મ વિના દુરગતિમાં જાય, માડી મોરીરે. હવે૦ ૧૦

હવે પાંચસે વહુરો એમ વીનવે, તેમાં વડેરી કરેરે જવાબ,
વાલમ મોરારે, તુમે તો સંયમ લેવા સંચર્યા,
સ્વામી અમને કોનો છે આધાર, વાલમ મોરારે,
વાલમ વિના કેમ રહી શકું. ૧૧

હાંરે માજી માતપિતાને ભાઈ બેનડી,
નારી કુટુંબ ને પરિવાર, માડી મોરીરે,
અંત વેલાએ સહુ અળગા રહે,
એક જૈન ધર્મ તરણ તારણ હાર, માડી મોરીરે. હવે૦ ૧૨

હાંરે માજી કાચી કાયા તે કારમી,
સડી પડી વીણસી જાય, માડી મોરીરે,
જીવડો જાયે ને કાયા પડી રહેશે.
મુવા પછી બાળી કરે રાખ, માડી મોરીરે. હવે૦ ૧૩

હવે ધારણી માતા એમ ચિંતવે, આ પુત્ર નહીં રહેરે સંસાર,
ભવીક જનરે, એક દીવસનું રાજ્ય ભોગવી,
લીધો સંયમ મહાવીર સ્વામીની પાસ,
ભવીક જનરે, સોભાગી કુંવરે સંયમ આદર્યો. ૧૪

તપ જપ કરી કાયા શોષવી.
આરાધી ગયા દેવલોક, ભવીક જનરે,

પંદરે ભવ પુરા કરી, જાશે મહાવીદેહક્ષેત્ર મોઝાર,
ભવીક જનરે, સૌભાગ્યવિજય ગુરૂ એમ કહે. ૧૫
હાંરે માજી વિપાકસૂત્રમાં ભાખીયું, બીજા સૂત્ર અખંડ મોઝાર,
ભવિકજનરે,પ્રથમ અધ્યયને એ કહ્યું, સૂત્ર વિપાકમાં અધિકાર,
ભવિક જનરે, સોભાગી કુંવરે સંયમ આદર્યો. ૧૬

## ૮. શ્રી દ્વારિકા નગરીની સજ્ઝાય.

દોહા–દોનું બંધવ આરડે, દુઃખ ધરતાં મન માંહે;
બલતી દેખી દ્વારિકા, કીજે કવણ ઉપાય. ૧
રતન ભીંત સોવન તણી, તેહ બલે તતકાલ;
સોવન થંભા કાંગરા, જાણે બલે પરાલ. ૨

ઢાલ–બલતી દ્વારિકા દેખી રે ભાઈ, ઘણા થયા દિલગીર રે,
છાતી તે લાગી ફાટવા રે ભાઈ, નયણે વછુટયાં નીરરે,
માધવ ઈમ બોલે, ૧
બે બાંધવ મલીને તીહાં રે ભાઈ, વાત કરે કરૂણાય,
દુઃખ સાલે દ્વારિકા તણુંરે ભાઈ, અબ કીજે કવણ ઉપાયરે.
માધવ૦ ૨
કિહાંરે દ્વારિકાનો સાહિબીરે ભાઇ, કિહાં ગજંદરનો ઠાઠ,
સજ્જનનો મેળો કિહાં રે ભાઇ, ક્ષણમાં હુઆ ઘણા ઘાટ રે.
માધવ૦ ૩
હાથી ઘોડા રથ બલે રે ભાઈ, બેંતાલીસ બેંતાલીસ લાખ,
અડતાલીસ ક્રોડ પાલા હતારે ભાઈ, ક્ષણમાં હુઈ ગયા રાખરે.
માધવ૦ ૪

હલધરને હરજી કહે રે ભાઈ, ધિગ કાયરપણું મોય,
નયરી બલે મુજ દેખતાંરે ભાઇ, જોર મુજ ન ચાલે કોયરે.
માધવ૦ ૫

નયરી બલે મુજ દેખતાંરે ભાઇ, રાખી ન શકું રે જેમ,
ઇંદ્ર ધનુષ મેં ચઢાવીયું રે ભાઇ, એ બલ ભાગ્યું કેમ રે.
માધવ૦ ૬

જેણી દીશે જોતા તિણી દિસે રે ભાઈ, સેવક સહસ અનેક,
હાથ જોડી ઉભા ખડા રે ભાઇ, આજ ન દીસે એક રે.
માધવ૦ ૭

મોટા મોટા રાજવી રે ભાઈ, શરણે રહેતા આય,
ઉલટો શરણો તાકીઓ રે ભાઈ, વેરણ વેલા આય રે.
માધવ૦ ૮

બાદલ બીજ તણી પરે રે ભાઈ, બુદ્ધિ બદલાયે સોય,
ઇણ દોહીલીમાં આપણો રે ભાઈ, સગો ન દીસે કોય રે.
માધવ૦ ૯

મહેલ ઉપગરણ આયુધ બલે રે ભાઇ, બળે સહુ પરિવાર,
આ આપદા પુરી પડી રે ભાઈ, કીજે કવણ વિચાર રે.
માધવ૦ ૧૦

વળતાં હળધર ઈમ કહે રે ભાઈ, પ્રગટયાં પૂર્વનાં પાપ,
બીજું તો સઘળું રહ્યું રે ભાઇ, માંહિ બળે માયને બાપ રે.
માધવ૦ ૧૧

દોનું બાંધવ માંહે ધસ્યા રે ભાઇ, નયરીમાં ચાલ્યા જાય,

રથ જોડી તિણે સમે રે ભાઇ, માંહે ઘાલ્યા માતને તાત રે.
માધવ૦ ૧૨

દોનું બાંધવ જુતિયા રે ભાઇ, આવ્યા પોળની માંય,
દોનું બાંધવ બહાર નીકળ્યારે ભાઇ, દરવાજો પડિયો આયરે,
માધવ૦ ૧૩

પાછું વાળી જુએ તિહાં રે ભાઇ, ઘણા થયા દિલગીર,
છાતી તે લાગી ફાટવા રે ભાઈ, નયણે વછુટયાં નીર રે.
માધવ૦ ૧૪

હળદરને હરજી કહે રે ભાઇ, સાંભળ બાંધવ વાત,
કિણ દીશી આપણે જાઈશું રે ભાઈ, તે દિશ મોય બતાયરે.
માધવ૦ ૧૫

વચન સુણી માધવ તણાં રે ભાઈ, હળધર બોલે એહ,
પાંડવ ભાઇ કુંતા તણા રે ભાઇ, અબ જાઇયે તેહને ગેહરે.
માધવ૦ ૧૬

વયણાં સુણી હળધર તણા રે ભાઇ, માધવ બોલે એમ,
દેશવટો દેઈ કાઢીયારે ભાઈ, તે ઘર જાઉં કેમરે. મા૦ ૧૭
વલતાં હલધર ઇમ કહે રે ભાઈ, દેખી હોશે દિલગીર,
તે કિમ અવગુણ આણશે રે ભાઇ, ગિરૂઆ ગુણગંભીર રે.
માધવ૦ ૧૮

તેં તેહનાં કારજ કિયાં રે ભાઈ, ધાતકીખંડમાં જાય,
દ્રૌપદી સોંપી આણીને રે ભાઇ, તે કેમ ભુલશે ભાઇરે. મા૦ ૧૯
અહંકારી શીર શેહરા રે ભાઇ, એહવી સંપદા થાય,
તે નર પાળા ચાલીયારેભાઇ, આપદા પડી બહુ આયરે. મા૦ ૨૦

પાંડવ મથુરાં પ્રગટી જિહાંરે ભાઇ, અગ્નિ ખુણ સમુદ્ર તીર,
તે નયરી ભણી ચાલીયા રે ભાઇ, બાંધવ બેહુ સધીર રે.
માધવ૦ ૨૧
જે નર સચ્યાએ પોઢતારે ભાઇ, તે નર પાળા હોય,
કરજોડી વિનયવિજય ઈમ ભણેરે ભાઈ, આ ભવ પાર ઉતારરે.
માધવ ઈમ બોલે. ૨૨

---

## ૯. શ્રી અનાથીમુનિની સજ્ઝાય.

( આધાકર્મી આહાર ન લીજે—એ દેશી. )

મગધાધિપ શ્રેણિક સુવિચારી, સાથે બહુ પરવારી;
હય ગય પાયક પાલખીશું, પહોંત્યો વન મોઝારી કે.
રાજન રયવાડી સંચરિયો (એ આંકણી)
રાજન રયવાડી સંચરિયો, ક્ષાયક સમકિત વરિયો કે રાજન,
પદ્મનાભ તીર્થંકર થાશે, ઉપશમ રસનો દરિયો કે. રા૦ ૨
વિવિધ પ્રકારની ક્રીડા કરતો, જોતો વનનાં ઠામ,
ચંપક તરૂ તળે મુનિવર દીઠા, બેઠો કરી પ્રણામ કે. રા૦ ૩
ધ્યાને લીનો મુનિવર મ્હોટો, ચંપકવરણી કાયા;
લૂંચ્યા કેશ યૌવન વેષે, તજી સંસારની માયા કે. રા૦ ૪
પૂછે રાજા શ્રેણિક મુનિને, કિમ લૂંચ્યા તુમે કેશ,
યોવને વૈરાગ કહો કેમ લીધો, દીસો છો લઘુવેષ કે. રા૦ ૫
તરૂણપણે તરૂણી કાં છંડી, એ માયા કાં મંડી;
કંચનવરણી કાયા દંડી, એ શી કીધી ઘમંડી કે. રા૦ ૬

રૂપવંત તું ગુણવંત દીસે, સુંદર તુમ આકાર;
શશિ સમ વદન વિરાજે ત્હારૂં, નયન પંકજ અનુહાર કે. રા૦૭
ધન જોબન ફળ લાહો લીજે, કીજે બહુલા ભોગ;
સંપત્તિ સારૂ દાન તે દીજે, અવસરે લીજે જોગ કે. રા૦ ૮
કુટુંબ તણો મોહ કિમ મૂક્યો, કિમ મૂક્યો ધન પરિવાર;
કવણ નયરના કહો તુમ વાસી, કિમ લીધો સંયમ ભાર કે રા૦૯
સયણ લક્ષણ તુમ અંગે નિરખ્યાં, અવગુણ એક ન દીઠો;
કૃપા કરી યોગીરસ સાચો, ઉત્તર દ્યો મુજ મીઠો કે. રા૦ ૧૦
બોલે મુનિવર સુણ હો રાજા, ઉત્તર દેઉં હું સાચો;
મુખનો મટકો નયણનો ભટકો, કાયા પિંડ તે કાચો કે;
રાજન, સુણજો વચન અનાથી. (એ આંકણી) ૧૧
નાથ વના જીવે બહુ દુઃખ પામ્યા, માહરે નહીં કોઈ નાથ;
તિણ કારણ મેં દીક્ષા લીધી, હવે હું હુઓ સનાથ કે. રા૦૧૨
નાથ અછું હું મુનિવર તાહરો, એહવો અર્થ વિચારો;
નાથ અછે કોઈ ત્હારો રાજા, બોલ્યો બોલ અવિચાર્યો કે. રા૦૧૩
નાથ તણો અરથ જો જાણો, તો થાઓ મુજ નાથ;
નાથ નહિ કોઈ નૃપ તુમારે, બાવળ ઘોછો બાથ કે. રા૦ ૧૪
માતા મય ગળ હય હૈષારવ, સુણ મગધાધિપ રાજા;
કંચન કોડી જોડી બાંધવની,
માય તાય સુખ સાજા કે. રા૦ ૧૫
મ્હોટા કુળની મ્હોટી વધૂટી, ખોટી નહિ મનમાંહી;
સિંહકટી હંસ ગામિની બાળા, થોડા બોલી પ્રાંહી કે. રા૦૧૬

શશિવયણી મૃગનયણી નારી, ચિત્ત હરખી ભરતાર,
હાવ ભાવ વિભ્રમ જે કરતી, તે મુકી નિરાધાર કે. રા૦ ૧૭
ઈંદ્ર તણી જાણે ઇંદ્રાણી, એહવી મુજ ઘર રાણી;
કેતાં ગુણ હું કહું હો રાજા, ચિયળ ગુણની ખાણી કે. રા૦ ૧૮
પાન સમારે બીડું વાળી, માંહી કપૂરનો વાસ,
પ્રેમ ધરી મુજ પદ્મણી આપે, તે મૂકી નિરાશ કે. રા૦ ૧૯
પંચ વિષય હું ભોગ ભોગવતો, જાતો કાળ ન જાણ્યો,
એક દિવસ મુજ રોગ ઉપન્યો, નવિ સમે તે ચિત્તઆણ્યોકે. રા૦ ૨૦
કાકા કાકી ફુઆ ભાણેજી, મામા માસા મામી,
નેહ ધરે માસી મુજ અધિકો જાણે અંતરજામી કે. રા૦ ૨૧
માય તાય બંધવ મુજ ભગિની, દુઃખ નવ લીધો જાય,
નારી મુખ વિલંપતી બોલે, તે દુઃખ અમ ન સહાય કે. રા૦ ૨૨
તિણિ વેદની મુજ નિંદ ન આવે, અન્ન પાણી નવિ ભાવે,
મંત્ર યંત્ર કીધા ઘણેરા, તો પણ દુઃખ નવિ જાવે કે. રા૦ ૨૩
વૈદ્ય જાણ તેડ્યા તિણિ વારે, દીધા બહુધા દામ,
ઔષધ ભેષજે ગુણ નવિ થાયે, વિલખાણા તે તામ કે રા૦ ૨૪
ચિત્ત ચેખું કરી મેં રે વિચાર્યું, એકલડો વનવાસી,
એ સંસાર તણાં દુઃખ વિરૂઆં, ગઈ વેદના તવ નાસી કે. રા૦૨૫
દિનકર ઉગે તમ જિમ નાસે, તિમ મુજ વેદના ભગી,
સંયમ વરિયો વેદના ઠરાયો, સમતા શું લય લાગી કે. રા૦૨૬
મગધાધિપ હરખ્યો મનમાંહી, વચન કહે રે વિચારી,
નાથપણું તમને મુનિ સાચું, આપ તર્યા પર તારી,
કે રાજન, પંચ મહાવ્રત ધારી. ૨૭

સિશ નમાવી પાય લાગીને, પૂછી છોડયું મિથ્યાત્વ:
યોગીસરને ધ્યાને લીનો, અજુઆળે કુળ જાત કે. રા૦ ૨૮
ઋષિ અનાથી ચારિત્ર પાળી, પહોંત્યા શિવપુર ઠામ,
કનકવિજય બુધ ચરણે મધુકર, ઈમ બોલે મુનિરામ કે. રા૦૨૯

---

## ૧૦ શ્રી અંજના સતીની સજઝાય

અંજના વાત કરે છે મારી સખીરે, મને મેલી ગયા મારા પતિરે,
અંતે રંગમેહેલમાં મુકી રોતી, સાહેલી મોરી કર્મે મલ્યો વનવાસ,
સાહેલી મોરી પૂન્ય જોગ તુમ પાસ. ૧

લશ્કર ચઢતાં મેં શુકનજ દીધાં, તે તો નાથ મારે નવિ લીધાં,
ઢીંકા પાટું પોતે મને દીધા. સાહેલી૦ ૨

સખી ચકવી ચકવાનો સુણી પોકાર, રાતે આવ્યા પવનજી દરબાર,
બાર વરસે લીધી છે સંભાળ. સાહેલી૦ ૩

સખી કલંક ચઢાવ્યું મારે માથે, મારી સાસુએ રાખી નહિ પાસે,
મારે સસરે મેલી વનવાસે. સાહેલી૦ ૪

પાંચ સય સખી દીધી છે મારે બાપે, તેમાં એકે નથી મારી પાસે;
એક વસંતબાલા મારી પાસે. સાહેલી૦ ૫

કાળો ચાંદલોને રાખડી કાળી, રથ મેલ્યો વન મોઝારી;
સહાય કરો દેવ મોરારી. સાહેલી૦ ૬

મારી માતાએ લીધી નહીં સાર, મારા પિતાએ કાઢી ઘરબાર;
સખી ન મેલ્યો પાણીનો પાનાર. સાહેલી૦ ૭

મને વાત ન પુછી મારા વીરે, મારા મનમાં નથી રહેતી ધીરે;
મારા અંગે ફાટી ગયા ચીરે. સાહેલી૦ ૮
મને દિશા લાગે છે કાળી, મારી છાતી જાય છે ફાટી;
અંતે અંધારી અટવીમાં કર્મે નાખી. સાહેલી૦ ૯
મારૂં જમણું ફરકે છે અંગ, નથી બેઠી કોઈની સંગ;
અંતે રંગમાં શો પડયો ભંગ. સાહેલી૦ ૧૦
સખી ધાવતાં છોડાવ્યાં બાળ, નહિતર કાપી હસે કુંપળ ડાળ;
તેના કર્મે પામ્યા ખોટી આળ. સાહેલી૦ ૧૧
વનમાં ભમતા મુનિ દીઠા, આજે પૂર્વ ભવની પૂછે છે વાત;
જીવે કેવાં રે કીધાં હશે પાપ. સાહેલી૦ ૧૨
એની હસતાં રજોહરણુ તમે લીધા, મુનિરાજને દુઃખ જે દીધા;
તેને કર્મે વનવાસ તમે લીધા. સાહેલી૦ ૧૩
પૂર્વે હતો શોકયનો બાળ, તેને દેખી મનમાં ઉછળતી ઝાળ;
તેના કર્મે જોયાં વનનાં ઝાડ. સાહેલી૦ ૧૪
સખી વનમાં જન્મ્યો છે બાળ, કયારે ઉતરશે મારી આળ;
ઓચ્છવ કરશું માને મોસાળ. સાહેલી૦ ૧૫
વનમાં ભમતાં મુનિ દીઠા આજ, અમને ધર્મ બતાવો મુનિરાજ;
કયારે સરસે હમારાં કાજ. સાહેલી૦ ૧૬
વનમાં મળશે મામો મામી આજ, ત્યાં પવનજી કરશે રે સાર;
પછી સરશે તમારાં કાજ. સાહેલી૦ ૧૭
મુનિરાજની શીખજ સારી, સર્વે લેજો ઉરમાં અવધારી;
માણેકવિજયને જાઉં બલીહારી; સાહેલી૦ ૧૮

---

## ૧૧ શ્રી સુકુમાલિકાની સજ્ઝાય (ઢાલ બે)

વસંતપુર સોહામણું રે,
રાજ્ય કરે તિહાં રાય, સિંહસેન નૃપતિ રાજીયોરે;
રાણી સીંહલ્યા નામ રે, પ્રાણી જુઓ જુઓ કર્મની વાત;
છાંડે પણ છુટે નહિ રે, કર્યાં કર્મ વિશેષરે. પ્રાણી જુઓ૦ ૧

સસીક ભસીક દોય તેહના રે, ઉપન્યા બાલકુમાર;
બાલિકા એક સુકુમાલિકા રે, રૂપ તણો ભંડાર રે. પ્રાણી૦ ૨

સસીક ભસીક સુકુમાલિકા રે, વાધે તે રૂપ વિવેક;
અનુક્રમે મોટા થયા રે, જ્ઞાનાદિ ગુણ સુવિશેષ રે પ્રાણી૦ ૩

સાધુ સમિપ દીક્ષા ગ્રહી રે, સસીક ભસીક સુકુમાર.
પછી તેહનું શું થયું રે, જુઓ જુઓ કર્મ વિટંબ રે. પ્રા૦ ૪

ગામ નયરપુર વિચરતા રે, પાળે જીનવર આણ;
તપ કરતાં અતિ આકરાં રે, તોડે કર્મ નિદાન રે, પ્રાણી૦ ૫

બાલિકા એક સુકુમાલિકા રે, તેનું અનુપમ રૂપ,
વિવરીને હું વર્ણવું રે, જોવા આવે છે ભૂપ રે. પ્રાણી૦ ૬

ભ્રાતા દોય ચોકી કરે રે, મેલી કુળ આચાર;
રૂતુ ધરી ને ખમાવીયા રે, અઠ્ઠમ તપ અનુસાર રે. પ્રાણી૦ ૭

અંગોપાંગ હાલે નહિં રે, જીવ થયો અસરાલ;
કંઠે તો કાંટા પડે રે, મરણ માગ્યું સુકુમાલ રે. પ્રાણી૦ ૮

મરણ જાણી મેલી ગયા રે, થઈ ઘડી એક દોય;
શીતલ વાયો વાયરો રે, પ્રાણ સચેતન હોય રે. પ્રાણી૦ ૯

ચાર દિશાએ જુએ વળી રે, વન મોટું વિકરાળ;
નયણે તો આંસુ ઝરે રે, બેઠી વડ તરૂ છાંય રે. પ્રાણી૰ ૧૦

---

## ઢાળ ૨૭

હવે એક સમય આવ્યો પરદેશી, વેપારી વેપાર રે,
પાંચસેં પોઠ ભરીને લાવ્યો, સાર્થવાહ શિરદાર,
જુઓ જુઓ જન્મ જરા જગ જોરો, કર્મ ન મેલે કેડો. ૧

પોઠ ઉતારી સરોવર તીરે, ભર્યું ઘોર ગંભીર રે,
વડ તળે મોટી વાદળી, છાંયાં તેમાં ભર્યાં નીર. જુઓ૰ ૨

ઈંધણ પાણી જોવા સારૂ, ફરે અનુચર જોતા રે,
બેઠી બાળા વનમાં દેખી, ત્યાં કણે જઈ પહોંચ્યા. જુઓ૰ ૩

રે બાઈ તું એકલી વનમાં, ઈહાં કેમજ આવી રે;
કહે બેની સાંભળ વીરા, કર્મેં મુજને લાવી. જુઓ૰ ૪

અનુચરે જઈને સંભળાવ્યું, સાર્થવાહની પાસે રે;
મહા વનમાં એક નારી અનુપમ, બેઠી વડ તરૂ છાંય. જુઓ૰ ૫

ઇન્દ્રાણીને અપચ્છરા સરીખી, રૂપા રૂપી ગાત્ર રે,
કહો તો અહીંયાં તેડીને લાવું, જોયા સરખી પાત્ર. જુઓ૰ ૬

સાર્થવાહ કહે તેડીને લાવો, ઘડી ન લગાડો વિલંબ રે;
અનુચર તેહને તેડીને લાવ્યો, સાર્થવાહની પાસ. જુઓ૰ ૭

વાત વિનોદ કરી સમજાવી, ભોળવી તે નારી રે;
સાર્થવાહે ઘરમાં બેસાડી, કર્મ તણી ગતી ન્યારી. જુઓ૦ ૮

કર્મ કરે તે કોઈ ન કરે, કર્મે સીતા નારી રે;
દમયંતિ છોડી નળ નાઠો, જુઓ જુઓ વાત વિચારી. જુ૦૯

સુકુમાલિકાએ મનમાં વિમાસી, છોડયો સંયમ જોગ રે;
સાર્થવાહના ઘરમાં રહીને, ભોગવે નિત્ય નવા ભોગ. જુ૦૧૦

ભાઈ પોતાના સંયમ પાળે, દેશ દેશાન્તર ફરતા રે;
અનુક્રમે તેહના ઘરમાં આવ્યા, ઘેર ઘેર ગૌચરી ફરતા. જુ૦૧૧

મીઠા મોદક ભાવ ધરીને, મુનીને વહોરાવ્યા રે;
મુનિ પણ મનમાં વિસ્મય પામ્યા,
સમતા શું મન લાવી. જુઓ૦ ૧૨

કહે બ્હેની સાંભળ વીરા, શી ચિન્તા છે તુમને રે,
મનમાં હોય તે કહો મુજ આગળ.
જે હોય તમારા મનમેં. જુઓ૦ ૧૩

તારા જેવી એક બ્હેન અમારી, શુદ્ધો સંયમ પાળી રે;
મોટું ફળ મરીને પામી, તે મનમાં શું વિમાસી. જુઓ૦ ૧૪

સુકુમાલિકા કહે સાંભળ વીરા, જે બોલ્યા તે સાચું રે;
કર્મે લખ્યું તે મુજને થયું છે,
તેમાં નહિં કાંઈ કાચું. જુઓ૦ ૧૫

---

## ૧૨ શ્રી ગર્વની સજ્ઝાય

ગર્વ ન કરશો ગાત્રનો, આખર એ છે અસાર રે;
રાખ્યું કેનું રે નવિ રહે, કર્મ ફરે કિરતાર રે. ગર્વ૦ ૧
સડણ પડણ વિધ્વંસણ, જેહવું માટીનું ભાંડ રે;
ક્ષણમાં વાગેરે ખોખરૂં, તે કીમ રહેશે અખંડ રે. ગર્વ૦ ૨
મુખને પુછીને જે જમે, પાન બીડાં ચુંટી ચુંટી બીંટ રે;
તે મુખ બંધાણા પારામાં, કાગ ચરકતા વીઠ રે. ગર્વ૦ ૩
મુખ મરડે ને મોજો કરે, કામિની શું કરે કેલ રે;
તે જઈ સુતા મસાણમાં, મોહ મમતાને મેલરે. ગર્વ૦ ૪
દશે દિશિ બોલતાં હોજમાં, નરનારી લાખ ક્રોડ રે;
તે પરભવે જઈ પોઢીયા, ધન કણ કંચન છોડ રે. ગર્વ૦ ૫
ક્રોડ ઉપાય જો કીજીએ, તો પણ નવિ રહે નેટ રે;
સ્વજન મળી સહુ તેહને, કરે અગ્નિ ભેટ રે. ગર્વ૦ ૬
કૃષ્ણ સરીખો રે રાજવી, બળભદ્ર સરીખો છે વીર રે;
જંગલમાં જુઓ તેહને, તાકી માર્યું છે તીર રે. ગર્વ૦ ૭
બત્રીસ સહસ્ર અંતે ઉરી, ગોવાલણી સોળ હજાર રે;
તરસે તરફડે ત્રીકમો, નહીં કોઈ પાણી પાનાર રે. ગર્વ૦ ૮
કોટિ શીલા કરમે ધરી, ગિરધારી થયા નામ રે;
બેઠા ન થવાણું તે બળે, જુઓ એ કર્મના કામ રે. ગર્વ૦ ૯
જન્મતાં કેણે નવિ જાણીઓ, મરતાં કોઈ નહિ રોનાર રે;
મહા અટવી માંહે એકલો, પડ્યા કરે પોકાર રે. ગર્વ૦ ૧૦
છબીલો છત્ર ધરાવતો, ફેરવતો ચિહું દિસે ફોજ રે;
વનમાં વાસુદેવ જઈ વસ્યા, જિહાં બેસે વનચર રોઝ રે ગર્વ૦ ૧૧

ગજ બેસીને જે ગાજતો, થતી જિહાં નગારાંની ઠોર રે;
ઘુવડ હોલા તિહાં ઘુઘવે, સાવજ કરતા તિહાં સોર રે.ગર્વ૦૧૨
જસકુંવર જંગલમાં વસે, ખેલે છે શિકાર રે;
હરિ પગે પદમ તે દેખીયો, મૃગની ભ્રાન્તે તેણીવારરે.ગર્વ૦૧૩
તીર માર્યો તેણે તાણીને, પણછ તણે બળે પુર રે;
પદમ ભેદીને તે નીસર્યો, તીર પડ્યો જઈ દૂર રે. ગર્વ૦૧૪
આપ બળે ઊઠીને કહે રે, રે હું તો છું કૃષ્ણ રે;
બાણે કેણે મને વીંધીયો, એવો કોણ છે દુર્જન રે. ગર્વ૦ ૧૫
શબ્દ તે કૃષ્ણનો સાંભળી, વૃક્ષ તળે જસકુમાર રે;
ક્યાં હું વાસુદેવ પુત્ર છું, રહું છું આ વન મોઝાર રે. ગર્વ૦૧૬
કૃષ્ણ રખોપાને કારણે, વર્ષ થયા મુજ બાર રે;
પણ નવિ દીઠો માનવી, આજ લગે તો નિરધાર રે. ગર્વ૦ ૧૭
દુષ્ટ કર્મ તણા ઉદયે, અહિં આવ્યા તુમ આજ રે,
મુજને હત્યારે આપવા, વળી લગાડવા લાજ રે. ગર્વ૦ ૧૮
કૃષ્ણ કહે આવો બાંધવા, જેને કાજે સેવો છો વન રે;
તે હું કૃષ્ણ તેં મારીઓ, ન મિટે તેમના વચન રે. ગર્વ૦ ૧૯
ઈમ સુણી આંસુડે વરસતે, આવ્યો કૃષ્ણની પાસ રે;
મોરારી તવ બોલીયા, લે આ કૌસ્તુભ ઉલ્લાસ રે. ગર્વ૦૨૦
નિશાની પાંડવને આપજે, જા તું ઇહાંથી વેગ રે;
નહીં તો બળભદ્ર મારશે, ઉપજશે ઉદ્વેગ રે. ગર્વ૦ ૨૧
આ સમે કેમ જાઉં વેગળો, જો તમે મોકલો મોરારી રે;
ફરી ફરી પાછું જોતો થકો, વરસતે આંસુ જળધાર રે. ગર્વ૦૨૨

દષ્ટિ અગોચર તે થયો, એ તે વીસમી ઢાલ રે;
ઉદયરત્ન કહે એ થઇ, સહુ સુણજો ઉજમાળ રે. ગર્વ૦ ૨૩

## ૧૩ શ્રી મૃગાપુત્રની સજ્ઝાય

ભવિ તુમે વંદો રે મૃગાપુત્ર સાધુને રે, બલભદ્ર રાયનો નંદ;
તરૂણવય વિલસે નિજ નારી શું રે,
જિમ તે સુર દોગંદ. ભવિ૦ ૧
એક દિન બેઠા મંદિર માળીયે રે, દીઠા શ્રી અણગાર;
પગ અળવાણે રે જયણા પાળતા રે,
ષટકાય રાખણહાર. ભવિ૦ ૨
તે દેખી પુરવભવ સાંભળ્યો રે, નારી મુકી નિરાશ;
નિર મોહિ થઈ હેઠે ઉતર્યો રે, આવ્યો માતની પાસ. ભવિ૦ ૩
માતાજી આપો અનુમતી મુજને રે, લઈશું સંયમ ભાર;
તન ધન જોબન એ સવિ કારમું રે,
કારમો એહ સંસાર. ભવિ૦ ૪
વત્સ વચન સાંભળી ધરણી ઢળી રે, શીતળ કરી ઉપચાર;
ચેત વળ્યો તવ એણીપરે ઉચ્ચરે રે,
નયણે વહે જળધાર. ભવિ૦ ૫
સુણ સુજ જાયા રે એ સવિ વાતડી રે,
તુજ વિણ ઘડીય છ માસ;
ખિણ ન ખમાયેરે વિરહો તાહરો રે,
તું મુજ સાસ ઉસાસ. ભવિ૦ ૬

તુજને પરણાવી રે ઉત્તમ કુળ તણી રે, સુંદર વહુ સુકુમાળ;
વાંક વિહુણી રે કિમ ઉવેખીને રે,
નાખે વિરહની ઝાળ. ભવિ૦ ૭

સુણ મુજ માડી રે મેં સુખ ભોગવ્યાં રે, અનંત અનંતીવાર;
જિમ જિમ સેવેરે તિમ વાધે ઘણું રે,
એ બહુ વિષય વિકાર. ભવિ૦ ૮

સુણ વત્સ માહરારે સંયમ દોહિલું રે, તું સુકુમાલ શરીર;
પરિષહ સહવારે ભુમિ સંથારવું રે,
પીવું ઉનું રે નીર. ભવિ૦ ૯

માતાજી સહ્યાં રે દુઃખ નરકે ઘણાં રે,
તે મુખે કહ્યાં નવિ જાય;
તો એ સંયમ દુઃખ હું નવિ ગણું રે,
જેહથી શિવસુખ થાય. ભવિ૦ ૧૦

વત્સ તું રોગાંતકે પીડીયો રે, તવ કુણ કરશે રે સાર;
સુણ તું માડી રે મૃગલાની કોણ લીએ રે,
ખબર તે વન મોઝાર. ભવિ૦ ૧૧

વન મૃગ જિમ માતાજી વિચરશું રે, દ્યો અનુમતી એણીવાર;
ઇણ બહુ વચને રે મનાવી માતને રે,
લીધો સંયમ ભાર. ભવિ૦ ૧૨

સમિતિ ગુપ્તિ રૂડી પરે જાળવેરે, પાળે શુદ્ધ આચાર;
કર્મ ખપાવી મુકતે ગયા રે,
શ્રી મૃગાપુત્ર અણગાર. ભવિ૦ ૧૩

વાચકરામ કહે એ મુનિતણા રે, ગુણ સમરો દિનરાત;
ધન ધન જે એહવી કરણી કરે રે,
ધન તસ માતને તાત. ભવિ૦ ૧૪

---

## ૧૪ શ્રી મનુષ્ય ભવની સજ્ઝાય.

( મારૂં મન મોહ્યુંરે શ્રી સિદ્ધાચલેરે—એ દેશી )

મનુષ્ય ભવનું ટાણું રે, કાલે વહી જશે રે,
અરિહંત ગુણ ગાવો નરનાર, રત્ન ચિંતામણી આવ્યું હાથમાંરે,
ભગવંત ગુણ ગાવો નરનાર. મ૦ ૧

બળદ થઈને રે ચીલા ચાંપશોરે, ચડશો વળી ચોરાશીની ચાલ;
નેતરે બાંધીને ધાણીયે ફેરવશેરે, ઉપર બેસી મુર્ખ દેશે માર.
મનુષ્ય૦ ૨

કુતરા થઈનેરે ઘરઘર ભટકશોરે, ઘરમાં પેસવા નહિં દે કોય;
કાનમાં કીડારે પડશે અતિ ઘણારે, ઉપર પડશે લાકડીઓના માર.
મનુષ્ય૦ ૩

ગધેડા થઈનેરે ગલીઓમાં ભટકશોરે, ઉપાડશો અણતોળ્યા ભાર;
ઉકરડાની ઓથેરે જઈને ભુંકશોરે,
સાંજ પડે ધણી નહીં લીએ સંભાળ, મનુષ્ય૦ ૪

ભુંડ થઇનેરે પાદર ભટકશોરે, કરશો વળી અશુચીનો આહાર;
નજરે દીઠારે કોઇને નવી ગમોરે, દેશે વળી પત્થરના પ્રહાર.
મનુષ્ય૦ ૫

ઊંટ થઇનેર બોજા ઉપાડશોરે, ચરશો વળી કાંટાને કંથેર;

હાથને હડસેલેરે ઘર ભેગા થશોરે, ઉપર પડશે પાટુના પ્રહાર.
મનુષ્ય૦ ૬

ઘોડા થઇનેરે ગાડીઓ ખેંચશોરે, ઉપર પડશે ચાબુકના પ્રહાર;
ચોકડું બાંધીને ઉપર બેસશે, રાય જાદા અસ્વાર. મનુ૦ ૭

ઝાડ થઇનેરે વનનાં ધ્રુજશોરે, સહેશો વળી તડકાને ટાઢ;
ડાળે ને પાંદડેરે પંખી માળા ઘાલશેરે,
ઉપર પડશે કુહાડાના ઘા. મનુષ્ય૦ ૮

ઉત્તમ નરભવ ફરી ફરી આતમારે, મળવો બહુ છે મુશ્કેલ;
હર્ષવિજયની એણીપરે શીખડીરે, સાંભળો અમૃત વેલ.
મનુષ્ય૦ ૯

---

## ૧૫. વૈરાગ્યની સજ્ઝાય

આ સંસાર અસાર છે, ચિત્ત ચેતો રે,
જુઠો સકલ સંસાર, ચતુર ચિત્ત ચેતો રે;
સંધ્યા રાગ સમાન છે, ચિત્ત ચેતો રે,
ખાલી આ ઇંદ્ર જાળ, ચતુર ચિત્ત ચેતો રે. ૧

એકલો આવ્યો જીવડો, ચિત્ત ચેતો રે,
જાયે એકલો આપ, ચતુર ચિત્ત ચેતો રે;
સઘળું અહિં મુકી જશે, ચિત્ત ચેતો રે,
સાથે પુન્યને પાપ, ચતુર ચિત્ત ચેતો રે. ૨

કરણી પાર ઉતારશે, ચિત્ત ચેતો રે,
કોણુ બેટો કોણુ બાપ, ચતુર ચિત્ત ચેતો રે;

રાજ્ય નહિ પોપા બાઈનું, ચિત્ત ચેતો રે,
જમડો લેશે જવાબ, ચતુર ચિત્ત ચેતો રે. ૩
સુખમાં સજ્જન સહુ મળ્યા, ચિત્ત ચેતો રે,
દુઃખમાં દૂર પલાય, ચતુર ચિત્ત ચેતો રે;
અવસર સાધો આપણો, ચિત્ત ચેતો રે,
છંડો દૂર બલાય, ચતુર ચિત્ત ચેતો રે. ૪
ફરી અવસર મળવો નથી, ચિત્ત ચેતો રે,
હીરો સાંપડયો હાથ, ચતુર ચિત્ત ચેતો રે;
રંકને રત્ન ચિંતામણી, ચિત્ત ચેતો રે,
રણમાં સજ્જન સાથ, ચતુર ચિત્ત ચેતો રે. ૫
સમતાનાં ફળ મીઠડાં, ચિત્ત ચેતો રે,
સંતોષ શિવ તરૂ મૂળ, ચતુર ચિત્ત ચેતો રે;
એ ઘડી સાધો આપની, ચિત્ત ચેતો રે,
ધર્મ રત્ન અનુકૂળ ચતુર, ચિત્ત ચેતો રે. ૬

---

## ૧૬. રાવણની સજ્ઝાય

કહ્યું રે માનો એના કંથજી, સીતા શીદને લઈ આવ્યા.
એને રે વારે રે રાજા રામજી, ઘણું રોશે ભરાશે. કહ્યું૦ ૧
રણમાં રજ ઉડે ઘણી, મોલ દીસે ઝાંખા;
આપ સ્વારથ સાધવા, વેર કીધા છે મોટા. કહ્યું૦ ૨
પેટ ચોળી પીડા કરી, મંદિર મહેલમાં હર્યા;
સીતાજીને લઈને સમજાવો શાને થયા છો ઘેલા. કહ્યું૦ ૩

નિમિત્તિઆએ જોષ તે જોઈ ચો, દર પ્રથમથી જ પહેલાં;
સીતાના હરણથી મરણ પામશે, તે દિન આવીને મળીયો.ક૦૪
ચોથા વ્રતની આખડી, પરસ્ત્રીનાં પચ્ચક્ખાણ;
દેવ ગુરૂની સાથે લીધા, વ્રત લઈ મત ભાંગો. કહ્યું૦ ૫
પાણીમાં તે પાળ બાંધી કરી, રામચંદ્રજી આવ્યા;
લશ્કર તો દીસે ઘણું, ઘણા નમાવ્યા. કહ્યું૦ ૬
રામચંદ્રજીના દલ થકી, લંકા થઈ છે બેચી;
ચિહું દિશે લશ્કર વિસ્તર્યું, લંકા લીધી છે ઘેરી. કહ્યું૦ ૭
સ્વામી મુને સ્વપ્નું લાધીયું, જાણે લંકા પ્રજાળી;
રામચંદ્રજીએ બાણ સાધીયું, ત્યારે હું ઝબકીને જાગી. ક૦ ૮
લુટયાં તે મંદિર માળીયાં, લુંટી બસરી બજાર;
મહેલ લુંટયા રે રાવણ તણા, લુંટી મંદોદરી રાણી. કહ્યું૦ ૯
સ્વામી આપણું કોઈ નહિ, નહિ ઉગરવાનો આરો;
રાણીજીનાં વચન સુણી કરી, વિભિષણ રાય ઉદાસી. ક૦૧૦
હનુમંત સુગ્રીવરાય બિરાજતા, રામચંદ્રજી રાજા;
અવન્તિમાં સૌ ફરી વળ્યા, કર્મ કર્યા છે કાચા. કહ્યું૦ ૧૧
સ્વામી હું તો કહું તુમ ભણી, સીતા આપોને પાછી;
યશ કિર્તિ વાધે ઘણી, વાત હોશે આછી. કહ્યું૦ ૧૨
વિભિષણ કહે સુણો રાજવી, સીતા જગતની માતા;
શિયલ થકી ચુકે નહિ, ક્રોડ હોશે વાત. કહ્યું૦ ૧૩
રાવણ કહે સુણો મંદોદરી, આપણે સૌ હેંકારી;
કુંભકર્ણ સરીખા બાંધવા, શું કરશે દશરથનો છયો. ક૦૧૪

ન માને લંકાપતી, એના કર્મ કઠોર
વારે વારે ર એને શું કહે, લખીયા લેખ વિધાતા. ક૦ ૧૫
દલ લશ્કર લઈ કરી, રાજા રાવણ આવ્યો;
લક્ષ્મણે રાવણને મારીયો, પહોંચ્યા નરક મોઝારો. ક૦ ૧૬
વિભિષણે રાજ્ય સોંપી કરી, સીતા લઈ ઘેર આવ્યો;
અયોધ્યામાં હરખ વધામણાં,
મોતીડે વધાવ્યાં ધન ધન લક્ષમણ બાંધવા. ૧૭
યશ ડંકા દઈ કરી, સેના લઈ ઘેર આવ્યો;
નયરીમાં હર્ષ વધામણાં,
ઘેર ઘેર મંગળ માળા. ધન ધન૦ ૧૮
સાસુજીને પાય લાગી કરી, સાસુજીએ દીધી આશીષ;
હોય પુત્ર જાણજો પદ્મિનિ,
કુળના હિતકારી, ધન ધન સીતા મહાસતી. ૧૯
છોડયાં તે મંદિર માળીયાં, છોડયા ગરથ ભંડાર;
સીતાજીયે સંયમ આદર્યો, પહોંચ્યા બારમે દેવલોક. ધ૦ ૨૦
નવગાથા પૂર્ણ હતી, બાર કીધી છે બીજી;
કરજોડી મેઘ વિનવે, ગુરૂ પાર ઉતારો. ધન ધન૦ ૨૧

---

## ૧૭ દીવાની સજ્ઝાય

દીવામાં દીવેલ ખુટયું, હવે નથી વાર;
મનમાં મસ્તાન હીંડે, છોગા મેલ્યા ચાર,
મુરખ મનમાં વિચાર૦ ૧

માથા ઉપર મરણુ ભમે, કોપી રહ્યો કાળ;
ઓચિંતાની આવી પડશે, જમ કેરી ધાડ. મુરખ૦ ૨
ઉચાં મંદિર માળીયાં, ગોખના નહિ પાર;
પંડ જ્યારે પડી રહેશે, કાઢશે ઘરની બહાર. મુરખ૦ ૩
લીલા વાંસની પાલખી, નાળીયેર જોઇએ ચાર;
મુજની દોરીયે તાણી બાંધશે, ઉંચકનારા ચાર. મુરખ૦ ૪
વન કેરી કાઠી, છાતી ઉપર ભાર;
સુંદર વરણી કાયા બળે, ઉડી જાશે રાખ. મુરખ૦ ૫
સગું વ્હાલું સ્વારથીયું, કરે કાગા રોળ;
ઝાંપા સુધી વળાવીને, ઝટ પાછું વળે. મુરખ૦ ૬
સંભાળે અરિહંત તેને, ઉતારે ભવ પાર;
લબ્ધિવિજય ગુણ ગાવે, કરો ધર્મનાં કામ. મુરખ૦ ૭

---

## ૧૮. શ્રી બીજની સજઝાય.

બીજ કહે ભવી જીવને રે લોલ,
સાંભળો આણી રીજરે સુગુણનર;
સુકૃત કરણી ખેતમાં રે લોલ,
વાવો સમકીત બીજ રે, સુગુણનર૦ ૧
ધરજો ધર્મશું પ્રીતડી રે લોલ,
કરી નિશ્ચય વ્યવહાર રે, સુ૦
ઇહભવ પરભવ ભવો ભવે રે લોલ,
હોવે જય જયકાર રે સુગુણનર૦ ૨

ક્રિયા તે ખાતર નાંખીએ રે લોલ,
સમતા દીજે ખેડ રે સુ૦
ઉપશમ નીરે સીંચીએ રે લોલ,
ઉગે સમક્તિ છોડ રે સુગુણનર૦ ૩
વાડ કરો સંતોષની રે લોલ,
તે પાખલ તસ ઢોર રે સુ૦
વ્રત પચ્ચખ્ખાણ ચોકી ઠવો રે લોલ,
વારજો કર્મરૂપી ચોર રે, સુગુણનર૦ ૪
અનુભવ કેરી મંજરી રે લોલ,
મોરે સમક્તિ વૃક્ષ રે સુ૦
શ્રુત ચારિત્ર ફળ ઉતરે રે લોલ,
તે ફળ ચાખજો શિષ્ય રે, સુગુણનર૦ ૫
જ્ઞાનામૃત રસ પીજીએ રે લોલ,
સ્વાદ લ્યો સમ તંબોળ રે સુ૦
એણે રસે સંતોષ પામશો રે લોલ,
લેશો ભવનિધિ કુલ રે સુગુણનર૦ ૬
ઇણ વિધ બીજ તુમે સદ્દહો રે લોલ,
છાંડી રાગ ને દ્વેષ રે સુ૦
કેવળ કમલા પામીએ રે લોલ,
વરીએ મુક્તિ સુવિવેક રે. સુગુણનર૦ ૭
સમક્તિ બીજ જે સદ્દહે રે લોલ,
તે ટાળે નરક નિગોદ રે સુ૦

વિજય લબ્ધિ સદા લહો રે લોલ,
નિત્ય નિત્ય વિવિધ વિનોદ રે સુગુણનર૦ ૮

## ૧૯. શ્રી પાંચમની સજ્ઝાય

અનંત સિદ્ધને કરૂં પ્રણામ, હૈડે સમરૂં સદ્‌ગુરૂ નામ,
જ્ઞાન પંચમીની કહું સજ્ઝાય, ધર્મી જનને હુઈ સુખદાય. ૧
જગમાંહિ એક જ્ઞાનજ સાર, જ્ઞાન વિના જીવ ન લહે પાર,
દેવગુરૂ ધર્મ નવિ ઓળખે, જ્ઞાન વિના કર્મ વિષ થઈ. ૨
નવતત્ત્વાદિક જીવવિચાર, હૈડા ઉપર દેય સાર,
સાધુ શ્રાવકનો શુદ્ધ આચાર, જ્ઞાન લહિ જીવ ભવનો પાર ૩
આત્મા આઠ પ્રકારના કહ્યા, સમક્તિ દ્રષ્ટિ તે સદ્દહ્યા,
દ્રવ્ય આત્મા પહેલો જાણ, બીજો કષાય આત્મા પ્રધાન. ૪
જોગ આત્મા ત્રીજો સહી, ઉપયોગ આત્મા ચોથો અહિં;
જ્ઞાન આત્મા પાંચમો સાર, દર્શન આત્મા છઠ્ઠો ધાર. ૫
ચારિત્ર આત્મા સાતમો વરો,
વીરજ આત્મા અષ્ટમ મન ધરો.
ચાર જ્ઞેય ઉપાદેય દોય, હેય દોય ઉત્તમને હોય. ૬
જીનવર ભાષિત સર્વ વિચાર, ન લહે જ્ઞાન વિના નિરધાર,
જ્ઞાન પંચમી આરાધે ભલી, વિધિ સહિત નર દૂષણ વલી. ૭
વરદત્ત ગુણમંજરીને જુઓ, કર્મ બંધન પુરવ ભવ હુઓ,
ગુરૂ વચને આરાધી સહી, સૌભાગ્ય પંચમી મન ગહગહી. ૮
રોગ ગયો સુખ પામ્યા બહુ, એ અધિકાર પ્રસિદ્ધ શું કહું,

સંયમ લેઈ વિજયંતે જાય, એકાવતારી તે બેઉ થાય. ૯
મહાવિદેહમાંહી તે અવતરી, સંયમ લેઈ શિવનારી વરી,
એણી પેરે જે આરાધે જ્ઞાન, તે પામે નિશ્ચય નિર્વાણ. ૧૦
માનવ ભવ લેઈ કરો ધર્મ, જીમ તુમ છુટે સઘળાં કર્મ,
ઋષિ કીર્તિ વાધે ઘણી, અમૃત પદના થાવો ધણી. ૧૧

---

## ૨૦. શ્રી આઠમની સજ્ઝાય

અષ્ટ કર્મ ચૂરણ કરી રે લાલ,
આઠ ગુણે પ્રસિદ્ધ મેરે પ્યારે રે,
ક્ષાયિક સમક્તિના ધણી રે લાલ,
વંદું વંદું એવા સિદ્ધ મેરે૦ અષ્ટ૦ ૧
અનંત જ્ઞાન દર્શન ધરા રે લાલ,
ચોથું વીર્ય અનંત મેરે૦
અગુરૂ લઘુ સુખયય કહ્યા રે લાલ,
અવ્યાબાધ મહંત મેરે૦ અષ્ટ૦ ૨
જેહની કાયા જેહવી રે લાલ, ઉણી ત્રીજે ભાગ મેરે૦
સિદ્ધ શિલાથી જોયણે રે લાલ,
અવગાહના વીતરાગ મેરે૦ અ૦ ૩
સાદિ અનંત તિહાં ઘણી રે લાલ, સમય સમય તે જાય. મેરે૦
મંદિર માંહી દિપાલિકા રે લાલ,
સઘળું તેજ સમાય મેરે૦ અ૦ ૪
માનવ ભવથી પામીએ રે લાલ, સિદ્ધ તણા સુખ સંગ મેરે૦

એહનું ધ્યાન સદા ધરો રે લાલ,
એમ બોલે ભગવઈ અંગ મેરે૦ અ૦ ૫
શ્રી વિજયદેવ પટ્ટધરૂ રે લાલ, શ્રી વિજયસેન સુરીશ મેરે૦
સિદ્ધ તણા ગુણ એ કહ્યા રે લાલ,
દેવ દીએ આશીષ મેરે૦ અ૦ ૬

---

## ૨૧. શ્રી રોહિણીની સજ્ઝાય

શ્રી વાસુપૂજ્ય જીણંદનો એ, મઘવાસુત મનોહાર,
જયો તપ રોહિણી એ, રોહિણી નામે તસ સુતાએ;
શ્રી દેવી માત મલ્હાર-જયો તપ૦,
કરે તસ ધન્ય અવતાર. જયો તપ૦ ૧
પદ્મપ્રભુના વયણથી એ, દુર્ગંધી રાજકુમાર. જયો તપ૦
રોહિણી તપ કરતાં ભવેએ, સુજસ સુગંધ વિસ્તાર જયો૦૨
નરદેવ સુરપદ ભોગવી એ, તે થયો અશોક નરિંદ જ૦
રોહિણી રાણી તેહની એ, હોયને તપ સુખકંદ. જ૦ ૩
દુરભિગંધા કામિની એ, ગુરૂ ઉપદેશ સુણંત. જ૦
રોહિણી તપ કરી દુઃખ હરીએ,
રોહિણી ભવ સુખવંત. જ૦ ૪
પ્રથમ પારણા દિન ઋષભનો એ, રોહિણી નક્ષત્ર વાસ. જ૦
દ્વિવિધે કરી તપ ઉચ્ચરો એ, સાત વરસ સાત માસ જ૦૫
કરો ઉજમણું પુરણ તપે એ, અશોક તરૂ તળે ઠાય. જ૦
બિંબ રયણ વાસુપૂજ્યનું એ, અશોક રોહિણી સમુદાય. જ૦૬

એકસો એક મોદક ભલા એ, રૂપા નાણું સમેત, જ૦
સાત સત્તાવીશ કીજીએ એ, વેશ સંઘ ભક્તિ હેત. જ૦ ૭
આઠ પુત્ર ચારે સુતા એ, રોગ શોક નવિ દીઠ, જ૦
પ્રભુ હાથે સંયમ લહ્યો એ, દંપતી કેવળ દીઠ. જ૦
કાંતિ રોહિણી પતિ જીસીએ, રોહિણી સુત સમરૂપ, જ૦
એ તપ સુખ સંપત્તિ દીયે એ,
વિજયલક્ષ્મીસૂરિ ભૂપ. જ૦ ૯

---

## ૨૨. શ્રી દિવાળીની સજ્ઝાય

દુઃખ હરણી દીપાલિકારે લાલ,
પરવશ થયું જગ માંહિ ભવિ પ્રાણી રે,
વીર નિર્વાણથી થાપના રે લાલ, આજ લગે ઉચ્છાંહિ ભ૦૧
સમકિત દ્રષ્ટિ સાંભળો રે લાલ,
સ્યાદ્વાદ ઘર ધોળીએ રે લાલ,
દર્શનની કરી શુદ્ધિ, ભ૦ ચારિત્ર ચંદ્રોદય બાંધિયે રે લાલ,
ટાલો રજ દુઃકર્મ બુદ્ધિ, ભ૦ ૨
સેવા કરો જિનરાયની રે લાલ, દિલ દોઠાં મીઠાશ, ભ૦
વિવિધ પદારથ ભાવના રે લાલ, તે પકવાનની રાશિ, ભ૦ ૩
ગુણિજન પદની નામના રે લાલ, તેહિજ જુહાર ભટ્ટાર, ભ૦
વિવેક રતન મેરાઇયાં રે લાલ, ઉચિત તે દીપ સંભાર. ભ૦૪
સુમતિ સુવનિતા હેજશું રે લાલ, મન ઘરમાં કરો વાસ, ભ૦
વિરતિ સાહેલી સાથશું રે લાલ,

અવિરતિ અલચ્છી નિકાસ. ભ૦ ૫
મૈત્રાદિકની ચિંતના રે લાલ, તેહ ભલા શણગાર, ભ૦
દર્શન ગુણ વાધા બન્યા રે લાલ,
પરિમલ પર ઉપગાર. ભ૦ ૬
પૂર્વ સિદ્ધ કન્યા પખે રે લાલ, જાનઇયા અણગાર, ભ૦
સિદ્ધ શિલા વર વેદિકા રે લાલ, કન્યા નિર્વૃત્તિ સાર. ભ૦૭
અનંત ચતુષ્ટય દાયજો રે લાલ, શુદ્ધ યોગ નિરોધ, ભ૦
પાણીગ્રહણ પ્રભુજી કરે રે લાલ, સહુને હરખ વિબોધ. ભ૦૮
ઇણિપરે પર્વ દીપાલિકા રે લાલ, કરતાં ક્રોડ કલ્યાણ, ભ૦
જ્ઞાનવિમલ પ્રભુ ભક્તિશું રે લાલ,
પ્રગટે સકલ ગુણખાણ. ભ૦ ૯

---

## ૨૩. શ્રી નેમ રાજુલની સજ્ઝાય

રાણી રાજુલ કરજોડી કહે, એ તો જાદવ કુલ શણગાર રે.
વાલા મારા આઠેરે ભવનો નેહલો,
પ્રભુ મત મેલો વિસારી રે. વાલા૦ ૧
હુંતો વારીરે જીનવર નેમજી, મોરી વિનતડી અવધારરે, વાલા.
સુરતરૂ સરિખો સાહિબો,
હું તો નિત્ય નિત્ય કરૂં દેદાર રે. વાલા૦ ૨
પ્રથમ ધનપતિને ભવે, તું ધન નામે ભરતાર રે, વાલા.
નિશાળે જાતાં મુજને, છાનો મેલ્યો મોતી કેરો હાર રે વાલા૦ ૩
દીક્ષા લેઈ હરખે કરી, તિહાં દેવ તણો અવતાર રે વાલા.

ક્ષણ વિરહ ખમતાં નહીં, તિહાં પણ ધરતાં પ્યાર રે. વાલા૦ ૪
ત્રીજે ભવે વિદ્યાધરૂ, તિહાં ચિત્રાંગદ રાજકુમાર રે, વાલા.
ભોગવી પદવી ભુપની, હું રત્નવતી તુજ નાર રે. વાલા૦ ૫
મહાવ્રત પાળી સાધુના, તિહાં ચોથે ભવે શિરદાર રે, વાલા.
આરણ્ય દેવલોકે બેઉ જણાં,
તિહાં સુખ વિલસ્યાં શ્રીકાર રે. વાલા૦ ૬
પાંચમો ભવ અતિ શોભનો, તિહાં નૃપ અપરાજિતસારરે,વા૦
પ્રીતિમતી હું તાહરી થઈ, પ્રભુ હૈયાનો હાર રે. વાલા૦ ૭
અહી દિક્ષા હરખે કરી, તિહાં છઠે ભવે સુખકાર રે. વાલા.
મહેન્દ્ર દેવલોકમાં, તિહાં સુખ વિલસ્યાં વારંવાર વાલા૦ ૮
શંખરાજા ભવ સાતમો, તિહાં જસોમતિ પ્રાણાધાર રે. વાલા.
વિશસ્થાનક તિહાં ફરસતાં, જીનપદ બાંધ્યું સાર રે વાલા૦ ૯
આઠમે ભવે અપરાજીતે, તિહાં વરસ ગયાં બત્રીશ હજારરે,વા૦
આહારની ઇચ્છા ઉપની, એ તો પુરવ પુન્ય પ્રકાશ રે. વાલા૦ ૧૦
હરિવંશમાંથી ઉપની, મારી શિવાદેવી સાસુ મલ્હાર રે, વા૦
નવમે ભવે કયાં પરિહરો, પ્રભુ રાખો લોક વ્યવહાર રે. વા૦ ૧૧
એરે સંબંધ સુણી પાછલો, તિહાં ભણે નેમજી બ્રહ્મચારી રે. વા૦
હું તમને તેડવા કારણે, આવ્યો સસરાજીને વાસ રે. વા૦૧૨
અવિચલ કીધો એણે સાહિબો, રૂડો નેહલો મુક્તિ મોઝાર રે,વા૦
માની વચન રાજેમતી, તિહાં ચાલી પીયુડાની હાર રે. વા૦ ૧૩
ધન્ય ધન્ય જિન બાવીસમો, જિણે તારી પોતાની નાર, વાલા.
ધન્ય ધન્ય ઉગ્રસેનની નંદિની, જે સતીયોમાં શિરદાર રે. વા૦૧૪

સંવત સત્તર ઈકોત્તરે, તિણ શુભ વેળા શુભ વાર રે. વાલા.
કાન્તિવિજય રાજુલના, તિહાં ગુણ ગાય શ્રીકાર રે. વા૦ ૧૫

---

## ૨૪. શીખામણની સજ્ઝાય

શીખામણ દેતાં ખરી રે, મૂઢ ન માને મન્ન,
શિલાએ જળ સિંચતાં રે, ઉગે નહીં જેમ અન્ન રે.
બેની ત્યાં બોલ ન બોલો એક, જ્યાં નહી વિનય વિવેક રે,
બેની એવા માણુસ અનેક રે. બેની ત્યાં૦ ૧

શીક્ષા દીજે સંતને રે, જેહની ઉત્તમ જાત,
ફાટે પણ ફીટે નહીં રે, ગાળે ઘેલા થાય,
કસોટીયે કુંદન પરે રે, કસતાં નવિ ક્ષણ થાય રે. બેની ત્યાં૦૩

ડગ ડગ દિસે ડુંગરા રે, પગ પગ પાણી પૂર,
હીરોને અમૃત બન્ને રે, શોધ્યાં ન જડે સનુર રે. બેની ત્યાં૦ ૪

આવળ રૂપે રૂઅડી રે, ડમરો મરવો જાત.
રૂપ રહિત સહુ આદરે રે, આવળ આદરે ન કોઈ રે. બેની ત્યાં૦પ

આપ મતિલા આદમી રે, ઇચ્છાચારી અપાર,
હાર્યાં દોર્યાં હારમાં રે, નાવે તે લગાર રે, બેની ત્યાં૦ ૬

પડસુદી વાળી વળે રે, વાળી વળે વળી વેલ,
કુમાણુસને કાષ્ટની રે, વાળી ન વળે વેલ રે. બેની ત્યાં૦ ૭

ઉદયરતન ઉપદેશથી રે, રીઝે જે પુરૂષ રતન,
તેહનાં લીજે ભામણાં રે, જે કરે શિયલ જતન્ન રે. બેની ત્યાં૦ ૮

---

## ૨૫. શ્રી વૈરાગ્યની સજ્ઝાય.

જીવ તું ઘેન માંહે પડયો, તારી નિંદ્રાને વાર રે,
નરક તણાં દુઃખ દોહીલાં, સેવ્યાં તે અનંતી વાર રે;
ચેતન ચેતજો પ્રાણીયા. ૧
ધન કુટુંબને કારણે. રહ્યો તું રાત દિવસરે,
લાખ ચોરાશીને ખોળીએ, કર્યા તેં નિત નવા વેષ રે. ચે૦૨
જ્યાં રે જઇશ તિહાં કર્મ આગલે,
ત્યાં તારા પડી રહેલા પાસ રે;
ભોગવ્યા વિના છુટકો નહિ, કર્યા કર્મનો દાસ રે ચે૦ ૩
જેમ રે પંખી વાસો વસે, તેમ તું જાણ સંસાર રે,
આરે સંસાર અસાર છે, આઉખાનો ન કર વિશ્વાસ રે. ચે૦૪
ભવિક જીવ તુમે સાંભળો, પાળજો જીવદયા સાર રે,
સત્યવિજય પંડિત ઇમ ભણે,
પ્રભુ આવાગમન નિવાર રે ચે૦ ૫

---

## ૨૬. શ્રી કમલાવતીની સજ્ઝાય.

મોલે તે બેઠા મહારાણી કમલાવતી
ઉડે છે ઝીણેરી ખેહ, સાંભળ હે દાસી,
જોઈ રે તમાસો ઈક્ષુકાર નગરીનો,
મનમાં છે તે ઉપન્યો સંદેહ, સાંભળ હે દાસી,
આજ રે નયરીમાં ખેપટ અતી ઘણી. ૧
કાંતો દાસી પરધાનનો દંડ લાંધો,

કાંતો લુંટચા રાજાએ મામ. સાંભળ૦
કાંતો કોઈનાં ગાડાં નિસર્યાં,
કાં કોઈની પાડી રાજાએ મામ, સાંભળ૦ ૨

નથી રે બાઈજી પરધાનનો દંડ લીધો,
નથી રે લુંટચાં રાજાએ ગામ, સુણુ હો બાઈજી.
નથી કોઈનાં ધનનાં ગાડાં નીસર્યાં,
નથી કોઈની પાડી રાજાએ મામ, સુણુ હો૦
હુકમ કરો તો ગાડાં અહીં ધરૂં. ૩

ભૃગુ પુરોહિતને જશા ભારજા,
વલી તેહના દોય કુમાર સુણુ હો૦
સાધુ પાસે જઈ સંયમ આદર્યો,
તેનું ધન લાવે છે આજ, સુણુ હો૦ ૪

વયણ સુણીને માથું ધુણાવીયું,
બ્રાહ્મણ પામ્યો વૈરાગ્ય. સાંભળ હે દાસી.
તેહની ઋદ્ધિ લેવી જુગતી નથી,
રાજાનાં મોટાં ભાગ્ય. સાંભળ૦
રાજાનો મત એ જુગતો નથી. ૫

મેલેથી ઉતર્યાં રાણી કમલાવતી,
આવ્યાં કંઈ ઠેઠ હજુર. સાંભળ૦
વચન કહે છે ઘણાં આકરાં,
જેમ કોપેથી ચડીયો બોલે. સાંભળ૦
બ્રાહ્મણની છંડી ઋદ્ધિ મત આદરો, ૬

વમ્યા તે આહારની ઇચ્છા જે કરે,
કરે વળી શ્વાનને કાગ, સાંભળ૦
પહેલું જે દાન દીધું હાથથી,
તે પાછું લેતાં નાવે લાજ. સાંભળ૦ ૭

કાંતો રાણી તને ઝોલો લાગીયો,
કાં કોઈએ કીધી મતવાલ, સાંભળ૦
કાં કોઈ ભુત વ્યંતરીએ છળી;
કાં કોઇએ કીધી વિકરાલ. સાંભળ૦
રાજાને કઠણ વચન નવિ કીજીએ. ૮

નથી રે મહારાજા ઝોલો લાગીયો,
નથી કોઈએ કીધી મતવાલ, સાંભળ૦
નથી કોઈ ભુત વ્યંતરીએ છળી,
નથી કોઇએ કીધી વિકરાલ, સાંભળ૦ ૯

જગ સઘળાનું ભેગું કરી, લાવે તારા ઘરમાંય, સાંભળ૦
તો પણ તૃષ્ણા છીપે નહિ, એક તારે ધર્મ સોહાય, સાંભળ૦ ૧૦

અગ્નિ થકી વન પરજળે, પશુ બળે તેહની માંય, સાંભળ૦
રાજા એમ ચીંતવે, આહાર કરૂં ચિત્ત લાય. સાંભળ૦ ૧૧

એમ આજ્ઞાને આપશું રાગ દ્વેષ ચિત્ત લાય. સાંભળ૦
કામભોગને વશ થઇ, ધન લેવાને લલચાય, સાંભળ૦ ૧૨

એક દિન એહ ધન છાંડવું, પરભવે સગું નહિ કોઇ સાંભળ૦
પરભવ જાતાં એણે જીવને, ધર્મ સખાઈ જ હોય. સાંભળ૦ ૧૩

તન ધન જોબન કારમું, ચંચળ વિજળી સમાન, સાંભળ૦

ક્ષણમાં આયુષ્ય ઘટે જિહાં
લોભી ચિત્ત ધરે રે ગુમાર. સાંભળ. ૧૪
ગરૂડ દેખી જેમ સર્પ હે, ભયે સંકોચે રે દેહ, સાંભળ૦
તિમ અનિત્ય ધન જાણીને, લાલચ છંડો રે તેહ, સાંભળ૦ ૧૫
ખગ મુખ માંસ લઈ નિસરે, ઈર્ષા કરે ખગ તામ, સાંભળ૦
તિમ પરધન ઋદ્ધિ દેખીને, મુરખ કરે રે વિચાર, સાંભળ૦ ૧૬
આરે સંસાર અસાર છે, કાલ ઝપેટા રે દેત, સાંભળ૦
ઓચિંતો લેઈ જાયશે, ચેતી શકાય તો ચેત. સાંભળ૦ ૧૭
એહવાં વચન સુણાવીને, રાણી વૈરાગ્યમાં આય, સાંભળ૦
સંયમ લેવા ઉતાવળી, આકુલ વ્યાકુલ થાય, સાંભળ૦
આજ્ઞા આપો તો સંયમ આદરૂં. ૧૮
હાથી તે જેમ બંધન તજે, તેમ તજું કુટુંબ પરિવાર, સાંભળ૦
આજ્ઞા આપોને રાજવી, ઢીલ ન ક્ષણ સોહાય. સાંભળ૦ ૧૯
રત્નજડિત રાય મહારૂં પાંજરૂં,
તેમાં સુડીલો મને જાણ, સાંભળ૦
તેમ રે હું બેઠી તારા રાજ્યમાં,
રહેતાં ન પામું કલ્યાણ. સાંભળ૦ ૨૦
મેળવ્યું ધન રહેશે ઇહાં, થોડું પણ નાવે સાથ. સાંભળ૦
આગળ જાશો તો પાધરૂ,
સંબલ લેજો રે સાથ. સાંભળ૦ ૨૧
રાણીનાં વચન સુણી કરી, બુઝ્યા કાંઈ ઈક્ષુકાર સાંભળ૦
એક ચિત્તે તન ધન જોબન જાણ્યા કારમા,

જાણ્યો સંસાર અસાર સાંભળ૦
એક ચિત્તે છએ જીવે તે સંયમ આદર્યો. ૨૨
ભૃગુ પુરોહિતને જશા ભારજા,
વલી તેહના દોય કુમાર, સાંભળ૦
રાજા સોતા રાણી કમલાવતી,
લીધો કાંઇ સંયમ ભાર. સાંભળ૦ ૨૩
તપ જપ સંયમ સાધતાં, કરતાં કાંઈ ઉગ્રવિહાર, સાંભળ૦
કર્મ ખપાવી હુઆ કેવલી, હિરવિજય ગુરૂ એમ ભણે,
પહોત્યા કાંઈ મુક્તિ મોઝાર. સાંભળ૦ ૨૪

## ૨૭. શ્રી ચંદનબાળાની સજ્ઝાય.

કોસંબી નયરી પધારીયા, વહોરવા તે શ્રી મહાવીર,
અભિગ્રહ એમ ચીંતવ્યો, તમે શું જાણો જગદીશ,
હો સ્વામી બ્રાહ્મણીએ જાઉં હો સદ્ગુરૂ. ૧
વ્હોરંતા નિત દહાડલે, મુનિ ભમતાં ઘર ઘર બાર,
સુખડી ઘેબર ઢાંકી મેલ્યા, એ તો મનમાં ન આણે લગાર.
હો સ્વામી બ્રાહ્મણીએ જાઉં હો સદ્ગુરૂ. ૨
રાજાના મહેલ લુંટી ગયા, લુંટી તે ચાંપાપોળ,
નિજ સ્થાનક આવી રહ્યા, ત્યાંતો હાથી ઘોડાના ગંજ,
હો સ્વામી બ્રાહ્મણીએ જાઉં હો સદ્ગુરૂ. ૩
રાજાના મહેલ લુંટાઈ ગયા, લુંટી કરી ઘેર જાય,
સોપાલક મેડી ચડ્યો, ત્યાં તો દીઠાં છે ચંદનબાળા

હો સ્વામી બ્રાહ્મણીએ જાઉં હો સદ્ગુરૂ. ૪

ચંદનબાલા ધારણી, હેઠા ઉતારી ત્યાંય,
ખંધે ચઢાવીને લેઈ ગયો,
એ તો બોલે છે કડવા બોલ હો સ્વામી. બ્રા૦ ૫

બાઇ તું મારે ઘેર ગોરડી, હું છું ત્હારો નાથ,
એવાં વચન જ્યારે સાંભળ્યાં,
ત્યારે ધારણીએ કીધો કાળ. હો સ્વામી. બ્રા૦ ૬

જીભ કચરીને મરી ગઇ, મરતાં ન લાગી વાર,
એ તો મરી ગઈ તતકાલ. હો સ્વામી. બ્રા૦ ૭

ખંધેથી હેઠા પડયા, ટળવળે તે ચંદનબાળ,
બાઈ તું મહારે ઘેર બેટડી, હું છું તાહરો તાત,
બાઇ ન કરીશ આપઘાત, હો સ્વામી. બ્રા૦ ૮

ખંધે ચઢાવીને લેઇ ગયો, ઘેર છે ચેતા નાર,
જાઓ રે બજારમાં વેચવા,
ન ફર જાઈશ રાજ પોકાર હો સ્વામી. બ્રા૦ ૯

ખંચે ચઢાવીને લેઇ ગયો, વેચવા તે બજાર માંહી,
બજારમાંહી ઉભી કરી,
એને મુલવે કોરયાનાર. હો સ્વામી. બ્રા૦ ૧૦

લાખ ટકા એ બાઇને મુલવે, મોં માગ્યાં તે આપે મૂલ.
લાખ ટકાના બાઈ અધલાખ,
બાઈ તુમ ઘેર કેવો આચાર હો સ્વામી. બ્રા૦ ૧૧

રાગ ઠાઠ બનાવવા, સજવા તે સોલ શણગાર,

હિંડોળા ખાટે હીંચવા,

અમ ઘેર ચાવવાં ચોઇયા પાન હો સ્વામી. બ્રા૦ ૧૨

મારો ભઠ પડયો અવતાર હો સ્વામી,

મેં શ્યાં કીધાંતાં પાપ હો સ્વામી;

મેં ના સમર્યા ભગવંત હો સ્વામી,

મેં તોડી પુન્યની પાળ હો સ્વામી. બ્રા૦ ૧૩

આકાશે ઉભા દેવતા, સાંભળી એવા બોલ,

એને વિકુર્વ્યા વ્યંતર વાંદરા હો સ્વામી. બ્રા૦ ૧૪

કાન નાક વલુરીયા

એ તો નાશી ગઈ તતકાલ. હો સ્વામી. બ્રા૦ ૧૫

ખંધે ચઢાવીને લેઈ ગયો, વેચવા તે બજારમાંહી,

ચોટા માંહિ ઉભી કરી,

એને મુલવે સુદર્શન શેઠ. હો સ્વામી. બ્રા૦ ૧૬

લાખ ટકાએ બાઈને મુલવે. મ્હોં માગ્યાં તે આપે મૂલ.

લાખ ટકાના ભાઇ અધલાખ,

બાઈ તુમ ઘેર કેવો આચાર. હો સ્વામી. બ્રા૦ ૧૭

પોસહ પડિક્કમણાં અતિ ઘણાં, આયંબિલનો નહિ પાર,

ઉપવાસ એકાસણાં નિત્ય કરવાં,

અમ ઘેર પાણી ગળવા ત્રણ વાર. હો સ્વામી. બ્રા૦ ૧૮

મેં આરાધ્યા અરિહંત હો સ્વામી,

મેં સમર્યા ભગવંત હો સ્વામી.

મેં બાંધી પુન્યની પાળ. હો સ્વામી. બ્રા૦ ૧૯

શેઠ વખારેથી આવીયા, ચંદનબાળા તે ધુવે શેઠના પાય,
મુળાએ મનમાં ચિંતવ્યું,
　　એ તો નારી કરીને રાખી　　હો સ્વામી બ્રા૦ ૨૦

હાથે તે ઘાલ્યાં ડસકલાં, પગે તે ઘાલી હેડ,
મસ્તકે મુંડયા રે, વેણીના કેસ હો સ્વામી.
　　એમને ઘાલ્યાં છે ગુપ્ત ભંડાર. હો સ્વામી બ્રા૦ ૨૧

પહેલું તે દહાડું તિહાં થયું, કયાં ગઈ તે ચંદનબાળ,
સરખી સહિયરોમાં ખેલવા,
　　એ તો ઘરમાં ન આવે લગાર. હો સ્વામી બ્રા૦ ૨૨

બીજો તે દહાડો તિહાં થયો, કયાં ગઈ તે ચંદનબાળ,
તમે એને મોઢે ચઢાવી મેલી,
　　એ તો કહ્યું ન માને લગાર. હો સ્વામી બ્રા૦ ૨૩

ત્રીજો તે દહાડો તિહાં થયો, કયાં ગઈ તે ચંદનબાળ,
તમે એને લાડવાઇ કરી મેલી,
　　એ તો સાતરમાં ન આણે લગાર હો સ્વામી બ્રા૦ ૨૪

ચોથું તે દહાડું તિહાં થયું, કયાં ગઈ તે ચંદનબાળ,
શેઠે કટારો કાઢીયો હવે મારીશ મારે પેટ હો સ્વામી;
　　મુળા નાશી ગઈ તતકાળ　　હો સ્વામી બ્રા૦ ૨૫

શેઠે પાડોશીને પુછીયું કયાં ગઇ છે ચંદનબાળ,
હાથે તે ઘાલ્યાં ડસકલાં, પગે ઘાલી હેડ,
　　મસ્તકે મુંડયા રે વેણીના કેશ. હો સ્વામી બ્રા૦ ૨૬
શેઠે તાળાં તોડીયાં, કાઢયાં તે ચંદનબાળ,

એમને બેસાડયાં ઉંમરામાંય હો સ્વામી.
સુપડા ખુણે બાકુળા બેસાડી ચંદનબાળ,
શેઠજી લવારને તેડવા જાય. હો સ્વામી બ્રા૦ ૨૭
છમાસીને પારણે, મુનિ ભમતા તે ઘેર જાય,
સઘળી જોગવાઇ તિહાં મલી,
પણ ન દીઠી આંસુની ધાર. હો સ્વામી બ્રા૦ ૨૮
ત્યાંથી તે પ્રભુ પાછા વળ્યા,
મારો ભઠ પડયો અવતાર હો સ્વામી;
મેં તોડી પુન્યની પાળ હો સ્વામી,
મેં ન સમર્યા ભગવંત હો સ્વામી.
મેં ન આરાધ્યા અરિહંત હો સ્વામી. બ્રા૦ ૨૯
પાછું વાળીને જુવે તિહાં, દીઠી આંસુની ધાર,
સઘળી જોગવાઇ તિહાં મલી; ત્યાંતો વ્હોરાવે ચંદનબાળ;
વ્હોરાવી કરો તુમે પારણું,
તમારો સફળ થયો અવતાર, હો સ્વામી બ્રા૦ ૩૦
હાથે તે થયો સોના ચુડલો, પગે તે થઈ સોનાની હેડ,
મસ્તકે થયા રે વેણીના કેશ હો સ્વામી.
સેંથો તે થયો મોતીની સેર. હો સ્વામી બ્રા૦ ૩૧
શેઠજી લુહાર તેડીને આવીયા, શું થયું તે ચંદનબાળ,
પિતા તમારે પસાય હો સ્વામી.
એટલે આવ્યા મુળા માય, શું થયું તે ચંદનબાળ,
માતા તમારે પસાય. હો સ્વામી બ્રા૦ ૩૨

દેશ દેશના રાજવી ચંદનબાળાને વાંદવા જાય,
તિહાં કને બાર ક્રોડ બત્રીશની વૃષ્ટિ થાય હો સ્વામી.
તિહાં કને નાટારંભ ઘણા થાય હો સ્વામી.
તિહાં કને દેવતાઈ વાજાં વાગે હો સ્વામી.
તિહાં કને અટ્ઠાઈ મહોત્સવ ઘણા થાય હો સ્વામી.
તિહાં કને લબ્ધિવિજય ગુણ ગાય હો સ્વામી બ્રા૦ ૩૩

## ૨૮. શ્રી પર્યુષણપર્વની સજઝાય

શીખ સુણો સખી માહરી, બોલે વચન રસાલ,
તુમ કુખડીએ રે ઉપજ્યા; સોભાગી સુકુમાળ;
ત્રીશલા ગરભને સાચવે. ૧
તીખું કડવું કષાયલું, ખારા ખાટાની જાત,
મધુરા રસ નવી સેવીયે, વપુમલય પરિહાર. ત્રીશલા૦ ૨
અતિ ઉનું અતિ શીયલડું, નયણે કાજળ રેખ,
અતિ ભોજન નવિ કીજીએ, તેલ ન ચોપડ રેહ. ત્રી૦ ૩
સ્નાન વિલેપન તાહરૂં, મત જાણી દુઃખમાય,
હળવે મધુરે રે બોલીએ, આશી સુખની વાણ. ત્રી૦ ૪
ગાડે વહેલે હિંડોળતાં, ધબ ધબ ચીલ મ ચાલ,
અતિ શીયલ જગ સેવના, વીણસે પુત્રનાં કાજ. ત્રી૦ ૫
જેમ જેમ દોહલા રે ઉપજે, તેમ તેમ દેજો બહુ માન,
ભોગ સંયોગ ને વારજો, હોશે પુત્ર નિધાન. ત્રી૦ ૬
એણી પરે ગર્ભને પાલતાં પુત્ર થયો શુભ ધ્યાન,
સંઘમાં જય જય સહુ કરે, હીરવિજય ગુણ ગાય. ત્રી૦ ૭

## ૨૯. શ્રી કામલત્તાની સજ્ઝાય

શી કહું કથની મારી રાજ. શી કહું કથની મારી,
મને કર્મે કરી મહીયારી રાજ શી૦ ૧
શીવપુરના માધવદ્વીજની, હું કામલત્તાભિધ નારી,
રૂપ કલા ભર યૌવન ભાઈ, ઉરવશી રંભા હારી રાજ શી૦ ૨
પારણે કેશવ પુત્ર પોઢાડી, હું ભરવા ગઈ પાણી,
શીવપુરી દુશ્મનરાયે ઘેરી,
હું પાણીયારી લુંટાણી રાજ શી૦ ૩
સુભટોએ નિજ રાયને સોંપી, રાયે કરી પટરાણી,
સ્વર્ગના સુખથી પણ પતિ માધવ,
વિસરી નહિ ગુણખાણિ રાજ શી૦ ૪
વરસ પંદરનો પુત્ર થયો તવ,
માધવદ્વીજ મુજ માટે, ભમતો યોગી સમ ગોખેથી;
દીઠો જાતાં વાટે રાજ શી૦ ૫
દાસી દ્વારા દ્વીજને બોલાવી, દ્રવ્ય દેઈ દુઃખ કાપ્યું,
ચૌદશ દિન મહાકાલી મંદિરમાં,
મલશું વચન મેં આપ્યું રાજ શી૦ ૬
કારમી ચૂકે ચીસ પોકારી મહીપતિને મેં કીધું,
એકાકી મહાકાલી જાવા,
તુમ દુઃખે મેં વ્રત લીધું રાજ શી૦ ૭
વિસરી બાધા કોપી કાળી, પેટમાં પીડ થઈ ભારી,
રાય કહે એ બાધા કરશું,
તિક્ષણ ચૂક મટી મારી રાજ શી૦ ૮

ચૌદશને દીન રાજા રાણી એકાકી પગપાળે,
મહીપતિ આગળ ને હું પાછળ,
પહોંચ્યા બેઉ મકાકાલી રાજ શી૦ ૯
રાજાએ નિજ ખડગ વિશ્વાસે મારા કરમાં આપ્યું,
જબ નૃપ મંદિરમાંહી પેસે,
તવ મેં તસ શિર કાપ્યું રાજ શી૦ ૧૦
રાયને મારીને પતિને જગાડું, ઢંઢોળતાં નવિ જાગે,
નાગ ડસ્યો પતિ મરણુ ગયો તવ,
ઉભય ભ્રષ્ટ થઈ ભાગી રાજ શી૦ ૧૧
નાઠી વનમાં ચોરે લુંટી ગુણીકાને ઘેર વેચી,
જાર પુરૂષથી જારી રમતાં,
કર્મની વેલ મેં સીંચી રાજ શી૦ ૧૨
માધવ સુત કેશવ પિતૃ શોધે, ભમી ગુણિકાને ઘેર આવે,
ધન દેખી જેમ દૂધ માંજરી,
ગુણિકાને મન ભાવે રાજ શી૦ ૧૩
ગુણિકાએ નિજ મુજને સોંપ્યો, જાણ્યું ન મેં લલચાવ્યો,
ધિક ધિક પુત્રથી જારી ખેલું,
કર્મે નાચ નચાવ્યો રાજ શી૦ ૧૪
જારી રમતાં કાલ વીત્યો કાંઈ, એક દીન કીધી મેં હાંસી,
ક્યાંના વાસી ક્યાં જવાના,
તવ તેણે અથ ઇતિ પ્રકાશી રાજ શી૦ ૧૫
દ્રઢ મન રાખી વાત સુણી મેં, ગુહ્ય મેં રાખી મારી,

પુત્રને કહ્યું તુમે દેશ સિધાવો,
મેં દુનિયા વિસારી રાજ શી૦ ૧૬
પુત્રને વળાવી કહ્યું ગુણિકાને, હા હા ધીક મુજ તુજને,
મહા પાતિકાની શુદ્ધિ માટે,
અગ્નિનું શરણુ હો મુજને રાજ શી૦ ૧૭
સરિતા કાંઠે ચેહ સળગાવી, અગ્નિ પ્રવેશ મેં કીધો,
કર્મે નદીપુરમાં તણાણી,
અગ્નિએ ભોગ ન લીધો રાજ શી૦ ૧૮
જલમાં તણાતી કાંઠે આવી, આહિરે જીવતી કાઢી,
મુજ પાપીણીને સંઘરી ન નદીએ,
આહિરે કરી ભરવાડી રાજ શી૦ ૧૯
તે ભરવાડણુ દહીં દૂધ લઈ, હું વેચવા પુરમાં પેઠી,
ગજ છુટયો કોલાહલ સુણીને,
પાણીયારી ને હું નાઠી રાજ શી૦ ૨૦
પાણીયારીનું ફુટયું બેડું, ધ્રૂસકે રોવા લાગી;
દહીં દૂધની મટુકી મમ ફુટી,
હું તો હસવા લાગી રાજ શી૦ ૨૧
હસવાનું કારણુ તેં પુછયું, વીરા અથ ઇતિ કીધું,
કેને જોઉં ને કેને રોઉં હું,
દૈવી દુઃખ મને દીધું રાજ શી૦ ૨૨
મહીયારીની દુઃખની કહાણી, સુણી મૂર્છા થઈ દ્વિજને,
મૂર્છા વળી તવ હા હા ઉચરે,
દ્વિજ કહે ધીક ધીક મુજને રાજ શી૦ ૨૩

મા દીકરો બેઉ પસ્તાવો કરતાં, જ્ઞાની ગુરૂને મળીયા,
ગુરૂની દીક્ષા શિક્ષા પામી, ભવના ફેરા ટળીયા રાજ શી૦ ૨૪
એક ભવે ભવ બાજી રમતાં, ઉલટ સુલટ પડે પાસા,
નાના વિધ ભવોભવ સાંકળચંદ,
ખેલે કર્મ તમાસા રાજ શી૦ ૨૫

---

## ૩૦. શ્રી અરણિકમુનિની સજ્ઝાય

અરણિક મુનિવર ચાલ્યા ગોચરી, તડકે દાઝે શીશોજી;
પાય અડવાણે રે વેળુ પરજળે,
તન સુકુમાળ મુનીશોજી. અરણિક૦ ૧
મુખ કરમાણું રે માલતી ફુલ જ્યું, ઉભો ગોખની હેઠોજી;
ખરે બપોરે રે દીઠો એકલો,
મોહી માનિની દીઠોજી. અરણિક૦ ૨
વયણ રંગીલી રે નયણે વીંધીયો, ઋષિ થંભ્યો તેણે ઠાણોજી;
દાસી કહે જા રે ઉતાવળી,
ઋષિ તેડી ઘર આણોજી અરણિક૦ ૩
પાવન કીજે રે ઋષિ ઘર આંગણું, વોહરો મોદક સારોજી.
નવયૌવન રસ કાયા કાં દહો,
સફળ કરો અવતારોજી. અરણિક૦ ૪
ચંદ્રવદનીએ ચારિત્રથી ચુકવ્યો, સુખ વિલસે દિન રાતોજી;
બેઠો ગોખે રે રમતો સોગઠે,
તવ દીઠી નિજ માતોજી. અરણિક૦ ૫

અરણિક અરણિક કરતી મા ફિરે, ગલીએ ગલીએ બજારોજી;
કહો કેણે દીઠો રે મ્હારો અરણીઓ,
પુંઠે લોક હજારોજી. અરણિક૦ ૬
હું કાયર છું રે મારી માવડી, ચારિત્ર ખાંડાની ધારોજી;
ધિગ ધિગ વિષયા રે મ્હારા જીવને,
મેં કીધો અવિચારોજી. અરણિક૦ ૭
ગોખથી ઉતરીરે જનનીને પાય પડચો, મન શું લાજ્યો અપારોજી.
વત્સ તુજ ન ઘટે રે ચારિત્રથી ચૂંકવું,
જેહથી શિવ સુખ સારોજી. અરણિક૦ ૮
એમ સમજાવી રે પાછો વાળીઓ, આણ્યો ગુરૂની પાસોજી;
સદ્ગુરૂ દીએ રે શીખ ભલી પરે,
વૈરાગે મન વાસોજી. અરણિક૦ ૯
અગ્નિ ધિખંતી રે શિલા ઉપરે, અરણિકે આણુસણુ કીધાંજી;
રૂપવિજય કહે ધન્ય તે મુનિવરૂ,
જેણે મનવાંછિત લીધાંજી. અરણિક૦ ૧૦

---

## ૩૧. શ્રી સ્થૂલિભદ્રજીની સજઝાય

બોલી ગયો મુખ બોલ, ચાર ઘડીનો કોલ;
આછેલાલ, હજીએ ન આવ્યો વાલહોજો,
દેઈ ગયો દુઃખ દાહ; પાછો નાવ્યો નાહ આ૦
કે સહી કેણે ભોળવ્યોજી. ૧
રહેતો નહીં ક્ષણ એક, રે દાસી સુવિવેક, આ૦

જાઈ જુઓ દિસા દસેજી, એમ બોલંતી બાળ,
એની ઉત્તમ ચાલ, આછેલાલ, છેલ ગયો મુજ છેતરીજી. ૨
ઉલસ વાલસ થાય, અંગ ઉધામ ધાય, આ૦
નયણે નાવેનિંદ્રડીજી,ચોખાચંપક શરીર,નણદલના હોવીર.આ૦
નયણે દીઠા નવીજી. ૩
જેમ બપૈયા મેહ, મચ્છને જલ શું નેહ. આ૦
ભમરાને મન કેતકીજી,ચકવો ચાહેચંદ્ર,ઇંદ્રાણી મનઇંદ્ર. આ૦
અહનિશી તમને ઓલગુંજી. ૪
તુમવિણ ઘડીએ છ માસ, તેં મુજ નાખી પાસ, આ૦
નિષ્ઠુરપણું નર તેં કર્યુંજી,ભાખોકોઈક દોષ,મુકીમનનો રોષ.આં૦
કાંઈક તો કરૂણા કરોજી. ૫
હું નિરાધાર નાર, મેલી ગયો ભરથાર, આ૦
ઉભીકરૂંઆલોચનાજી,એમવિલવિલતીકોશ્યા,દેતીકર્મનોદોષઆ૦
દાસી આવી રે દોડતીજી. ૬
સાંભળ સ્વામીની વાત, લાછિલદેનો જાત, આ૦
સ્થુલિભદ્ર આવ્યોરે આંગણેજી, વનિતા સાંભળી વાત,
હિયડે હરખ ન માત, આ૦ પ્રીતિ પાવન પ્રભુ તેં કરીજી. ૭
પધારો ઘર મુનિ મુજ, ભાખ્યો સવિ ગુંજ, આ૦
ઉઠ હાથ અલગી રહેજી. માતા આગે મુસાલ,
તિમ મુજ આગલ ખ્યાલ. આ૦ એહ પ્રપંચકિહાં ભણ્યાજી. ૮
ચિત્રશાલી ચોમાસ, નિહાલી મુખતાસ, આ૦
વનિતા વિધિશું આલોચવેજી, માદલ તાલ કંસાલ,
ભુંગલ ભેરી રસાલ, આ૦ ગાવે નવ નવ રાગશુંજી. ૯

વાળે વિધિશું અંગ, ફરતી કુદકી ચંગ. આ૦
હાવભાવ બહુ હેતશુંજી, સાંભળ સ્વામીની વાત,
સિંહને ઘાલે ઘાત, આ૦ રાઈનો પહાડ રાતે ગયોજી. ૧૦
સો બાલક સાથે રોઈ, પાવઈયાને પાનો ન હોય, આ૦
પત્થર ફાટયો તે કિમ મળેજી, સમુદ્ર મીઠો ન થાય,
પૃથ્વી રસાતાલ જાય, આ૦ સૂર્ય ઉગે પશ્ચિમ દિશેજી. ૧૧
પ્રતિબોધી ઇમ કોશ, છોડી રાગ ને રોષ; આ૦
ત્રીસ વરસ ઘરવાસ, પુરી સહુની આસ, આ૦
પંચ મહાવ્રત પાલતાજી, ધન્ય માત ધન્ય તાત,
નગર ન્યાતિ કહાત, આ૦ વારૂ વંશ દીપાવીયોજી. ૧૩
જે નરનારી ગાય, તસ ઘર લચ્છી સવાય, આ૦
પભણે શાન્તિમયા થકીજી. ૧૪

---

## ૩૨ શ્રી મેઘકુમારની સજ્ઝાય.

ધારણી મનાવે રે મેઘકુમારને રે, તું મુજ એક જ પુત્ર.
તુજવિણુ જાયારે, સૂનાં મંદિર માળીયાંરે,
રાખો રાખો ઘર તણાં સૂત્ર. ધારણી૦ ૧
તુજને પરણાવું આઠ કુનારિકારે, સુંદર અતિ સુકુમાર,
મલપતિ ચાલે રે જેમ વન હાથણીરે,
નયણુ વયણુ સુવિશાળ ધારણી૦ ૨
મુજ મન આશા રે પુત્ર હતી ઘણી રે, રમાડીશ વહુનાંરે બાળ;
દૈવ અટારો રે દેખી નવિ શકયોરે,
ઉપાયો એહ જંજાળ, ધારણી૦ ૩

ધન કણ કંચન રે ઋદ્ધિ ઘણી અછે રે,
ભોગવો ભોગ સંસાર;
છતી ઋદ્ધિ વિલસો રે જાયા ઘર આપણે રે,
પછી લેજો સંયમ ભાર, ધારણી૦ ૪
મેઘકુમારે રે માતા બૂઝવી રે, દીક્ષા લીધી વીરજીની પાસ;
પ્રીતિવિમળ રે ઈણિ પરે ઉચ્ચરે રે,
પહોંતી મ્હારા મનડાની આશ, ધારણી૦ ૫

---

## ૩૩ શ્રી સીતાજીની સજ્ઝાય.

જનક સુતા હું નામ ધરાવું, રામ છે અંતરજામી,
પાલવ હમારો મેલને પાપી, કુળને લાગે છે ખામી,
માંજો, માંજો, માંજો, માંજો, અંતરજામી.
મ્હારો નાવલીયો દુહવાય, મને સંગ કેનો ન સુહાય;
મ્હારૂં મન માંહેથી અકળાય. અં૦ ૧ ( એ આંકણી )
મેરૂં મહીધર ઠામ તજે જો, પત્થર પંકજ ઉગે;
જો જળધિ મર્યાદા મૂકે, પાંગળો અંબર પૂગે. અં૦ ૨
તોપણ તું સાંભળને રાવણ, નિશ્ચય શિયળ ન ખંડુ;
પ્રાણ હમારા પરલોક જાએ, તો પણ સત્ય ન છંડુ. અં૦ ૩
કુણ મણિધરની મણિ લેવાને, હેડે ઘાલે હામ;
સતી સંગાથે સ્નેહ કરીને, કહો કુણ સાધે કામ. અં૦ ૪
પરદારાનો સંગ કરીને, આખર કોણ ઉગરીયો;
કુડ કહું તો જો આલોચી, સહી તુંજ દહાડો ફરીયો. અં૦ ૫

જનકસુતા હું જગ સહુ જાણે, ભામંડળ છે ભાઈ;
દશરથ નંદન શિર છે સ્વામી, લક્ષ્મણ કરશે લડાઈ. અં૦૬
હું ધણિયાતી પિયુગુણરાતી, માહરે હાથ છે છાતી;
રહે અળગો તુંજ વયણે ન ચળું,કાં કુળે વાહે છે કાતી. અં૦૭
ઉદયરત્ન કહે ધન્ય એ અબળા, સીતા જેહનું નામ;
સતીયો માંહી શિરોમણિ કહીયે, નિત્ય નિત્ય હોજો પ્રણામ.
અંતરજામી૦ ૮

---

## ૩૪ શ્રી ઇલાયચી કુમારની સજ્ઝાય.

નામ ઇલાયચી કુંવર જાણીયે, ધનદત્ત શેઠનો પુત્ર;
નટવી દેખીને મોહિયો, નવિ રાખ્યું ઘરસુત્ર. ૧
કર્મ ન છુટે રે પ્રાણીયા, પુરવ નેહ વિકાર,
નિજકુલ છંડી રે નટ થયો, નાણી શરમ લગાર. કર્મ૦ ૨
માત પિતા કહે પુત્રને, નટ નવી થઈયેરે જાત;
પુત્ર પરણાવું રે પદ્મિણિ, સુખ વિલસો સંઘાત. કર્મ૦ ૩
કહેણ ન માન્યું રે તાતનું, પૂર્વ કર્મ વિશેષ;
નટ થઇ શિખ્યોરે નાચવા, ન મટે લખ્યા લેખ. કર્મ૦ ૪
ઇકિપુર આવ્યો રે નાચવા, ઉંચો વાંસ વિશેષ,
તિહાં રાય જોવાને આવીયો, મળીયા લોક અનેક કર્મ૦ ૫
ઢોલ બજાવે છે નટવી, ગાવે નિન્નર સાદ,
પાય તલ ઘુઘરારે ઘમઘમે, ગાજે અંબર નાદ. કર્મ૦ ૬
દોય પગ પહેરી રે પાવડી, નટ ચડયો ગજ ગેલ,
નોંધારો થઈ નાચતો ખેલે નવ નવા ખેલ. કર્મ૦ ૭

નટડી રંભારે સારિખિ, નયણે દેખે રે જામ;
જો અંતે ઉરમાં એ રહે, જન્મ સફળ મુજ તામ. કર્મ૦૮
તવ તિહાં ચિંતે રે ભુપતિ, લુબ્ધ્યો નટડીની સાથ;
જો નટ પડે રે નાચતો, તો નટવી કરૂં મુજ હાથ. કર્મ૦૯
કર્મ વશે રે હું નટ થયો, નાચું હું નિરાધાર;
મન નવિ માને રે રાયનું, તો કોણ કરવો વિચાર. કર્મ૦૧૦
દાન ન આપે રે ભુપતિ, નટે જાણી તે વાત;
હું ધન વાંછું રે રાયનું, રાય વાંછે મુજ ઘાત કર્મ૦ ૧૧
દાન લહું જો હું રાયનું, તો મુજ જીવિત સાર;
એમ મનમાં હે રે ચિંતવી, ચડીયો ચોથી રે વાર. કર્મ૦ ૧૨
થાલ ભરી શુદ્ધ મોદકે, પદ્મણી ઉભી છે બાર;
લ્યો લ્યો કહેતાં લેતા નથી, ધન ધન મુનિ અવતાર. કર્મ૦૧૩
એમ તિહાં મુનિવર વહોરતાં, નટે દેખ્યા મહાભાગ્ય;
ધિક્ ધિક્ વિષયા રે જીવને, એમ નટ પામ્યો વૈરાગ્ય. કર્મ૦૧૪
સંવર ભાવે રે કેવલી, થયો તે કર્મ ખપાય;
કેવલ મહિમારે સુર કરે, લબ્ધિવિજય ગુણ ગાય. કર્મ૦૧૫

---

## ૩૫. શ્રી પર્યુષણપર્વની સજ્ઝાય

પ્રથમ પ્રણમું સરસ્વતી પાય, આછી વાણી દો મુજ માય,
તુમ પ્રસાદે સજ્ઝાય ભણું, દેશ તણું ફલ હૈડે ધરૂં. ૧
ચતુર ચોમાસું ભાદરવો માસ, સહુ સંત કેરી પૂરે આશ.
વર્ષ દિવસ દિન ત્રણુસેં સાઠ, તેમાંથી કાઢ્યા અરિહંતે આઠ.૨

અનંત કોટી હુવા કેવલી, તેણે પર્યુષણ કીધાં વલી,
પર્વ વડો પર્યુષણ તણો, દીન પુન્ય હુએ અતિ ઘણો. ૩
બેલા તેલા ને ઉપવાસ, અટ્ઠાઈ કોઈ પચ્ચક્ખે માસ,
પોસહપડિક્કમણાં ભાવે કરો, ભવ ભવ પાતીક દૂરે હરો. ૪
દેહરે જઇને વાંદો દેવ, સાધુ તણી નિત્ય કરજો સેવ,
ચૈત્યવંદન કરો ચિત્ત લાય; તેથી પાપ જ ખેરૂ થાય. ૫
સત્તર ભેદી ભવિ પૂજા કરો, ધૂપ દીપ લઈ આગળ ધરો,
કેસર ચંદન અગર કપૂર, પ્રતીમા પૂજો ઉગતે સૂર. ૬
ભણો સ્નાત્ર મંગલ આરતી, કલ્પસૂત્ર વાંચે તિહાં જતી,
ઝાલર તણો હુઓ ઝમકાર, વાજાં વાગે અનેક પ્રકાર, ૭
કરો ગુરૂ આગળ ગહુંલી, ગાવે મન હઇડે ધરી,
સૂત્ર તણા અક્ષર સાંભળો, વેર વિરોધ સવિ દૂરે હરો. ૮
ભણો ભક્તામર ગણો નવકાર, અજિત શાન્તિ ગણજો ત્રણ વાર;
ઇરિયાવહિયા તસ્સ ઉત્તરી, લોગસ્સ ઉજ્જોઅગરે ભણજો ખરી.૯
પર્યુષણમાં પાલે હરી, રોગ શોગ તસ જાય ખરી,
પર્યુષણમાં પાલે શીલ, તસ ઘર હોવે બહોળી લીલ. ૧૦
પર્યુષણમાં દીજે દાન, તસ ઘરે હોવે નવે નિધાન,
શ્રાવક ધર્મ વડો સંસાર, એવું જાણી કરજો નરનાર. ૧૧
શ્રાવક ધર્મથી પૂરણ શેઠ, સ્વયંપદ પહોંચ્યા મુક્તિ ઠેઠ.
એ ધર્મ કાંધો શ્રી વીરવર્ધમાન, જેણે પ્રભુ દીધાં વરસીદાન. ૧૨
સજઝાય ભણતાં એ ફલ હોય, શેત્રુંજય જાત્રા તણું ફલ જોય,
આબુ અષ્ટાપદ ગીરનાર, શેત્રુંજે જઈ કરો જુહાર. ૧૩

નંદીસર સીમંધર સ્વામ, અઢીદ્વીપમાં ઉત્તમ ઠામ,
સુદર્શનશેઠનમીકાઉસ્સગ કીયો, શૂળીફીટી સિંહાસન હુઓ. ૧૪
ચોવીસ જિનવર થાપ્યા રૂપ, વંદને આવ્યા મોટા ભૂપ,
ક્ષમાસાગર ગુણ ગંભીર, શીલ નીરમલ ગંગાનું નીર. ૧૫
તપગચ્છમાંહે ગૌતમસ્વામ, શીલ સુધર્મા સ્થૂલીભદ્ર નામ,
**શ્રીવિજયાનંદસૂરિશ્વરરાય**, તસુ પય જગવલ્લભગુણગાય. ૧૬

---

## ૩૬. શ્રી ઉપદેશક સજ્ઝાય

( તુજ સાથે નહિ બોલું ઋષભજી એ દેશી )

આ ભવ રત્નચિંતામણી સરીખો, વારોવાર ન મળશેજી;
ચેતી શકે તો ચેતજે જીવડા, આવોસમય નહિ મળશેજી. આ૦૧
ચાર ગતિ ચોરાસી લાખ યોનિ, તેહમાં તું ભમી આવ્યોજી;
પુન્ય સંયોગે સ્વપ્નની સંગતે, માનવનો ભવ પામ્યોજી. આ૦૨
વહેલો થા તું વહેલો જીવડા, લે જિનવરનું નામજી;
કુગુરૂ, કુદેવ, કુધર્મને છંડી, કીજે આતમ કામજી. આ૦ ૩
જેમ કઠીયારાએ ચિંતામણી લીધો, પુણ્ય તણે સંયોગજી;
કાંકરાની પરે નાંખી દીધો, ફરી નહિ મળવા જોગજી. આ૦ ૪
એક કાલે તું આવ્યો જીવડા, એક કાલ તું જાશેજી;
તેહની વચ્ચે તું બેઠો જીવડા,
કાલ આહેડી નિકાસેજી. આ૦ ૫
ધન્ય સાધુ જે સંયમ પાલે, સુધો મારગ દાખેજી;
સાચું નાણું ગાંઠે બાંધે, ખોટી દૃષ્ટિ ન રાખેજી. આ૦ ૬

માતાપિતા દારા સુત બાંધવ, બહુવિધ અવિરતિ જોડેજી;
તે માંહેથી જો કાજ સરે તો,
સાધુ વર કેમ છોડેજી. આ૦ ૭
માયા મમતા વિષય સહુ છંડી, સંવર ક્ષમા એક કીજેજી;
ગુરૂ ઉપદેશ સદા સુખકારી,
સુણી અમૃતરસ પીજેજી. આ૦ ૮
જેમ અંજલીમાં નીર ભરાણું, ક્ષણ ક્ષણ ઓછું થાયજી;
ઘડી ઘડીયે ઘડીયાલાં વાજે,
ક્ષણ લાખીણો જાયજી. આ૦ ૯
સામાયિક મન શુદ્ધે કીજે, શિવ રમણી ફળ પામેજી;
ભવ મુક્તિનો કામી તેમાં, ભરોશો શાને લીજેજી. આ૦ ૧૦
દેવ ગુરૂ તમે દઢ કરી ધારો, સમક્તિ શુદ્ધ આરાધોજી;
છક્કાય જીવની રક્ષા કરીને,
મુક્તિનો પંથજ સાધોજી. આ૦ ૧૧
હિયડા ભીંતર મમતા નવિ રાખો, જનમ ફરી નવિ મલશેજી;
કાયર તો કાદવ માંહે ખુંતા,
શૂરા પારા ઉતરશેજી. આ૦ ૧૨
ગુરૂ કંચન ગુરૂ હિરા સરીખા, ગુરૂ જ્ઞાનના દરીઆજી;
કહે અભયરામ ગુરૂ ઉપદેશે,
જીવ અનંતા તરીયાજી. આ૦ ૧૩

# શ્રી વીશ સ્થાનક તપ વિધિ.

શ્રી વીશ સ્થાનક તપનું આરાધન કરવા ઈચ્છનારે યથા સ્થાને પ્રત્યેક પદે ખમાસમણુ દઈ ઉપયોગ સહિત બોલવાના.

—: દૂહા :—

### ૧ અરિહંત પદ

પરમ પંચ પરમેષ્ઠીમાં, પરમેશ્વર ભગવાન;
ચાર નિક્ષેપે ધ્યાઈએ, નમો નમો જિન ભાણુ. ૧

### ૨ સિદ્ધપદ

ગુણુ અનંત નિર્મલ થયા, સહજ સ્વરૂપ ઉજાસ;
અષ્ટ કર્મ—મળ ક્ષય કરી, સિદ્ધ ભયે નમો તાસ. ૨

### ૩ પ્રવચનપદ

ભાવામય ઔષધ સમી, પ્રવચન અમૃત વૃષ્ટિ;
ત્રિભુવન જીવને સુખ કરી, જય જય પ્રવચન દૃષ્ટિ. ૩

### ૪ આચાર્યપદ

છત્રીશ છત્રીશી ગુણે, યુગ પ્રધાન મુણીંદ;
જિન મત પરમત જાણુતા, નમો નમો તેહ સુરીંદ. ૪

### ૫ સ્થવિરપદ

તજી પર પરિણુતી રમણુતા, લહે નિજ ભાવ સ્વરૂપ;
સ્થિર કરતા ભવિ લોકને, જય જય થિવિર અનુપ. ૫

### ૬ ઉપાધ્યાયપદ

બોધ સૂક્ષ્મ વિણુ જીવને, ન હોય તત્ત્વ પ્રતીત;
ભણે ભણાવે સુત્રને, જય જય પાઠક ગીત. ૬

### ૭ સાધુપદ

સ્વાદ્‌વાદ ગુણ પરિણમ્યો, રમતા સમતા સંગ;
સાધે શુદ્ધાનંદતા, નમો સાધુ શુભ રંગ. ૭

### ૮ જ્ઞાનપદ

અધ્યાત્મ જ્ઞાને કરી, વિઘટે ભય ભ્રમ ભીતિ;
સત્ય ધર્મ તે જ્ઞાન છે, નમો નમો જ્ઞાનની રીતિ. ૮

### ૯ દર્શનપદ

લોકાલોકના ભાવ જે, કેવલિ ભાષિત જેહ;
સત્ય કરી અવધારતો, નમો દર્શન તેહ. ૯

### ૧૦ વિનયપદ

શૌચ મૂળથી મહાગુણી, સર્વ ધર્મનો સાર;
ગુણ અનંતનો કંદ એ, નમો નમો વિનય આચાર. ૧૦

### ૧૧ ચારિત્રપદ

રત્નત્રયી વિણું સાધના, નિષ્ફળ કહી સદીવ;
ભાવ રયણનું નિધાન છે, જય જય સંયમ જીવ. ૧૧

### ૧૨ બ્રહ્મચર્યપદ

જિન પ્રતિમા જિનમંદિરાં, કંચનનાં કરે જેહ;
બ્રહ્મચર્યથી બહુ ફળ લહે, નમો નમો શિયલ સુદેહ. ૧૨

## ૧૩ ક્રિયાપદ

આત્મબોધ વિણુ જે ક્રિયા, તે તો બાળક ચાલ;
તત્ત્વારથથી ધારીયે, નમો ક્રિયા સુવિશાલ. ૧૩

## ૧૪ તપપદ

કર્મ ખપાવે ચીકણા, ભાવ મંગલ તપ જાણુ;
પચ્ચાસ લબ્ધિ ઉપજે, જય જય તપ ગુણ ખાણ. ૧૪

## ૧૫ ગૌતમપદ

છઠ છઠ્ઠ તપ કરે પારણું, ચઉનાણી ગુણ ધામ;
એ સમ શુભ પાત્ર કો નહીં, નમો નમો ગોયમ સ્વામ. ૧૫

## ૧૬ જિનપદ

દોષ અઢારે ક્ષય થયા, ઉપન્યા ગુણ જસ અંગ;
વેયાવચ્ચ કરીયે મુદા, નમો નમો જિનપદ સંગ. ૧૬

## ૧૭ સંયમપદ

શુદ્ધાતમ ગુણમેં રમે, તજી ઈંદ્રિય આશંસ;
થિર સમાધિ સંતોષમાં, જય જય સંયમ વંશ. ૧૭

## ૧૮ અભિનવજ્ઞાનપદ

જ્ઞાનપદ સેવો ભવિક, ચારિત્ર સમકિત મૂળ;
અજર અમર પદ ફલ લહો, જિનવર પદવી ફૂલ. ૧૮

## ૧૯ શ્રુતપદ

વક્તા શ્રોતા યોગથી, શ્રુત અનુભવ રસ પીત;
ધ્યાતા ધ્યેયની એકતા, જય જય શ્રુત સુખ લીન. ૧૯

## ૨૦ તીર્થપદ

તીર્થ યાત્રા પ્રભાવ છે, શાસન ઉન્નતિ કાજ;
પરમાનંદ વિલાસતાં જય જય તીર્થ જહાજ. ૨૦

**નોટ**-તપસ્યા કરનારે પદના કાઉસ્સગ્ગ પ્રમાણે દરેક વખતે દુહા બોલી ખમાસમણ આપવા.

## વીશ સ્થાનક પદના જાપ, કાઉસ્સગ્ગ અને ખમાસમણ વિગેરેનો યંત્ર.

| | જાપ | માળા | કાઉસ્સગ્ગ | ખમાસમણ |
|---|---|---|---|---|
| ૧ | ૐ હ્રીં નમો અરિહંતાણં, | ૨૦ | ૨૪ | ૨૪ |
| ૨ | ,, નમો સિદ્ધાણં, | ૨૦ | ૧૫ | ૧૫ |
| ૩ | ,, નમો પવયણસ્સ, | ૨૦ | ૪૫ | ૪૫ |
| ૪ | ,, નમો આયરિયાણં, | ૨૦ | ૩૬ | ૩૬ |
| ૫ | ,, નમો થેરાણં, | ૨૦ | ૧૦ | ૧૦ |
| ૬ | ,, નમો ઉવજ્ઝાયાણં, | ૨૦ | ૨૫ | ૨૫ |
| ૭ | ,, નમો લોએ સવ્વ સાહૂણં, | ૨૦ | ૨૭ | ૨૭ |
| ૮ | ,, નમો નાણસ્સ, | ૨૦ | ૫ | ૫ |
| ૯ | ,, નમો દંસણસ્સ, | ૨૦ | ૬૭ | ૬૭ |
| ૧૦ | ,, નમો વિણયસ્સ, | ૨૦ | ૧૦ | ૧૦ |
| ૧૧ | ,, નમો ચરિત્તસ્સ, | ૨૦ | ૭૦ | ૭૦ |
| ૧૨ | ,, નમો બંભવયધારિણં, | ૨૦ | ૯ | ૯ |
| ૧૩ | ,, નમો કિરિયાણં, | ૨૦ | ૨૫ | ૨૫ |
| ૧૪ | ,, નમો તવસ્સ, | ૨૦ | ૧૨ | ૧૨ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૫ | ૐ હ્રીં નમો ગોયમસ્સ, | ૨૦ | ૨૮ | ૨૮ |
| ૧૬ | ,, નમો જિણાણું, | ૨૦ | ૨૦ | ૨૦ |
| ૧૭ | ,, નમો સંયમ ધારિણું, | ૨૦ | ૧૭ | ૧૭ |
| ૧૮ | ,, નમો અભિનવ નાણસ્સ, | ૨૦ | ૫૧ | ૫૧ |
| ૧૯ | ,, નમો સુયસ્સ | ૨૦ | ૧૨ | ૧૨ |
| ૨૦ | ,, નમો તિથ્થયરસ્સ | ૨૦ | ૫ | ૫ |

નોટ. ૧. દરેક કાઉસ્સગ્ગ 'ચંદેસુ નિમ્મલયરા' સુધી કરવો.

૨. ખમાસમણ આપી, ઇરિયાવહિ કહી, ઈચ્છાકારેણ સંદિસહ ભગવાન્! "અમુક પદ" આરાધન નિમિત્તં કાઉસ્સગ્ગ કરૂં ? ઇચ્છં, "અમુકપદ" આરાધન નિમિત્તં કરેમિ કાઉસ્સગ્ગં, વદંણ વત્તિયાએ૦ અન્નત્થ૦ કહી જે પદનો જેટલા લોગસ્સ હોય તેટલા લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો. પાળીને પ્રગટ લોગસ્સ કહેવો.

૩. દેવવંદન કરવાનો ટાઈમ ન મળે તો ત્રણે ટાઈમ ચૈત્યવંદન કરી લેવાં.

૪. પ્રતિક્રમણ ન આવડતું હોય, અને કરાવનાર ન હોય તો સવાર અને સાંજ એકેક સામાયિક કરી લેવું.

૫. સ્ત્રીઓએ કારણને લીધે રહેલી ક્રિયા શુદ્ધ થયા પછી પણ પૂરી કરી દેવી.

૬. વિધિ—એકાશણું, આયંબિલ અથવા ઉપવાસથી ઓળી શરૂ કરી, છ મહિનામાં એક અને દશ વર્ષે ૨૦

એમ પૂરી કરવી. આ મર્યાદા ઉત્કૃષ્ટ છે. શક્તિ હોય તો જલ્દી પણ પૂરી થઈ શકે છે.

૭. તપસ્યાને દિવસે ત્રણ વખત દેવવંદન, બે વખત પ્રતિક્રમણ, કાઉસ્સગ્ગ, ખમાસમણ, ૨૦ નવકારવાળી (માળા) વિગેરે ગણવી.

---

## શ્રી સિદ્ધાચલના એકવીસ ખમાસણના દુહા

સિદ્ધાચલ સમરૂં સદા, સોરઠ દેશ મોઝાર,
મનુષ્ય જન્મ પામી કરી, વંદું વાર હજાર. ૧

અંગ વસનં મન ભૂમિકા, પૂજોપગરણ સાર;
ન્યાય દ્રવ્ય વિધિ શુદ્ધતા, શુદ્ધિ સાત પ્રકાર. ૨

કાર્ત્તિક શુદિ પૂનમ દીને, દશકોટી પરિવાર;
દ્રાવિડને વારિખિલ્લજી, સિદ્ધ થયા નિરધાર. ૩

તિણે કારણ કાર્તિકી દિને, સંઘ સયલ પરિવાર;
આદિ જિન સન્મુખ રહી, ખમાસમણ બહુવાર. ૪

એકવીસ નામે વર્ણવ્યો, તિહાં પહેલું અભિધાન;
શત્રુંજય શુકરાજથી, જનક વચન બહુમાન. ૫

સિદ્ધા૦........(૧)

સમોસર્યા સિદ્ધાચલે, પુંડરીક ગણધાર;
લાખ સવા મહાતમ કહ્યું, સુર નર સભા મોઝાર. ૬

ચૈત્રી પૂનમને દિને, કરી અણસણ એક માસ;
પાંચ કોડિ મુનિ સાથશું, મુક્તિનિલયમાં વાસ. ૭

તિણે કારણ પુંડરિકગિરિ, નામ થયું વિખ્યાત;
મન વચ કાયે વંદિએ, ઉઠી નિત્ય પ્રભાત. ૮
સિદ્ધા૦......(૨)

વીસ કોડિશું પાંડવા, મોક્ષે ગયા ઈણે ઠામ;
એમ અનંત મુગતે ગયા, સિદ્ધક્ષેત્ર તિણે નામ. ૯
સિદ્ધા૦........(૩)

અડસઠ તીરથ ન્હાવતાં, અંગરંગ ઘડી એક;
તુંબી-જલ-સ્નાને કરી, જાગ્યો ચિત્ત વિવેક. ૧૦

ચંદ્રશેખર રાજા પ્રમુખ, કર્મ કઠિન મલ ધામ;
અચલપદે વિમલા થયા, તિણે વિમલાચલ નામ. ૧૧
સિદ્ધા૦......(૪)

પર્વતમાં સુરગિરિ વડો, જિન અભિષેક કરાય;
સિદ્ધ હુઆ સ્નાતક પદે, સુરગિરિ નામ ધરાય. ૧૨

ભરતાદિ ચૌદ ક્ષેત્રમાં, એ સમો તરથ ન એક;
તિણે સુરગિરિ નામે નમું, જિહાં સુરવાસ અનેક. ૧૩
સિદ્ધા૦........(૫)

એંશી યોજન પૃથુલ છે, ઉંચપણે છવ્વીશ;
મહિમાએ મોટો ગિરિ, મહાગિરિ નામ નમીશ. ૧૪
સિદ્ધા૦.......(૬)

ગણુધર ગુણવંતા મુનિ, વિશ્વમાંહે વંદનીક;
જેહવો તેહવો સંયમી, તે તીર્થે પૂજનીક. ૧૫
વિપ્રલોક વિષધર સમા, દુઃખિયા ભૂતલ માન;
દ્રવ્યલિંગી કણ ક્ષેત્ર સમ, મુનિવર છીપ સમાન. ૧૬
શ્રાવક મેઘ સમા કહ્યા, કરતા પુણ્યનું કામ;
પુણ્ય રાશિ વધે ઘણી, તિણે પુણ્યરાશિ નામ. ૧૭
સિદ્ધા૦........(૭)

સંયમધર મુનિવર ઘણા, તપ તપતા એક ધ્યાન;
કર્મ વિયોગે પામિયા, કેવલ લક્ષ્મી નિધાન ૧૮
લાખ એકાણું શિવ વર્યા, નારદશું અણગાર;
નામ નમો તિણે આઠમું, શ્રીપદગિરિ નિરધાર. ૧૯
સિદ્ધા૦........(૮)

શ્રી સીમંધર સ્વામીએ, એ ગિરિ મહિમા વિલાસ;
ઇંદ્રની આગે વરણવ્યો, તિણે એ ઇંદ્રપ્રકાશ. ૨૦
સિદ્ધા૦........(૯)

દશકોટી અણુવ્રતધરા, ભકતે જમાડે સાર;
જૈન તીરથ યાત્રા કરે, લાભ તણો નહિ પાર. ૨૧
તેહ થકી સિદ્ધાચલે, એક મુનિને દાન;
દેતાં લાભ ઘણો હુવે, મહાતિરથ અભિધાન. ૨૨
સિદ્ધા૦........(૧૦)

પ્રાયે એ ગિરિ શાશ્વતો, રહેશે કાલ અનંત,
શત્રુંજયમહાતમ સુણી, નમો શાશ્વતગિરિ સંત. ૨૩
સિદ્ધા૦........(૧૧)

ગૌ નારી બાલક મુનિ, ચઉ હત્યા કરનાર;
યાત્રા કરતાં કાર્તિકી, ન રહે પાપ લગાર. ૨૪

જે પરદારા લંપટી, ચોરીના કરનાર,
દેવદ્રવ્ય ગુરૂદ્રવ્યના, જે વલી ચોરણહાર. ૨૫

ચત્રી કાર્તિકી પૂનમે, કરે યાત્રા ઈણે ઠામ;
તપ તપતાં પાતિક ગલે, તિણે **દઢશક્તિ** નામ. ૨૬

સિદ્ધા૦........(૧૨)

ભવભય પામી નીકલ્યા, **થાવચ્ચાસુત** જેહ;
સહસ મુનિશું શિવ વર્યા, **મુક્તિનિલયગિરિ** તેહ. ૨૭

સિદ્ધા૦........(૧૩)

ચંદા સૂરજ બિહું જણા, ઉભા ઇણે ગિરિ શૃંગ;
વધાવિયો વરણવ કરી, **પુષ્પદંતગિરિ** રંગ. ૨૮

સિદ્ધા૦........(૧૪)

કર્મ કલણ ભવજલ તજી, ઈહાં પામ્યા શિવ સદ્મ;
પ્રાણી પદ્મ નિરંજની, વંદો ગિરિ **મહાપદ્મ** ૨૯

સિદ્ધા૦........(૧૫)

શિવવહૂ વિવાહ ઉત્સવે, મંડપ રચિયો સાર;
મુનિવર વર બેઠક ભણી, **પૃથ્વીપીઠ** મનોહાર. ૩૦

સિદ્ધા૦........(૧૬)

**શ્રી સુભદ્રગિરિ** નમો, ભદ્ર તે મંગલ રૂપ;
જલ તરૂ રજ ગિરિવર તણી, શિષ ચઢાવે ભૂપ. ૩૧

સિદ્ધા૦........(૧૭)

વિદ્યાધર સુર અપચ્છરા, નદી શેત્રુંજી વિલાસ;
કરતા હરતા પાપને, ભજીએ ભવી કૈલાસ. ૩૨
સિદ્ધા૦........(૧૮)

બીજા નિર્વાણી પ્રભુ, ગઈ ચોવીશી મોઝાર;
તસ ગણધર મુનિમાં વડા, નામે કદંબ અણગાર. ૩૩
પ્રભુ વચને અણસણ કરી, મુક્તિપુરીમાં વાસ;
નામે કદંબગિરિ નમો, તો હોય લીલ વિલાસ. ૩૪
સિદ્ધા૦........(૧૯)

પાતાલે જસ મૂલ છે, ઉજ્જવલગિરિનું સાર.
ત્રિકરણ યોગે વંદતાં, અલ્પ હોએ સંસાર. ૩૫
સિદ્ધા૦........(૨૦)

તમ મન ધન સુત વલ્લભા, સ્વર્ગાદિક સુખભોગ;
જે વાંછે તે સંપજે, શિવરમણી સંયોગ. ૩૬
વિમલાચલ પરમેષ્ટિનું, ધ્યાન ધરે ખટમાસ;
તેજ અપૂરણ વિસ્તરે, પૂગે સઘલી આશ. ૩૭
ત્રીજે ભવ સિદ્ધિ લહે, એ પણ પ્રાયિક વાચ;
ઉત્કૃષ્ટા પરિણામથી, અંતરમુહુર્ત સાચ; ૩૮
સર્વકામદાયક નમો. નામ કરી ઓળખાણ;
શ્રી શુભ વીરવિજય પ્રભુ, નમતાં ક્રોડ કલ્યાણ. ૩૯
સિદ્ધા૦........(૨૧)

# ગહૂંલી સંગ્રહ.

## ૧. ગુરૂ મહારાજ વિહાર કરે ત્યારે ગાવાની ગહુંલી

### મારે સોના સમોરે સુરજ ઉગીયો એ દેશી

ગુરૂરાજ વિહાર કરશો નહિ, જાણી સેવક કરે ઘણો સોચ ગુરૂ૦
કોણ સુણાવશે સિદ્ધાંત, ગુરૂરાજ વિહાર કરશો નહિ;
મીઠી વાણી ને નિર્મળ વાકયથી, બોધ આપશે હવે કોણ ગુ૦૧
પૂરા પૂણ્યે મળ્યો છે જોગ આપનો, તજ્યો તેહ હવે કેમ જાય. ગુ૦૨
બોધ આપી પાષાણો પલાળીયા, પાયું ધર્મરૂપી શુભ નીર. ગુ૦૩
કોઈ દિન ઉપાશ્રયે નહિ આવતા, એવા કયાં જઈ પામશે બોધ ગુ૦૪
ઘણા છઠ્ઠ અઠ્ઠમ કરતાં હોંશથી, થશે એકાસણું કદી એક. ગુ૦ ૫
હીરો હાથ આવ્યો પાછો જાય છે, દીવો જ્ઞાનનોશોધીશું કયાંય. ૬
સિંહ સામું સિંહાસન શોભતું, તે તો ખાલી જોયું કેમ જાય. ગુ૦ ૭
નરનારી ભરે છે નીર નેત્રમાં, ઘરકામ સૂજે નહિં કાંઈ. ગુ૦ ૮
કહે શ્રાવિકા કરજોડીને, કરો ફાગણ ચોમાસું ગુરૂરાજ ગુ૦ ૯

---

## ૨. ગુરૂ મહારાજ વિહાર કરે ત્યારે ગાવાની ગહુંલી

ગુરૂરાજ હવે કયાં મળશેરે, મારી ભાગ્ય દશા કયાં ફળશેરે;
તુમ સેવક કયાં જઈ ઠરશેરે, ગુરૂરાજ હવે કયાં મળશેરે. ૧
મીઠી વાણી છે સાકર શેલરે, થાય હૃદયમાં અમૃત વેલરે;
ચાલે ધર્મરૂપી રસ રેલરે, ગુરૂરાજ૦ ૨
ગુરૂ વિહારની વાત જાણીરે, નરનારી ભરે નેત્ર પાણીરે;
જાયે નિર્મળ ગુણની ખાણી રે ગુરૂરાજ૦ ૩

મુનિરાજ તુમે મહારાજરે; રહો અવિચળ અમ શિરતાજરે,
કીધાં ભવ્યજનોનાં કાજરે ગુરૂરાજ ૪

દીપે આસન વીરના જેવું રે, બેઠા સમવસરણમાં તેવું રે;
લાગે સંઘ સકળને એવું રે, ગુરૂરાજ૦ ૫

જૈનધર્મ મણિ શુભ પામીરે. ટાળ્યા કર્મને કીર્તિ જામીરે;
કહે શ્રાવિકા શિર નામીરે ગુરૂરાજ૦ ૬

---

## ૩. ગુરૂ મહારાજ પધારે ત્યારે ગાવાની ગહૂંલી

### શ્રી શંખેશ્વર પાય નમી–એ દેશી

સરસ્વતિ સ્વામિને વિનવું, સદગુરૂ લાગુંજી પાય.
મુનિ આવ્યાં મને સુખ ઘણું, આગમન સુણી સામો જાય.
ગુરૂજી પધાર્યારે શહેરમાં. ૧

હૈડે હર્ષ ન માય, સજ્જનને સુખ થાય;
દુર્જન ઝુરી ઝાંખો થાય, ગુરૂજી પધાર્યા રે શહેરમાં ૨

પંચ મહાવ્રત પાળતા, પાળે પંચ આચાર,
પ્રમાદ પંચ તે દૂર કરે, ત્રણ ગુપ્તિ ચિત્તધાર, ગુ૦ ૩

સતાવીશ ગુણે શોભતા, નવવિધ બ્રહ્મચર્યધાર
દસયતિ ધર્મ આરાધતા, પાળે શુદ્ધ આચાર, સુ૦ ૪

ગામ નગર પૂર વિચરંતા. પાલન કીધું અમ ગામ.
ચાતુર્માસ કરજો ઈહાં, કરૂ વિનંતિ ગુરૂરાજ. ગુ૦ ૫

આગમન ગુરૂજીનું સાંભળી, હરખીત બહુ નરનાર,
વંદન જાયે ઉતાવળા, સર્વ હળી મળી સાથ. ગુ૦ ૬

બાલીકા બહુ ટોળે મલી; સજીયા સોળે શણગાર,
કનક રકેબી તે કરધરી, થાળ ભર્યાં મોતીસાર. ગુ૦ ૭
ગુણવંતી કાઢે છે ગહૂંલી, હૈડે હર્ષ અપાર,
ગુરૂ ગુણ ગાતીને વધાવતી, લુંછણા લેતી તે વાર ગુ૦ ૮
૨૦૦૪ ની સાલમાં, વટવત્ર નગરે ચોમાસ,
ગુરૂ ગુણ ગાયારે હર્ષશું, ભાવે ભણે નરનાર. ગુ૦ ૯

## ૪. ગુરૂ ગુણ ગહૂંલી

મણી તુલ્ય મહારાજ, કરૂં અરજ હું આજ
સર્યા સર્વે ના કાજ, રે શીરતાજ ગોધા બંદરમાં પધારજો. ૧
આપ્યો અમુલ્ય બોધ, કાપ્યો કામ અને ક્રોધ
વહ્યો ધર્મનો ધોધ રે, સોધ લેવાને વહેલા પધારજો. ૨
અમે છીએ અજ્ઞાન, નથી ધર્મનું ધ્યાન,
દેવા શાસ્ત્રનું જ્ઞાન, રે માનવંતા વહેલા પધારજો. ૩
જીવ છકાય કૃપાળ, ગુણવંતા કૃપાળ,
અમે છીએ સહુ બાળ, રે ભાળ લેવાને વહેલાં પધારજો ૪
સર્વે શાસ્ત્રના જાણ, આપે અમૃત વાણ,
ગુરૂ ગુણની ખાણ રે, તાણ કરૂંછું વહેલા પધારજો. ૫
છીએ ધર્મમાં ધીર, જીવ છકાય પીર,
લળી નમાવું શીર, રે સુરવીર વહેલા પધારજો. ૬
ભ્રમર પુષ્પને નીત, મયૂર મેહને રીત,
ચંદ્ર ચકોર પ્રીત. રેચીત્ત ચાહીને વહેલા પધારજો. ૭

ઘોઘા ગામનું ધામ, નક્કી મનમાં છે હામ,
થાશે ધર્મોના કામ, રે શ્યામ સર્વેના વહેલા પધારજો. ૮

આપ વીયોગે આજ, કાંઈ સૂઝે નહિ કાજ,
વંદે સર્વે સમાજ, રે મુનિરાજ વહેલા પધારજો. ૯

વિજય નેમિ સૂરિરાજ, કરો ફાગણુ ચૌમાસ,
સરે અમારા કાજ, રે સૂરીરાજ ઘોઘાબંદરમાં પધારજો. ૧૦

---

## ૫. ગહુંલી

લાખ લાખ દીવડાની આરતી ઉતારજો. એ રાગ

મહુવા બંદરમાં સૂરીજી પધારીયા,
ભગવતિ સૂત્ર વંચાય શ્રોતાઓ સુંણુવા સહુ આવજો. ૧

ઉદય કરવા ઉદય સૂરીજી પધારીયા,
જ્ઞાન સૂધારસ પાય શ્રોતાઓ, ૨

શ્રી સંઘ પુન્યે સૂરીજી પધારીયા,
કરૂણાંની મૂર્તિ કહેવાય. શ્રોતાઓ૦ ૩

વૃદ્ધિ ચંદ્રજીનું નામ શોભાવ્યું,
સૂરીજી છત્રીશ ગુણુધાર. શ્રોતાઓ૦ ૪

વિશા શ્રીમાળી જ્ઞાતિને ઉધારે મહુંવા બંદરની લાજ વધારે
આત્મીક સુખ ચીત ચ્હાય શ્રોતાઓ૦ ૫

લક્ષ્મીચંદ ભાઈના કુળ અજવાળીયા,
દિવાળીબાઈની કુક્ષીએ શોભાવીયા,
જન્મ ભૂમિ પવિત્ર કરાય. શ્રોતાઓ૦ ૬

સરલતાની મૂર્તિ પેખાયે,
ચોથા આરાની વાનકી દેખાયે,
શ્રી સંઘને આનંદ અપાર. શ્રોતાઓ૦ ૭

## ૬. જિનવાણીની ગહૂંલી

(જાત્રા નવાણું કરીએ, વિમલગિરિ જાત્રા નવાણું કરીએ—એ દેશી)

જિનવાણી જયકારી સુણોને સખી! જિનવાણી જયકારી;
કર્મ કલંક હણનારી સુણોને સખી! જિનવાણી જયકારી.
સંસાર સર્પનું ઝેર ચડેલું, જીવોને ઉતારનારી; સુણોને૦
કર્મ કાદવનો લેપ ઉખાડી, નિર્મળ ચિત્ત કરનારી સુણોને૦ ૧
હૃદયમાં જ્ઞાનદીપક પ્રગટાવી, મોહ તિમિર હરનારી; સુણોને૦
સ્વર્ગનરકના માર્ગ બતાવી, દુર્ગતિ જતાં ધરનારી સુણોને૦ ૨
કર્મ કટુક વિપાક જણાવી, હૃદયને ધ્રુજાવનારી; સુણોને૦
ભય દેખાડીને પાપના પંથે, પ્રાણીને અટકાવનારી. સુણોને૦ ૩
જન્મ મરણના ફેરા નિવારે, જિનવાણીની બલિહારી; સુણોને૦
મતિ ભ્રમ દોષને દૂર કરાવી, સરલ પંથ દેનારી. સુણોને૦ ૪
રાગ-દ્વેષની દૃષ્ટિ ચુકાવી, નિર્લેપતા કરનારી; સુણોને૦
ભવસાયરમાં બૂડતાંપ્રાણીને, હોડી સરખી તારનારી. સુણોને૦ ૪
વાણી સાકરના સ્વાદથી લાગે, સંસારની માયા ખારી. સુણોને
મિથ્યાત્વ માર્ગથી પાછાહઠાડી, સુમતિને સ્થાપનારી. સુણોને૦૬
ઉત્તરોત્તર ગુણ મેળવનારી, શિવપુરીમાં લઇ જનારી. સુણોને૦
સૂરિનીતિના ચરણ સેવનથી, પામે ઉદય નરનારી. સુણોને૦૭

# ૭. આગમવાણીની ગહૂંલી

( એ વ્રત જગમાં દીવો મેરે પ્યારે—એ દેશી. )

કર્મકલંક નિવારો આગમ સુણી કર્મકલંક નિવારો;
કર્મ પુરાતન બીજ પડેલું, અજ્ઞાન ધૂળે ઢંકાણું;
તૃષ્ણા જળથી સિંચાણું તો જીવને, જન્મના અંકુર જાણું. આ૦ ૧
ઉગે ન અંકુર બીજે બળેલું, ઉપર જળને સિંચ્યાથી;
[1]ભવનો અંકુર તેમ ન ઉગે, કર્મનું બીજ બળ્યાથી. આ૦ ૨
કર્મનું બીજ સત્તાથી ગયાથી, સંસાર [2]તરૂ નવિ ઉગે;
સર્વ સંબંધથી છુટા પડતાં, [3]શિવપુરમાં જઈ પૂગે. આ૦ ૩
મિથ્યાત્વ અવિરતિ યોગની સાથે, ચાર કષાય નિવારો,
કર્મબંધનના હેતુઓ જાણી, પ્રમાદ પંથ વિદારો. આ૦ ૪
આઠ કરમની આઠ શાખાઓ. પ્રશાખા એક સો ને વીશ;
ઉદય–ઉદીરણા બંને મળીને, કહી એક શત બાવીશ. આ૦ ૫
સત્તામાં એક સો ને અઠાવન, પત્રની ઉપમા પયડી;[4]
વૃક્ષના મૂળમાં જડ ઘાલી છે, રાગ ને દ્વેષે જકડી. આ૦ ૬
રત્ન સ્ફટિકના સરખી જીવની, નિર્મળ સ્થિતિ નિહાળો;
અધ્યવસાય શુદ્ધ અગ્નિ લગાવી, કર્મના બીજને બાળો. આ૦ ૭
એકાગ્ર ચિત્તથી ઉપયોગ રાખી, આગમ અમૃત પીજો;
રોગ લાગેલો ભવનો અનાદિ, એક હેલે કાઢી દેજો. આ૦ ૮
પંચમ કાળમાં રોગ નિવારણ, આગમ ઔષધ એક,
નીતિ ઉદય કરી ચિત્તમાં રાખો, જૈન ધરમની ટેક. આ૦ ૯

---

૧. સંસાર ૨. વૃક્ષ ૩. મોક્ષ ૪. પ્રકૃતિ.

## : લાયબ્રેરીને શોભાવે તેવાં સુંદર પુસ્તકો :

| | | | |
|---|---|---|---|
| કામવિજેતા સ્થુલિભદ્ર | ૫-૨૫ | દિલ્હીશ્વર હેમુ ભા. ૩ જો | ૪-૫૦ |
| મહર્ષિ મેતારજ | ૪-૨૫ | યાદવા સ્થળી | ૩—૦ |
| નરકેશરી વા નરકેશ્વરી | ૫-૦ | જવાં મર્દ ભા. ૧-૨ | ૩-૫૦ |
| મત્સ્યગલાગલ | ૪-૫૦ | પારકા ઘરની લક્ષ્મી | ૪—૦ |
| વીરધર્મની વાતો ભા. ૧ લો | ૩—૦ | કંચન ને કામિની | ૩—૦ |
| ભગવાન મલ્લિનાથ યાને | | ગઇ ગુજરી | ૧-૫૦ |
| વીરધર્મની વાતો ભા. ૨ જો | ૨-૫૦ | ભગવાન મહાવીર સચિત્ર | ૩—૦ |
| ,, ભા. ૩ જો દેવદુષ્ય | ૨-૫૦ | સુવર્ણ કંકણ | ૧—૦ |
| ,, ભા. ૪ થો સિંહ પુરૂષ | ૨-૫૦ | સૌરભ | ૨—૦ |
| ગઇ ગુજરી | ૧-૫૦ | સતની બાંધી પૃથ્વી | ૨—૦ |
| માદરે વતન | ૩—૦ | સહવાંચન શ્રેણી ૧ લી | ૨-૫૦ |
| જૈન ધર્મની પ્રાણીકથા | ૧-૨૫ | ,, શ્રેણી ૨ જી | ૨-૫૦ |
| ભરત ચક્રવર્તિ | ૪-૫૦ | ,, શ્રેણી ૩ જી | ૨-૫૦ |
| નીતિ કથાઓ ભા. ૧ થી ૪ | | ભગવાન ઋષભદેવ | ૩-૫૦ |
| દરેક ભાગનો | ૧—૦ | વીરડાનાં પાણી | ૨—૦ |
| વિક્રમાદિત્ય હેમુ | ૫—૦ | પાપ અને પુણ્ય | ૨—૦ |
| ભાગ્યનિર્માણ હેમુ ભા. ૨ જો | ૩-૨૫ | પ્રેમ પંથ | ૧-૫૦ |

પુસ્તકો મંગાવનારને યોગ્ય કમીશન મળશે.

પુસ્તકો મળવાનું સ્થળ :

**માસ્તર રતિલાલ બાદરચંદ શાહ**

દોશીવાડાની પોળ—અમદાવાદ.

...ટર : મહેન્દ્ર પ્રિન્ટીંગ પ્રેસ, રતનપોળ. અમદાવાદ.